કુમાર



સૌરાષ્ટ્રની એક વિરલ પ્રતિમા · દક્ષિણામૂર્તિ શિવ
(વધુ વિગત માટે જુઓ અંકમાં)
ફોટો · નરોત્તમ પલાણ

સંસ્થાપક · રવિશંકર રાવળ
સુવર્ણજયંતી વર્ષ · અંક ૫મો · મે ૧૯૭૩ · સળંગ અંક ૫૮૩
તંત્રી · બચુભાઈ રાવત

અનુક્રમણિકા

મે ૧૯૭૩ • અંક ૫૯૩

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ : રૂ. ૧૮-૦૦; પરદેશ : રૂ. ૨૮; વા પા. ૧-૬૦. વા ડૉ. ૪ છૂટક નકલ : રૂ. ૧-૭૫

'કુમાર'ના સર્જક-પરિવારને
૬૦૦મા અંકમાં નિમંત્રણ

આગામી સુવર્ણજયંતી અંકમાં મૂળ ખયાલ તો ગત અરધી સદી દરમિયાનની સામગ્રી-માંથી ચુનંદી કૃતિઓનો સંચય આપવાનો હતો; પણ તેને અંગે વાચકોના પ્રતિભાવ સાનુકૂળ ન હતા, એટલે અંતે હવે નવાં જ સર્જનોથી એને સજાવવાનું નિર્ધાર્યું છે. 'કુમાર'ના ચાલુ સર્જક-પરિવારને એ માટે ખાસ નિમંત્રણો મોકલવાનાં હોય નહિ. આથી સૌ કવિઓ-કલાકારો-લેખકો આદિને પોતાની એક નાનીસરખી પણ સંગીન કૃતિ તા. ૩૦મી જૂન સુધીમાં મોકલવા જાહેર રીતે નિમંત્રીએ છીએ. આશા છે કે પોતાની કલમને ને 'કુમાર'ના કનકપર્વને શોભાવે એવી પાણીદાર કૃતિ સૌ મોકલશે.

આના અનુસંધાનમાં 'કુમાર'માં અન્યત્ર આવતી
ચન્દ્રકો અને પારિતોષિકોની યોજનાઓ તરફ સૌનું ધ્યાન ખેંચીએ છીએ.

વાચકો લખે છે

'કુમાર' જ્યારે હાથમાં આવે ત્યારે આ બુઢ્ઢાને પણ પત્ર લખવાની પ્રેરણા થઈ આવે છે એની આ પત્ર પ્રતીતિ છે. 'કુમાર'નો દીપોત્સવી અંક હાલ વાંચું છું અને એમાં પીરસાએલી સાહિત્યસામગ્રી વડે આહ્લાદિત થતાં પાછો આ તમને લમણાંઝીક કરાવવા (નવરો બેઠો નખોદ વાળે એ લોકોક્તિ સ્મરણમાં હોવા છતાં) કલમ હાથમાં આવી ગઈ છે.

આ અંકમાં શહીદ રામપ્રસાદ 'બિસ્મિલ'નું જીવન-આલેખન ખૂબ ગમ્યું. આપણા ગૌરવાન્વિત આઝાદીસંગ્રામની ખૂટતી કડીઓ વિષે મેં તમને એક વખત ફરિયાદ લખી હતી; આપણી ઐતિહાસિક દૃષ્ટિની ઊણપ પરત્વે વરાળ કાઢેલી. પરંતુ ત્યાર પછી જોઉં છું કે 'કુમારે' સમૃદ્ધ વાનગીઓ પીરસવાનું ચાલુ રાખ્યું છે. વચ્ચેવચ્ચે આઝાદીના કેટલાક અજ્ઞાત સૈનિકોની જીવનરેખા વડે આજની તરુણ પેઢીને પ્રેરણાદાયક વાનગી આપવાનો 'કુમાર'નો પ્રયાસ ધન્યતા માગી લે છે. બલ્લુભાઈ મજમુદારની જીવનરેખા એની એક વાનગી હતી. પણ મને લાગે છે કે એને હજી વધુ પ્રભાવિત બનાવી શકાત. એમને હું ઓળખું છું તે પ્રમાણે એ જીવન વધુ તેજસ્વી છે. સાથે ક્યારેક એમના મિત્ર ભાઈ અચ્યુત પટવર્ધનના યશસ્વી જીવનનું દર્શન પણ વાચકોને કરાવશો તો એ એળે નહિ જાય.

ચન્દ્રશેખર આઝાદ અને રામપ્રસાદ બિસ્મિલની જીવનરેખા મેં સૂચવેલ આઝાદી જંગના મહત્ત્વના ઇતિહાસની કડીઓ બની રહે છે. થોડાક માસ કે વરસ આસાનીના જેલનિવાસ ભોગવનાર 'આઝાદી સૈનિકો' કરતાં સ્વાતંત્ર્યપ્રાપ્તિમાં આ અને આવા અસંખ્ય શહીદોનો ફાળો નાનોસૂનો નથી. એવાઓની શહીદીને તો આપણાં શિર ઝૂકવાં જોઈએ. એમની શહીદી પાછળ કેવળ બલિદાનની ભાવના—દેશની આઝાદીની ઝંખના જ છે; એ વીરોએ કદી સેવાના બદલામાં મેવાની ખેવના સરખી નથી રાખી. ભાઈ મનહર શાહ ને રવીન્દ્ર અંધારિયાને આ ઇતિહાસ-સંશોધનની હથોટી બેઠી લાગે છે તો એમણે પોતાનું એ કાર્ય લંબાવવું જોઈએ.

સામાન્યરીતે આપણા ઇતિહાસકારો ઈ. ૧૮૫૭ને આઝાદી જંગનાં પગરણ ગણીને ચાલે છે. આપણે પણ એને ૧૮૫૭ના સિપાઈ બળવા તરીકે જ સ્વીકારેલો જ્યાં સુધી સાવરકરે એને ભારતના સ્વાતંત્ર્યયુદ્ધ તરીકે વર્ણવ્યો. પણ હકીકતે એ આઝાદી જંગના ગણેશ ૧૮૨૬ અને એ પહેલાં મંડાએલા જોવા મળે છે. ગુલામીની શૃંખલાઓ ફગાવી દેવા દેશભરમાં ઠેરઠેર છૂટાછવાયા પ્રયત્નો તો સત્તાવન પહેલાં લાંબા કાળથી ચાલુ જ હતા. એ કડીઓ ૧૮૫૭ સાથે સાંકળી લેવી જોઈએ; અને પછી એનું અનુસંધાન ક્રાંતિકારીઓના વિપ્લવ સાથે સાંકળી આપણો ઇતિહાસ બનાવવો જોઇએ.

વિપ્લવ અંગેનું સાહિત્ય—અમેરિકા-જર્મનીમાં ક્રાંતિવીરોએ ભારતને સ્વતંત્ર કરવા માંડેલા પ્રયાસો, પંજાબ, ઉત્તર ભારત અને મહારાષ્ટ્ર, બંગાલમાં વિપ્લવવાદીઓની ક્રાંતિયાત્રા અંગેનું સાહિત્ય, છૂટુંછવાયું પ્રસિદ્ધ થએલું આજે અલભ્ય હશે; પણ મને સાંભરે છે કે Modern Reviewમાં એ સારા પ્રમાણમાં આવેલ છે. કાકોરી કેસનો હેવાલ એ વેળા પ્રકટ થએલો-અંગ્રેજીમાં, એ જપ્ત થએલો એટલે અલભ્ય બન્યો છે. એ હેવાલ અને બિસ્મિલની આત્મકથા ઉભયે ભારે તરખાટ મચાવેલો. મારા સંગ્રહમાં પણ શોધું છું તો નથી; કોઈકના હાથે ચડી ગએલા લાગે છે.

આ વિપ્લવવાદની, ક્રાંતિની આંધીમાંથી ગુજરાત બાકાત નહોતું રહ્યું એ સંશોધન દ્વારા રજૂ થવું જોઈએ. ૧૮૫૭ના 'વિદ્રોહ'ના છાંટા પણ ગુજરાતને સ્પર્શી ગએલા અને ગુજરાતમાં પણ અનેક સ્થળોએ બળવો થએલો, પણ એ બધું જોઈએ એ રીતે રજૂ નથી થયું. ક્રાંતિવાદી પ્રવૃત્તિઓ પણ આપણે ત્યાં સારા પ્રમાણમાં હાથ ધરાએલી. વડોદરાના ગંગનાથ મહાદેવ એ પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું. ગાયકવાડ સરકારના એક સૂબા દેશપાંડે એના આત્મા. અરવિંદ બાબુની પણ એની પાછળ પ્રેરણા. ચરોતરમાં નરસિંહભાઈ પટેલ એક અગ્રણી હતા. કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ, મામાસાહેબ ફડકે એ બધા એ પ્રવૃત્તિઓ સાથે ગાઢ રીતે સંકળાએલા હતા એ આજે જૂજ માણસો જાણે છે. સૂરતનાં પીઢ સ્ત્રી કાર્યકર જ્યોત્સનાબેન શુક્લ પણ એમાં ઝડપાએલાં. આજે અમુક સોગંદને કારણે એ સર્વએ સ્વમોઢે તાળાં મારેલાં છે. એ તાળાં ખોલવામાં આવે તો જ્વલંત ઇતિહાસ મળી રહે.

બિસ્મિલના જીવનમાં ભાઈ પરમાનંદનો ઉલ્લેખ આવે છે. લાહોર કાવતરા કેસમાં ફાંસીની સજા પામનાર એ ભારતની એક અનોખી વિભૂતિ હતી. લેખમાળાના હવેના મણકા તરીકે ભાઈ પરમાનંદનું જીવન દોરવામાં આવે તો અસ્થાને નથી. આઝાદીના જંગમાં ઝંપલાવનાર વિપ્લવવાદીઓ મોટે ભાગે અભ્યાસ છોડીને તરુણાવસ્થામાં જ વિપ્લવમાં ઝંપલાવનારાઓ; પણ ભાઈ પરમાનંદ તો એક બહુશ્રુત પ્રખર વિદ્વાન-ઇતિહાસવેત્તા અને ડી. એ. વી. કૉલેજના પ્રાધ્યાપક હતા. વીર સાવરકરના 'ભારતના સ્વાતંત્ર્યયુદ્ધનો ઇતિહાસ'માં મોટો ફાળો ભાઈ પરમાનંદનો છે. લંડનની રૉયલ એશિયાટિક લાયબ્રેરીમાં દિવસો સુધી બેસી એ ગ્રંથ માટેની સામગ્રી એમણે એકઠી કરી હતી. એ ઉપરાંત એમણે પોતે હિંદીમાં ઇતિહાસગ્રંથો આપ્યા છે. એમની ફાંસીની સજા આજીવન કેદમાં ફેરવાયા બાદના આંદામાનમાં એમના કારાવાસનો ઇતિહાસ રોમાંચક છે. એમની મુક્તિ માટે રવીન્દ્રનાથ ટાગોર અને સી. એફ. ઍન્ડ્રૂએ ભારે મથન કરી એમની મુક્તિ મેળવી હતી. આંદામાનથી છૂટયા બાદ એ એક માસ માટે મુંબાઈ આરામ માટે આવી મારા મહેમાન તરીકે રહ્યા ત્યારે એ વિભૂતિનાં સાચાં દર્શન થયાં. એમના કારાવાસ દરમ્યાન એમનાં પત્નીએ શિક્ષિકા તરીકે માસિક પંદર રૂપિયાની નોકરી કરી પોતાનો અને

બાળકોનો નિભાવ કરી જે કારમા દિવસો કાઢ્યા હતા તેનું હૃદયદ્રાવક વર્ણન એમને સ્વમુખે સાંભળનાર રડ્યા વિના ન રહી શકતો. પણ તે એમના એ આત્મબલિદાનની ડિમડિમ નહોતા પીટતા. એમણે કોઈ તામ્રપત્રની ખેવના યે ન કરી હોય! એમનાં પત્ની-બાળકોએ ગાળેલા એ દોહ્યલા દિવસો યાદ કરીને એમણે જીવનભર ભોજનમાં ત્રણ જ વાનગીનો–રોટી, શાક, દાલ; અને ભાત લે તો રોટી નહિ—એવો આહાર લેવાનો નિયમ રાખ્યો હતો અને અંત સુધી તે પાળ્યો. એવાઓ માટે નહોતાં સર્જાયાં મિષ્ટાન્નો, વાતાનુકૂલ પ્રાસાદો, મોટરો કે વાયુયાનો; એમને માટે વિધિએ નિર્મ્યાં હતાં કેવળ જંજીરો, વેદનાઓ, રઝળપાટ, અશ્રુઓ અને બલિદાન! અને એ ભવ્ય બલિદાનની ભાવના ઉપર જ ચણાઈ છે આપણી આઝાદી!

એમના એ નિવાસ દરમ્યાન મુંબાઈની રાષ્ટ્રીય શાળા તરફથી 'ઇતિહાસ પર એક દૃષ્ટિ' નામે વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. એમણે અંગ્રેજી પ્રત્યે એટલી નફરત કેળવી હતી કે અંગ્રેજી કૉલેજના એ પ્રાધ્યાપકને અંગ્રેજીમાં ભાષણ આપવું સહજ હોવા છતાં એમણે વ્યાખ્યાનો હિંદીમાં આપવાનો આગ્રહ સેવ્યો. વ્યાખ્યાનમાળા પૂરી થઈ ત્યારે પ્રો. પુણતામ્બેકર જેવા પ્રખર ઇતિહાસવેત્તાને કહેવું પડેલું કે 'ભાઈ પરમાનંદનાં વ્યાખ્યાનો સાંભળ્યા પછી મારે મારી ઇતિહાસ દૃષ્ટિ સાવ ફેરવવી પડશે.' તે કાળે ટેઈપ રેકર્ડરો પ્રચલિત નહિ, એટલે એ વ્યાખ્યાનો સંગ્રહાએલાં આજે ન મળે એ આપણું દુર્ભાગ્ય છે. જો એમની કારાવાસની કહાણી (હિંદીમાં પ્રકટ થયેલી) ક્યાંક મળે તો એ ભવ્ય જીવનગાથા 'કુમાર'નાં પૃષ્ઠોમાં ભંડારવા જેવી ખરી.

રામપ્રસાદ બિસ્મિલની આત્મકથા અલભ્ય બની હોય તો એનું ભાષાંતર ગુજરાતને ચરણે ધરવાનો વિચાર સ્તુત્ય છે. તમારી પાસે સિદ્ધહસ્ત તરુણ લેખકો છે જ. છતાં 'કુમાર' એ પ્રકટ કરવાનું હોય તો દસ-પંદર દિવસમાં એ ભાષાંતર કરી આપવા 'કુમાર'ને મારી સેવાઓ ખપે તો એ એની હશે.

(ગણદેવી) —રંગીલદાસ કાપડિયા

∞

કુમારવયમાં આવ્યા પછી જેટલાં પરણેલાં જોડાં જોયાં છે એમાં એકાદ પણ 'જોડું' કહી શકાય એવું જોયું નથી. 'કુમાર' વાંચવું શરૂ કર્યું એ અરસામાં 'ઊભા રહેજો આવું છું.' (લે. શિવકુમાર જોશી જ કે બીજું કોઈ?) વાર્તાએ આદર્શ પતિ–પત્નીનો ખયાલ મનમાં ઉતારી દીધો છે. એ આદર્શ કાંઈ એટલો બધો ઊંચો નથી કે ત્યાં ન પહોંચી શકાય. એવું કોઈ એ તપ નથી કે એનાં ગુણગાન કરાય. છતાં એથી ઘણી ઊતરતી કક્ષાનું પણ કોઈ જોડલું જોવા મળ્યું નથી. સંસારમાં આવો વિખવાદ કેમ હશે? સંસારના સર્વ સંબંધોમાં પતિ-પત્નીનો સંબંધ All in one હોઈ ઉત્તમ ગણાય. છતાં એ જ બધે તોડફોડવાળા શા માટે? કોઈની ભણેલી ગણેલી પત્ની ગાંડી થઈ ગઈ છે, તો કોઈ પતિનો પગ ઘરમાં નથી; કોઈ અજંપામાં સુકાઇને હાડકાંનો માળો થઈ ગયું છે તો કોઈ તાતો માતો યુવાન લગ્ન પછી નીરસ અને સાધુ (પરાણે) બની ગયો છે; તો અઢાર વર્ષની કિશોરીની આકર્ષકતા લગ્ન પછી બે જ વર્ષમાં ગાયબ! એક ગ્રૅજ્યુએટ યુવાનને રાત્રે ઊંઘ જ આવતી નથી!

વળી ખૂબી તો એ છે કે આ બધાં પાછળનું કોઈ માતબર કારણ જડતું જ નથી. પૂછીએ તો કહેશે 'જોને, છ મહિના થયા શરીરમાં લોહી જ નથી!' રસોડામાં જુઓ તો ફ્રૂટની દુકાન! આ બધું ખાધુંપીધું ક્યાં જતું હશે? દિવસ આખો હસતાંરમતાં નોકરીધંધો કરે–કાંઈ ખબર પણ ન પડે કે આ બીમાર હશે; ને રાત્રે પથારીમાં પડે એટલે ઊંઘ ગાયબ! કિલ કિલ કરતું કુટુંબ હોય, ક્યાંય ઝગડાનું નામ ન હોય, છતાં વહુને જીવતરમાં ઉમંગ ન હોય!

આ બધું શું છે એ સમજાતું નથી. સમાજમાં, વ્યવહારમાં બધે જ એકબીજાના સ્વાર્થની રમત હોઈ શકે; પતિ-પત્નીને શી સ્વાર્થભરી રમત?

શ્રી શિવકુમાર જોશીની વાર્તા 'સહવીર્યં કરવાવહૈ' વાંચીને ઉપરનું બધું યાદ આવી ગયું. વાર્તા એટલી બધી ગમી ગઈ કે કિશોર-ઊર્મિની વાતો અમે બંનેએ સાથે વાંચી ટેઈપ કરી. પછી ફરીથી સાંભળવાની તથા એમની જગ્યાએ અમને મૂકવાની મજા આવી. ઉપરના વર્ણનમાં નથી એવાં જોડલાંઓને આવું સૂચન કરજો; મજા આવશે જ, ઉપરાંત કદાચ ચોટ વાગશે તો ધારી અસર પણ કરશે. (નોંધ: કાચબા–કાચબીની વાર્તા શું હશે એ કલ્પના કરી છે છતાં ટૂંકાણથી રજૂ કરશો તો આનંદ બેવડાશે.)*

શ્રી જોશીની એક ખાસિયત છે—સ્ત્રી-પુરુષના સંબંધો (બનેલા કે બગડેલા)ની ખૂબ છણાવટ કરવાની. મને નથી ઊકલતો એ કોયડો એમને મોકલજો. કદાચ મારા મનનું એ સમાધાન કરી આપશે. તેઓ વાર્તાના માધ્યમથી પણ આ સમાજસેવા જ કરી રહ્યા છે, કેમ કે આજે તો સ્ત્રી-પુરુષોના સંબંધો વધુ ને વધુ કથળે એવી જ વાર્તાઓ અને નવલો લખાય છે; જેમાં એ બંનેનાં મનના આવેગો નહિવત્ આલેખાય છે.

'કુમાર' કદાચ સભાનપણે આવી હેતુલક્ષી વાર્તાઓ વારંવાર આપે છે. 'ઊભા રહેજો આવું છું' વાર્તાએ તો ચિરંજીવ છાપ મારા મનમાં ઉતારી છે. (એ વાર્તા પ્રકટ થઈ ત્યારે એક જાણીતા હિંદી લેખકે અમને લખેલું કે 'ગુજરાત સદ્ભાગી છે કે તમારે ત્યાં આવી વાર્તા લખાય છે. અમારા હિંદી સાહિત્યમાં આવી વાર્તાઓ નથી.'–તંત્રી) પ્રસ્તુત અંકની વાર્તા પણ આજના સ્વરૂપે એવા જ ભાવવાળી છે.

ડૉ. ત્રિવેદીએ બાળકના વિકાસની વાત કેટલી લાગણીભરી રીતે રજૂ કરી છે! ત્રીજા પ્રશ્નના જવાબનો ત્રીજો પૅરૅગ્રાફ ખરેખર ઉત્તમ લખાયો છે. એમને અભિનંદન—

કુમારે 'કંકુ' ચિત્રપટનો કથાપરિચય આપેલો. વર્ષે આવા એકાદ બે ચિત્રપટો જોવા મળે છે. હમણાંનું 'અનુભવ' ચિત્ર પણ લાક્ષણિક હતું. આવાં ચિત્રપટોનું રસદર્શન ઉપયોગી ખરું. બહુ નહિ, વર્ષે એક-બે પરિચય જરૂર કરાવી શકો.

(સુલુંદ) —રમેશ શાહ • સુનંદા શાહ

[* અચલ ઈશ્વરશ્રદ્ધા પ્રબોધતા ભોજા ભગતના એ ભજનની કથા એવી છે કે એક તળાવમાં રહેતાં, પ્રભુનાં પરમ ભક્ત કાચબો-કાચબી પોતાના નિત્યના વ્રત મુજબ હરિનાં દર્શને જતાં હતાં તેને એક પારધીએ પકડીને હાંડલીમાં રાંધવા મૂકી નીચે અગ્નિ સળગાવ્યો. અગ્નિની આંચ લાગતાં જ કાચબીની શ્રદ્ધા ડગી ગઈ ને આવી ખોટી ભક્તિ માટે કાચબાને દોષ દેવા લાગી. પણ તેનાં આકરાં મેણાં અને નિંદા છતાં કાચબાની ઈશ્વરશ્રદ્ધા ચળી નહિ, બલ્કે અંતે ફળી. અચાનક વાદળાં ઘેરાઈ મૂશળધાર વરસાદ તૂટી પડ્યો, અગ્નિ ઠરી ગયો, અને પાણીના પૂરમાં ઊંધી વળેલી હાંડલીમાંથી નીકળેલાં કાચબો-કાચબી પાછાં તળાવે પહોંચી ગયાં.]

∞

'કુમાર'માં સદ્ગત મેઘાણીભાઈનું જીવનચરિત્ર ધારાવાહી સ્વરૂપે પ્રગટ થઈ રહ્યું છે અને તેમાં ઝીણીઝીણી વિગતોને સ્પર્શવાનો પ્રયત્ન કરીને સિલસિલાબંધ ચરિત્ર રજૂ થાય તેવી કાળજી રાખવામાં આવે છે તે ખરેખર પ્રશસ્ય છે. પરન્તુ આ સામયિકના જાન્યુઆરી અંકમાં પ્રગટેલા હપતામાં એક હકીકતદોષ ઘૂસી જવા પામ્યો છે તે સુધારો માગી રહે છે. તેમાં એવો ઉલ્લેખ છે કે "પુરુષાર્થ' નામનું એક સામયિક વઢવાણથી નીકળતું, એમાં એમણે પ્રવાસવર્ણન હપતાવાર કરેલું'. મૂળ હકીકત એ છે કે સદ્દહુ 'પુરુષાર્થ' પત્ર વઢવાણથી નહિ પણ સૌરાષ્ટ્ર મુદ્રણાલયમાં સ્વ. અમૃતલાલ દલપતભાઈ શેઠ દ્વારા છપાઈને રાણપુરથી જ પ્રગટ થતું હતું, એવી નોંધ એ માસિકમાં જ કરાએલી છે, અને તેના તંત્રી વઢવાણવાળા સદ્ગત ફૂલચંદ કસ્તુરચંદ શાહ હતા. એ વિરલ બની ચૂકેલા સામયિકની એક ફાઈલ આ લખનાર પાસે જળવાઇ રહી છે, જેમાં સંવત ૧૯૭૯ના ફાલ્ગુન (સને ૧૯૨૩ના ફેબ્રુઆરી)થી સંવત ૧૯૮૦ના

કારતક(સને ૧૯૨૩ના નવેમ્બર)સુધીના પુસ્તક પહેલાના ત્રીજાથી બારમા અંક સુધીના દશ અંક સંગ્રહાયા છે. એની અંદર ૧૯૨૩ના ઑગસ્ટ-અંકમાં સ્વ. ઝવેરચંદ મેઘાણી લિખિત 'વિલાયતથી પાછા વળતાં' એ શીર્ષક નીચે એક લેખ પ્રગટ થયો હતો, જેને છેડે 'અપૂર્ણ' એવો નિર્દેશ કરેલો હોઈ તે પછીના બીજા વર્ષમાં તેના વધારાના હપતા પ્રગટ થયા હોય એવું સહેજે અનુમાન થઈ રહે છે.

સદરહુ લખાણ તપાસતાં માલૂમ પડે છે કે એ સમયે સાહિત્યની દુનિયામાં શરૂઆતની પગલીઓ પાડવાનો પ્રયત્ન કરનારા એ લેખકે મેઘાણી-શૈલીમાં શૈશવકાળનાં આગવાં બીજાંકુર સહેજે રજૂ કર્યાં છે. એ વાત સમજવા માટે બેચાર અવતરણો તેમાંથી રજૂ કરવાની લાલચને રોકી શકાતી નથી. આ રહ્યાં તે:

૧) 'નહાનાંનહાનાં શિખરોવાળી ઘનશ્યામ ટેકરીઓ સાગરતીરે ઊભી ઊભી ભીંજાયા કરે છે. મારા ગામની નદીને આરે પાણીમાં નાજુક પગને પલાળતી સુંદર કન્યાઓ મને અત્યારે સાંભરી આવે છે. એ ટેકરીઓનાં પીળાં શિખરો ઉપર સૂર્યનાં કિરણો નાચી ઊઠે છે તેમ તેમ એ નદીતીરની બાલિકાઓને માથે માંડેલાં બેડાં મને યાદ આવે છે.'

૨) 'કેટલા કેટલા યુગો થયાં, આફ્રિકાની સીદણો સમી આ ટેકરીઓ આંહી થંભીને ઊભી રહી હશે? ને કોની વાટ જોતી હશે?'

૩) એ લખાણમાં દરિયાકાંઠાના કુદરતી શોભાભર્યાં વર્ણનો કર્યા પછી 'ગુજરાતી પોશાક પરિધાન કરી રહેલી એક વિલાયતી બાનુ' અને શુદ્ધ પરદેશી ફૅશનનો પોશાક પહેરેલા તેના હિંદી પતિની વાત કરી છે. ત્યાર પછી બીજા એક યુગલની વાત આવે છે, જેમાં 'જર્મન ધણિયાણી અને ધણી હિંદુ' છે. તે ઉપરાંત, લાંબા કાળ સુધી વિલાયતવાસ સેવીને સ્વદેશ પાછી ફરતી, મોટી મોટી આંખો, લાંબા કાળા ભ્રમર અને અંધકાર જેવા કાળા વાળવાળી' વિલાયતી લેબાશમાં સજ્જ થએલી બંગાળી કુમારિકાની વાત લખી છે. અને છેવટે કપિલભાઈએ ચરિત્રકાર સમક્ષ પોતાની રીતે રજૂ કરેલી દીવાદાંડીની વાતનું રોમાંચક શૈલીમાં કરાએલું બયાન મેઘાણીભાઈએ રજૂ કરતાં લખ્યું છે કે 'તીર ઉપર હવે કોઈ ટેકરીઓ વાટ જોતી નથી. કિનારો દૂર દૂર જતો જાય છે. હવે તો રસ્તામાં કોઈ એકાકી ખડકનો ભેટો થાય છે, એનાં શિખર કે તળેટીમાં ઝબૂકતી દીવાદાંડી જહાજને રસ્તો બતાવે છે, આદર કરીને પાસે બોલાવવું એ પ્રકાશનો સ્વભાવ, પરન્તુ દીવાદાંડી તો આપણી વાર્તાઓના કોઈ ઠૂંઠા રાક્ષસની દયાળુ દીકરી જેવી, ભયાનક ખડકના હૈયામાં એકલી ઊભીઊભી એ રમણી, મુસાફરને આઘેથી ઈશારા કરીને કહે છે કે 'આંહી આવીશ મા, પાસે આવીશ મા.'

૪) છેવટે 'એકાદ કીટલીમાં ગરમ ચા ને સૂકી રોટલીના બેચાર ટુકડા, એ બે વસ્તુઓમાં કોઈ બાદશાહી મિજબાની અનુભવનારા એ મિત્રહીન કેદી' સમા દીવાદાંડીના રખેવાળના માનસની વાતો રજૂ કરીને એ હપતો પૂરો થાય છે.

દુર્ભાગ્ય એટલું જ છે કે સાહિત્યની નજરે મેઘાણીભાઈના પ્રથમ પ્રયત્ન સમું એ પ્રવાસવર્ણન આજે તેમના 'વેરાનમાં' શીર્ષક પુસ્તકની પેઠે વિરલ બની જવા પામ્યું છે. યોગ્ય સંશોધન દ્વારા તે સંગ્રહાઈ જવું જોઇએ.

(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી



ભુજની કોર્ટ પાસેથી કચ્છ મ્યૂઝિયમને, પટાવાળાના બિલ્લા જેવા પિત્તળના આવા પાંચ બિલ્લા મળ્યા છે. તાલુકાના કોઈ ગામમાં કરેલી જપ્તીમાં એ મળી આવેલા. આ પાંચે પર ગુજરાતીમાં લખાણ છે, જે વચ્ચેના ગાળામાં મથાળેથી આરંભાઈને અનુસંધાનમાં ફરતી કિનાર પર કોતરેલું છે. અહીં એમાંના એકની છાપ આપી છે. તેમાં—'કીકાલા ટન કાયતસ સોરે ઈન અલીગઢના જેજે હવાલતમાં ૧ હજાર ૧ રૈત જમાડી મારી નાંખી અલીગઢની હવાલતમાં અલાબાદના જેજે કલકત્તા જેજે બાઈની ફ ખાવા બેતીતી' (ને પછી આના અનુસંધાને બિલ્લાની કિનાર પર) 'છોકરા લઈને અલીગના જેજે રાતના ૧૨ વાગે મારી નાંખ્યા કલ્યાણે ૯ બચાવ્યા.'

આવું, અસંબદ્ધ જેવું અને અશુદ્ધ, ભિન્ન-ભિન્ન લખાણ પાંચે બિલ્લા પર કોતરેલું છે, પણ તે એકબીજા સાથે સંકળાએલું નથી. જો કે ત્રણ બિલ્લા પર 'કલ્યાણ બારીસ્ટર'નું નામ જોવા મળે છે. વળી, એક બિલ્લામાં 'જીલ્લા મેનપુરી'નું નામ છે. મૈનપુર અને અલાહાબાદ બંને ઉત્તરપ્રદેશમાં હોવા છતાં આ લખાણ છેક કચ્છમાં અને અશુદ્ધ ગુજરાતીમાં આ બિલ્લા પર કોરાએલું હોવાનો શો મર્મ હોઈ શકે? આ અંગે કોઈ કંઈ પ્રકાશ પાડી શકે?

(ભુજ) —દિલીપ વૈદ્ય

'ચાલો ક્રિકેટની કૉમેન્ટરી સાંભળીએ'ના સંદર્ભમાં શ્રી ડાભીના ('કુમાર' ફેબ્રુ.) પત્રના ઉત્તરમાં લખવાનું કે એમાં મેં આપેલાં અણસમજનાં ઉદાહરણો, અલબત્ત, આત્યંતિક ને રમૂજ માટે જ છે, પણ એ શબ્દશઃ સાચાં છે

મારી એક ભૂલ તરફ પણ એક સ્નેહીએ ધ્યાન દોર્યું છે. મેં ભારતના વિખ્યાત સ્પિનર સુભાષ ગુપ્તેને 'ઑફ સ્પિનર' ગણાવ્યા છે, હકીકતે ગુપ્તે લેગસ્પિનર ને ગુગલી બૉલર છે.

લેખના છેલ્લા હપ્તામાં પૃ. ૬૦ પરની સ્વિંગ થતા બૉલની આ. ૧૮ની નીચેના લખાણમાં ત્રીજી લીટીમાં 'અ અને ક'ના બદલે 'અ અને બ ઈનસ્વિંગર બોલની ગતિરેખા દર્શાવે છે' એમ હોવું જોઈએ.

(સણોસરા) —ભરત ના. ભટ્ટ

“'કુમાર' એક સારું માસિક છે” એવો મારો અભિપ્રાય હતો—લોકોના કહેવાથી અને ઉપર-ઉપરથી નજર ફેરવવાથી. છેલ્લાં બે વર્ષથી સર્ક્યુલેટિંગ લાયબ્રેરી ચલાવું છું. મેમ્બરોના હિસાબે 'કુમાર'ની બે કૉપી લાયબ્રેરીમાં રાખું છું. થોડા દિવસ પહેલાં, સાત-આઠ વર્ષ અગાઉના 'કુમાર'ના જૂના દસબાર અંકો અનાયાસે હાથ લાગ્યા. એ એક જ બેઠકે વાંચ્યા, અને 'કુમાર' વિષેનો મારો અભિપ્રાય બદલાઈ ગયો. કે 'કુમાર' ખરેખર સર્વોચ્ચ, સર્વોત્તમ અભ્યાસી અને કલાત્મક સંસ્કારી માસિક છે.'

જૂના અંકોમાં વધુ તો ફાધર વાલેસની તથા શ્રી ગોકાણીની 'ગુનાશોધન' લેખમાળા બેહદ પસંદ પડી. 'ગણિતગમ્મત'માં મજા આવે છે—પ્રિય વિષય હોવાથી. મારી પાસે પણ ઘણી ગમ્મતો છે, હું પ્રકાશનાર્થે મોકલી શકું?*

'કુમાર'નો ફેબ્રુઆરી '૭૩નો અંક (૫૯૦) હમણાં જ જોયો. મિત્રો સાથે આ અંકમાં 'બ્રીડા' નામક ફોટો જોતાં મિત્રો બોલી ઊઠ્યા: 'કુમાર' હવે કુમારો માટે નથી રહ્યું, તે પુખ્ત વયના માટેનું માસિક થઈ ગયું છે.' આવાં ચિત્રો ગમે તેટલાં કલાત્મક હોય, પણ ન આપો તો સારું.

બીજું 'કુમાર'માં આવતા લેખો ખરેખર ઊંડા અને અભ્યાસપૂર્ણ હોય છે, છતાં 'કુમાર' 'રમત-ગમત' તથા 'ફિલ્મકલા'ને ઓછું મહત્ત્વ આપે એ દુઃખદાયક લાગે છે. સિનેમા અને રમતગમત એ પણ એક કલા છે. ખાસ કરીને

'સિનેમા'ની ટેકનિક વિષેના અભ્યાસપૂર્ણ લેખો આપશો તો આજના શાળાકીય જીવનમાંથી જ ફિલ્મ લાઇનમાં જવાની ખોટી મહત્ત્વાકાંક્ષા ધરાવતાં આવતી કાલનાં નાગરિકોનાં જ્ઞાન, ચારિત્ર્ય અને સંસ્કારઘડતરમાં 'કુમાર'નો અ-મૂલ્ય ફાળો રહેશે.

મારે કુમારના પહેલા અંકથી ૫૭૫ સુધીના બધા અંકો જોઈએ છે. યોગ્ય કિંમત આપવા તૈયાર છું. સગવડ કરી આપશો તો ઘણો જ આભારી થઈશ.*

'કુમાર'નું આજીવન સભ્યપદ ચાલુ કરો તેવી વિનંતી. મારી પાસે લગભગ ૪૦ થી ૫૦ જણા આજીવન સભ્ય થવા ઇચ્છા રાખે છે.*

(કાંદીવલી-મુંબાઈ) —દિલીપ સંઘવી

[* મોકલો, લેવા યોગ્ય હશે તો લઈશું; બધા તો અલભ્ય છે. છૂટક પાછલી ફાઈલો વેચાઉ હોય છે ત્યારે આ વિભાગમાં ખબર અપાય છે. આજીવન સભ્યપદની યોજના થોડા સમયથી 'કુમાર'માં જાહેર થઈ ગઈ, અને ચાલુ છે.]

બીજા કોઈ માસિકમાં કંઈ વાર્તા જોવામાં આવે તો એ વાંચવાનું સાહસ ભાગ્યે જ હું કરું, કારણ મોટા ભાગે સમય વેડફાયો એમ લાગે. પણ 'કુમાર'ની વાર્તા વાંચતાં એ ઉત્તમ જ હોવાની; ને એમાંયે લઘુકથા તો સર્વોત્તમ. વિનોદ ભટ્ટની વાર્તાઓ ચાલુ રહી હોત તો ગમત. ર. મ. રા.ની કથા વાસ્તવિક છે માટે ગમે છે ને ચંદ્રવદનની કથા તો પરીકથા જેવી લાગે છે.

મનુ સુબેદારનું જીવનચરિત્ર જોયું. એમાં મથાળામાં એમના માટે વપરાએલો શબ્દ 'મહામાનવ' શોભતો નથી. અંગ્રેજીમાં જેને Superman કહીએ એવો આ શબ્દ બરોબર નથી. એક વાર ચંદ્રશંકર શુક્લ નેહરુને જોઈને બોલ્યા: He looks brilliant. ગાંધીજી પાસે હતા, તે બોલ્યા: Beware of adjectives. 'મહામાનવ' વાંચી મને આ પ્રસંગ યાદ આવ્યો. ('બુદ્ધિપ્રકાશ'માં એનો ઉલ્લેખ હતો. ૧૯૪૯થી '૫૦ના અરસામાં આ લેખ વાંચેલો.)

'કુમાર'માં પહેલાં જોડણીની અશુદ્ધિ નહોતી, હવે દેખાય છે. છેલ્લાં પ્રૂફનું કાં'ક કરો.

'કૉલેજમાં હતો ત્યારે એક વાર કામ પ્રસંગે ઉમાશંકરને મળવા ગયો. એ વખતે 'કુમાર'માં અનુવાદ બહુ આવતા. મેં કવિને ફરિયાદ કરી, મને કહે: 'એમ ન કહો; એના ખૂમચામાં એ જે લાવે છે તે રસમય છે કે નહિ તે જ જુઓ.' ચિત્રકાર હોત તો તમને ખૂમચાવાળા બતાવી શકત. પણ હું તો ધંધે ગુજરાતીનો, માધ્યમિક શાળામાં શિક્ષક છઉં.'

(અમદાવાદ) —મહેન્દ્રભાઈ મહેતા

જાન્યુઆરી'૭૩ના અંકની માધુકરીમાં બંગ-સાહિત્ય મહારથી શ્રી દિનેશચંદ્ર સેનની પરિચય-કથા આપવામાં આવી છે. તેમાં એમના યશ-ગગનની ચંદ્રિકા સમી અતિ સુંદર અને વિશ્રુત રચના 'રામાયણી કથા'નો ઉલ્લેખ રહી ગયો છે. આ કૃતિમાં વાલ્મીકિ રામાયણનાં પાત્રોનું ખૂબ મનોરમ અને ભવ્ય ચરિત્રાલેખન થયું છે. આ 'રામાયણ કથા' વર્ષો સુધી કલકત્તા વિશ્વવિદ્યાલયમાં પાઠ્યપુસ્તક તરીકે રહી છે. હિંદીમાં પણ આ રમ્ય કથા ચાર વાર છપાઈ ચૂકી છે. ને ઉત્તર પ્રદેશનાં ત્રણ વિશ્વ-વિદ્યાલયોમાં પાઠ્યપુસ્તક તરીકે સ્વીકારાઈ છે.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

'ફેબ્રુઆરી'નો અંક વાંચ્યો. ગમ્યો. 'વસંતના પંખી' એ સ્યાવક્ષ ચાવડાનું ચિત્ર તેનાં રંગ-સાયુજ્યથી સવિશેષ પ્રતીતિકર ને આબેહૂબ લાગ્યું. શ્રી મધુસૂદન પારેખે tone માટે 'લહેજો' શબ્દનો વિનિયોગ કર્યો છે તે ખૂબ ગમ્યો, કેમ કે તે તેના અર્થને સમુચિતરીતે વ્યક્ત કરે છે. વળી તે ભાષાના બંધને ઉઠાવ આપે છે. તેઓની આ પ્રકારની સૂઝ ને પસંદગી માટે ધન્યવાદ.

જ્યારે 'ઝંઝામાં ઝડપાએલાં' એ ફોટોમાંનું ગતિનું આલેખન અત્યંત આબેહૂબ છે. તેને જોતાં જોતાં કંઈક આવું મનમાં સ્ફુરી આવ્યું:

વાયો વાયુ થઇ ગાંડાતૂર
ને હતા સહેજ દૂર
તે થઈ ગયા નજીક
ને...તોય કહેવાયું
ઝડપાઇ ગયાં ઝંઝામાં.

(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવલ

જાન્યુઆરી ૧૯૭૩ના અંકમાં શ્રી નૌતમ વખારિયાની ગણિતગમ્મત વાંચી. એમાં ૯ને સ્થાને કોઈ પણ સંખ્યા રાખવામાં આવે તો (અર્થાત્ જ્યાં જ્યાં ૯)હોય ત્યાંત્યાં કોઈ એક જ સંખ્યા મૂકવાથી જવાબ એ સંખ્યાનો આગળનો આંકડો જ આવે.

'કુમાર'માં બે શબ્દો આ પ્રમાણે લખાય છે: 'ઝગડવું', 'ઝગડો.' જ્યારે એક શબ્દ કોષમાં એ શબ્દોની જોડણી 'ઝઘડવું', 'ઝગડો' એવી આપેલી છે. તો એમાં શુદ્ધ શબ્દો કયા?

નીચેની વ્યક્તિઓનાં જીવનચરિત્રોમાંથી કયાંકયાં નથી આવ્યાં તે જણાવશો. ૧)ભગતસિંહ ૨) ચંદ્રશેખર 'આઝાદ' ૩) યતીન્દ્રનાથ મુકરજી ૪) લોકમાન્ય ટિળક ૫) સુભાષચંદ્ર બોઝ ૬) બહાદુરશાહ ઝફર ૭) ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ ૮) ખુદીરામ બોઝ.

(સિપોર) —બી. એસ. પટેલ

[* આ બધી વ્યક્તિઓના પરિચય 'કુમાર'માં આવી ગયા છે.]

જૂન '૭૨ના અંકમાં ભાઈશ્રી યોગેન્દ્ર જાનીએ બહાદુરશાહના શેરનો જે ઉલ્લેખ કર્યો છે તે બરોબર નથી, બહાદુરશાહનો અસલ શેર નીચે મુજબ છે, જેને થોડો ઇતિહાસ પણ છે.

'૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામ વેળા કો'કે કહ્યું કે 'બાદશાહ, આ તમારું દિલ્હી પડુંપડું થઈ રહ્યું છે.' એમ કહી એક શેર કહ્યો:

'દમદમામેં દમ નહીં, અબ ખૈર માંગો જાન કી
અય જફર ઠંડી હુઈ શમશેર હિંદુસ્તાન કી!'

ત્યારે દેશભક્ત બહાદુરશાહે જવાબ આપ્યો:

'ગાઝીઓ મેં બૂ રહેગી જબ તલક ઈમાન કી,
તબ તો લંડન તક ચલેગી, તેગ હિંદુસ્તાન કી!'

પણ કમનસીબે સ્વાતંત્ર્યસંગ્રામમાં સફળતા ન મળી, અંગ્રેજોએ ઘોરજુલમ ને સીતમથી તે દબાવી દીધો. મુઘલ શહેનશાહ બહાદુરશાહને પાયમાલ કરી રંગૂન જેલમાં જન્મટીપ આપી. ત્યાં જેલમાં આ અંતિમ મુઘલ સમ્રાટ રીતસર સડયા ને દેશને ખાતર મર્યા. એમના અંતકાળનો આ એક દિલદ્રાવક શેર:

'મરે પૈ દામને સહરા, ન પરદાપોશી કી
બરહના આયેથે લિપટે હુએ કફનસે ચલે!'

(ધાયજ) —કિરીટ પટેલ

હું લગભગ વાંચતાં શીખ્યો ત્યારથી 'કુમાર' વાંચું છું એટલે શરૂથી જ અમારા સંસ્કાર અને શૉખ પર 'કુમાર'ની ઊંડી છાપ છે, આત્મીયતા છે.

મારા પિતાશ્રી 'કુમાર' શરૂથી જ મંગાવતા. કચ્છમાં માંડવી, 'વિજયવિલાસ' પૅલેસ વગેરે સ્થળે હતા ત્યારથી તે મુંબાઈ અને અમદાવાદ આવ્યા ત્યાં સુધી તે ચાલુ રહેલું. ઈ. ૧૯૬૯માં તેમનું અવસાન થયું તે પછી અમારા બીજા ભાઈઓને તેનું મહત્ત્વ ન સમજાયું હોય તેથી તેમણે લવાજમ નહિ ભર્યું હોય. તેથી વચ્ચે એકાદ વર્ષ બંધ રહ્યું હશે. મને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે દુ:ખ થયું, ને થયું કે અમારા કુટુંબમાં 'કુમાર' ચાલુ જ રહેવું જોઈએ. હવે છેલ્લાં સાડા ત્રણ વર્ષથી હું 'કુમાર' મંગાવું છું. અમારાં બાળકોમાં પણ એ સંસ્કાર ચાલુ જ રહેવા જોઈએ.

બીજું ખાસ તો એ કે મારા એક વિદ્વાન મિત્ર પ્રા. શ્રી જનાર્દનરાય રૂ. વૈદ્યની પુત્રી કલ્પનાનું આ વૈશાખે લગ્ન છે. તેને પણ 'કુમાર' પ્રત્યે પ્રીતિ છે. મારું 'કુમાર' તેને દર વખતે વાંચવા જાય છે. લગ્નની બીજી ભૌતિક ભેટો કરતાં એક સાંસ્કારિક ભેટ તરીકે મારે બે વર્ષનું લવાજમ તેને નામે ભરી લગ્ન ભેટ તરીકે આપવા ઇચ્છા છે. તે લવાજમ આ સાથે મોકલું છું. બીજાને પણ આ પ્રણાલિ પ્રેરક બને એવી આશા છે.

(અમદાવાદ) —ર. હ. અંતાણી

આ અંકની ‘કલાવાર્તા’માં
જેમની અવસાન નોંધ આપી છે એ
અમેરિકન ફોટો-કલાકાર ઍડવર્ડ સ્ટાઇકેને
તૈયાર કરેલા જગવિખ્યાત ફોટો-પ્રદર્શન
માનવ-પરિવાર
–‘ધ ફૅમિલી ઑવ મૅન’માંથી
કેટલાંક ચુનંદાં ફોટોચિત્રો અગાઉ
‘કુમાર’માં પ્રકટ થઈ ચૂક્યાં છે.
અહીં તથા પાછલી પ્લેટમાં આપેલાં
એમાંનાં થોડાં વધુ ચિત્રો દ્વારા,
માનવ-ઐક્યના એ પ્રદર્શકને
અંજલિ આપીએ.

જમણી બાજુ
અમેરિકન અભિનેત્રી ગ્લૉરિયા સ્વાન્સન
પાત્રની તસવીર પર
ભાતીગળ લેઇસની છાપ ઉમેરી
મલ્ટિપલ પ્રિન્ટિંગનો
ઍડવર્ડ સ્ટાઇકેને કરેલો
કલાત્મક પ્રયોગ.







ઇજિપ્તની પનિહારી
(ફોટો • ઈ. સ્વેડ)
અને જમણી બાજુ
લખોટી ખેલતો જાવાનીઝ કિશોર
(ફોટો • ગોથાર્ડ શુહ)
‘ધ ફૅમિલી ઑવ મૅન’ પ્રદર્શનમાંનાં
બે ફોટોચિત્ર



શતરંજ: (ચિત્રકાર. કુ. ઊર્મિ પરીખ) પાત્રોની બેસવાની રીત અને રમતની ચાલના વિચારમાં રત એમનાં નત મસ્તકો દ્વારા ચિત્રકારે શતરંજ પર કેન્દ્રિત થએલી એકાગ્રતાને વ્યક્ત કરવાની સાથોસાથ એમની નજર, એમના સ્વાભાવિક રીતે ટેકવાએલા હાથ, ખુરશીની ઢળતી પીઠ, ટેબલના પાયા અને મ્હોરાં રાખવાની થેલીના આકાર સુધ્ધાંને સુંદર રીતે સંયોજી ચિત્ર જોનારની દૃષ્ટિને પણ શતરંજ પર જ દોરી લાવીને સ્થિર કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે. સંપૂર્ણ ચિત્ર સર્જવા માટેના, પરભાર્યા પીંછીથી કરેલા આ ત્વરિત સજીવાલેખનમાં સ્વાભાવિકરીતે જ છોડી દેવાએલી ઝીણીઝીણી વિગતોનો અભાવ ખૂંચતો નથી; બલ્કે એવી આળપંપાળ વિના માત્ર ઘનીભૂત થએલા ભાવની સબળતા એને ચોટદાર બનાવે છે.

સેતુ / ભગવતીકુમાર શર્મા

· વસંતતિલકા સૉનેટ ·

કંપી રહ્યો હજી ય હસ્ત ક્ષણો વીતી કે
સ્પર્શ્યે તને સ્વપનમાં, ભળભાંખળાનો
અંધાર જે સઘન, ગૂઢ હતો—દિશાઓ
આશ્લેષતો અવનિમીલિતપાંપણોમાં—
વિચ્છિન્ન તો નવ થયો સહસા પરંતુ
ભીની ઉજાસ-કલિકા ખીલી બાહ્ય-ભીતર.

પંખીસ્વરો શ્રવણતંત્ર વિષે ઝૂક્યા ને
'કૂહુક'નું અડપલું કરી આભ ઊડ્યા,
ધીમે ખૂલ્યાં નયન, નીંદ તડાક તૂટી;
આ ખંડ, આ શયન, ભીંત લૂણો ખરેલી,
આ વસ્ત્ર. ચિત્ર. ખીંટી. દર્પણ. પુસ્તકો આ
સંદર્ભનાં સકળ બિન્દુ વિલુપ્ત... સ્નાન...
કિન્તુ સકંપ કરનાં મૃદુ ટેરવાં આ
સ્વપ્નાનું ઘેન અવ જાગૃતિ બીચ સેતુ!

સ્પર્શનાં ફૂલો / કરસનદાસ લુહાર

· ગઝલ ·

વીતી ગઈ વસંત ને વૈભવ રહી ગયો,
ઊડી ગયાં વિહંગ ને કલરવ રહી ગયો.

એ સ્પર્શનાં ફૂલો તો ખીલીને ખરી ગયાં,
પણ ટેરવે સુગંધનો આસવ રહી ગયો!

ઊગી ગયા'તા થોર અજંપાના આંખમાં,
પાંપણ બહાર સ્વપ્નનો પગરવ રહી ગયો.

એના જ કેફમાં હવે ખૂંખાર આયખું,
પાછો વળી જે હોઠથી આસવ રહી ગયો.

તુજ દર્શનાં કમળ કદી યે ના ઊગ્યાં અને—
ઉદાસીઓનો આંખમાં કાદવ રહી ગયો.

નવા નવા / અશરફ ડબાવાલા

· ગઝલ ·

ફૂટે છે રોજ શબ્દને અંગો નવાં નવાં
દર્પણ જુએ છે રોજ પ્રસંગો નવા નવા

ખોબાની તિરાડોથી જો પાણી સરી ગયું,
ભીની આ આંગળીમાં તરંગો નવા નવા.

આકાશ કેટકેટલું થાકી ગયું હશે!
ઊડવાની વચના થાય વિહંગો નવા નવા.

સંદર્ભ-શૂન્યતાથી થયું જર્જરિત ઘર,
શેરીમાં વહેંચતો રહું રંગો નવા નવા.

(રોડ બનનાર ખેતરનું) અંતિમ દર્શન

હસમુખ કે. રાવલ

· ખંડ હરિગીત ·

આવ, ચૂમી લઉં તને
છેલ્લી વખત
ઓ શ્વાસ મારા.

શ્વાસ, હું પ્હેરી તને
ઝૂલ્યો હતો
આ ખીજડાના પાશ્વે,
ને મોરલાનો કંઠ હું
બચબચ કરી ધાવ્યો હતો.
કૂંળા પગોની છાપ કેરાં
ફૂલ જો
આજે ય આ મ્હેકી રહ્યાં
કણ કણ મહીં:
તવ બોરડીની ડાળમાં
ઝૂલી રહ્યું શૈશવ હજુ.

આંખ ચોળી ઊઠતું યૌવન
બનીને બેલ જો ઘૂમી રહ્યું
સૌ ચાસમાં.
આંબા તળે
મીઠી હવાની લ્હેરમાં
ખૂલ્યા હજુ જ્યાં
પ્રીત કેરા ઘૂમટા...

ધબકાર મારા!
મૂલ્ય શેં મૂલવાય તારું?
તો ય તું મૂલવાઈ ગ્યો
અંકે રૂપિયા રોકડા એ
ચારસો ને સાઠમાં.
કાલે હવે
છાતી ઉપર કપચી જડાશે
ને ઉપર કાળું કફન.

આવ મારા પ્રાણ!
હળવે આવ હે!
આવ, ચૂમી લઉં તને
છેલ્લી વખત.

જવાબમાં / 'રાઝ' નવસારવી

· ગઝલ ·

થઈ છે ચમનની એવી દશા ઇન્કિલાબમાં
ખુશ્બૂ રહી નથી હવે કોઇ ગુલાબમાં.

શીખે કોઇ તમારા થકી વાતની કલા!
મારો જ પ્રશ્ન પૂછી રહ્યાં છો જવાબમાં!

આભાસ થાય છે ને અનુભવ થતો નથી,
જીવું છું એવી રીતે કે જાણે છું ખ્વાબમાં,

મારી ખુશીનું દશ્ય હકીકતમાં એ જ છે
બાળક હસી ઊઠે છે કદી જેમ ખ્વાબમાં.

જેથી બીજાને ફૂલ સરળતાથી સાંપડે
ચૂંટીને કાંટા જાઉં છું હું ફૂલછાબમાં

એવા જગતમાં નિંદાથી હું શી રીતે બચું?
લોકો જુએ છે દાગ જ્યાં ખુદ આફતાબમાં!

દીવાનગીનો 'રાઝ' હશે એ કયો પ્રકાર?
શોધું છું મારું નામ હું કોરી કિતાબમાં.

ઘ. 'સેતુ': સ્વપ્નમાં પ્રિયના સ્પર્શથી સ્પંદિત થએલાં આંગળીનાં ટેરવાં જાગૃત થયા પછી પણ એ સ્વપ્નમિલનની માધુરી ઘૂંટે છે. (ભળભાંખળાના અંધારથી શરૂ થતી એ જાગૃતિની ધીમી ક્રિયા માણો.) આમ એ ઘેનલ સ્મૃતિ જ જાણે ઊંઘ અને જાગૃતિ વચ્ચે સેતુ રચી રહે છે. (પંખીના કૂજનનું કાનમાં અડપલું એ કલ્પના આહ્‌લાદક તેટલી જ ભાવપોષક છે.) પ્રણય-સંવેદનાની તીવ્રતા સૂક્ષ્મ રીતે રજૂ કરતું સૉનેટ; ઘ. '(રોડ બનનાર ખેતરનું) અંતિમ દર્શન': શહેરી સંસ્કૃતિના ગ્રામ સંસ્કૃતિ પરના આક્રમણનું વેદના ઝરતું કાવ્ય—જેમાં ગ્રામસંસ્કૃતિના પ્રાણસમા ખેતરની આહુતિનો અસહાય સાક્ષીભાવ વેદના સ્વરૂપ પામ્યો છે. પરિણામે, ખેતરનાં સ્મૃતિ-ચિત્રો—શ્વાસ પહેરી ઝૂલવું, મોરલાનો કંઠ ધાવવો, બોરડી પર ઝૂલનું શૈશવ, ચાસમાં ઘૂમતું યૌવન—નવાભિવ્યક્તિ સાથે ત્યાંનું વાતાવરણ સર્જી જાય છે; ને અંતે ટાર-રોડને એ ખેતરનું કફન કહેવામાં એ વેદના ઘેરી બને છે, તો એને છેલ્લી વખત ચૂમી લેવામાં ખેતર સાથેની આત્મીયતા પ્રકટ થાય છે. ઘ. 'સ્પર્શનાં ફૂલ': ગત સ્પર્શનાં સ્મરણો જ હવે જેમાં માણવાનાં રહ્યાં છે એ વિષાદનો પણ આનંદ વ્યક્ત કરતી ગઝલ: મિલન-ઝંખનાની નિષ્ફળતામાં રસળતી કૃતિ: ઘ. 'નવાનવા': ભગ્નતામાં, નિરાશામાં પણ નવું-નવું દર્શન કરી સંતોષ પામવાની વિષાદમય સ્થિતિની ગઝલ; ઘ. 'જવાબમાં': શે'રે શે'રે નિરનિરાળી ભાવાભિવ્યક્તિવાળી ગઝલ—જેમાં છેલ્લે, કંઈ જ ન હોય ત્યાં કશુંક પામવાનો પ્રયાસ કેવો દીવાનો છે તે ચોટદાર રીતે રજૂ થઈ ભાવ અચ્છી રીતે ઘૂંટાયો છે.

નિષ્કામ કર્મવીર, વિનમ્ર જનહિતચિંતક અને 'ભારત સેવક સમાજ'ના સ્થાપક


ગોખલે મૅટ્રિક થયા એ જમાનો એટલે અર્વાચીન મહારાષ્ટ્રના ઇતિહાસનું એક અદ્ભુત પર્વ. વિષ્ણુશાસ્ત્રી ચિપળુણકરના નામની ત્યારે બોલબાલા હતી. એમણે ટિળક ને આગરકરના સહકારથી 'કેસરી' ને 'મરાઠા' પત્રો શરૂ કર્યાં હતાં. પૂનામાં એમના જ નેતૃત્વ હેઠળ 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ'ની સ્થાપના થઈ હતી. ભાષાભિમાન ને દેશાભિમાનનો પવન ફૂંકાતો હતો. સાધ્ય ભારતનું સ્વાતંત્ર્ય અને સાધન આધુનિક–એટલે અંગ્રેજી–કેળવણી. લોકો નિદ્રામાંથી જાગતા હતા. આવી પરિસ્થિતિમાં ગોખલે કોલ્હાપુરની રાજારામ કૉલેજમાં દાખલ થયા. અભ્યાસેતર કોઈ પણ બાબતમાં એમને રસ ન હતો; પણ દુનિયા તરફ એમનું ધ્યાન હતું.

કૉલેજમાં પણ ગોખલેની પેલી કંઠસ્થ કરવાની ખાસિયત જારી હતી. અંગ્રેજી સાહિત્યના ફકરાઓ ગોખવા તરફ એમનું વલણ રહેતું. સ્કૉટનું 'રૉકબી' કાવ્ય એમને મોઢે હતું. એ કાવ્યમાં કયો શબ્દ ક્યાં અથવા કેટલી વાર આવ્યો એ તેઓ ચોકસાઈથી કહી શકતા. સહાધ્યાયીઓ એમની પરીક્ષા લેતા ત્યારે ગોખલે એમને શરમાવતા. કેટલાક એમનાં વખાણ કરતા ત્યારે કેટલાક 'પાઠ્ય ગોપ્યા' (ગોખણિયો ગોપાળ) કહી એમની મશ્કરી ઉડાવતા. લાગણીપ્રધાન સ્વભાવના ગોખલેને આથી દુઃખ થતું, પણ ગોખવાની આદત તેઓ ભૂલ્યા નહિ. બર્કનાં પુસ્તકો એમને મુખોદ્ગત હતાં. મૅકૉલે, ગ્લૅડસ્ટન અને બર્કનાં ભાષણો પણ એમણે યાદ રાખ્યાં હતાં. અંગ્રેજી સાહિત્યના ઉત્કૃષ્ટ નમૂના જાણે એમની જીભ પર હમેશાં ખડા રહેતા! એમને વિષે કહેવાતું કે પ્રતિજ્ઞા લઈને તેઓ બેસતા કે કાલ સવાર સુધીમાં આટલાં પાનાં મોઢે કરવાં છે; ન થાય તો અમુક પ્રાયશ્ચિત્ત કરવાનું છે! પછી એક પછી એક પાનું ગોખતા જાય, એક તરફ દીવાનું તેલ ખૂટવા આવે, બીજી તરફ રાત પૂરી થાય અને પાનાં મોઢે થઈ ગયાં હોય;–પછી ભલે કોઈ વાર પુસ્તક પાંચસો પાનાનું હોય! મિત્રો આગળ એ પુસ્તક કડકડાટ બોલી જાય, અને ભૂલ થાય તો એક આનો દંડ આપીશ એવી હોડમાં ઊતરે!' આમ કરવાથી એમનો અંગ્રેજી ભાષાનો શૉખ વધ્યો, એમના ઉચ્ચાર સુધર્યા, એમની ભાષા સ્પષ્ટ થઈ, ભાષણ કરવાની સુંદર શૈલી આપોઆપ વિકસતી ગઈ. અને સૌથી મોટો લાભ એ થયો કે એમનું રાજકીય દૃષ્ટિબિંદુ ઘડાતું ગયું. આપણે કોઈથી હાર ન સ્વીકારવી જોઈએ, ફલાણાને અમુક વસ્તુ આવડે છે એ આપણને આવડતી નથી એવું મનમાં કદી ય ન લાગવું જોઇએ. આ સાથે અનુકંપાનો ગુણ પણ વિકસ્યો. જો કે દેશભક્તિ કે દેશાભિમાન હજી જાગ્યાં ન હતાં. અલબત્ત, દેશ ખાતર સ્વાર્થત્યાગ કરતી વ્યક્તિઓ પ્રતિ પૂજ્યભાવ જાગૃત થવા માંડયો હતો. લોકોએ આપણાં વખાણ કરવાં જોઇએ એ આકાંક્ષા પણ જાગી હતી. ક્રિકેટ, પાનાં, બ્રિજ શતરંજ, બિલિયર્ડ જેવી રમતો શીખવાની એમણે તૈયારી બતાવી હતી.

રાજારામ કૉલેજમાં એક વર્ષ અભ્યાસ કરી ગોખલે પૂનાની જાણીતી ડેક્કન કૉલેજમાં દાખલ થયા. ફરી કોલ્હાપુરમાં એક વર્ષ ભણી, છેલ્લા વર્ષ માટે તેઓ મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. ત્યાં પ્રોફેસર હૅથૉર્નોટ અંગ્રેજી સાહિત્ય શીખવતા. અંગ્રેજી સાહિત્યમાં આ પ્રાધ્યાપકની અસરથી તેઓ ઊંડા ઊતર્યા. હૅથૉર્નોટ એમનું પ્રેરણાસ્થાન બન્યા.

અઢાર વર્ષની ઉંમરે ગોખલે બી.એ. થયા. શરૂઆતમાં એમને આઈ. સી.એસ. થવા તરફ આકર્ષણ હતું. પણ લોકો પાસેથી પૈસા ઉછીના લઈ ભણવાનો વિચાર એમને ગમ્યો નહિ. કદાચ સરકારી નોકરીમાં જાતને બાંધી દેવાનો ખયાલ ગમ્યો નહિ હોય. એન્જિનીઅર થવાની મુરાદ હતી. કૉલેજમાં નામ દાખલ કરાવ્યું પણ ખરું! ફરી વિચાર બદલ્યા અને કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. પહેલી પરીક્ષામાં પાસ થયા, પણ પછી, કાયદાનું આકર્ષણ ઘટી ગયું. પબ્લિક સર્વિસનો વર્ગ શરૂ કર્યો. એમાં મહિને ચાળીસેક રૂપિયા મળતા. ટિળક-આગરકરે આ તેજસ્વી જુવાનને પોતાની ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં લઈ જવાનો પ્રયત્ન કર્યો, ને ઘણા વિચાર-મંથન પછી ગોખલે ત્યાં શિક્ષક તરીકે જોડાયા. ત્યારે એમનો માસિક પગાર હતો પાંત્રીસ રૂપિયા! આગળ જતાં ફર્ગ્યુસન કૉલેજની સ્થાપના પછી ગોખલેને કૉલેજમાં શીખવવાનું કામ પણ સોંપવામાં આવ્યું. સ્કૂલમાં તેઓ ગણિત શીખવાડતા. કૉલેજમાં એમનો વિષય અંગ્રેજી સાહિત્ય હતો. રાજકારણ અને અર્થશાસ્ત્રમાં એમને રસ હતો એવું એમનાં વ્યાખ્યાનોમાં સ્પષ્ટ થતું. પણ શિક્ષક તરીકે તેઓ બહુ પ્રતિભાશાળી કે અસરકારક નીવડયા નહિ. દરેક પરિચ્છેદ લઈ તેઓ એનું પૃથક્કરણ કરતા, સંદર્ભો સમજાવતા, સરસ અંગ્રેજી બોલતા ને પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને સારી તૈયારી કરાવવામાં મદદરૂપ થતા. પણ વિદ્યાર્થીઓને સાહિત્ય પ્રત્યે આકર્ષણ કે પ્રેમ જાગે એવું કંઈ પણ એમનાં વ્યાખ્યાનોમાં મળતું નહિ. ટિળકે ફર્ગ્યુસન કૉલેજમાંથી રાજીનામું આપ્યું ત્યાર પછી ગોખલે ગણિત શીખવાડતા થયા. પછી એ વિષય પ્રા. ધોંડો કેશવ કર્વેએ લીધો, એટલે ગોખલે ઇંગ્લૅંડનો ઇતિહાસ અને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક બન્યા! એ વિષયોનો એમણે વિશેષ અભ્યાસ કદાચ નહિ યે કર્યો હોય, પણ તેઓ ઘેર ખૂબ વાંચી તૈયાર થઈ જતા; અને—કોક વાર કોઈ વિદ્યાર્થી એમનો પ્રતિપક્ષ કરે તો ગુસ્સે પણ થતા!

આદર્શ શિક્ષક તરીકે ગોખલેને કીર્તિ મળી નથી. પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરતા શિક્ષકોની હરોળમાં જ એમને સ્થાન મળ્યું. પણ નસીબની વિચિત્રતાય કેવી અજબ હોય છે! વિદ્યાર્થીઓનાં માનસ ઉપર ગોખલે ઊંડી અસર કરી શકયા નહિ, છતાં એમના માથા પર એમણે મોટી



ગોખલેજીના મરાઠીમાં લખાએલા એક પત્રનો અંતિમ ભાગ, એમની સહી સાથે.

અસર કરી! માથા પર વાળ રાખવાની ફૅશન મહારાષ્ટ્રમાં ગોખલેએ શરૂ કરી. એમના સમયના લોકો માથું મૂંડાવતા, ચોટલી રાખતા. ગોખલેના વાળ જોઈ મહારાષ્ટ્રના યુવાનો એમનું અનુકરણ કરતાં શીખ્યા! ફેંટાનો ત્યાગ કરી, પહેલાં ચકરી પાઘડી અને પછી નાની પાઘડી રાજવાડેએ મહારાષ્ટ્રમાં દાખલ કરી; આગરકરે પુરુષોને ઊંચા બૂટ અને સ્ત્રીઓને જાકીટ પહેરતાં શીખવાડયું; જ્યારે શિવરામપંત પરાંજપે પાસેથી જુવાનો મૂછો મૂંડવાની કલા શીખ્યા! મોટા લોકોએ મહારાષ્ટ્રમાં શરૂ કરેલી ફૅશનોનો આ નાનોસરખો ઇતિહાસ છે!

કૉલેજ બહારની પ્રવૃત્તિઓમાં પણ રસ લેવાનું ગોખલેએ શરૂ કરેલું. ૧૮૮૬માં કોલ્હાપુરમાં એમનું જાહેર વ્યાખ્યાન થયું. વિષય હતો બ્રિટિશ અમલ નીચેનું ભારત, અને વ્યાખ્યાનની ભાષા હતી અંગ્રેજી! આશ્ચર્યની વાત છે કે ગોખલેએ કદી મરાઠીમાં ભાષણ કર્યું નહિ! તેઓ જાહેરમાં હમેશાં અંગ્રેજીમાં જ બોલતા અને મરાઠીમાં ભાષણ કરવા ઇચ્છતા વક્તાઓને પ્રોત્સાહન આપતા નહિ! ગણિત પર પુસ્તક લખવાની એમની મહેચ્છા હતી; ને ૧૮૮૭માં ગોખલેના જાણીતા 'અંકગણિત'ની પહેલી આવૃત્તિ શિહાળકર કંપનીએ બહાર પાડી. ઈ. ૧૮૯૬માં એ જાણીતા અંગ્રેજ પ્રકાશક મૅકમિલન પાસે ગયું. એ લખવામાં ગોખલેને એમની સ્કૂલના ગણિત વિષયના શિક્ષક નાગોપંત બાપટનો સહકાર સાંપડયો હતો. ગોખલેએ પુસ્તકના સિદ્ધાંતો વિદ્યાર્થીઓને સમજાવ્યા અને બાપટસાહેબે બધા દાખલા ગણાવ્યા. આ રીતે ગોખલેનું 'અંકગણિત' પ્રો. ગોખલે અને બાપટ માસ્તરના સંયુક્ત પરિશ્રમનું ફળ હતું.

ઈ. ૧૮૮૭ના મે મહિનામાં એક અગત્યની ઘટના બની. પિતાના મૃત્યુ પછી, વાલી અંતાજી પંતના આગ્રહને વશ થઈ ગોખલે પરણ્યા હતા. પત્ની કાયમ માંદી રહેતી. ગોખલેને વૈવાહિક સુખ જેવું કંઈ હતું નહિ. ભાઈ ગોવિંદરાવ અને ભાભી રમાબાઈએ એમને બીજી વારનાં લગ્ન કરવાનો આગ્રહ કર્યો. આ બન્નેની લાગણીઓ દૂભવવાની ગોખલેમાં તાકાત હતી નહિ. સાવિત્રીબાઈ માંદગીની પથારીમાંથી ઊઠે એવી કોઈ આશા ડૉક્ટરોએ આપી નહિ. અંતે ગોખલે બીજી વાર પરણ્યા. સામાજિક પરિબળો સામે એ ટકી શકયા નહિ, એ એમની નબળાઈ તો ખરી જ. ૧૮૯૧માં સાવિત્રીબાઈનું નિધન થયું.

૧૮૮૭નો બીજો એક પ્રસંગ. ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં કંઈ સમારંભ હતો. પ્રવેશદ્વાર આગળ ગોખલે સ્વયંસેવક તરીકે ઊભા હતા. એક ગૃહસ્થ અંદર દાખલ થવા માગતા હતા. ગોખલેએ એમને પૂછયું: 'આપની પાસે નિમંત્રણપત્રિકા છે?' 'ના, ભાઈ, ઘેર ભૂલી ગયો છું.' જવાબ મળ્યો.

'તો આપને અંદર પ્રવેશ નહિ મળે.' ગોખલે બોલ્યા.

પેલા ગૃહસ્થ જરા મૂંઝાયા–ઝંખવાયા. જરા ત્યાં ઊભા રહ્યા. એટલામાં આબાસાહેબ સાઠે નામના ગૃહસ્થ ત્યાં આવ્યા અને એમણે ગોખલેને કહ્યું: 'આ સાહેબને અંદર જવા દેવામાં વાંધો નથી. આ માધવરાવ ગોવિંદરાવ રાનડેસાહેબ છે.'

ઉત્સુકતાથી રાનડેએ સાઠેને પ્રશ્ન કર્યો: 'એ યુવાન કોણ?'

જવાબ મળ્યો: 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલના શિક્ષક ગોપાળ કૃષ્ણ ગોખલે.'

સર્વજ્ઞ: સ હિ માધવ: એવું જેમનું વર્ણન કરવામાં આવ્યું છે એ ન્યાયમૂર્તિ રાનડે મહારાષ્ટ્રના સાર્વજનિક જીવનના પ્રાણ સમા હતા. પોતે સરકારના નોકર હતા એટલે જાહેર જીવનમાં અને ખાસ કરીને સરકારવિરોધી કાર્યોમાં તેઓ ભાગ લઈ શકતા નહિ, પણ ખાનગી રીતે બધાને માર્ગદર્શન આપતા. મરાઠાઓના ઇતિહાસના પહેલા શાસ્ત્રીય ઇતિહાસકાર, ભારતીય અર્થશાસ્ત્રના જનક, સાહિત્ય પરિષદના મુખ્ય આવાહક અને સામાજિક પરિષદના અધ્વર્યુ—આમ ઘણી રીતે તેઓ લોકાગ્રણી હતા. રાનડેને યાદ આવ્યું: આ જ યુવાનનાં વખાણ આગરકરે એક વાર એમની પાસે કરેલાં! રાનડે લોકસંગ્રહમાં માનતા. એમણે સાઠેને, ગોખલેને મળી એમના વિચારો જાણી લેવાનું કામ સોંપ્યું. તપાસ કરતાં સાઠેને સંતોષ થયો, ને એમણે એક દિવસ ગોખલેને રાનડે સામે ઊભા કર્યા અને કહ્યું: 'આપને માટે આ કાચો મસાલો લાવ્યો છું!'




ગોપાલ કૃષ્ણ ગોખલે

લેખક
પ્રો. વસંત જોશી

તે ક્ષણથી ગોખલે રાનડેના પરમ શિષ્ય બન્યા. અને પછી તો દેશભરમાં તે જાણીતા થયા. જેમ જેમ તે મોટા થતા ગયા તેમ તેમ પોતાના ગુરુનો મહિમા એમને વધારે તીવ્રતાથી દેખાતો ગયો.

રાનડે માનતા કે અંગ્રેજોનું રાજ્ય અનેક અનિષ્ટોનું મૂળ છે, પણ તેની સાથે સીધી લડાઈ કરવાથી એનો નાશ થવાનો નથી. એના તંત્રની પૂરી માહિતી મેળવી એની સામે પ્રહાર કરતા રહીએ તો એને સુધારી શકાય. સાર્વજનિક મહત્ત્વના વિષયોમાં અભ્યાસ અને ચર્ચાની જરૂર હતી. આના અભ્યાસને ઉત્તેજન આપવા એમણે પૂનામાં 'સાર્વજનિક સભા' નામની સંસ્થા શરૂ કરી. એ સભા ગોખલે માટેની શાળા બની ગઈ. રાનડેએ જોયું હતું કે જુવાનોમાં જુસ્સો હોય છે, પણ પુરાવા સાથેની સમર્થ દલીલો એમની પાસે હોતી નથી. પોતાના મિત્ર ગણેશ વ્યંકટેશ જોશી પાસેથી તેઓ જરૂરી માહિતી વિષેના આંકડા મેળવતા. જોશીની સ્મરણશક્તિ એવી તીવ્ર હતી કે સરકારનાં અંદાજપત્રકોના આંકડા એમને મોઢે રહેતા! રાનડે કહેતા: આંકડાનો ઉપયોગ કરો અને તમારા વિચારોમાં જોશ આણો, ભાષણોમાં નહિ!'

સાર્વજનિક સભાનું એક ત્રૈમાસિક મુખપત્ર હતું. ગોખલેને રાનડેએ એના તંત્રીસ્થાને મૂકયા. હેતુ બે હતા: ગોખલેને સાર્વજનિક પ્રશ્નોનો અભ્યાસ કરવાની તક મળે ને ત્રૈમાસિકના તંત્રીને અપાતા માસિક રૂ. ૪૦ના


Fergusson College,
Poona.
12th April 1901

My dear Paranjpye,

Since I wrote to you

has passed away!

ગોખલેજીના અંગ્રેજી હસ્તાક્ષરો

વેતનથી એમની કમાણીમાં થોડા ઉમેરો થાય, ન્યૂ ઈંગ્લિશ સ્કૂલ ચલાવતી ડેક્કન એડ્યુકેશન સોસાએટીના ગોખલે આજીવન સભાસદ થયા ત્યારે એમને પાંત્રીસ રૂપિયાનું માસિક વેતન મળતું. અન્ય કમાણીનો એમણે ત્યાગ કર્યો હતો. રાનડેએ એમને આ નવું વેતન સ્વીકારવા સમજાવ્યા. ગોખલેએ ગુરુની ક્ષમા માગી અને પ્રેમનો ઉપયોગ સોસાયટીને આપેલાં વચનમાંથી પોતાને ચળાવવામાં નહિ કરવાની વિનંતી કરી. રાનડેનો એમના પ્રત્યેનો પ્રેમ આવા વર્તનને લીધે વધ્યો ન હોય તે જ નવાઈ.

૨૩ વર્ષની વયે ગોખલે 'સાર્વજનિક સભા'ના મંત્રીપદે નીમાયા, ત્યારપછી બીજે જ વર્ષે એમણે રાષ્ટ્રીય મહાસભા કૉંગ્રેસમાં હાજરી આપી. ત્યારથી તેઓ મહાસભામાં નિયમિત હાજરી આપતા અને અધિવેશનમાં ભાષણ કરતા. એમની જાહેર જીવનની જવાબદારીઓ વધતી ગઈ તેમ એમને ઘરમાં ધ્યાન આપવા જેટલો સમય પણ મળતો બંધ થઈ ગયો. ઘરની બાબતમાં તેઓ હમેશાં ઉદાસ રહેતા. ૧૮૯૩માં એમનાં માતાનું અવસાન થયું. મા પર એમને પરમ હેત હતું. માની આજ્ઞા તેઓ શિરસા વંદ્ય માનતા. એમની સાથે રહેવામાં એમને અસાધારણ આનંદ મળતો. માતા પણ એમણે બેહદ ચાહતાં. ઘરનું બધું એ જ સંભાળતાં. એ પતિનિષ્ઠ હતાં. પતિના નિધન બાદ એણે પતિનું એક ધોતિયું પતિના સ્મરણ તરીકે સાચવી રાખ્યું હતું. મા પ્રત્યેનો ગોખલેનો પ્રેમ પણ આવો જ અનન્ય હતો. માતાનું અવસાન જે ઓરડીમાં થયું એમાં ગોખલે પ્રવેશ કરતા ત્યારે સદા દંડવત્ પ્રણામ કરીને જ જતા.

૧૮૯૧માં એમની દ્વિતીય પત્નીએ પુત્રને જન્મ આપ્યો. પુત્ર અલ્પાયુષી નીવડયો. ૧૮૯૩માં પુત્રીનો જન્મ થયો. એનું નામ કાશી પાડયું. ૧૮૯૬માં બીજી પુત્રી જન્મી. એનું નામ ગોદાવરી (ગોદુતાઈ). ૧૮૯૯માં બીજી વારનાં પત્નીનું મરણ થયું. અને ગોખલેને જીવન જેવું કંઈ રહ્યું નહિ.

ગોખલે ખાનગી માણસ મટી એક અગત્યની જાહેર વ્યક્તિ બને છે ત્યારથી તેઓ એમનાં જાહેર કાર્યોના આવરણની અંદર ઢંકાઈ જાય છે. ભારતવર્ષના એક સંસ્કારી અને સુશિક્ષિત અવાજ તરીકે તે પોતાનું કાર્ય કર્યે જાય છે. વ્યક્તિ કરતાં કાર્ય અને સંસ્થાનું મહત્ત્વ હજાર દરજ્જે શ્રેષ્ઠ છે એવું અભ્યાસકને ડગલે ને પગલે એમના જીવનમાં દેખાય છે.

ઇ. ૧૮૫૭ના સંગ્રામ બાદના રાણીના ઢંઢેરા પછી ભારતમાં પાર્લમેંટની સત્તા હેઠળ રાજ્યકારભાર શરૂ થયો. એ કારભારનું મૂલ્યાંકન કરવા પાર્લમેંટ તરફથી અવારનવાર સમિતિઓ (કમિશનો) નીમાતી. પહેલી ૧૮૭૦માં, બીજી લૉર્ડ ડફરીન વાઈસરૉય હતા (૧૮૮૪-૧૮૮૮) એ સમયમાં, ને ત્રીજી કમિટી ૧૮૯૭માં જે નીમાઈ તે વેલ્બી કમિશન તરીકે જાણીતી છે. દાદાભાઈ નવરોજી આ સમયે ઈંગ્લૅંડમાં હતા. તેમને આ કમિશનમાં સભ્ય તરીકે લેવામાં આવ્યા. સર વિલિયમ વેડરબર્ન અને વિલિયમ કેન બીજા સભ્યો હતા. પ્રમુખ હતા લૉર્ડ વેલ્બી. કેટલાક હિંદી નેતાઓને આ કમિશન આગળ જુબાનીઓ આપવા બોલાવવામાં આવ્યા. સુરેંદ્રનાથ બૅનર્જી, દિનશા એદલજી વાચ્છા, જી. સુબ્રહ્મણ્યમ અયર અને ગોખલે, આ ચાર નેતાઓ ભારત તરફથી ત્યાં જુબાની આપવા ગયા. ગોખલેએ જુબાની માટે સજ્જડ તૈયારી કરી. રાનડે મુંબઈમાં હતા અને ગણેશ વ્યંકટેશ જોશી સોલાપૂર હતા. બંને પાસેથી પૂરતી માહિતી મેળવી ગોખલે જુબાની માટે તૈયાર થયા. ૧૮૯૭ના માર્ચ મહિનામાં તેમણે મુસાફરીની શરૂઆત કરી. કૅલે બંદરમાં બોટની કેબિનનો દરવાજો વાગવાથી એમને છાતીમાં દુખવા માંડયું. લંડન પહોંચ્યા ત્યારે ખાસ્સું દુખતું હતું. પણ સ્વભાવ રહ્યો શરમાળ, એટલે ગોખલેએ કોઇને કંઈ વાત કરી નહિ. બહારથી વાચ્છાને કાને વાત આવી. એમણે દાદાભાઈને ખબર આપી અને દાદાભાઈએ ડૉક્ટરને બોલાવ્યા. ડૉક્ટરે ગોખલેને પૂર્ણ આરામ લેવાની સલાહ આપી. જ્યાં ગોખલે ઊતર્યા હતા તે ઘરના લોકો એમને Brown babyના લાડીલા નામથી ઓળખતા. વાચ્છા લખે છે: 'અપરિચિત લોકોમાં રહેતા હતા ત્યારે ગોખલેએ પોતાનું બ્રાહ્મણ્ય છોડયું ન હતું. એ ઇંડું પણ ખાતા નહિ. માછલીની ગંધ તેમને અસહ્ય લાગતી. પાઉં, માખણ અને શાકભાજીનો રસો એ એમનો મુખ્ય આહાર હતો. ઈંડાની બીકથી તેઓ પુડિંગને પણ અડતા નહિ. છરી-કાંટા લઈ એ જમતા ત્યારે અકળામણ અનુભવતા અને એમના હાથમાંથી કાંટાચમચા પડી જાય ત્યારે અમે હસવું રોકી શકતા નહિ.'

જુબાનીનો મુસદ્દો ગોખલેએ સ્ટીમરમાં લખ્યો હતો. બે દિવસ જુબાની ચાલી. ઘણી જ લાંબી એટલે નાના બીબામાં છપાય તો યે ૧૮૬ પાનાંની થાય. દાદાભાઈ જેવા મહારથી પણ ગભરાયા. છતાં કોઈ પણ જાતના ક્ષોભ વગર પુછાએલા બધા કડક પ્રશ્નોના જવાબ ગોખલેએ નિર્ભયતાથી આપ્યા. ભારતમાં ને ઈંગ્લૅંડમાં એ જુબાનીનાં ખૂબ વખાણ થયાં.

એ જ વખતે પૂનામાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. એ મરકીને કાબૂમાં લેવા લશ્કરના અધિકારીઓએ આકરાં પગલાં લીધાં. લશ્કરી અધિકારીઓએ અત્યાચાર કર્યો છે એવા અર્થના ઘણા પત્રો ગોખલેને એમના મિત્રો તરફથી મળ્યા. બે અધિકારીઓનાં પૂનામાં ખૂન થયાં. 'મૅંચેસ્ટર ગાર્ડિયન' પત્રને ગોખલેએ મુલાકાત આપી તેમાં એમણે આ અત્યાચારો વિષે ઉલ્લેખ કર્યો. બ્રિટિશ સરકાર આ મુલાકાતથી ચોંકી ઊઠી. એણે મુંબાઈ સરકાર પાસે ખુલાસો માગ્યો. મુંબાઈ સરકારનાં ચક્રો ગતિમાન થયાં.

વાચ્છા જણાવે છે: 'અમે બે જણા વિક્ટોરિયા હૅાટેલમાં ઊતર્યા હતા ત્યાં, પ્લેગમાંથી ઉદ્ભવેલી પ્રક્ષોભક પરિસ્થિતિ અને તેમાંથી જાગેલાં કૃત્યોનો અહેવાલ એમને મિત્રોના પત્રોમાંથી મળતો. પત્રો ખાનગી હતા તેથી એમાંની માહિતી વિશ્વાસાર્હ ગણવામાં જરાય વાંધો હતો નહિ.' ગોખલેએ મિત્રો પાસે પુરાવો માગ્યો. દરેક મિત્રે આનાકાની કરી પુરાવા આપવા પોતાની અશક્તિ દર્શાવી. એક બહાદુર સ્ત્રી, પંડિતા રમાબાઈએ એમને મદદ કરવાની ઈચ્છા દર્શાવી. પણ બીજા બધા મિત્રોની ભીરુતા જોઈ ગોખલેએ પ્રામાણિક માણસ માટે હતો એ જ એક રસ્તો લીધો. સરકારની માફી માગવી એ જ એક માર્ગ હતો. આવો કડવો ઘૂંટડો ગળવાનો પ્રસંગ એમની જિંદગીમાં કદી આવ્યો ન હતો. ક્યારે ય નહિ એવી રીતે સ્વાભિમાન પર ઘા પડયો હતો. પણ સત્યના આજીવન ઉપાસક માટે એ એક જ માર્ગ હતો. એમણે સરકારની જાહેર માફી માગી. એ માફી માગતા કાગળના આ રહ્યા થોડા શબ્દો: 'પ્લેગ જેવા જોખમના કામમાં પડેલ વ્યક્તિઓ પ્રત્યે તો ટીકાકારોએ ન્યાયનું જ નહિ પણ ઉદારતાનું ધોરણ રાખવું ઘટે. તેને ઠેકાણે મેં તેમના પર આધાર વિનાના ગંભીર આક્ષેપો કર્યા. એ સર્વેની, નામદાર ગવર્નરની, પ્લેગ કમિટીના સભ્યોની તેમજ પ્લેગ-કાર્ય કરનાર સૈનિકોની હું ફરીથી મનમાં કોઈ પણ પ્રકારની ચોરી રાખ્યા વગર માફી માગું છું.'

આ રીતે ગોખલેએ માફી માગી પોતાની સચ્ચાઈ પુરવાર કરી ખરી, પણ આ પ્રકરણમાં એમનું હૈયું ભાંગી ગયું. એમની આકરી ટીકા થઈ. ભારતના ભલભલા નેતાઓએ પોતાની પ્રતિષ્ઠા ઘડીભર બાજુ પર મૂકી ગોખલેને યથેચ્છ ગાલિપ્રદાન કર્યું. ભારતમાં બે જ મહાપુરુષો આ માફીનો અર્થ સમજ્યા: એક હતા એમના ગુરુ મહર્ષિ રાનડે અને બીજા હતા એમના શિષ્યવર મહાત્મા ગાંધી. ગાંધીજીએ ગોખલેના મૃત્યુ બાદ એમને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું: 'તે માફીથી હિંદુસ્તાનનો કેટલોક પ્રજાવર્ગ નારાજ પણ થયો. મહાત્માને કેટલાકોએ સલાહ આપી કે તેમણે જાહેર કામ છોડી દેવું જોઈએ. ભીરુતાનો આરોપ મૂકતાં પણ કોઈક અજ્ઞાન હિંદી અચકાયા નહિ. આ બધાનો તેમણે એક જ જવાબ બહુ ગંભીર ને મીઠી ભાષામાં આપ્યો: જે (દેશસેવાનું) કાર્ય મેં કોઈના હુકમથી માથે લીધું નથી તે હું કોઈના હુકમથી છોડી પણ શકતો નથી. મારી ફરજ બજાવતાં હું પ્રજામત મારી તરફ રાખી શકું તો સારું ગણું, પણ જો હું તેટલો ભાગ્યશાળી ન થાઉં તો પણ સારું જ હશે'.

તો યે ગોખલેનું કોમળ હૃદય ચિમળાયું હતું. જાહેરમાં આવવાનું તેમણે લાંબો વખત સુધી છોડી દીધું, ને સત્ય પર આધારિત કાર્ય શી રીતે થઈ શકે એ વિષેની મનોવ્યથામાં એ પડ્યા. ૧૮૯૬માં એમને ગાંધીજી પહેલી વાર મળવા આવ્યા હતા. ઈ. ૧૯૦૧માં મહર્ષિ રાનડેનું અવસાન થયું. જેમને એ પરમ પૂજનીય ગણતા. એ ગુરુના મૃત્યુની ઘેરી અસર ગોખલેના જીવન પર થોડો સમય છાઈ રહી. એમણે ડૉ. પરાંજપેને લખ્યું: 'એમના મૃત્યુથી મેં કેટલું ગુમાવ્યું છે એ તમને લખી શકતો નથી. મારા જીવન પર એકાએક ઘેરું અંધારું ફરી વળ્યું હોય એમ લાગે છે. જાહેર કામ કરવામાં સંતોષ મળતો તે આજે ઊડી ગયો છે. અલબત્ત, હું કબૂલ કરું છું કે મારો ને મારા જેવા બીજા ઘણાનો ધર્મ છે કે લડત ધપાવ્યે રાખવી, ભલે ઓછી શક્તિ હોય તો ઓછીથી આશા અને શ્રદ્ધા કાયમ રાખીને. એમણે ફરકાવેલો વાવટો આપણી અલ્પ શક્તિ અનુસાર ઊડતો રાખવો. જે આદર્શો ખાતર એમણે પોતાનું જીવન અર્પ્યું હતું તે જ આદર્શોને પ્રેમ અને પૂજબુદ્ધિથી અનુસરવું. પરંતુ કામ અત્યંત કષ્ટમય છે. તેનો અલ્પ અંશ પણ મારા જેવો ક્ષુદ્ર પ્રાણી સાધી શકશે કે કેમ એની મને શંકા છે. છતાં કર્મ કરી છૂટવું એ ધર્મ છે. કર્મ કરી છૂટ્યા એટલે મનુષ્ય પ્રાણીનું કર્તવ્ય સમાપ્ત થાય છે, એ આપણું મોટું ભાગ્ય છે.'

ગોખલેએ ધારાસભાઓમાં જે કાર્ય કર્યું એ કાર્યની સમાલોચના અહીં વિસ્તારથી કરવાની જરૂર જણાતી નથી. કોઈ પણ દેશના જીવનમાં રાજકારણ અગત્યનો ભાગ ભજવે છે. રાજકારણ ઇતિહાસને ઘડે છે. એ બધું સ્વીકારતાં એટલું તો કબૂલ કરવું જ પડશે કે રાજકારણ ક્ષણજીવી મહત્ત્વનું હોય છે; લાંબો ગાળો ટકે એવી મહત્તા એમાં દેખાતી નથી. સમકાલીન રાજકારણમાં ખ્યાતિ મેળવતો નેતા દીર્ઘકાલીન પ્રતિષ્ઠાને હમેશાં પામતો નથી. પ્રેમાનંદ, નરસિંહ મહેતાએ પોતાની કૃતિઓ રચી ત્યારે દેશના રાજકારણમાં કોણકોણ નેતા ભાગ ભજવી રહ્યા હતા? ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'ની રચના કરી ત્યારે નડિયાદના રાજકારણમાં કયા નેતાઓ રાજકારણની કેવી રમત રમતા હતા? હકીકત તરીકે એટલું જ રજૂ કરીએ કે સૌપ્રથમ ૧૮૯૯માં ગોખલે મુંબાઈ ઈલાકાની ધારાસભાના સભ્ય તરીકે ચૂંટાયા. ત્યાં એમણે સરકારની દુષ્કાળ રાહતની નીતિની સખત ઝાટકણી કાઢી. ઈ. ૧૯૦૧માં એમણે મદ્યનિયમનની હિલચાલને ટેકો આપ્યો તેમજ જિલ્લા મ્યુનિસિપાલિટીમાં કોમી મતદારીનું તત્ત્વ ઘુસાડવામાં આવતું હતું તેનો વિરોધ કર્યો. ઈ. ૧૯૦૨માં તેઓ વડી ધારાસભામાં ચૂંટાયા. ત્યાં ૧૯૦૨ થી ૧૯૦૭ સુધીમાં એમણે સરકારની નાણાંકીય નીતિ ઉપર ઘણા પ્રહાર કર્યા. ઈ. ૧૯૦૫, ૧૯૦૬ ને ૧૯૦૮માં તેઓએ ઈંગ્લૅંડની મુલાકાત લીધી. ૧૯૦૫માં ચાલીસ વર્ષની નાની ઉંમરે તેમને બનારસ કૉંગ્રેસનું પ્રમુખપદ આપવામાં આવ્યું. અને

લઘુકથા

અભિનંદન

નરેન્દ્ર વછરાજાની

ઉત્તેજિત હૃદયે દેવદત્ત લૉબીમાં ઊભો હતો. તેને માટે આજે પરિણામનો દિવસ હતો: બે રીતે. આમ તો તેણે અચલાને જોઈ ત્યારથી તે ગમી ગએલી. ચાર વર્ષના સહવાસે તેના આંતરિક વૈભવથી પણ એ પરિચિત થએલો. એફ. વાઈ. બી. એસસી.માં જ્યારે અચલા ટેબલ-પાર્ટનર બનીને આવી ત્યારે દેવદત્તની ખુશીનો પાર ન હતો. મનોમન તેણે પ્રેમ-ગોષ્ઠીઓનો આરંભ કરી દીધેલો, પરંતુ એ પ્રેમગોષ્ઠીઓ અચલાની લજ્જાશીલતા અને દેવદત્તની ગડમથલો વીંધીને કદી યે અચલા સુધી ન પહોંચી. દેવદત્તનો પ્યાર મનમાં ઊઠતો ને ત્યાં જ અસ્ત પામતો.

આજે રિઝલ્ટનો દિવસ હતો. 'આજે જો અચલાને ન કહેવાયું તો કદી નહિ કહેવાય.' એટલે બધી હિંમત ભેગી કરી દેવદત્ત લૉબીમાં ઊભો.

અચલા દેખાઈ. એનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. અચલા તેની પાસે આવી: 'કૉન્ગ્રૅચ્યુલેશન્સ દેવદત્તભાઈ, સિત્તેર ટકા માર્ક્સ માટે. અને હા! સાંજે મારે ઘેર આવવાનું છે.' દેવદત્ત પ્રશ્નભરી આંખ ઊંચી કરે ન કરે ત્યાં શરમના શેરડાઓ વચ્ચે કહેતી ગઈ: 'આજે મારું ઍંગેજમેન્ટ છે.'

દેવદત્તના હોઠ ફફડ્યા: 'અભિનંદન.'

એ જ વર્ષમાં એમના જીવનના એક મહાન કાર્યના શ્રીગણેશ મંડાયા.

મહારાષ્ટ્રના શ્રેષ્ઠ નવલકથાકાર હરિનારાયણ આપટેની જાણીતી નવલકથા 'હું' (મી) ઈ. ૧૮૯૩માં બહાર પડી હતી. નવલકથાનો નાયક 'ભાવડયા' બાળપણમાં તોફાની હોય છે. એક સારા માણસની અસર નીચે આવતાં એનું હૃદયપરિવર્તન થાય છે. સર્વસ્વનો ત્યાગ કરવાનો નિશ્ચય કરી એ સંન્યાસીનું જીવન જીવવાનો નિશ્ચય કરે છે અને એક મઠની સ્થાપના કરે છે. એના જેવા ઘણા યુવાનો એના મઠમાં જોડાય છે. આદર્શવાદી ભાવાનંદ મૃત્યુ પામે છે ત્યારે એના અનુચરોને એના જીવનમાંથી આટલો સંદેશો મળે છે: 'લડાઈ ચાલુ છે. એક સૈનિક પડયો તેમાં શું થયું? બીજા કોઈ સૈનિકે એની ખાલી પડેલી જગ્યા લેવી જોઈએ.' ગોખલેના મનમાં આ કલ્પના વર્ષો સુધી રમ્યા કરતી હતી. જેસ્યુઇટ પંથીઓ પરદેશમાંથી આવે, સ્વાર્થનિરપેક્ષ લોકસેવા કરે, તો આપણામાં શી એવી ઊણપ છે કે આપણે તેમ કરી શકતા નથી? આગરકર, ટિળક, ચિપળૂણકર બધાની દૃષ્ટિ આગળ જેસ્યુઇટોનો આદર્શ હતો. પણ આ બધાનું કાર્ય બીજી જ દિશાઓમાં ફેરવાઈ ગયું હતું. ઈ. ૧૮૯૭થી ગોખલે એવી એક સંસ્થા રચવાનો વિચાર કરતા હતા. ઈંગ્લૅંડમાં પરાંજપે સાથે એમણે આ વિષે ચર્ચા પણ કરેલી. અંતે, કહેવાય છે કે, એક સંધ્યાટાણે ફર્ગ્યુસન ટેકરી પર ગોખલેના મનમાં આ વિચાર દૃઢ થયો અને ૧૨મી જૂન ૧૯૦૫ની સવારે સૂર્યોદય થતો હતો ત્યારે 'ભારતસેવક સમાજ'ની કોનશિલા ગોખલેના મિત્ર શિવરામ (આબાસાહેબ) હરિ સાઠેએ બેસાડી. ગોપાળ કૃષ્ણ ગોખલે, નરેશ આબાજી દ્રવિડ, અનંત વિનાયક પટવર્ધન અને ગોપાળ કૃષ્ણ દેવધર, આ ચાર મિત્રોએ, સમાજના સભ્યપદની પ્રતિજ્ઞાઓ લીધી. સમાજના પહેલા પ્રમુખ હતા ગોખલે. ભારતસેવક સમાજના સભ્યોએ પ્રતિજ્ઞાઓ લેવાની હતી તે આ રહી:

૧) હું હમેશાં દેશની ચિંતા કરીશ અને મારામાં જે ઉત્કૃષ્ટ હશે તે દેશને અર્પણ કરીશ. ૨) દેશસેવક તરીકે હું મનમાં સ્વાર્થી વિચારોને સ્થાન આપીશ નહિ. ૩) બધા ભારતવાસીઓને હું ભાઈ જેવા ગણીશ. જ્ઞાતિ કે પંથનો વિચાર કર્યા વગર બધાનો ઉત્કર્ષ સાધવા પ્રયત્ન કરીશ. ૪) સમાજ તરફથી જે કામ મળશે એમાં સંતોષ માનીશ. પૈસાની પાછળ

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨૮

લોહીવા

આયુર્વેદમાં જેને 'રક્તપ્રદર' ને સાંપ્રત વિજ્ઞાનમાં જેને 'મેનોરેજિયા' કહે છે તે સ્ત્રીરોગનું સામાન્ય નામ 'લોહીવા' સૂચક છે. બગડેલું લોહી વાયુને કારણે યોનિમાર્ગે ઘણું વહી જાય તે લોહીવા. એમાં આર્તવની અતિ પ્રવૃત્તિ થતી હોઈ એને 'અત્યાર્તવ' પણ કહે છે. બે માસિક વચ્ચેનો ગાળો ઘટી જવો, અને દિવસો સુધી કે સતત આર્તવ ચાલુ જ રહેવા જેવી સ્થિતિને 'લોહીવા'માં ગણાવી શકાય. આ રોગને કારણે સ્ત્રી અશક્તિ, થાક ને ચક્કર આવવા જેવી સ્થિતિ અનુભવે છે, લોહીની ઓછપ જણાઈ શરીર ફિક્કું અને નિસ્તેજ થઈ નંખાઈ જાય છે અને કેટલીક વાર તીવ્ર પાંડુની અસર પણ જણાય છે.

બહુ તીખા, ખાટા અને ગરમાગરમ આહારનું નિરંતર સેવન કરવાથી, ઉનાળામાં ઉઘાડે પગે ને ઉઘાડે માથે ફરવાથી, અગ્નિના સંપર્કમાં વધુ રહેવાથી, વધુ કસુવાવડોનો ભોગ બનવાથી, 'આંકડી' અનુકૂળ ન આવવાથી ને માનસિક અશાંતિથી એ થાય છે.

ચિકિત્સા : ૧) નદીના તટમાં ધા-બાજરિયું નામની વનસ્પતિ થાય છે. તેને બાજરીનાં જેવાં ડૂંડાં અને તેમાં રૂ જેવું સુંવાળું, ઝીણું અને સફેદ બૂસું હોય છે. તેને ગોળ સાથે ઘૂંટી તેની ગોળી ત્રણ-ચાર દિવસ રોજ ત્રણ વાર લેવી.

૨) ફૂલાવેલી ફટકડી, કાંટાળા માયાનું ચૂર્ણ અને દાડમના ફૂલને ઘૂંટીને બનાવેલી ગોળી યોનિમાં મૂકવી. બેત્રણ દિવસમાં જ લોહીવા મટી જશે.

૩) પાણી સાથે દિવસમાં ત્રણ વાર પાવલીભાર સોનાગેરુ લેવાથી પણ રોગમાં રાહત મળશે.

૪) અશોકારિષ્ઠ, ચંદનાસવ, ઉશિરાસવ, સારીવાદ્યાસવ વગેરે પણ આ રોગમાં નિયમિત લેવાથી લાભ થાય છે.

૫) નાગકેસર ચૂર્ણ, પુષ્યાનુગ ચૂર્ણ, ગોદંતી ભસ્મ, શતાવરી ચૂર્ણ, અશોક ચૂર્ણ, લોધ્ર ચૂર્ણ, ચંદ્રકલા રસ, પ્રદરાંતક રસ, શોણિતાર્ગલ રસ, રક્તસ્તંભક ચૂર્ણ, ચંદ્રપ્રભા ગુટિકા, ચંદનાદિવટી, યોગરાજ ગૂગળ વગેરે ઔષધો પણ લોહીવામાં આપી શકાય.

૬) શરીરની ગરમી ઓછી કરવા ઈસબગુલ લેવું. પાણીમાં તકમરિયાં પલાળી સાકર સાથે લેવાં અને ગરમ તથા તીખો ખોરાક બંધ કરવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

પડીશ નહિ. ૫) મારું ખાનગી ચારિત્ર્ય નિષ્કલંક રાખીશ. ૬) ખાનગી કે વ્યક્તિગત ઝઘડા કરીશ નહિ. ૭) સમાજનું ધ્યેય હમેશાં નજર સામે રાખી, મારાથી બનતી ઉત્કટતાથી સમાજની અભિવૃદ્ધિ ખાતર મથતો રહીશ. સમાજના ધ્યેયથી વિરુદ્ધ એવું કંઈ પણ કરીશ નહિ.

ભારતસેવક સમાજના કાર્યનું સ્વરૂપ ગોખલેએ આમ નક્કી કર્યું : ૧) દુ:ખનિવારણ ૨) સમાજસેવા ૩) સહકારનો પ્રચાર ૪) સમાજશિક્ષણ અને ૫) રાજકીય ચળવળો. સમાજમાં દાખલ થવા ઇચ્છતા ઉમેદવારે એક શરતનું પાલન કરવાનું હતું. ઓછામાં ઓછો પાંચ વર્ષ અભ્યાસ કરવો જોઈએ એ નિયમ હતો. અભ્યાસ વિષેનો નિર્બંધ આવકારપાત્ર એટલા માટે છે કે એ રીતે 'સેવક' અભ્યાસપ્રવણ હોવાથી એના અભિપ્રાય, પછી ભલે એના કોઈ અનુયાયી ન હોય તો પણ સ્વીકાર્ય બને છે. નિ:સ્વાર્થી, મહેનતુ અને સંઘશક્તિથી દેશકાર્યને જાત સમર્પવા તૈયાર એવા યુવાનો દેશમાંથી ભેગા કરી એમને અભ્યાસ કરવાની સગવડ આપવી, એમના યોગક્ષેત્રની વ્યવસ્થા કરવી, એમને પોતાના દાખલાનો આદર્શ આપી એમને શિસ્તબદ્ધ કરવા, એ કાર્ય કંઈ જેવુંતેવું ન ગણાય. આજે ય ભારતસેવક સમાજ દેશની આદર્શ સંસ્થાઓમાં ગણાય છે. એની પાસે એક લાખ કરતાં વધારે ગ્રંથસંપદા છે. મુંબાઈ, નાગપુર અને મદ્રાસમાં એની શાખાઓ છે. સંસ્થાનું મુખ્ય કાર્યાલય પૂનામાં છે. શ્રીનિવાસ શાસ્ત્રી, ગોપાળરાવ દેવધર, પંડિત હૃદયનાથ કુંઝરુ, ઠક્કરબાપા, નારાયણ મહાદેવ જોશી, કોદંડરાવ, એ. ડી. માણિ, કાકાસાહેબ લિમયે, શ્રી. મ. વઝે જેવા તેના ઘણા સેવકોએ સમાજને અસામાન્ય પ્રતિષ્ઠા અપાવી છે. આ જ રીતે ગોખલેએ પૂનામાં ઈ. ૧૯૧૦માં રાનડે 'ઇંડસ્ટ્રિયલ ઍન્ડ ઇકનૉમિક ઇન્સ્ટિટયૂટ' શરૂ કરેલું. આજકાલ એ સંસ્થાનો વહીવટ પૂના યુનિવર્સિટી ચલાવે છે.

ગોખલે પ્રત્યક્ષ રાજકારણમાંથી હવે નિવૃત્ત થયા હતા. કૉંગ્રેસમાં સત્તા માટે સાઠમારી ચાલતી હતી. મવાળો અને જહાલો વચ્ચે યુદ્ધો જામ્યાં હતાં, એ જોઈ ગોખલે વ્યથિત થતા. ઈ. ૧૯૧૨માં તેઓ આફ્રિકા ગયા. ત્યાં ગાંધીજીના નિકટ સહવાસમાં રહ્યા. ત્યાંના ભારતીયોની સમસ્યાઓ સમજવાનો એમણે પ્રયત્ન કર્યો. ઈ. ૧૯૧૫ના ફેબ્રુઆરીની ૧૩મી તારીખે ગાંધીજી પૂના આવ્યા. એમણે જોયું કે ગોખલેનું શરીર વ્યાધિઓથી જર્જર થયું હતું. સ્ટીમરમાં કેબિનનો દરવાજો વાગેલો ત્યારથી હજી છાતીમાં દુખ્યા કરતું હતું. મધુપ્રમેહ શરીરને ખાઈ જતો હતો. છતાં આરામ એમને મન હરામ હતો. હવે તો શરીર સાથે મન પણ નિર્બળ થવા માંડયું હતું. લોહીનું પ્રમાણ ઘટયું હતું અને એમની પ્રફુલ્લ ને સતેજ મુખમુદ્રા હવે શ્યામ દેખાતી હતી. ગાંધીજી 'ભારત સેવક સમાજ'માં દાખલ થાય એવી ગોખલેની ઇચ્છા હતી. ગાંધીજી ગુજરાતમાં આશ્રમ કાઢવા ઇચ્છતા હતા અંતે 'તમે અમારામાં ભલે ન આવો, પણ આશ્રમ માટે જે ખર્ચ આવશે તે હું ભોગવીશ.' એવું આશ્વાસન ગોખલેએ ગાંધીજીને આપ્યું. પોતાના સેક્રેટરી ડૉ. દેવને તરત જ બોલાવ્યા ને ગાંધીજીના નામનું 'સમાજ'માં ખાતું કાઢવાનું કહ્યું અને સાર્વજનિક કાર્ય કે આશ્રમ માટે ગાંધીજીને જોઈતું બધું દ્રવ્ય આપવાનો ડૉ. દેવને એમણે આદેશ આપ્યો. પોતાની ઇચ્છાનો અનાદર કરી ગાંધીજી જતા રહેવાના હતા, છતાં ગુરુ શિષ્યની લાયકાત ઓળખી ગયા હતા અને એને જોઈતી મદદ કરવા તત્પર હતા.

ગાંધીજીને ઠાઠમાઠથી મિજબાની આપવામાં આવી. ખાસ મિત્રોને નિમંત્રણ મોકલ્યાં હતાં. મિજબાનીમાં ગાંધીજીને અનુકૂળ એવો આહાર પીરસાય એ વિષે ખાસ કાળજી રાખી હતી. ફલાહાર જ મુખ્યત્વે પીરસવામાં આવ્યો. ગોખલેની ઓરડી પાસે પંગત બેઠી હતી. ગોખલે એટલા ક્ષીણ થયા હતા કે એમનાથી ઉઠાતું ન હતું. પણ વહાલો શિષ્ય આવ્યો હોય ત્યારે જાતે બહાર જઈ બધાનો પરામર્શ કરવો જોઈએ એના ખયાલથી ગોખલે બહાર આવ્યા. ઇચ્છાશક્તિનું બળ કેટલો સમય ટકવાનું હતું? એમને મૂર્છા આવી. એમને ફરી એમની શય્યા પર લઈ જવામાં આવ્યા. તબિયત ક્ષણે ક્ષણે લથડતી જતી હતી. ડૉકટરને આશા હતી કે મૃત્યુને દૂર રાખી શકાશે. ૧૭મીએ રાતના તબિયત એકદમ બગડી. ડૉકટરોને બોલાવવામાં આવ્યા. પણ મરણ નજીક આવ્યું હતું.

૧૯મી ફેબ્રુઆરી, શુક્રવાર. ગોખલેની જીવનજ્યોત મંદ પડતી જતી હતી. પણ તેઓ ભાનમાં હતા. એમની ઈચ્છા મુજબ એમને એમની ખુરશીમાં બેસાડવામાં આવ્યા. હરિનારાયણ આપ્ટે, વામનરાવ પટવર્ધન વગેરે આવ્યા હતા. પાસે જ દૂરની એક બહેન અને કન્યાઓ બેઠાં હતાં. ગોખલે આનંદી દેખાતા હતા. વામનરાવ પટવર્ધનને એમણે પોતાની પાસે બોલાવ્યા અને બોલ્યા : 'વામનરાવ મેં તમને ઘણી વાર કડવાં વેણ કહ્યાં, નહિ? હવે મને માફ કરજો.' (અનુ. પૃષ્ઠ ૧૮૬)

લિલામ ઘરનું અને.........

લેખક · અશ્વિન દેસાઇ

ઘણા વખત પહેલાં મુંબાઈથી કોઈ ગામ આવેલું. મહેમાનને જોવા ઘના ભગતને ત્યાં લોકો ભેગા થઈ ગએલા. હું ય ગએલી. વાતમાંથી વાત નીકળેલી : 'આપણા રાયજીનો છોકરો તો મુંબાઈમાં મોટો અફસર થઈ ગયો છે!' કોણ હશે, એમ મને થએલું. અને બરાબર મારી શંકા વચ્ચે જ મહેમાને તારા નામનો ફોડ પાડેલો। પછી તો તારી ઘણી વાતો સાંભળવા મળેલી. મુંબાઈમાં તું કોઈ આલીશાન ફ્લૅટમાં રહે છે. બે-ત્રણ હજાર કમાય છે. કોઈ રૂપાળી, ભણેલી-ગણેલી, સ્માર્ટ, બૉબ્ડ હૅરવાળી છોકરી સાથે તારાં લગ્ન થયાં છે, તને એક બાબો ને એક બેબી છે. વગેરે.

પણ એક વાત સાંભળેલી ત્યારે મને જરા નવાઈ લાગેલી. કોઈકે કહેલું કે સુબોધ તો હવે ખાતો-પીતો પણ થઈ ગયો છે, મોટી હોટેલોમાં જાય છે, નાચગાન જુએ છે, અને પાસે રૂપાળી પત્નીની હાજરીમાં છરી-કાંટાથી...... નવાઈ મને એટલા માટે લાગેલી, કે એ વાતના સંદર્ભમાં એક જૂની ઘટના યાદ આવી ગએલી. ધનતેરસની એક સવારે આપણે મંછાકાકીને ત્યાં જમવા ગએલાં, વર્ષો પહેલાં, ત્યારે ત્યાં એકાએક ઇંડાંની વાત નીકળેલી. તું જમતોજમતો ઊઠી ગએલો. બધાંએ સમજાવીને પરાણે તને જમવા બેસાડેલો ત્યારે તને ઊલટી થએલી! મને થાય છે કે, હવે તને માંસ-મચ્છીમાં ખરેખર સ્વાદ આવતો હશે?

બુધાકાકા દારૂ પીને ફળિયામાં આવતા ત્યારે તને એમની બીક લાગતી. તું રડતો અને તારા ઘરમાં જઇને સંતાઈ જતો! હવે તને દારૂનો નશો ચડતો હશે ત્યારે કોઇને તારી બીક નહિ લાગતી હોય? જો કે મેં તો સાંભળ્યું છે કે તારી પત્ની પણ નવા વિચારની છે અને તને દરેક બાબતમાં પૂરો સહકાર આપે છે! સારું; એક-બીજાનો સહકાર અને સંમતિ હોય તો દુનિયામાં ભલા-બૂરા કામ જેવું ક્યાં કશું ય છે?

સાંભળ્યું છે કે તારો પુત્ર તારી માફક ખૂબ રૂપાળો અને મીઠડો છે. પણ તું કોઈ દિવસ એને લઇને ગામ આવે નહિ ત્યાં સુધી ક્યાંથી જોવા મળે? અને એ લોકો આગળ તું ગામ જવાનો પ્રસ્તાવ મૂકે, તો એ લોકો હસે તેની ય તને બીક તો હશે જ ને! અને એટલે જ કદાચ, તું ગામ આવવાનો છે એવું સાંભળ્યું ત્યારે, હું માની નહોતી શકી. પણ છેવટે તારા કાકાની છોકરી મંદાએ વાત કરી ત્યારે મારે માનવું પડયું. હશે, કંઈક કામ નીકળ્યું હશે! નહિ તો તારો એક દિવસનો પગાર જ્યારે સો રૂપિયા ઉપર પહોંચ્યો છે ત્યારે તને ગામ આવવાની ફૂરસદ ક્યાંથી મળે?

ગમે એમ હોય, પણ તું આવવાનો જાણી મને અકારણ આનંદ થવા માંડેલો. મેં વાતમાં ને વાતમાં મંદાને તારા આવવાની ચોક્કસ તારીખ પૂછેલી. તું કેટલા દિવસ રોકાવાનો છે, કોની સાથે આવવાનો છે, વગેરે ય પૂછેલું. અને, તું આવે તે દિવસે પાદરે બસની રાહ જોતા ઊભા રહેવું, એવો સંકલ્પ પણ મેં કરેલો. તું બધા સાથે ઔપચારિક વાતચીત પતાવી લે પછી મારે કેવી રીતે તને બોલાવવો એ પણ મેં નક્કી કરેલું. તારો બાબો સાથે આવે તો, એને તેડી લઈને ઘરે રમાડવા લઈ જવાનો મનસૂબો પણ મેં ઘડેલો. તારી પત્ની સાથે પણ વાત કરવાની મારી ઇચ્છા હતી.

પણ હું કંઈ જ ન કરી શકી. પગ નીચે આવી ગએલા એ પાદરે જતાં મારા પગ ન ઊપડયા! જાણે મેં કોઈ મોટી ચોરી કરી હોય. કોઈનું ઘર ફાડયું હોય, કોઇને લૂટી લીધાં હોય, કોઈનું ખૂન કર્યું હોય, એવો ગભરાટ મારામાં ફેલાઈ ગયો! મને જાણે કોઈ અનાજની કોઠીમાં મહિના સુધી પૂરી દે તો સારું એવું મને લાગવા માંડયું! હું બેબાકળી થઈ ગઈ. તારા આવવાના દિવસની આગલી રાત્રે મને એક મિનિટ પણ ઊંઘ ન આવી! મેં પડખાં બદલ્યા કર્યાં અને સવાર થઈ.

જાણે કોઈ જુદી જ જાતનો દિવસ થયો હોય એવું મને લાગવા માંડયું! સવારના નવ પણ વહેલા વાગતા નહોતા! જાણે સમય થંભી ગયો હતો! મને થયું કે આટલો ધીમો દિવસ કેવી રીતે પૂરો કરીશ?

તું આવી ગયો એવા ખબર કોઈએ હર્ષથી આપ્યા ત્યારે મને જાણે વીજળીનો કરંટ લાગ્યો! મારી આંખ પણ ન પટપટી! એક જ ફળિયામાંની તારી હાજરી પણ જાણે મને અસહ્ય થઈ પડી! કોઈ સતત તીણી સોય ભોંકી રહ્યું હોય એવો અનુભવ થયો! કોને ખબર, તને શું થયું હશે।

પણ એટલી ખબર પડી કે તું બે-ત્રણ દિવસ રોકાવાનો છે, ત્યારે મને જરા રાહત થઈ! કદાચ એવા કારણથી હશે, કે એટલા સમયમાં તો હું તને મળવા આવવાની માનસિક તૈયારી કરી લઈશ.

પણ તને મળવા આવવાની તૈયારી કરવામાં મને ધારવા કરતાં વધારે સમય લાગ્યો. ખૂબ વિચારો આવ્યા. અને દરમ્યાનમાં સાંભળ્યું કે તું તારા બંધ ઘરની ઘરવખરીઓ વેચવામાં પડયો છે. એટલે થયું કે વળી પાછી તને તારા કામમાં ખલેલ જ પાડવાની રહેશે ને! પછી નિરાંતે જઈશ, એમ જ મનને મનાવ્યું.

પરંતુ ધ્યાન હમેશાં તારા ઘર તરફ કેન્દ્રિત રહેતું. તારા ઘરમાં ઘણા ય લોકોની અવર-જવર થતી જોઈ શકાતી. બધાં કેટલાં સહેલાઈથી તારી પાસે જઈ-આવી શકતાં, મને થતું! તારા ઘરની ઝીણી ઝીણી વસ્તુઓના ભાવની ચર્ચા લોકો જાહેરમાં છૂટથી કરતા! અને મને તારા નામનો જાહેરમાં ઉલ્લેખ કરતાં ય સંકોચ થતો! કિસ્મતની વાત છે ને!

ધીમેધીમે એક-બે દિવસમાં તારે ઘરે લોકોની અવરજવર મંદ થઈ ગઈ. કદાચ બધી વસ્તુઓ હવે પૂરી થવા આવી હશે! અને મને થયું, કે હવે થોડી વધુ રાહ જોઈશ તો લગભગ લોકોની આવ-જા બંધ થઈ ગઈ હશે.

ખરેખર એમ જ બન્યું. તારું ઘર ખાલી થઈ ગયું હશે એનો મને સંકેત મળી ગયો. અને હવે તો કાલે જરૂર હું તને મળી શકીશ એવો ચોક્કસ મનસૂબો મેં ઘડયો.

વિચારોની ઊથલપાથલમાં એક વધુ રાત મેં વિતાવી.

બીજા દિવસની સવારે કોઈ અપૂર્વ ઉત્સાહ અને આનંદથી હું તારા ઘર તરફ નીકળી. મનમાં ઊંડેઊંડે થોડો સંકોચ જરૂર હતો; પણ કોને ખબર કયું બળ મને હિંમતપૂર્વક તારા ઘર તરફ લઈ જઈ રહ્યું હતું.

તારા આંગણામાં આવીને હું સહેજ થંભી ગઈ. હું તને ઓળખી શકીશ? વર્ષોની મુંબાઈની હવા ખાઈને તારો ચહેરો કેવો બદલાઈ ગયો હશે! જો કે મને તો ઝાઝી તકલીફ નહિ પડે, પણ તું મને ઓળખી શકશે કે? કહે છે કે છેલ્લા પાંચ-સાત વર્ષમાં હું ઘણી જ દુબળી પડી ગઈ છું. જોનાર મારી આંખો ફરતેનાં કુંડાળાં તરફ પણ મારું ધ્યાન ખેંચતા રહ્યા છે. અને વચ્ચે મેં ટાઈફોઈડની ખૂબ લાંબી માંદગી પણ ભોગવી. એ ગમે એમ હશે તોય, મારા ચહેરાની રેખાઓ તો કંઈ એકદમ બદલાઈ નહિ ગઈ હોય ને! મેં હિંમતથી તારા ઘરમાં પ્રવેશ કર્યો. આ પ્રવેશને વર્ષો પહેલાંના નાચતાકૂદતા પ્રવેશો સાથે જાણે કોઈ સંબંધ જ નહોતો! વજનદાર મણિકાઓ ઊંચકીને મેં જાણે તારા ઉંબરની અંદર લીધા!

પાંચ-સાત વ્યક્તિઓ આગલા ઓરડામાં બેઠી હતી, તેમના ઉપર મારી એક નજર પડી. બધા ગામના ઓળખીતા ચહેરાઓ જ હતા, પણ મને અજાણ્યા લાગ્યા! કદાચ તું એમાં નહોતો તેથી હશે?

હું અંદરના ઓરડામાં ગઈ.

મંદા તારી પત્ની સાથે બેસીને વાત કરતી હતી. એના હાથમાં તારો બાબો હતો. હું એમની પાસે જઈને ઊભી રહી.

'ઓ હો! કેમ છે વાસંતી?' મંદાએ હસીને પૂછ્યું.

'બસ, મઝામાં!' મેં કહ્યું. તારી પત્ની મને જોઈ રહી.

'આ વાસંતી છે. તમે ઓળખો છો, ભાભી? અહીં પાસે જ રહે છે!'

(મે ૧૯૭૩) ૧૧૪

મંદાએ મારી ઓળખાણ કરાવી.

'ના, હું ઓળખતી નથી. બેસો; પણ તમે મોડાં પડયાં! લગભગ બધી વસ્તુઓ વેચાઈ ગઈ!' તારી પત્ની હસી.

મને કાપો તો લોહી ન નીકળે એવી મારી સ્થિતિ થઈ ગઈ. ઘડીભર તો હું કંઈ જ બોલી ન શકી. પછી સ્વસ્થ થઈને કહ્યું : 'હું કંઈ લેવા નથી આવી, હું તો તમને મળવા આવી છું!'

'ભલે, ભલે.' તારી પત્ની પણ સહેજ ઝંખવાણી પડી ગઈ. હું એમની પાસે બેઠી. 'ભણો છો?' તારી પત્નીએ સહૃદયતાથી પૂછ્યું.

'ના. મૅટ્રિક પછી પી. ટી. સી. કરીને છોડી દીધું.'

'કેમ? બી. એ. ન કર્યું? હવે તો છોકરીઓ બી. એ. બી. એડ થઈને ખાસ્સી સ્કૂલોમાં નોકરી કરે છે!'

'અમારી સ્થિતિ ખાસ સારી નથી. બાપુજીથી પહોંચાય એવું નથી એટલે છોડી દેવું પડયું!' 'હમણાં શું કરો છો?'

'બસ, ઘરે જ છું. એક બે જગાએ અરજી કરી હતી પણ નોકરી ન મળી.'

'ઘરે કંટાળો નથી આવતો?'

'આવે તો પણ શું કરીએ? છૂટકો છે?'

'વિવાહની વાત ચાલતી હશે!' તારી પત્ની સહેજ હસી.

'ના. મારી એક મોટી બહેન બાકી છે. એને પગે ખોડ છે.'

'તેથી તમારી પણ તપાસ નથી કરતાં?'

'ના. એનું કંઈ ન થાય ત્યાં સુધી મેં ના પાડી છે. મારે શી ઉતાવળ છે? હજી તો પચ્ચીસ જ વર્ષ થયાં છે!'

'તે કંઈ ઓછાં છે? હું ય તમારા જેવડી છું! પણ બે છોકરાંની મા છું!'

'તમે તો ખૂબ નસીબદાર છો! તમારી વાત ક્યાંથી થાય?'

તારી પત્ની સહેજ હસી, ને લગભગ ત્યાં જ અમારી વાત પૂરી થઈ.

એટલામાં તારો બાબો રડતો રડતો મંદાના ખોળામાંથી ઊભો થયો તેને મેં વહાલથી મારી પાસે તેડી લીધો. 'તારુ નામ શું?' મેં પૂછ્યું.

બાબો ઘડીભર મને જોઈ રહ્યો, પછી એણે તારી પત્નીને પૂછ્યું : 'આ કોણ છે?' 'એ માસી છે. તારુ નામ કહે જોઉં!'

'ના. હું એમને ઓળખતો નથી!' બાબો મારા ખોળામાંથી ઊઠી ગયો.

એટલામાં આગલા ઓરડામાં સહેજ ખખડાટ થયો, અમે બધાંએ આગળ જોયું. તું આવી ગયો હોય એમ જણાતું હતું. મને સહેજ કંપારી આવી. 'ક્યાં ગયાં હતા સુબોધભાઈ?' મંદાએ તારી પત્નીને પૂછ્યું.

'પંચાયતની ઑફિસે. આજે ઘરનું લિલામ રાખ્યું હતું ને, ત્યાં. તમને ખબર નથી?'

> હરિઃ ૐ આશ્રમ તરફનું
> એપ્રિલ અંક માટેનું રૂ. ૫૦નું
> **જીવનચરિત્ર પારિતોષિક**
> 'ગોપાલ કૃષ્ણ ગોખલે'ના લેખક
> પ્રો. વસંત જોષીને મળે છે

'ના! મને એમ, કે હમણાં તમે ઘર થોડાં વેચવાનાં છો!'

'ના રે! હવે કોણ અહીં આવવાનું છે? નકામું ઘર પડતર રહે અને પડી જાય એ પહેલાં વેચી દેવું સારું. કેમ ખરુ ને?' તારી પત્નીએ મારી સંમતિ માગી.

'હા, ખરી વાત છે! અત્યારે અત્યારે વેચો તો સારો ભાવ આવે! પછી કોને ખબર, કાલે શું થાય?'

'ભાવ તો જાણે ઠીક, આ તબેલા જેવા ઘરનો શું આવવાનો હતો? પણ આ તો માથેથી એક ભાર ઓછો થાય!'

'હા. એ પણ ખરું. પછી કોઈ દિવસ ગામ આવવાની જરૂર નહિ રહે.' મેં કહ્યું, અને તું પાછલા રૂમમાં આવતો જણાયો. હું સ્વસ્થ થઈ ગઈ.

તું આવ્યો. અમે બેઠાં હતાં ત્યાં ઊભો રહ્યો. તારી પત્નીએ પ્રશ્નાર્થ નજરથી તારી સામે જોયું. તેં હર્ષથી હકારમાં માથું હલાવ્યું. તારા ચહેરા ઉપરની પ્રસન્નતા જોઈ શકાતી હતી. તારી પત્ની પણ રાજી થઈ.

પછી તેં ધીમેથી નજર ફેરવી મારા તરફ જોયું. 'ઓ હો! કેમ છો?' તેં નમ્રતાથી પૂછ્યું.

'બસ મઝામાં; તમે કેમ છો?' મેં પણ નમ્રતાથી પૂછ્યું.

'મઝામાં. શા ખબર છે?' તેં ઔપચારિકતા બતાવી.

'બસ, કંઈ જ નહિ!' મેં સહજ રીતે કહ્યું. અને તું આગલા રૂમ તરફ પાછો વળી ગયો.

ઘડીભર તો મને પૂછવાનું મન થઈ ગયું હતું કે, 'કેમ સાહેબ? કેટલામાં સોદો થયો?' પણ પછી થયું, તારા સોદાઓમાં ક્યાં કંઇ પૂછવાપણું હોય છે? તું તો ગામનો હોશિયાર અને કાબેલ યુવાન પુરવાર થયો છે! એટલે પછી મેં કંઈ જ ન પૂછ્યું. □

કુલારવિ ટ્રસ્ટ તરફની પાંચમી રંગપૂરણી હરીફાઇનું પરિણામ

આ વખતની સ્પર્ધામાં અ વિભાગમાં ૧૩૦ અને વમાં ૧૪ જણે ભાગ લીધો. (એક ચિત્ર વય-વિભાગની વિગત ભર્યા વિનાનું હતું.) આ સંખ્યા નિરાશાજનક નથી, પણ આમાં યે રંગપૂરણીની પૂરતી આવડત અને રોજ નજરે ચડતી સૃષ્ટિના રંગો અવલોકવાની દૃષ્ટિનો સદંતર અભાવ દેખાઈ આવે છે. આકાશના પ્રકાશ પ્રમાણે નજરે પડતાં દશ્યોમાં રંગ બદલાય છે તેનું જાણે કે ભાન જ નથી. કેટલાકને તો જળ કે સ્થળના રંગફેરની તફાવતની પણ ખબર નથી. કોઈકે વળી ચિત્રમાં નથી એવી રીતે ગઢની દીવાલોમાં પથ્થરનાં ચોસલાં પણ ચીતર્યાં છે. દૂરની આવી ઝીણી વિગતો બતાવવાના મોહમાં નજીકનાં વૃક્ષ, છોડ ને ફૂલો બતાવવાં રહી ગયાં છે. મોટી વયના વ વિભાગના હરીફ વિદ્યાર્થીઓ પાસેણી વધુ આશા રાખી શકાય, પણ એમની બેપરવાહી વધુ ખેદજનક છે.

સ્પર્ધામાં ભાગ લેનારાઓને નમ્ર સૂચન છે કે પૂરતો વિચાર કર્યા બાદ જો યોગ્ય રંગપૂરણી કરી શકો તો જ એ ચિત્ર મોકલવાનો ટપાલખર્ચ કરજો. કેવળ સ્પર્ધામાં અજમાયશના ખયાલથી નહિ, પણ સમજપૂર્વક દશ્યની ખૂબી સમજી શક્યા હશો તો જ યોગ્ય રંગપૂરણી કરી શકશો. તમારી અવલોકનશક્તિ અને તાલીમની ખરી કસોટી આ રીતે જ થાય છે એ ભૂલશો નહિ.

વિભાગ અ પહેલું ઈનામ (રૂ. ૧૦); કુ. જ્યોત્સ્ના અંબાલાલ પટેલ, સી. જી. એસ. મહિલા વિદ્યાલય મંડળ ગર્લ્સ હાઈસ્કૂલ, સુરત; બીજું ઈનામ (રૂ. ૭); જ્યોતીન્દ્રકુમાર અં. પટેલ, હળદરી (વાયા વાસદ); અને નોંધપાત્ર : જોદ્ધા નરેન્દ્રસિંહ બલવંતસિંહ (શીણાવાડ).

વિભાગ વ પહેલું ઈનામ (રૂ. ૧૫); ગોહિલ દિનેશચંદ્ર ધરમશીભાઈ, આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભાવનગર. બીજું ઈનામ (રૂ. ૧૦); પરમાર પુરુષોત્તમ અંબારામ, શેઠ ચી ન. કલામહાવિદ્યાલય, અમદાવાદ; અને નોંધપાત્ર : પંચાલ બાલકૃષ્ણ શાંતિલાલ, હાલોલ.

૯૯૯૯ વરસની નૃત્યાંગના: લૅટવીઆની વિજા વેત્રા



'ડોસ્તો ! ૯૯૯૯ વરસ મારી ઉમર! માળા છાપાંવાળા પૂછવા આવેલા. આમે ય દુનિયાભરનો શિરસ્તો છે કે બૈરાંવની તે વળી ઉમર પુછાતી હશે ? કૅનેડામાં મારો કંઈ પ્રોગ્રામ, ને મેં ફટ દઈને કહ્યું, હું તો પાંચ હજાર વરસની જુવાન; મારી ઉમર ૯૯૯૯ વરસની. બીજે દહાડે મોન્ટ્રીઅલનાં છાપાંમાં આવા મથાળે મારાં છબાં છપાયાં. ને લોક બબ્બે વાર ફોટા સામું ને લખાણ સામું જુએ! જુએ જ ને વળી? પણ તમને મિત્રોને કહેતાં શી શરમ? ૫૦ પૂરાં થયાં. પણ ડાન્સર તે વળી ઘરડી થતી હશે?' કહી વિજા વેત્રા ખડખડાટ હસવા લાગી.

આ પચાસ વરસની તરુણ નૃત્યાંગનાની 'પર્સનાલિટી' જ અનોખી ને મિજાજ તેજ. એક વેળા રામગોપાલની નૃત્યમંડળીમાં સોલોઈસ્ટ તરીકે તે કામ કરતી તેટલી જ મને ખબર. હું ન્યૂ યૉર્ક જવા ઊપડ્યો તે પહેલાં લંડનમાં કૉમનવેલ્થ ઇન્સ્ટિટ્યૂટમાં તેનો ભરતનાટયમ્ અને કથકનો પ્રોગ્રામ. મને નિમંત્રણ. કાર્યક્રમ પત્યે ઑસ્ટ્રેલીઅન હાઈ કમિશનર તરફથી ચાપાણીનો મેળાવડો. ત્યાં ઉમંગે મળી ભારત આવી તેને ઓરિસ્સી નૃત્ય શીખવાની ચટ. તેમાં હું ભટકાયો. બીજે દહાડે હાઈ કમિશનરને ત્યાં મને ચા પર નિમંત્ર્યો. હજાર સવાલ પૂછ્યા. ઘણી જ હેતાળ ને તેજસ્વી આ સ્ત્રી દેખાવે સાડીમાં હોય ત્યારે ભારતીય લાગે.

'કેમ નહિ વારુ? મૂળે મારા બાપદાદાના પૂર્વજ કાશ્મીરના. હું લૅટવીઆની. લુથીઆનીઆ ને લૅટવીઆને રશિયા ગળી ગયું ત્યારે અમે ભાગી છૂટેલાં! ને લૅટવીઅન ભાષા તો મૂળે સંસ્કૃતમાંથી જ ઊતરી આવેલી. વિજા તે વિજયા ને વેત્રા તે વૃત્ર પરથી, વજ્ર પરથી. હું ઇન્દ્રની દીકરી!' એમ કંઇકંઈ કહે—એકધારું એકીશ્વાસે બોલે. અને તેની વાક્ધારામાં જે ન ફસાય તેને અરસિક સમજવો.૦

તેનું ભરતનાટયમ્ જોઈ અમારાં ભવાં ચડી ગએલાં, ને કથક જોઈ અમે મોં મચકોડેલું. તે મને પૂછે: કેવું લાગ્યું! એટલે સાચું કહેવું પડ્યું કે તું દસ વરસ પર મદ્રાસ જઈ ચોક્કલિંગમ્ પાસે શીખી તે કબૂલ, પણ હવે ફરી રિયાઝ ન કરે તો તને આ શોભે નહિ. કહે: 'એટલે તો પૂછું છું. હું ભારત આવવા માગું છું. તું ક્રિટિક ને સ્કૉલર, તે મને ગાઈડ કર!'

અરસપરસ સરનામાં દીધાં. ઘણી ભલી. કહે: 'ન્યૂ યૉર્ક આવવાનું થાય તો મારે ત્યાં ખુશીથી આવજે. વેસ્ટબેથમાં સ્ટૂડીઓ છે. બીજો 'કૉટ' (cot) નાખી આપીશ. મજાક ન ગણીશ.' મેં સરનામું નોંધ્યું. ન્યૂ યૉર્ક એને ત્યાં જવાનું વિચારેલું પણ મનમાં એમ કે આવું તો વિનયપૂર્વક બધાં જ કહે. પરંતુ જ્યારે જવાનું થયું ને મેં તેને લખ્યું ત્યારે તરત તેણે આશાને મળી નિમંત્રણ મોકલી આપેલું તેટલું જ નહિ, ન્યૂ યૉર્કમાં મને ઘણી મદદ પણ કરેલી. (જુઓ 'ટેડશોન'વાળો લેખ 'કુમાર' અંક ૫૭૯)

તેનું ભરતનાટયમ્ ન ગમવા છતાં તેની રજૂઆત-પદ્ધતિથી હું મંત્રમુગ્ધ થએલો. કૉમનવેલ્થ થીએટરમાં બસ્સો કે અઢીસો પ્રેક્ષક. બેએક પ્રયોગ પછી તેણે ડેમૉન્સ્ટ્રેશન અને મુદ્રાના વિનિયોગ બતાવ્યા. તેની ઑડિયન્સ જોડે વાતો કરવાની ઢબ આત્મીય. મુદ્રાના વિનિયોગ વેળા પ્રેક્ષકોને પણ તેણે મુદ્રાઓ કરવાનું સૂચવ્યું. પતાક, મૃગશીર્ષ, અંજલિ, સૂચિ ને કંઇકંઈ. હું જોઉં તો બધા જ હાથ ભેગા કરે, પ્રશ્નો કરે, નમસ્તે કરે. અને એમ ઑડિયન્સ-પાર્ટિસિપેશન સાધી, ધીમેધીમે રાધા-કૃષ્ણ આત્મા ને પરમાત્માની વાતો કહી, 'વર્ણમ્'નો પ્રયોગ કરી, પદમ્ રજૂ કરી તિલ્લાના સાથે કાર્યક્રમ પૂરો કરે. ઑડિયન્સને 'કૉન્ફિડેન્સ'માં લઈ આત્મીયભાવ સ્થાપી એક સરસ વાતાવરણ રચે ને કાર્યક્રમમાં ઓર રંગ લાવે.

તે વળી ન્યૂ યૉર્કમાં મળી. બાંગલાદેશ માટે લોબ સેન્ટરમાં, યુનિવર્સિટી ઑવ અમેરિકામાં, વૉશિંગ્ટન સ્ક્વેર ખાતે તેનો કાર્યક્રમ. ત્યાં ય પ્રેક્ષકો જોડે સરસ વાતોચીતો. મને ઑડિયન્સમાં બેઠેલો જોઈ, ઊભો કરી, મારા માટે મને ક્ષોભ થાય ત્યાં લગીનું સારું બોલી અને બધાંને અમારા—મીનળના અને મારા—લેક્ચર ડેમૉનસ્ટ્રેશનમાં નિમંત્ર્યા. પછી નરેન્દ્ર પટેલને અને મને પોતાને ઘેર સ્ટૂડિયોમાં લઈ ગઈ.

મોટો હૉલ. દીવાનખંડ, પ્રેક્ટિસ રૂમ, કિચન, સૂવાનું, બધું ત્યાં જ! ને ખરેખર બીજા 'કૉટ'ની વ્યવસ્થા પણ ખરી. 'આપણી રહી કળાકારોની જમાત અને આપણે જિપ્સી. આપણે જ જો અરસપરસ મદદ ન કરીએ તો કળાકાર થયા શા કામના?' દીવાલ પર સ્યાવક્ષ ચાવડાએ તેના નૃત્ય વખતે કરેલ રેખાંકનો મૂકેલાં: 'બહુ અચ્છો વિનમ્ર કલાકાર. તું તેને મળે તો મારી યાદ આપજે. હું ૭૨-૭૩માં ભારત આવવાની છું ત્યારે તેને મળીશ.' બીજી દીવાલ પર રામગોપાલ સાથેના ફોટા. બહુ સ્વચ્છ ખંડ.

વેસ્ટબેથ એટલે કલાકારોનો અડ્ડો. પહેલાં તેમો ટું ટેલિફોન કેન્દ્ર હતું. ત્યાં ગ્રીનિચ વિલેજમાં બધાં અવધૂતોએ ભેગાં મળી આ મોટા ભવનને કલાકારોની વસાહતમાં ફેરવી કાઢ્યું. ત્યાં જ ઉપર પાંચમે મજલે મૂર્સ કનિંગહામ મૉડર્ન ડાન્સના વર્ગો ચલાવે. અનેક ચિત્રકારો, શિલ્પીઓ, સંગીતકારો, નર્તકો-નર્તકીઓ ત્યાં વસે. સસ્તું ભાડું, નીચે પ્રદર્શન-ખંડ, મેળાવડા માટે વ્યવસ્થા. કલાકારો પોતાની રચનાઓ રજૂ કરે, કૃતિઓનાં પ્રદર્શનો ભરે. ગ્રીનિચ વિલેજ જાઓ ને વેસ્ટબેથ ન જુઓ તો તમારો આંટો અધૂરો. આ આખો ય પ્રયોગ અત્યંત સફળ થયો છે અને મોંઘા દાટ ન્યૂ યૉર્કમાં કલાકારો સસ્તે ભાડે એક કેન્દ્રમાં સંપથી રહે છે.

તેની જોડે સરસ આત્મીયતા બંધાઈ. બીજા મિત્રોને મેળવી આપે. નૃત્ય વિષે જાણવાની તેની ઊલટ અદમ્ય. ભારત માટેનો અહોભાવ પાર વિનાનો. ન્યૂ યૉર્કમાં અમારા એક મિત્ર રામમૂર્તિ લાઈટિંગનો વિશેષ અભ્યાસ કરે. પૂર્વે તે અલકાઝીની નૅશનલ સ્કૂલ ઑવ ડ્રામામાં ભણતા, તે વિજાના કાર્યક્રમોમાં ખાસ પ્રકાશયોજના કરે. ટેડ શૉનનો જન્મદિન સમારંભ પત્યે વિજાએ રામમૂર્તિને લિંકન સૅંટર પર બોલાવેલો. અમે પાંચ વરસે ન્યૂ યૉર્કમાં ભટકાયા. રામમૂર્તિ કદમાં નાનો, મારા જેવો દૂબળો પાતળો, પણ ટૅલેન્ટેડ પાર વિનાનો. પછી તો જે જામી! વિજા, રામમૂર્તિ ને હું ભેગાં ને ભેગાં. અમારાં લેક્ચર ડેમૉન્સ્ટ્રેશન વખતે લાઇટિંગ કરે રામમૂર્તિ. તેની પહોંચ ને સૂઝ ભારે. હવે દિલ્હી પાછો ફર્યો છે અને નાટ્યક્ષેત્રે ડંકો વગાડે છે.

એક રાતે વિજાએ મને ને રામમૂર્તિને વેસ્ટ ૪૫મી સ્ટ્રીટમાં 'નટરાજ' નામે ભારતીય રેસ્ટોરાંમાં ડિનર પર નિમંત્ર્યા. અલકમલકની વાતો કરી. પછી રાતે 'ટાઇમ્સ સ્કેવર' પર ફરવા લઈ ગઈ. કહે: 'મારો હાથ પકડીને ચાલજો. આજુબાજુ તમે બે, ને વચ્ચે હું. લુચ્ચા લફંગાઓથી બચવાસ્તો.' પછી મોટાં થીઅટરો, સિનેમાઘરો, બધું બતાવતી જાય. ચાલતાં ચાલતાં રોકફેલર સેન્ટર પાસે આવ્યાં. પૂછે: 'તારે ન્યૂ યૉર્ક ૮૦મે માળેથી

જોવું છે? ઉપર રેસ્ટોરાં છે. આમ તો માળા વેઈટરો જવા નહિ દે, પણ કહીશું કે અમારા કોઇ મિત્ર આવવાના છે ને તેમની તપાસ કરવા આવ્યાં છીએ કહી અગાશી તરફ જઈશું ને ન્યૂ યૉર્ક જોઇશું.' ભારેની ગમ્મતી. રામમૂર્તિ કહે 'ચાલો.' ઉપર ગયા પછી અસ્સલ નાટક કરેલું. કોઈ વેઈટરની દેન છે કે તેને પૂછે? એક જણે પૂછ્યું તો હાથના અભિનયથી ભારેખમ મોં રાખી ચારે બાજુ જોતી અમને બધે ફેરવી લાવી. પછી નીચે લિફ્ટમાં ઊતરતાં અમે ત્રણે જે હસ્યાં છીએ! થોડી વારે કહે 'આમ ખાખા ખીખી કરો નહિ. નહિ તો આવી દમામદાર હોટલમાં કોઇ ઘૂસવા નહિ દે!'

આ એના ગમ્મતી, આનંદી સ્વભાવ પાછળ કેવી મોટી કરુણતા છુપાઇ છે તેનો ખયાલ મને ત્યારે નહિ આવેલો. આ નિર્દય નગરીમાં તે એકલી આઠ વરસથી રહે. દુનિયાના અનેક ખંડોના નૃત્યપ્રવાસો કરે. ગ્રીસ જાય, લંડન જાય, કૅરેબીઅન ટાપુઓ ઘૂમે. ઑસ્ટ્રેલીઆમાં રહેલી. છેલ્લે અહીં ન્યૂ યૉર્કમાં સ્થાયી થઈ. વર્ગો ચલાવે. પણ એકલી, અટૂલી. તેની ધૃતિ ભારે. આફતોનો સામનો કરવાની, ભાગ્ય સાથે લડી લેવાની શક્તિ જબરી. પણ મા-બાપ સગાંસંબંધી વિનાની. જે કૈં નૃત્યના કાર્યક્રમો આપે તેની કમાણી પર જ જીવે. એ જ આજીવિકા. પણ નૃત્યના કાર્યક્રમો કંઇ નિયમિત ન યોજાય. ન્યૂ યૉર્ક જેવા નગરમાં અનેક ખંડ ઉપખંડના કલાકારો આવે. ભારેની હરીફાઇ. કોણ કોના ભાવ પૂછે? વિજા માર્થા ગ્રૅહામની શૈલીના મૉડર્ન ડાન્સમાં નિષ્ણાત. કલાસિકલ બૅલે પણ શીખેલી. ભારતીય નૃત્યો પણ અપનાવેલાં. તેને ભરતનાટ્યમ્ ખૂબ ગમે, ને તે જ બધે રજૂ કરવા માગે. સારી રીતે રજૂ કરે. પણ વરસોવરસ ભારત આવી શકાય નહિ અને અભ્યાસ થાય નહિ તેથી સંપૂર્ણતયા સુંદર ગતિચલનો ન લાગે. પોતે ઘણાં નવાં કૉમ્પોઝિશન્સ અને કોરીઓગ્રાફી કરે. તે બધું મને ન્યૂ યૉર્કમાં જોવા ન મળ્યું. ને રાત ને દિવસ અવનવું જોવામાં, નવા નવા લોકોને મળવા કરવામાં ને આનંદમાં દિવસો તો વીતી ગયા. ચાંદામામા જોડે બે-ચાર જગ્યાએ સાથે ફરી લેકચર્સ-ડેમૉન્સ્ટ્રેશન્સ આપી આવ્યા. બૉસ્ટન અમારા મિત્ર ડૉ. મધુકર શાહને ત્યાં રહી આવ્યા, ને હું મૉન્ટ્રીઅલ આંટો મારી આવ્યો. મારી સાથે સી.એ.નું ભણતા પરમ મિત્ર પ્રદીપ ખાંડવાલા અને તેની પત્ની અંજલિને મળવા ત્યાં ગએલો. લંડનમાં નવીનભાઇ ખાંડવાલા ઓચિંતાના મળી ગયા હતા. તેમણે ટેલિફોન નંબર વગેરે આપેલાં. ઓહો! શો આનંદ! કંઇ કંઈ કવિતાઓની, અભ્યાસની, આગલી પાછલી વાતોમાં ત્યાં અઠવાડિયું વીતી ગએલું.

ન્યૂ યૉર્કથી ચાંદામામા વહેલા લંડન જવા ઊપડયા. હું કંઈ અઠવાડિયા પછી નીકળ્યો. આગલી રાત્રે વિજા મળવા આવેલી. ગ્રીસમાં એગીના ટાપુ પર ડાન્સના કોર્સ માટે જવાની હતી. પછી કદાચ ભારત આવીશ એવું કહી તેણે વિદાય લીધી. મારે બીજે વરસે મે-જૂનમાં ફરી લંડન આવવાનું થયું. લંડનથી પારી(સ) જવા ઊપડયો તે જ દિવસે વિજાનો ફોન: 'આજ રાત્રે જ મારો કૉમનવેલ્થ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રોગ્રામ છે. તું અહીં છે તેની ભાળ ઇન્સ્ટિટ્યૂટના મિ. કુમારે આપી.' મારે સાંજે ફ્લાઈટ પકડવાની તેથી ન મળી શકયા, હું ભારત પાછો ફર્યો.

અને નવેમ્બરમાં એક સવારે મુંબઈમાં મોટો તાર મને મળે છે. આ ઈન્દ્રની દીકરી, વિજા વેત્રા ત્રણ મહિના કે ચાર મહિના માટે ગ્રીસથી ભારત આવતી હતી! હું તેને એરપોર્ટ પર લેવા ગયો અને મુંબઈમાં કુમુદિની લાખિયાના ફ્લૅટમાં ઉતારી. મુંબઈમાં આ ફેબ્રુઆરીમાં ટાઈમ ઍન્ડ ટૅલેન્ટ્સ કલબના આશ્રયે તેના કાર્યક્રમ ગોઠવ્યા ને તેનાં આધુનિક શૈલીનાં નૃત્યો વગેરે રજૂ કરવા સલાહ આપી. એટલે તે ત્રાટકી: 'ના, હું ભરતનાટ્યમની ઉપાસિકા—મૉડર્ન ન કરું!' અંતે મારી પ્રામાણિક ટીકા સમજી અને હૃસકે હૃસકે રોવા લાગી. તેની એકલવાયી સંઘર્ષપૂર્ણ જિંદગીનો મને કંઈક અણસાર આવ્યો. 'આવી જિંદગીનો શો અર્થ? આજે અહીં, કાલે ત્યાં. સાંજનો રોટલો કયાંથી રળીશ તેનો ભરોસો

એક નવું પારિતોષિક

ઈ. સ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન 'કુમાર'માં પ્રગટ થએલી કૃતિઓ માટે મળેલી ('કુમાર'ના તંત્રીના નિર્ણયાનુસાર) સૌથી ઓછા વ્યાકરણદોષ ને જોડણીદોષવાળી હસ્તપ્રતના લેખકને રૂ. ૨૫/-નું

સ્વ. ગિરીશકાકા સ્મૃતિ પારિતોષિક

સ્વર્ગસ્થના પરિવાર તરફથી આપવાની જાહેરાત કરતાં સાભાર આનંદ અનુભવીએ છીએ.

નહિ—કશું જ ઠેકાણું નહિ! સુનીલ, ઈટ ઈઝ નૉટ વર્થ લિવિંગ! યુ નો? મેં સ્લીપિંગ પિલ્સ લઈ આત્મહત્યા કરવા પ્રયત્ન કરેલો. કયારેક ન્યૂ યૉર્કમાં વેસ્ટબેથમાં એક જ સ્ટુડન્ટ સાંજે આવે. ચાર ડૉલર કલાકના લેસનના આપી જાય. તેમાં જ દિવસ ગુજારું! ઑસ્ટ્રેલિયામાં મારી એકમાત્ર બેન જીવે છે-કૅન્સરથી પીડાય છે. તેને આ જીવનમાં ફરી મળી શકીશ કે કેમ તે ય સવાલ છે!' ને મોંએ હૂંચો મૂકી વધતાં હૃસકાં તે દબાવે. મને ઘણી સહાનુભૂતિ થઈ. પરંતુ તેને હિંમત આપતાં મેં કંઈ કઠોરભાવે કહેલું કે તેં જ્યારે આ કારકિર્દી અપનાવી જ છે ત્યારે આ બધું સહન કરવાની તૈયારી પણ તારે રાખવી જ જોઈએ. આમ કાયર થયે શું વળે? એ 'કાયર' શબ્દ સાંભળી ગરજી ઊઠી! આંસુ લૂછી બોલી: 'નૉનસેન્સ! આઈ ઍમ નૉટ અ કાવર્ડ! બટ રીઅલી વૉટ્સ ધ યુઝ ઑવ ધિસ સ્ટ્રગલ?'

થોડા દિવસ પછી તે દિલ્હી ગઈ. ત્યાં મૅક્સમૂલર ભવનના આશ્રયે વર્કશૉપ ચલાવી, ટેલિવિઝન પર કાર્યક્રમો આપી પાછી મુંબાઈ આવી ત્યારે ખુશમિજાજ હતી. અહીં તેના કાર્યક્રમો વખણાયા. સંગીત વગરનું 'સૃષ્ટિની શરૂઆત'નું, બીજું હૃદયધબકાર (હાર્ટબીટ) નૃત્ય, કેટલાંક વિધિ નૃત્યો, પાંજરામાં પુરાએલ અસહાય વાઘની દશા (રૂપાંતરે શહેરી જીવનમાં ફસાએલી વ્યક્તિની કરુણતા), ઑસ્ટ્રેલિયન ઍબૉરિજિનલ નૃત્યો એમ કંઈ કંઈ રજૂ કરી તેણે પ્રેક્ષકોને દંગ કરી મૂકયા. મેં ય આ બધું જોએલું નહિ. તે કેવી ઉચ્ચ કક્ષાની નૃત્યાંગના છે તેનો ત્યારે જ ખયાલ આવ્યો. તેની દેહયષ્ટિ તંગ ધનુષ્યની પણછ જેવી. માત્ર કાળા લીઓટાર્ડ અને સફેદ વસ્ત્રો—એટલાં જ ઉપસ્કરો, કયારેક છુટ્ટા વાળ અથવા તંગ અંબોડો. સુંદર પ્રકાશયોજના અને કેળવાયેલું શરીર. સ્પ્રિંગ જેમ ઊછળી શકે અને શરીરને અવનવા આકારોમાં ઢાળી શકે. મુંબાઈ ટેલિવિઝન અને ફિલ્મ્સ ડિવિઝને નાનકડી ફિલ્મ પણ તૈયાર કરી. છેલ્લે દિવસે નૅશનલ સેન્ટર ફૉર પર્ફોર્મિંગ આર્ટ્સ તરફથી તેનાં નૃત્યો રજૂ થયાં ને પછી તે ઊપડી પાછી ગ્રીસ.

આ લખું છું લંડનમાં શ્રી રમણિકલાલ સોલંકીના 'ગરવી ગુજરાત પ્રેસ'માંથી. ફરી લંડન આવવાનું થયું છે. અહીંથી પૂર્વ જર્મનીમાં બર્લિન, લાઈપઝિગ વગેરે સ્થળે મે માસમાં નૃત્ય પર મારાં લેક્ચર્સ છે. વિજા ગ્રીસથી અહીં આવી પહોંચી છે. વંટોળિયા જેમ એક દિવસ કૉમનવેલ્થ ઇન્સ્ટિટ્યૂટમાં જ્યાં અમે પહેલવહેલાં મળ્યાં હતાં ત્યાં ધસી આવી! હું મિ. કુમાર જોડે અહીં લેકચર્સ ક્યારે આપવાં તેની ચર્ચા કરતો હતો. અને અમે હેતે ભેટયાં. ખરે જ આ પ્રવાસોએ 'વસુધૈવકમ્ કુટુમ્બકમ્'ની ભાવના ખીલવી છે અને વિવિધ પ્રકારના શક્તિશાળી કલાકારો, કલાજગતના પ્રવાહો અને વિશ્વની નિત્યનૂતન અવનવી ઝલકો જોવાની તકો પૂરી પાડી છે. ફરી 'થીએટર રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'ની પ્રતિ બે વર્ષે યોજાતી કૉન્ફરન્સમાં સપ્ટેમ્બરમાં ચૅકોસ્લોવાકિયાના પાટનગર પ્રાગમાં હાજરી આપવા ચાંદામામાને અને મને નિમંત્રણ મળ્યું છે. જોઈએ ફરી 'જુગલબંધી' કેવી જામે છે!

(ચાલુ)

કાકાસાહેબ કાલેલકરના જાહેર જીવનના પ્રારંભની લેખમાળા

ગંગનાથ વિદ્યાલય–૫

કેટલો નરમ પ્રારંભ! —છતાં ક્રાંતિકારી

પચાસ-સાઠ વર્ષ પહેલાં સમાજની સ્થિતિ કેવી હતી, ને મારા જેવા સામાજિક ક્રાંતિમાં માનનારા લોકોને પણ સમાજને બહુ જ ધીમેધીમે આગળ લઈ જવા માટે કેટલી ધીરજ રાખવી પડતી હતી, એના બે મજાના દાખલા આપી દઉં. આજના જુવાનોના માન્યામાં પણ નહિ આવે કે પચાસ-સાઠ વર્ષ પહેલાં સમાજ આટલો પછાત અને રૂઢિગ્રસ્ત હશે. પહેલા દાખલામાં મહારાષ્ટ્ર અને ગુજરાતને લગતો જે અનિષ્ટ પ્રાંતભેદ ચાલ્યો હતો તે તોડવા માટે મારે જે અત્યંત 'નરમ પણ ભયંકર' હિંમતનું પગલું કેમ ભરવું પડ્યું એનો રસ વાચકોને માણવા મળશે; અને બીજા દાખલામાં ન્યાતજાતનો સવાલ તો ખરો જ. પણ તેમાં ગુજરાતના અત્યંત માનીતા પૂ. મામાસાહેબ ફડકેની જાહેર સેવાનો પ્રારંભ કેવી રીતે થયો એ પણ નવેસરથી જાણવાને મળશે. હું નથી માનતો કે જે પ્રસંગ હું અહીં નોંધવાનો છું એ મામાસાહેબના મોઢે પણ આજના એમના સાથીઓએ સાંભળ્યો હોય.

શરૂઆત ગુજરાત-મહારાષ્ટ્રના સંબંધો વિષેના પહેલા પ્રસંગથી કરું. મેં લખ્યું જ છે કે હું 'ગંગનાથ ભારતીય સર્વ-વિદ્યાલય'માં મુખ્ય અધ્યાપક તરીકે દાખલ થયો ત્યારે ત્યાંના છાત્રાલયની વ્યવસ્થા, એ સંસ્થામાં પ્રથમથી કામ કરનાર એક મુરબ્બીના હાથમાં હતી. સંસ્થામાં બ્રાહ્મણ, વાણિયા, ક્ષત્રિયો, શૂદ્રો, આદિવાસીઓ, બધા પ્રકારના વિદ્યાર્થીઓ રહેતા અને જમતા. ધર્મની દૃષ્ટિએ હું પોતે 'શાકાહાર અને માંસાહાર' એટલો જ એક ભેદ આહારની બાબતમાં માનવા તૈયાર હતો. કોણ રાંધે છે અને કોણ પીરસે છે, ખાવામાં કોણ સાથે બેસી શકે ને કોણ ન બેસી શકે, એની મને જરા યે પરવા ન હતી. પણ તે વખતની રાષ્ટ્રીય સંસ્થાઓ વિદેશી અંગ્રેજ સરકારનો વિરોધ કરે ત્યારે રાષ્ટ્રીયભાવના સાથે એને ઘરની જૂની ધર્મનિષ્ઠા પણ સાચવવી પડતી. અને વડોદરા તો ગુજરાતમાં લડીને મેળવેલું મહારાષ્ટ્રીઓનું રાજ્ય. અહીં મહારાષ્ટ્રીઓ પોતાને શ્રેષ્ઠ માને એ સમજાય એવી વાત હતી. પણ એ ભેદ ધર્મમાં પણ ઘૂસી જાય એ વાત મારી સમજથી પર હતી, અને એ ચલાવી લેવા મારી રાષ્ટ્રીયતા તૈયાર ન હતી. મારે તરત જ એવું એક પગલું ભરવું પડ્યું કે મારે કારણે એ આખી સંસ્થા તૂટી જવાની અણી ઉપર આવી ગઈ.

એવું હતું કે છાત્રાલય ચલાવનાર વ્યવસ્થાપકો બધા મહારાષ્ટ્રીય બ્રાહ્મણો અને રસોઈ બનાવનાર રસોઈયા હડહડતા મદ્રાસી બ્રાહ્મણો—જે રાંધવાની કળામાં અત્યંત હોશિયાર, અને જૂની રૂઢ ધર્મનિષ્ઠામાં કોઈનાથી યે ઊતરતા નહિ. મેં જોયું કે મદ્રાસી રસોઈયા બ્રાહ્મણો રસોડાનો કબજો લઈ રાંધી આપે. એ રસોડામાંથી રાંધેલો ખોરાક પીરસવા માટે લઈ જવાનું કામ ફક્ત મહારાષ્ટ્રીય બ્રાહ્મણો જ કરે. વાણિયા વગેરે બીજી ન્યાતની તો વાત બાજુએ રહી, પણ ગુજરાતી બ્રાહ્મણો સુધ્ધાં રસોડામાં પગ ન મૂકી શકે! આ રિવાજ પ્રમાણે મહારાષ્ટ્રીય બ્રાહ્મણ વિદ્યાર્થીઓ રસોડામાં જઈને ભાત, દાળ, શાક, રોટલી બધું લઈ આવી વિદ્યાર્થીઓને પીરસે. પંગતમાં પહેલા બ્રાહ્મણ વિદ્યાર્થીઓ બેસે; ત્યાર પછી ક્ષત્રિય, વાણિયા ઇત્યાદિ; અને આદિવાસીઓ તો સાવ છેડે. આ બધાને પીરસવાનું કામ ખૂબ સાચવી સાચવીને એ મહારાષ્ટ્રીય બ્રાહ્મણ વિદ્યાર્થીઓ જ કરે. ગુજરાતી બ્રાહ્મણને હાથે પીરસેલું મહારાષ્ટ્રીય બ્રાહ્મણ વિદ્યાર્થી ન ખાય! એ હતો તે વખતનો સનાતન ધર્મ!

આ ધર્મ-રિવાજ મારા ધ્યાનમાં આવતાંવેંત મારું હૈયું સળગી ઊઠ્યું. એની સામે ભરવાનું પગલું કેટલું અઘરું છે એનો મને ખયાલ હતો. હું સીધો ગયો વિદ્યાલયના સંસ્થાપક અને સર્વેસર્વા બૅરિસ્ટર કેશવરાવ દેશપાંડે પાસે. સરકારી નોકરીમાં તેઓ સૂબા જેવા ઉચ્ચ સ્થાન પર હતા.

મેં કહ્યું કે 'આ પ્રાંતીય ઉચ્ચનીચ ભેદ હું ચાલવા ન જ દઉં. આવતી કાલથી બ્રાહ્મણેતર નહિ પણ ફક્ત ગુજરાતી બ્રાહ્મણ વિદ્યાર્થીઓ બધાને પીરસશે. આ સુધારો હું આપને નામે પણ નહિ કરું. પણ મારે ખાનગી રીતે આપનું નૈતિક પીઠબળ જોઇએ છે. નિંદા થશે તો મારી થશે; ભોગવવું પડશે તે હું ભોગવીશ.'

કેશવરાવે શાંતપણે કહ્યું: 'આ વડોદરા રાજ છે. અહીં ચાલતી આવેલી ધાર્મિક રૂઢિમાં હસ્તક્ષેપ કરવો અથવા લોકોને ન ગમતો સુધારો કરવો એ સંસ્થાની નીતિ નથી. છતાં તમારી વાત હું સમજી શકું છું. જે રિવાજ અમે અત્યાર સુધી ચલાવ્યો તે તમે તોડવાનું જોખમ ખેડો તો તમને હું રોકું નહિ. તમને ઠીક લાગે તેમ કરી શકો છો.'

મેં કહ્યું: 'પરિસ્થિતિનો મને ખયાલ છે. મદ્રાસી રસોઇયાઓ ગુજરાતી બ્રાહ્મણ વિદ્યાર્થીઓને રસોડામાં પગ મૂકવા નહિ દે એ બધું હું જાણું છું, અને મહારાષ્ટ્રીય અધ્યાપકો પણ જૂનો રિવાજ માનનારા હોઈ આવતી કાલથી તેઓ છાત્રાલયમાં નહિ જમે એ પણ હું જાણું છું. પણ મુશ્કેલી એથી યે વધારે છે. મારી રાષ્ટ્રીયતા કેવળ અંગ્રેજોનું રાજ તોડવા પૂરતી સંકુચિત નથી. એટલે આપનો વિરોધ ન હોય તો આ હિંમત ખેડવા માગું છું. આપ મને મના નથી કરતા એટલું મારે માટે બસ છે.' જો સાહેબ મને મના કરત તો હું ગંગનાથ છોડીને જાત પણ મારો આ નિશ્ચય જાહેર ન કરવા જેટલી નમ્રતા કહો અથવા વિવેક કહો, મારી પાસે હતો. આ રીતે મારા હાથ મજબૂત કરી મેં સંસ્થામાં જાહેર કર્યું કે પરમ દિવસથી બધા વિદ્યાર્થીઓને પીરસવાનું કામ ગુજરાતી બ્રાહ્મણ વિદ્યાર્થીઓ કરશે. મારો સુધારો કેટલો નમ્ર હતો! એમાં આદિવાસીઓ કે વાણિયા કે મરાઠા (ક્ષત્રિય)ના રસોડામાં પ્રવેશની વાત જ ન હતી. છતાં મારા નિર્ણયની અસર બૉમ્બ જેવી થઈ ગઈ.

આજે ગુજરાતમાં ગાંધીવાદી તરીકે કામ કરનાર ચિંતામણ શાસ્ત્રીને બધા ઓળખે છે. તેઓ મારી પાસે આવ્યા. તે વખતે તેઓ હડહડતા 'ધર્મનિષ્ઠ'. એમણે કહ્યું: 'કાકાસાહેબ, મારી ભૂમિકા તમે જાણો છો. હું છાત્રાલયમાં ન જમી શકું.' મેં કહ્યું: 'મને બરાબર ખબર છે; પણ તમને હું ખોવા નથી માગતો. તમને ખોઈ હું જાઉં ક્યાં? આવતી કાલથી તમે મારે ઘેર પોતાની રસોઈ પોતે રાંધીને ખાજો. મારે ત્યાં તમે જમી શકવાના નથી એ હું જાણું છું. તમે દ્રાવિડી બ્રાહ્મણ અને તેમાં વળી કોંકણસ્થ. અને હું ગૌડ બ્રાહ્મણ. અમારા હાથનું તમે ખાઈ ન શકો એ મને બરાબર ખબર છે. એટલે જ મેં કહ્યું કે 'તમે મારે ઘેર હાથે રાંધીને જમજો.'

એક મારો માનીતો હોશિયાર વિદ્યાર્થી આવી મને કહે: 'ઘરના મારા મુરબ્બીઓ મને ગુજરાતી બ્રાહ્મણના હાથનું ખાવા નહિ દે; મને ઉઠાડી લેશે. મારે શું કરવું?' મેં એને કહ્યું. 'છાત્રાલયનો નિયમ તો બદલાય જ નહિ. તું પણ મારે ઘેર શાસ્ત્રીજી જોડે જમજે. એમને તારી મદદ થશે.'

પરમ દિવસ ઊગ્યો. સંસ્થામાં મોટી સંખ્યા મહારાષ્ટ્રીય બ્રાહ્મણ વિદ્યાર્થીઓની. તે બધા ચાલ્યા ગયા. અધ્યાપકોએ પણ જાહેર કર્યું કે છાત્રાલયમાં અમે જમવાના નથી. એનું તો ઠીક; પણ બધા રસોઈયાઓ એક જાત. એ પણ છોડી જવા તૈયાર થઈ ગયા. મેં એ બધાનાં રાજીનામાં સ્વીકારી લીધાં. એકએક મહિનાનો પગાર આપ્યો ને માથું ખૂબ નમાવીને એમને નમસ્કાર કર્યા. એમની ધર્મનિષ્ઠા કરતાં પણ એમનું આશ્ચર્ય એમના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાતું હતું. નવા ગુજરાતી રસોઈયાઓ આવ્યા—જેમને બરાબર રાંધતાં પણ નહોતું આવડતું. (અનુ. પૃ. ૧૭૪)

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા - ઊમરેઠ) ની સલાહ

૧ પરસેવાની ગંધનો કોઈ ઉપાય ખરો?

ઉ. ઉનાળાની ગરમીથી કે પુષ્કળ શ્રમ બાદ શરીર ગરમ થાય ત્યારે પ્રસ્વેદ ગ્રંથિઓમાંથી પસીનો સ્રવે છે, જેનું બાષ્પીભવન થવાથી શરીરની ઈષ્ટ ગરમી જળવાઇ રહે છે. પણ કપડાં નીચે ઢંકાએલા શરીરના ભાગો ઉપરના પરસેવાનું બાષ્પીભવન ન થવાથી ચામડી ઉપર વસતા જીવાણુઓ ને ફૂગની પરસેવા ઉપર પ્રક્રિયા થઈ તેમાંથી વિશિષ્ટ દુર્ગંધ પેદા થાય છે. વળી બગલની એપોક્રાઈન પ્રસ્વેદગ્રંથિઓનો પસીનો પણ ગંધયુક્ત હોયછે.

પરસેવાની ગંધ હઠાવવા આટલું કરવું જોઇએ: (૧) લસણ ડુંગળી અને બીજા તેજ મરીમસાલા ન ખાવા. (૨) સારી જાતના નહાવાના સાબુ વતી બે વખત નહાવું. બગલમાં વાળ ન રાખવા. (૩) નાહ્યા પછી બગલમાં અને બરડા ઉપર મેન્થૉલ ૧૦ ગ્રેઈન, સેલિસીલિક ઍસિડ ૩૦ ગ્રે., બૉરિક ૨ ડ્રામ અને ચહેરા ઉપર છાંટવાનો પાવડર ૧ ઔંસ ભેળવીને લગાડવો. ફેરડિલ કંપનીના 'માયકોડર્મ' પાવડરમાં આ રસાયણો છે. એનાંથી પરસેવાનું પ્રમાણ ઘટે છે.

વળી, ચામડીને ઈજા ન કરે પણ ગંધ ઉપજાવનારાં જીવાણુઓનો નાશ થાય તેવો ગ્લેક્સો કંપનીનો ક્લોરફેનસિનયુક્ત નાયસીલ પાવડર છાંટવાથી પરસેવાનું વિઘટન થતું અટકી, દુર્ગંધ પણ હઠે છે.

ઉપરાંત રાતના બગલમાં ટેરામાયસિનનો ચામડીનો મલમ ઘસવો.

ટેરેલિન નાયલૉન વગેરે સિન્થેટિક કાપડ પહેરવાથી પરસેવો ઊડી જવાને બદલે શરીર ઉપર જામી રહે છે. આના ઉપર જીવાણુઓની ક્રિયા થવાથી તેની દુર્ગંધ કપડાંમાં ઝીલાઈ રહેતી હોઈ શરીર ફાવે તેટલું સ્વચ્છ રાખવા છતાંય વાસ આવે છે. માટે ઉનાળામાં તો પરસેવો ઊડી જાય એવાં સુતરાઉ કપડાંનો પહેરવેશ હિતાવહ છે.

૨ પરસેવાથી બગલને સ્થાને કપડાંમાં પીળા ડાઘ પડે છે એનું કારણ અને ઉપાય દર્શાવશો?

ઉ. પીળા ડાઘ પડવાનાં ત્રણ કારણો છે. કાં તો પરસેવો પીળો હોય, યા ચામડી ઉપર આવ્યા બાદ પરસેવાનો રંગ પીળો થાય અગર તો આ જગ્યાના કોઈ પદાર્થના સ્પર્શથી તે પીળો રંગ ધારણ કરે.

શરીરમાંથી પીળો પરસેવો થાય છે ખરો, પણ જવલ્લે જ. બગલની પ્રસ્વેદ ગ્રંથિઓમાંથી પીળો પરસેવો આવવા સંભવ છે. કોઈ દવાની અસરથી અને ચામડી ઉપરનાં વિવિધ જીવાણુઓ અને ફૂગની અસરથી પણ પરસેવો પીળો બને છે. પાવડર કે સિન્થેટિક કાપડનાં રસાયણોની પરસેવા સાથેની પ્રક્રિયાથી પણ પીળા ડાઘા પડે છે. કોક માણસોને શરીર ઉપર છાંટવાના પાવડરના હેકઝા ક્લોરફેનથી, અમુક સુગંધી દ્રવ્યોથી પણ પીળા ડાઘા પડે છે.

બગલના સ્પર્શમાં આવતાં કપડાં, પાવડર અને બીજાં કૉસ્મેટિકની ચકાસણી થવી જોઇએ, સુતરાઉ, સિન્થેટિક ને અન્ય પ્રકારના કાપડ ઉપર કે પછી અમુક જાતના કાપડ ઉપર જ પીળા ડાઘા પડે છે કે નહિ તેની પણ તપાસ થવી જોઇએ.

૩ ઉનાળામાં અળાઇઓ થાય છે ને ગરમીના પ્રમાણ સાથે વધે છે આનું કારણ અને તે મટાડવાના ઉપાય સૂચવશો?

ઉ. અળાઇઓ થવાનાં ઘણાં કારણ મનાય છે. એક તો પુષ્કળ પસીનો થવાથી ચામડીની કુદરતી ચિકાશ ધોવાઈ જાય છે. વળી કપડાંના ઘસારાથી ગરદન બરડો બગલ વગેરેની ચામડીને ઘસારો પડે છે. સુકાએલી ચામડીની નાની ફોતરીઓથી ચામડીનાં છિદ્રો પુરાય છે. આથી પરસેવો બહાર આવી શકતો નથી. પણ ચામડી નીચે તો એ થયા જ કરે છે. પરિણામે નાજુક આંતરત્વચાનો સોજો આવે છે, જે અળાઇઓ રૂપે પ્રકટ થાય છે. સોજાએલી ચામડીને ચેપ લાગે છે ને તેથી અળાઇઓ મટતી નથી.

રેક્ટીફાઈડ સ્પિરિટ કે યુ-ડી કૉલોનનું હળવું લૅાશન ચામડી ઉપર લગાડવાથી ચામડીનાં છિદ્રો ખુલ્લાં થાય છે. પરસેવો બહાર આવવાથી અંદરનું દબાણ ઘટે છે અને અળાઇઓ મટે છે.

અળાઇઓ ન થાય તે માટે ચામડી કોરી પડી જાય એટલો સાબુ લગાડવો નહિ. શરીર ઉપર હલકાં ઢીલાં સુતરાઉ કપડાં પહેરવાં. ચામડી ઉપર વસતા જીવાણુઓના નાશ માટે ક્લોરફેનસિનયુક્ત પાવડર છાંટવો. આથી પરસેવો સુકાય છે, અળાઈઓની ખણજ આવતી નથી, ચેપ લાગતો નથી, ને અળાઇઓ વધતી અટકે છે.

૪ કલર બ્લાઈન્ડનેસ (રંગઅંધાપો) એ શું છે?

ઉ. રંગઅંધાપો એ એક વારસાનુગત અસાધ્ય કે અપરિવર્તનીય સ્થિતિ છે. એક અંદાજ છે કે સામાન્યત: ૮ ટકા પુરુષો અને ૫ ટકા સ્ત્રીઓ રંગઅંધ હોય છે, એટલે કે તેઓની આંખના રંગપરખ કરતા કોષોની જન્મજાત ખામીને કારણે તેઓ અમુક રંગોને બીજા રંગોથી અલગ પારખી શકતા નથી. લાલ અને લીલા રંગ વચ્ચેનો, ભૂરા કે જાંબુડિયા વચ્ચેનો કે લીલા ને ભૂરા રંગ વચ્ચેનો તફાવત તેમને દેખાતો નથી. જો કે એથી એમના સામાન્ય જીવનવ્યવહારમાં ખાસ કોઈ મુશ્કેલી પડતી નથી, પણ જ્યાં જ્યાં રંગનો તફાવત પારખવાની જરૂર પડે ત્યાં ત્યાં એમને આ ખોડ નડે છે. આંખના કોઈ રોગથી પણ ક્યારેક આવી સ્થિતિ આવી પડે ખરી, પણ એ તો રોગના ઉપચાર પછી મટી જાય છે.

૫ મારા ગળામાં ઊપસી આવેલા હૈડિયાથી હું લઘુતાભાવ અનુભવું છું. શું ઑપરેશનથી એ દૂર ન થઈ શકે?

ઉ. યૌવનારંભનું આ એક બાહ્ય લક્ષણ છે. એ કાળે અન્ય શારીરિક ફેરફારો સાથે કંઠનળીની પણ વૃદ્ધિ થાય છે, જેમાંનો એક કંઠકૂર્ચો વધીને હૈડિયા રૂપે દેખાય છે. પાતળી ડોકમાં એ વધુ સ્પષ્ટ લાગે છે. વારસાનુગતતા પણ તેમાં ભાગ ભજવે છે. કંઠનળીનો જ એ એક ભાગ હોઈ એને દૂર કરવાથી અવાજ પર અસર પડે છે. હૈડિયા માટે લઘુતાભાવ અનુભવવા જેવું કશું નથી.

ઉ. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી નીચેનાં પારિતોષિકોની જાહેરાત કરવામાં આવે છે. તે અંગેનાં પુસ્તકો કે વિગતો લેખક-પ્રકાશક તરફથી પરિષદ કાર્યાલય, હ. કા. આર્ટસ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૯ને મોડામાં મોડી તા. ૩૦-૬-૭૩ સુધીમાં મોકલી આપવાની છે. શ્રી હરિૐ આશ્રમ પ્રેરિત **૧. શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક**: (૧) ૧૯૭૨ના વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થએલી ભક્તિવિષયક ઉત્તમ મૌલિક કૃતિઓ, (૨) જનહૃદયમાં ઉચ્ચ પ્રેરણા જગવી શકે એવી ઉત્તમ મૌલિક સાહિત્ય કૃતિઓ, (૩) પરાક્રમ, સાહસ, ધૈર્ય, ત્યાગ, ઉદારતા, સહિષ્ણુતા આદિ ગુણોને દૃઢ કરે તેવા મૌલિક વાર્તાસંગ્રહોમાંથી નિર્ણાયકો શ્રેષ્ઠ ઠરાવે તે કૃતિના લેખકને અપાશે; અને **૨. ભગિની નિવેદીતા પારિતોષિક**: ગુજરાતી સ્ત્રીલેખિકાઓની ૧૯૭૨માં પ્રસિદ્ધ થએલી સ્ત્રીજીવનને અને સમાજજીવનને ઉન્નત કરે તેવી ભાવનાપ્રેરક, શક્તિપ્રેરક અને ગુણવિષયક મૌલિક કૃતિઓમાંથી શ્રેષ્ઠતાના ક્રમમાં પ્રથમ રૂ. ૬૦૦ અને દ્વિતીય રૂ. ૪૦૦ અપાશે. **કાકાસાહેબ કાલેલકર પારિતોષિક**: જેમના શિક્ષણની પૂરી તકો સાંપડી ન હતી તેવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના પછાત વર્ગના લેખકોનાં ૧૯૭૨માં પ્રસિદ્ધ થએલાં પુસ્તકો પૈકી શ્રેષ્ઠ પુસ્તકને રૂા. ૫૦૦ અપાશે. એ વર્ગમાંથી જો શ્રેષ્ઠ કૃતિ નહીં સાંપડે તો સર્વધર્મ સમભાવ ને ભારતીય એકતાને પોષક એવી કૃતિને આ પારિતોષિક અપાશે.

મને જો વીતેલાં વર્ષ પાછાં મળે તો!

લેખક અને આલેખક · રવિશંકર મ. રાવળ



જીવનનાં વીતેલાં વર્ષો પાછાં મળે તો હું શિશુકાળથી જ નવા જીવનનો પ્રારંભ કરું. રાત્રે ચંદ્ર ને તારાથી મંડિત આકાશ ને સવાર-સાંજની રમણીય ક્ષિતિજોનાં દર્શન કરું. ઘરની ચારે પાસ ફૂલોવાળા ઉદ્યાનમાં મૃગો ને સસલાં ખેલતાં હોય કે મોરનાં વૃંદો ઘૂમતાં હોય એવા સ્થાનમાં રહેવાનું મને ગમે. સ્નેહાળ વડીલો કદીક નદીતીરે કે સાગરતટે લઈ જઈ મને ફરવાની યા સ્નાનની લહેરનો લ્હાવ આપતા હોય, અને ઘરમાં માતા કે બહેન મધુર ગીતોનાં ગુંજનથી કલ્પનાનાં દેવપાત્રોને કે ભાવોર્મિઓને સજીવન કરતાં હોય તો મારો આત્મા ખરેખર બ્રહ્માનંદમાં ડોલે.

મધુર સ્વભાવના ગોઠિયાઓ સાથે દોડવા-રમવાનું મળે અને મન થાય ત્યારે ખાડા ખોદવા, ફૂલો ચૂંટવા મળે કે કુદરતના નાનાવિધ રંગોમાં વિહાર કરવું મન અવનવી ચીજ-વસ્તુઓની શોધ અને સંગ્રહો કરવા પ્રેરાય, અને પછી તેમાંથી વિવિધ રચનાઓ ઊપજાવે; એમ જગતના પદાર્થો ઉપર સર્જનાત્મક સ્વામીત્વ પ્રાપ્ત થાય તેવી સ્થિતિ મને ગમે.

રેતીના કૂબા, માટીના પીંડામાંથી જાતજાતના ઘાટ કે સળી-સાંઠીકાનાં રમકડાં કરી નવી સૃષ્ટિના તરંગોનો આનંદ લેવાનું પણ જરૂર ગમે. આવાં કામો સાથે ગીતો ગાતાં આવડતું હોય તો કાર્ય ઉત્સવ રૂપ બની જાય.

નિરાંતની ગોઠડી કરવાનું મળે ત્યારે માતા કે દાદા, કોઈ ચમત્કારિક કે પૌરાણિક પ્રસંગોની વાર્તા કરે, તેનો મનની કલ્પનાથી સાક્ષાત્કાર કરી,




સ્વપ્નાં જોવાનું સદ્‌ભાગ્ય પણ ઇચ્છું ખરો. અને એવાં સ્વપ્નોની તાદશ પકડ બતાવવાની કથન-કળાનો પ્રયોગ પણ ગોઠિયાઓ પર અજમાવતાં મારી વાણીની સમૃદ્ધિ વધારી દઉં.

બચપણના એ સમયમાં કોઈ કાર્યક્રમનું શાસન ન હોય, પણ આકર્ષણ અને કૌતુક જ મને માર્ગદર્શન આપે તેવું સ્વાતંત્ર્ય માગું.

વાર્તાનો પ્રેમ અને સંગ્રહ તથા ક્રિયાના પ્રયોગોમાં અને કળાઓના સમાગમથી લેખન, વાચન, ગણિત વગેરે પ્રકારોનું મૂલ્ય સમજાય, તો જ ખરા રસથી ભણતર આપી શકાય એવું સમજનારા શિક્ષકો મળી જાય, તો મારો એ શિશુકાળ ઘણી શક્યતાઓથી પાંગરી ઊઠે.

બચપણમાં મને ઘણી વાર કાતર, ચપ્પુ, રંગીન ચાક કે વિવિધ ઓજારો વાપરવાની તાલાવેલી થતી; પણ ત્યારે બાળકો માટે ઘરમાં કોઈ ખૂણો ફાજલ કે અલાયદો ન હતો. તેમજ તેના પોતાના કબજાની કોઈ ચીજો મળતી નહિ. કોઈ વાર કાતર કે ચપ્પુથી કંઈ કાપવું કે ઉખેડવું હોય તો મોટાંઓ પાસે કરગરવું પડતું. ઘણે ભાગે તેઓ એવી ચીજોને હાથ લગાડવા દેતા નહિ. કંઈ કરવાનું હોય તે પોતે કરી આપતાં. તેમની પોતાની ચીજોને તો અડવાની યે સખત મનાઈ રહેતી. હવે એવી સ્થિતિ હું ચલાવી લઉં નહિ. હવે તો મને મારી પોતાની પેટી કે કબાટ જોઇશે. કાપકૂપ કરવા મારાં કાતર યા ચપ્પુ કે ઠોકઠાક કરવા ખીલીહથોડી જોઈશે. વિવિધ આકારો રચવા જરૂરી સાધનો જોઈશે; ફૂટપટ્ટી, રંગપેટી અને કાગળો તથા ચિત્રપોથીઓ જોઇશે. શિલ્પી ને કડિયા-સુથાર કારીગરોના સાથે કામમાં જોડાવાનો લહાવો લેવાની છૂટ પણ મને જોઈશે.



મને નાનપણમાં ચિત્રકામ બહુ ગમતું પણ કોરા કાગળો કે રંગપેટી આપી મારો શૉખ પૂરો કરવાનું કોઈ વડીલ કે શિક્ષકને સૂઝયું નહોતું. હું મારા પિતાની ઑફિસમાં ફેંકી દીધેલાં કવરો ખોલી તેની અંદરના કોરા ભાગ ઉપર પિતાની લાલ-ભૂરી પેન્સિલથી આકારો કરી ચીતરવાનો સંતોષ લેતો. પીળા, લીલા, જાંબલી ને કેસરી વગેરે રંગો તો મને બહુ મોટી ઉમરે મળ્યા હતા. પણ દેશનાં બીજાં અનેક બાળકોને તો સ્લેટ-પેન સિવાય ભણવાનું કે જ્ઞાન પામવાનું કોઈ સાધન નહોતું. નહોતું કોઈ તેમને બગીચામાં ફેરવનાર કે કોઈ સંગીત યા મેળાની મસ્તી બતાવનાર. મને સંગીતમય હરિકથાઓ અને મોટાઓનાં શણગારેલાં ઘરો જોવાની તકો વડીલો સાથે આંગળી પકડીને જાઉં ત્યારે મળતી. તેની મન પર ઊંડી છાપ પડતી અને મારો આંતરવિકાસ થતો, પણ તે સમજનારા કે ઉછેરનારા રસિકો નહોતા. મને જો હવે તક મળે તો આવા પ્રસંગો વધારે ને વધારે મળે એવી માગણી કરું.

બાળક માત્રને રંગો ગમે છે. રંગીન પતાકડાં, કાગળો, રંગીન દોરી અને રંગીન રમકડાંનો સહવાસ રોજ હોય તો બાળકોની આંખ અને



હાથ અનેકજાતના રંગ-ભેદો અને આકારોનો પરિચય મેળવી શકે. આવી તકો બાળકોને છૂટથી મળવી જોઈએ એમ હું માનું છું.

ચિત્રકામ મને ગમતું, પણ ઉચ્ચ પ્રકારનાં ચિત્રો કે ચિત્રકારનો સમાગમ અશક્ય અને દુર્લભ હતો. વર્ષો સુધી મારી એ મનેચ્છા દબાઈ રહેલી. એથી મારાં ઘણાં વર્ષો તે વિષયમાં કંઈ માર્ગદર્શન કે સાધના વિના એળે ગયાં હતાં. શાળાઓમાં ચિત્રકામનું શિક્ષણ લક્ષ્ય કે ધ્યેય વિનાનું, સિદ્ધાંત વગરનું સાવ નીરસ અને નિરુપયોગી હતું. પણ જો ફરી એ જ વય પ્રાપ્ત થાય તો જે પ્રગતિ મેં મોટી વયે બતાવી તે આવી સાચી તાલીમ મેળવી મારા વિદ્યાર્થીજીવનમાં જ પૂરી કરી બતાવી શકું.

હું મૅટ્રિક સુધી પહોંચ્યો ત્યારે જ પુસ્તકાલયમાંથી કળા વિષેનાં સામયિકો અને ચિત્રો જોવા પામ્યો. શ્રીમંત મિત્રોને ત્યાં ચિત્રો અને ગ્રંથો જોવા પામ્યો, પણ તે વખતે સંસાર મારા પર લગ્ન અને બીજા વ્યવહારોના ક્ષણેક્ષણે નવા બોજા નાખતો જતો હતો.

વ્યક્તિના વિકાસની અવસ્થામાં તેની સાધના કષ્ટ નહિ, પણ આનંદોપાસના બનવી જોઈએ. પ્રત્યેક પ્રયત્ન નવી સિદ્ધિનો પરામર્શ



અને પરાક્રમ બનવો જોઈએ. તેના કાર્યમાં વીરનું શૌર્ય અને પ્રેમીનું સ્વાર્પણ હોવું જોઈએ. સાધનાનાં વર્ષોમાં મદદ કરે, અને મુગ્ધ કરે એવા ગુરુજનો અને ફાવે તેટલા પ્રયોગો, પ્રયાસો ને પ્રવાસોની સુલભતા તથા સરળતા મળ્યાં હોય તો જીવનના એ પ્રારંભકાળમાં સિદ્ધિના પાયા દૃઢ અને નિશ્ચિત બને.


હું તો ચાહું કે તે કાળે મારી સાધના માટે કઠોરમાં કઠોર તાલીમ આપનારા ગુરુઓ મળી ગયા હોત, ઉચ્ચ કક્ષાની કૃતિઓ સર્જનારાનો સમાગમ થયો હોત તો હું આ જન્મમાં જ વિશ્વના વિક્રમમાં કંઈક આંક મુકાવી શકત; પણ મારાં એ વર્ષો તો પ્રાથમિક ભૂમિકા પ્રાપ્ત કરવામાં જ વીતી ગયાં.

એ વર્ષો પાછાં મળવાનાં હોય તો હું સાંસારિક આરામ ને એશનો પરિત્યાગ કરી મહાન કલાક્ષેત્રોમાં જઈ, યુગોથી સંચિત કરેલી કલાકૃતિઓનાં હાર્દ પિછાની મારી સાધનાને ઘણી ઉત્કૃષ્ટ અને વેગવંતી કરી શકું. મહાન કલાસ્વામીઓના આદર્શો ને કૃતિઓમાં (અનુ. પૃ. ૧૭૨)

ચાંદ્ર વસાહત

હવે પછી માનવ-વસવાટનું નવું ક્ષેત્ર ચંદ્ર પર હશે. ૧૨૦ અંશ સેન્ટીગ્રેડ જેટલી કરાળ ગરમીથી માંડી શૂન્યથી નીચે ૧૫૦ અંશ સે. જેટલી કાતિલ ઠંડીના તફાવતવાળા એ ચંદ્રની ઉપર તો નથી હવા કે નથી પાણી. છતાં પૂર્વ-કાલીન અમેરિકન વસાહતીઓ કરતાં અવકાશ-યુગના આજના અગ્રગામીઓને જીવન ટકાવી રાખવાની ત્યાં વધુ યોગ્ય સવલતો હશે. ઈ. ૧૯૬૯ના જુલાઈમાં મૃત્યુલોકના માનવીએ અનેક પ્રતિકૂળતાઓ સામે વિજય મેળવી ચંદ્ર-ની ધરતી પર પગ માંડ્યા ત્યારથી આરંભાઈ ને અત્યાર સુધીમાં તેને લગતી જે કંઈ સિદ્ધિ ને માહિતી મળી શકી છે તેને આનો યશ છે. હવે પછીની કદાચ પાએક સદીમાં પૃથ્વીથી ૩૮,૨-૦૦૦ કિલોમીટર દૂર આવેલા એ ઉપગ્રહમાં શું શું થઈ શકે તેની સચોટ આગાહી શક્ય બનશે.

રશિયાની તો ખબર નથી, પણ ચંદ્ર પર ફરી ઉતરાણ કરવા માટે અમેરિકાએ પણ હાલ કોઈ યોજના નિશ્ચિત કરી નથી. પરંતુ વિજ્ઞાનના આધારે ચંદ્ર પર માનવ-વસવાટનો આરંભ કઈ રીતે થઈ શકશે તેની કલ્પના થઈ શકે છે. આના પરથી હાલ એમ માની શકાય એ કે કાર્ય મુ-ખ્યત્વે ત્રણેક તબક્કામાં વિસ્તરેલું હશે. સૌ પ્રથમ તો માણસ ચંદ્ર પર વધુ સમય રોકાઈ શકે એવી યોજના વિચારવી પડશે. તે પછી ત્યાં રોકાતા માણસોનું જીવન ટકાવી રાખવા પોષણ તથા ચંદ્ર-સપાટીની તળે રહી શકાય તેની વ્યવસ્થા ઊભી કરવા માટે જરૂરી સાધન-સામગ્રીઓ ત્યાં આયાત કરવાની રહેશે. અને એ પછી માનવીની જીવનપદ્ધતિઓ સાથે મેળ બેસે તેવી, અને આર્થિક રીતે પરવડે એવી સ્વાવલંબી કોઈ વ્યવસ્થા પણ કરવી પડશે. આ પછી જ બહુ લાંબા સમયનો કે કાયમી વસ-વાટ ત્યાં શક્ય બને. આ માટે પ્રારંભિક સફરી વિજ્ઞાનીઓને ત્યાં વૈજ્ઞાનિક અને વ્યાવહારિક સંભાવનાઓની શોધખોળ સાથે માણસની સ-લામતી અને પોષણની સગવડ સ્થાપવાનું કાર્ય મુખ્ય રહેશે. તે સારુ પૃથ્વીસમ વાતાવરણ-વાળાં વિશાળ આવાસો, ખોરાક અને ઑક્સિ-જન તથા પાણીના ઉત્પાદનનો પ્રથમ વિચાર કરવો પડશે.




૧ ભવિષ્યના ચંદ્ર વસાહતીઓના અગ્રગામીઓએ પ્રથમ તો ચંદ્ર પર અનેક પ્રકારની સામગ્રી-ઓ પૃથ્વી પરથી લઈ જવી પડશે. ત્યાંના વાતાવરણની શૂન્યતા અને ગરમી-ઠંડીના અતિ મોટા તફાવતવાળી પ્રતિકૂળતાથી રક્ષાવા એમણે આરંભમાં તો એ માટેના ખાસ પોશાકોમાં રહીને જ કામ કરવું પડશે. અને વધુ લાંબા રોકાણમાં વિશાળ ઘુમ્મટો જેવા રક્ષણ તળે પૃથ્વી પર છે તેવું વાતાવરણ કૃત્રિમ રીતે ઊપજાવીને કામ કરવું પડશે.

૨ (નીચે ડાબી બાજુ) પ્રારંભમાં તો જે અવકાશયાનોમાં તેઓ ત્યાં ઊતરશે એ યાનો જ એમનો આવાસ બની રહેશે.

૩ (નીચે જમણી બાજુ) આ અગ્રચારીઓ પ્રાથમિક તૈયારીઓ પછી ચંદ્રની સપાટી પર બા-કોરાં પાડી, તેના પેટાળમાં વિશાળ પોલાણો સરજી, એના ઉપર પ્લાસ્ટિકના મહાકાય ગુંબજોનાં આવરણો રચી તેની અંદર રહેવા તથા કામ કરવાની વ્યવસ્થા ઊભી કરશે...







૪ ...આને માટે સરળતાથી હેરવીફેરવી શકાય તથા ઊભાં કરી શકાય તેવાં એકમો અને રચનાઓ દ્વારા તેઓ નવા આવાસો અને વૈજ્ઞાનિક મથકો સ્થાપશે.



૫ (જમણી બાજુ મથાળે) પણ સૌપ્રથમ અને સૌથી મહત્ત્વનું કાર્ય હશે ચંદ્ર પર ઑક્સિજન પેદા કરવાનું. ચાંદ્ર ખડકો ને માટી સાથે ફોટોસિન્થેટિક પદ્ધતિ તથા પૃથ્વી પરની ત્યાં પહોંચાડેલી 'એલ્જી' નામક દરિયાઈ વનસ્પતિ તેમાં કદાચ ઉપયોગી બની શકશે.

૬ (જમણી બાજુ વચ્ચે) બીજી બાજુ ચંદ્ર પરના વિશાળ કુદરતી ખાડાઓ (જ્વાળામુખો-ક્રેટર્સ)ના આકારનો લાભ લઈ તેમાં હળવા ને સરળતાથી જોડી શકાય તેવા ઍલ્યુમીનિયમના લેપવાળા પ્લાસ્ટિકના પદાર્થોનાં વિરાટ રેડિયો-દૂરબીનો પણ ગોઠવાશે. પવનના સપાટા, હવામાનના ફેરફારો કે પૃથ્વીના ભારે ગુરુત્વાકર્ષણ યા માનવસર્જિત પ્રતિકૂળતાઓના અભાવને કારણે ચંદ્ર પરનાં એ રેડિયો-દૂરબીનો અહીંના કરતાં કદમાં અનેકગણાં વિશાળ હશે અને એથી પ્રમાણમાં એમની કાર્યક્ષમતા પણ.


'ઈ. ૧૯૭૨ની બ્રિટાનિકા ઈયરબુક ઑવ સાયન્સ ઍન્ડ ધ ફ્યૂચર'-માંથી ચૂંટેલાં અને 'યુસિસ' દ્વારા પ્રાપ્ત થએલાં આ કલ્પના-ચિત્રોમાં એવી ચાંદ્રવસાહતની સ્થાપનાની કેટલીક પ્રારંભિક વિચારણાનો આછો શો ખયાલ આપ્યો છે.

અવકાશી વસાહતોની આજે જે પ્રતિકૂળતાઓ છે તે ભવિષ્યમાં અમુક પ્રકારનાં ઉત્પાદનો માટે અનુકૂળ પણ બની રહેશે. દા.ત. જેમાં શૂન્યા-






૭ (ઉપર) આ જ રીતે ચાંદ્ર ટેકરીઓને કોરીને બાહ્ય પરાવર્તકો સાથે વેધશાળાઓ પણ સ્થપાશે. જેને કારણે અવકાશી જગતનાં નિરીક્ષણો માટે અનેકગણી અનુકૂળતા રહેશે.



૮ (ડાબી બાજુ) ચંદ્ર પરની કોઈ પણ કાયમી વ્યવસ્થા ને વસાહતમાં 'ક્રાયોસ્ટેટ'—એટલે કે અતિશય ઓછું ઉષ્ણતામાન ત્યાં પેદા કરવાની તથા જાળવવાની વ્યવસ્થા પણ જરૂરી રહેશે, જેનાથી અમુક ઉત્પાદનો અને વૈજ્ઞાનિક સંશોધનો શક્ય બનશે.

વકારા, અતિશીતતા કે જીવશાસ્ત્રીય રીતે અનુત્પાદક્તાની સ્થિતિની જેમાં જરૂર પડે એવી ચીજો પૃથ્વી બહાર પેદા કરી શકાશે. અત્યંત કાર્યક્ષમ બૅાલબેરિંગ, ઔદ્યોગિક વપરાશ માટેના કૃત્રિમ હીરા કે અમુક ઔષધો વગેરે ચંદ્ર પર બની શકે અને છેક ત્યાંથી પૃથ્વી પર લાવવાના ગંજાવર ખર્ચ છતાં એને અહીંના બજારોમાં મૂકી શકાય. પણ તાત્કાલિક તો વિજ્ઞાનના કામ પર જ બધું લક્ષ કેન્દ્રિત કરવાનું રહેશે. ભૂસ્તરશાસ્ત્રીઓ ચંદ્રનો ઇતિહાસ અને રચનાનો વધુ ઊંડો અભ્યાસ કરી શકશે. વાયુશાસ્ત્રીઓ હવામાનના ચોક્કસ વરતારા અને કદાચ ઇચ્છિત ફેરફારો કરવા પણ શક્તિમાન બનશે. પણ એથી યે વધુ તો ખગોળશાસ્ત્રીઓને ઘણી સગવડ થઈ જશે. આકાશી નિરીક્ષણોમાં પૃથ્વી પર નડતા અવરોધોનો ત્યાં બિલકુલ અભાવ હશે. આથી થોડે દૂરના ભવિષ્યમાં ચંદ્ર એના પૃથ્વી કરતાં છઠ્ઠા ભાગના ગુરુત્વાકર્ષણને કારણે આવતી પેઢીને માટે વધુ દૂરનાં અવકાશ ઉડ્ડયનો માટે એક એવો તખ્તો બની રહેશે કે જ્યાંથી સૂર્યમાળાના બીજા ગ્રહો અને એથી યે આગળ જવાનાં સાહસોની એક અનુકૂળ ભૂમિકા બની શકશે.



૯ છેલ્લે એક દિવસ એવો પણ આવશે કે ચંદ્ર પર જન્મેલા માણસો માટે પૃથ્વી પરના વાતાવરણમાં અને ચંદ્ર કરતાં છ ગણા વધુ ગુરુત્વાકર્ષણમાં, (એટલે કે પૃથ્વી પર) આવવા માટેની પ્રાથમિક તૈયારીઓ કરવા કેન્દ્રોપગામી પરિસ્થિતિ રચવાની વ્યવસ્થા પણ ત્યાં કરવી પડશે,—જેમ આજે પૃથ્વી પરથી ચંદ્ર પર જવા પૂર્વે કરવી પડે છે.

અનુસંધાન] **મને જો વીતેલાં વર્ષ પાછાં મળે તો** [પૃ. ૧૬૯થી



બતાવેલી સિદ્ધિઓનું જ્ઞાન વહેલું થાય તો સાધક યા વિદ્યાર્થી આપણા દેશની અલ્પ સિદ્ધિઓ અને પ્રશસ્તિઓમાં મર્યાદિત સંતોષ લઈને બેસી ન રહે.

યુરોપનાં કલાધામોની યાત્રા કર્યાથી આજે હું સભાન બન્યો છું કે, જે દેશમાં કુમાર વયના વિદ્યાર્થીઓને પૂરી તાલીમ આપવામાં આવે છે, ત્યાં તેમના પ્રાચીન કલાસ્વામીઓની કૃતિઓ માટે તો પ્રજામાં આદર અને સભાનતા હોય છે જ, પણ તે સાથે તરુણ સાધકો તેમની સિદ્ધિઓથી આગળ વધી નવા વિક્રમો માટે તનતોડ પુરુષાર્થ કરે છે.

જાપાનમાં, રશિયામાં કે યુરોપમાં પ્રાચીન કે પહેલાંના કલાસ્વામીઓની કોટિના સાધકો વર્તમાનકાળમાં પણ પ્રકટે છે. તેનું કારણ તેમના જીવનમાં બાલ્યકાળથી તેમનો સાધનાપથ, સાંસારિક કે ધંધાર્થી વૃત્તિઓના દબાણથી મુક્ત રહ્યો છે તે છે. હું પણ એવું ઇચ્છું કે આપણા દેશમાં સાધનાકાળમાં તરુણોને સર્વ પ્રકારની સુવિધા, સાધનો અને સદ્‌ગુરુઓ પ્રાપ્ત થાય. આમ થાય તો તેઓ ખચિત દેશવિદેશના પ્રવાસો સમાગમો અને અભ્યાસ દ્વારા આત્મશ્રદ્ધા મેળવી કલાશક્તિનો પ્રજાને સાક્ષાત્કાર કરાવી શકે. અને કળાની માધુરીથી શ્રમ અને ઉત્પાદનનાં કાર્યોમાં પ્રભાવ પાડી શકે.

મને ઉચ્ચ આદર્શોવાળા જનોનો સંગ પ્રાપ્ત કરવાની તીવ્ર ઝંખના રહેતી. મોટા કલાગ્રંથો અને મહાલયોની કલાકૃતિઓની ઝાંખી માટે તનમનાટ રહેતો. પણ જ્યાં ત્યાં ચોકીઓ ને લાગવગના પહેરા જણાતા. હવે મારું ચાલે તો એવી બાધાઓથી કલાસાધકને મુક્તિ અપાવું. યુરોપમાં કોઈ પણ માણસ ગમે તે સંગ્રહસ્થાન યા ચિત્રાલયમાં જઈ ત્યાં ફાવે તેટલો સમય ગુજારી પોતાની સાધનામાં પૂર્તિ કરે છે. આપણે ત્યાં એવો લાભ ઉઠાવનારા જૂજ જ હશે.



એવી અનેક પ્રકારની સગવડો અને સાનુકૂળતાઓ આ દેશમાં હોય એવું ઈચ્છું. છેવટ મારા જીવનને સર્વાંગ સમૃદ્ધ કરવા દેશની સંસ્કૃતિ અને લોકજીવનથી પૂર્ણ પરિચિત બની દેશની ભાવના અને આદર્શોને આત્મસાત્ કરવા દેશના શ્રેષ્ઠ જનોનો સંપર્ક સાધું અને સંસ્કૃતિના શ્રેષ્ઠ આદર્શો જીવનમાં ઉતારવા પ્રયત્ન કરું. ઉપરથી નીચે સુધીના જનપથમાં આત્મસાત્ બની જીવનનાં બળો અને આવિર્ભાવોને મારી કૃતિઓમાં પ્રકટ કરવા મંથન કરું. એવા અવસરની અપેક્ષા રાખું કે મારું જીવન અને કૃતિ મારા યુગનાં પ્રામાણિક પ્રતીકો બની રહે અને હું દેશજનોના નવાનવા પ્રદેશોને સમૃદ્ધ સંપત્તિવાન કરી શકું.

શું ખરેખર કોઈને વીતેલી પળો પાછી મળે છે? અશક્ય આશાઓ પરિપૂર્ણ કરવાને બીજા જન્મની કલ્પના જ માત્ર આશ્વાસન રૂપ છે. પણ જો માણસની વિફળતાઓમાંથી મળેલો બોધ અથવા શાણપણ આવતી પેઢીને વધુ ઉપકારક થઈ શકે તો પણ વીતેલી પળો પાછી મળ્યા જેવો આનંદ થાય એ સ્વાભાવિક છે.

મારી વિફળતાઓ અને નિરાશાઓ તેમજ અપૂર્ણતાઓનો અસંતોષ મારા હૃદયમાં ભારેલો જ રહેશે, પણ મારી વીતેલી પળો જેવા અવસર બીજાને મળે ત્યારે તે વિફળ ન જાય તે માટે આજનો સમાજ, રાજ્ય અને શિક્ષકો કંઈક વિચાર અને પ્રબંધો કરી શકશે તો મારી એ નિષ્ફળ પળોનો બોધ બીજાને મળ્યાથી મારા જીવનનું કંઈક સાર્થક થયું માનીશ. વીતેલાં વર્ષો કોઈને યે પાછાં મળતાં નથી, એટલે દરેક જણે મળેલી પળોમાં જ કરવાનું કરી લેવું. આ રીતે સૌ કોઈનાં વીતેલાં વર્ષો માનવજાતને સમૃદ્ધિ અને સંસિદ્ધિ આપનારાં બનશે.

('આકાશવાણી' પર આપેલો એક વાર્તાલાપ)

અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

વિભાગ બીજો : ૬—નાટકો : મિરૅકલ પ્લેઇઝ

મિરૅકલ્સ અને મિસ્ટરીઝ ઈસવી સનના ૧૩મા, ૧૪મા અને ૧૫મા સૈકામાં પણ ઇંગ્લૅન્ડમાં, સંખ્યાબંધ પરગણાંમાં તેમજ અન્ય પ્રદેશોમાં ભજવાતાં હોવાના પુરાવા મળે છે. વિવેચકોએ જુદા-જુદા વિસ્તારોનાં નોંધપાત્ર એવાં ચાર નાટ્યચક્રો પ્રમાણ્યાં છે: ચેસ્ટર, યૉર્ક, ટાઉન્લી અથવા વેઇકફીલ્ડ અને કોવેન્ટ્રી. આ ઉપરાંત છૂટાંછવાયાં સંખ્યાબંધ રૂપકો મળે છે તે જુદાં. આ નાટ્યચક્રોની તપાસ અને સમીક્ષા કરીને વિવેચકોએ કાઢેલાં તારણો અભ્યાસદૃષ્ટિએ મહત્ત્વનાં છે. એક તો આ નાટ્યરૂપકોનો નગરના વ્યાપારી સંઘો (Town guilds) સાથે ગાઢ સંબંધ હતો. એની સહાય વિના કદાચ આ રૂપકોની ભજવણી અને તેનો વિકાસ શક્ય ન બન્યાં હોત. નગર કલબ જેવી સંસ્થાઓએ નાણાં અને નટ બંને પૂરાં પાડવામાં ફાળો આપ્યો હતો. દશ્યરચના તથા વેશભૂષા માટે પણ તે ખર્ચ પૂરો પાડતી; અને કેટલીક વાર તો અમુક પ્રકારનાં રૂપકો અમુક નિશ્ચિત નગરકલબો જ ઉત્તમ રીતે ભજવી શકે એવી એમની વિશિષ્ટ છાપ પડી ગઇ હતી.

બીજી વાત એ કે આ રૂપકોને બીજાં નાટકોના વિવેચનના માપદંડથી મૂલવી શકાય નહિ. આમ તો દરેક રૂપક સ્વતંત્ર—સ્વયંપર્યાપ્ત; તેમ છતાં સમગ્ર નાટ્યચક્રના એક અંશ રૂપે તેનું અસ્તિત્વ. એના લેખકો કોણ એ નક્કી કરવાનું જ અશક્ય. સંખ્યાબંધ અનામી લેખકોના એના પર સંસ્કાર પડયા જ કરતા, એટલે આ નાટ્યચક્રોમાં પરિવર્તન થયા જ કરતું.

યૉર્ક નાટ્યચક્રમાં કલાદૃષ્ટિએ નોંધપાત્ર એકે કૃતિ નથી; પણ એ રૂપકોનું મૂલ્ય ઐતિહાસિક અને ભાષાકીય દૃષ્ટિએ છે. ચેસ્ટર તથા ટાઉન્લી નાટ્યચક્રોમાં થોડાંક પણ રસપ્રદ તત્ત્વો વિવેચકોએ નિહાળ્યાં છે. એમાં ભક્તિનો રણકો તો આધુનિક વાચકને પણ સ્પર્શે એવો છે. ભભકદાર તત્ત્વોની પણ તેમાં ઊણપ નથી. 'નોઆનું વહાણ' ને 'અબ્રહામનું બલિદાન' જેવાં રૂપકોમાં લેખકોની કલાસૂઝ ઉત્તમ રીતે પ્રગટ થઈ છે.

નોઆનું વહાણ

'નોઆનું વહાણ' (Noah's Arc)માં નોઆનું ઇશ્વર સાથેનું તાદાત્મ્ય, ઈશ્વર સાથેના તેના વાર્તાલાપ, વહાણની કમાન બનાવતાં તેના સ્વગતોદ્‌ગાર—એ સર્વમાં એના અંતરની સચ્ચાઈનો રણકો સંભળાય છે. સમગ્ર રૂપકમાં ભક્તિપોષક ગાંભીર્ય જળવાયું છે; અને તે સાથે હળવું મનોરંજન નોઆની 'ચંડિકા' રૂપ પત્નીના પાત્ર દ્વારા મળી રહે છે. આ મનોરંજન આગંતુક નથી લાગતું. નાટકના ગાંભીર્ય સાથે તેનો સુમેળ છે એ તેની વિશેષતા છે. નોઆ વહાણ સજ્જ કરીને ઊભો છે. એનો બધો પરિવાર વહાણમાં આવી ગયો છે, પણ એની પત્ની બહેનપણીઓ સાથે વાતોના તડાકામાં તલ્લીન છે. પૂર ભલે આવે, એની વાતોનો છેડો આવતો નથી. નોઆ આજીજી કરતો એને પોકારે છે: 'અરે! તું અંદર આવતી રહે! આ તો સાવ અવળચંડી છે! પૂર આવી રહ્યું છે, તું તણાઈ જઈશ. ખુદાને ખાતર વહાણમાં આવી જા!' પણ એને દરકાર જ નથી. એ સામું સંભળાવે છે: 'તું તારે વહાણ હંકારી જા. ભોગ લાગે તારા; હું મારી બહેનપણીને મૂકીને આ ગામ છોડવાની નથી. એમના વિના મને નહિ ચાલે. તું તારે ચાલવા માંડ. જા નવી બૈરી શોધી લેજે!' નોઆ બીચારો ખૂબ અકળાય છે. દીકરાઓને કહે છે: 'તમારી મા સાવ તુંડમિજાજી છે. એને સમજાવીને વહાણમાં લઈ આવો. છોકરો તેને મનાવવા જાય છે. પણ પેલી તો ગોઠડીમાં ગુલતાન છે. વહાણમાં એકલાં જવાની તેની જરા ય મરજી નથી. પણ છોકરો એને પરાણે ઘસડી જાય છે. છોકરા પરનો તેનો ગુસ્સો હવે ભગત જેવા નોઆ પર ઊતરે છે.

નોઆ કહે છે: 'આવી ગઈ? બહુ સારું થયું. જો આપણું વહાણ.'
એની ચંડિકા કાન પર એને ફટકારીને કહે છે: 'લેતો જા આ લહાણ!'

Noah: Welcome, wife into this boat,
N'S Wife: And have thou that for thy note!
(She boxes him on the ear.)

ભરવાડનું નાટક

'નોઆનું વહાણ' એ ટાઉન્લી નાટ્યચક્રમાંનું એક છે. એમાંનું બીજું એક 'The Second Shepherd's Pageant' (ભરવાડ વિષેનાં નાટકોની શ્રેણીમાંનું) પણ સરળ ભક્તિભાવ સાથે મઝાના નિર્દોષ મનોરંજનનો સુયોગ સાધી બતાવે છે. ભરવાડોની મંડળી ગીત ગાતી, ગોઠડી કરતી બેઠી છે. તેમાં મૅક (Mak) નામનો એક પંકાએલો ઉસ્તાદ ભરવાડ છે. વાતો કરતાં બધા ભરવાડ ઊંઘી જાય છે. મૅક તેમનું એક ઘેટું ઉઠાવીને ચાલતો થઈ જાય છે. બધાને મૅક પર જ વહેમ આવે છે. એના ઘરનાં બારણાં તેઓ ખખડાવે છે. મૅક તેમને આવકાર આપે છે. તેઓ એના ઘરમાં પારણું ઝૂલતું જોઈને આશ્ચર્ય પામે છે. મૅકની પત્નીએ થોડીક વાર પહેલાં જ બાળકને જન્મ આપ્યો છે. બાળકને લૂગડાંમાં લપેટીને પારણામાં પોઢાડયું છે. મૅકની પત્ની ખાટલામાં વેદનાથી કણસી રહી છે. મૅક બધા ભરવાડોને શાંતિથી વિદાય થઈ જવાની સલાહ આપે છે. એની પત્ની પણ વધારે ચીસાચીસ કરે છે. ત્યાં એક ભરવાડને બાળકનું મોં જોવાનું મન થાય છે. બીજાને બાળકને ચૂમી લેવાની ઇચ્છા જાગે છે. એકને વળી શુકનનો સિક્કો એના હાથમાં મૂકવાનો રિવાજ યાદ આવે છે. મૅક એમને રોકે તે પહેલાં જ એક ભરવાડ, પારણામાં બાળકને લપેટેલાં લૂગડાં ખસેડે છે ને ચમકીને પાછો હટી જાય છે: 'અરે! આ તો કોઈ સેતાન છે કે શું? એને લાંબું લાંબું નાક છે. અરે કેવું બેડોળ છે!...' અને તરત જ મૅકનું કારસ્તાન પકડાઈ જાય છે. ભરવાડ પોકારી ઊઠે છે: 'આ આપણું ખોવાએલું ઘેટું તો નહિ?'

મૅકને ચોરીની સજા કરવા માટે તે બધા એને કામળામાં નાખીને ઊંચોનીચો ઉછાળે છે. એવામાં દેવદૂતની વાણી સંભળાય છે કે ઇસુનો જન્મ થયો છે. ભરવાડો હરખઘેલા થઈ ત્યાં દોડી જાય છે. વળી પાછું બાળકને જોવાનું એમનું કુતૂહલ, એમનું વાત્સલ્ય ઉભરાઈ આવે છે. નવજાત શિશુને મુગ્ધભાવે તેઓ ખીલવવા માંડે છે. ગ્રામજીવનનું વાતાવરણ આ નાટકમાં બરાબર પ્રગટ થયું છે.

અબ્રહામનું બલિદાન

'અબ્રહામનું બલિદાન' (Abraham's Sacrifice) ચેસ્ટર નાટ્યચક્રમાંનું રૂપક છે. તેમાં ઊર્મિનો સાચો રણકો સંભળાય છે. અબ્રહામને આઈઝૅકનાં પાત્રો પણ આકર્ષક ઉઠાવ પામ્યાં છે. ઈશ્વરના આદેશાને અનુસરીને અબ્રહામ એના પુત્રને કાંઈક કામને નિમિત્તે એક ટેકરી પર લઈ જાય છે. ત્યાં તેને એ પોતાના અંતરની સાચી વાત કહે છે અને એને બલિદાન માટે સજ્જ થવાની સૂચના કરે છે. આઈઝૅકની એ સમયની મનઃસ્થિતિનું નિરૂપણ અકૃત્રિમ અને ઊર્મિસભર છે. પિતાના હાથમાં તલવાર જોઈને આઈઝૅક ધ્રૂજી ઊઠે છે. અબ્રહામ પુત્રના મુખ પરની વેદના અને એનો ભય નિહાળી ગદ્‌ગદ થઈ જાય છે. પણ ઈશ્વરે પુત્રનું બલિદાન માગ્યું છે. ભક્ત અબ્રહામ આર્દ્ર સ્વરે પુત્રને સમજાવે છે:

'બેટા આઈઝૅક! સજ્જ થા. તારું બલિદાન ખુદાને ધરવાનું છે. મારે હાથે તારો વધ કરવાનો છે.'

આઈઝૅક ગભરાઈ જાય છે: 'મને મારી નાખશો બાપુ? મેં શું કર્યું છે? હું તમારું બાળક છું.'

અબ્રહામ આર્દ્ર થઈને સમજાવે છે; 'બેટા, લાચાર છું.'

આઈઝૅક કરગરી ઊઠે છે: 'બાપુ! અહીં ટેકરી પર મારી મા હોત તો? તમારી આગળ ઘૂંટણીએ પડીને તે મારી જિંદગી બચાવી લેવાની આજીજી કરત. બાપુ! મારી મા અહીં નથી; પણ તમે મારા બાપુ છો. હું તમને પગે પડું. મને મારી નાખશો નહિ.'*

અબ્રહામ ઘડીભર પીગળી જાય છે. પણ તરત દૃઢ બને છે, ને તેને સમજાવે છે: 'બેટા, ખુદાનો આદેશ છે. મારે હાથે જ તારું બલિદાન!' હવે આઈઝૅક નિરાશ થઈને બોલી ઊઠે છે: 'જેવી ખુદાની મરજી બાપુ, ચલાવો તલવાર! તમારે બીજા દીકરા છે, એટલે મારી ખોટ તમને નહિ લાગે. બાપુ! મારા મૃત્યુ પછી મારે માટે ખુદાને બંદગી કરજો. અને મહેરબાની કરીને મારા મોતની વાત મારી માને કરશો નહિ.'

અબ્રહામ ફરીફરીને દીકરાને ભેટે છે. એનું મન ડામાડોળ થઈ જાય છે. પણ પુત્રના આગ્રહથી તે ફરી તલવાર ઉઠાવે છે. ત્યાં તો ફિરસ્તો તેના હાથમાંથી તલવાર ખેંચી લે છે. અબ્રહામ કસોટીમાંથી પાર ઊતરે છે, ને દીકરાને ઊભો કરીને ભેટે છે. આઈઝૅકના સ્વાભાવિક આનંદના ઊભરાનું ચિત્ર બરાબર રજૂ થયું છે. હજુ એને આશંકા પણ છે: 'હેં બાપુ! હવે સાચેસાચ મારા પર તલવાર નહિ ચલાવો? મારે બદલે ઘેટાને વધેરશો? અરે હમણાં જ એનું ડોકું ઝાલીને અહીં ખેંચી લાવું. બાપુ! હું દેવતા સળગાવું છું. ફૂંક મારવા માટે વાંકો વળું ત્યારે તલવાર તો નહિ ચલાવો ને!'

આ રૂપકોમાંથી એટલી પ્રતીતિ જરૂર થાય છે કે કલાદૃષ્ટિએ અનેક મર્યાદા છતાં તેમણે ભાવિ નાટકો માટેની ભૂમિકા બાંધી આપી, લેખકોને નાટ્યવિષયોનું બંધન હોવા છતાં જ્યાં તક મળી ત્યાં પ્રતિભાશાળી લેખકોએ પોતાનાં ઉમેરણ કરીને કલાસૂઝની પ્રતીતિ કરાવી. તદુપરાંત આ નાટકોએ 'થીએટ્રિકલ શો' માટે લોકરુચિ પણ પેદા કરી. ભલે એ નાટકોની સામગ્રી લેખકોએ એવાં જ ફ્રેંચ રૂપકોમાંથી ઉપાડી હોય, તથાપિ પોતાની અંગ્રેજ ભૂમિનો ધબકાર તેઓ રજૂ કરી શક્યા તે જ તેમની વિશેષતા. લેખકોએ કાલવ્યુત્ક્રમનો (chronological) દોષ કરીને પણ આ રૂપકોમાં નવી તાજગી આણવા પ્રયત્ન કર્યો; તેમને સાવ બીબાંઢાળ બની જતાં અટકાવ્યાં. દા. ત. ભરવાડના ઘેટાની ચોરી અંગેના નાટકમાં ભરવાડો પૅલેસ્ટાઈનના નથી જ. સમગ્ર વાતાવરણ લેખકોએ ઈંગ્લૅન્ડના કોઈક પરગણાનું જ ઉપસાવ્યું છે. નોઆની કુભારજા (Cursed shrew) એ કોઈ ઐતિહાસિક કે પૌરાણિક પાત્ર નથી, અંગ્રેજી સમાજની જ કોઈક નારી છે. 'The crucifixion' (ઈસુવધ) રૂપકમાં પણ ઈસુનો વધ કરનારા પુરાણકાળનાં પાત્રો નથી, સમકાલીન ગ્રામસમાજના પ્રતિનિધિઓ છે. તેમને મૂળના ઐતિહાસિક સંદર્ભ સાથે કશી લેવાદેવા નથી.

ગમે તેમ, પણ 'મિસ્ટરી પ્લેઈઝ' અને 'મિરૅકલ પ્લેઈઝ' અંગ્રેજી નાટ્યવિકાસમાં પાયાના પથ્થર રૂપ બન્યાં. એ રૂપકોના વિકાસમાંથી જ શેક્સપીઅરનાં ગૌરવશાળી નાટકોનું ખુશનુમા પ્રભાત પ્રગટ્યું. (ચાલુ)

*Now I would my mother were here on this hill!
She would kneel for me on both her knees
To save my life.
And since that my mother is not here,
I pray you, father, change your Cheer,
And kill me not with your knife.

(Everyman And Medieval plays,
Edited by A. C. Cawley p. 58)

'કુમાર'ની પહેલી પેઢી

જૂનામાં જૂના ગ્રાહકોનું સર્વેક્ષણ

સુવર્ણજયંતી અંકમાં નામ છાપીશું

આ પચાસ વર્ષમાં 'કુમાર'ના ગ્રાહકોની ત્રણ પેઢી થઈ. પહેલી પેઢી શરૂથી તે ૨૦૦મા અંક સુધીની લગભગ ૧૭ વર્ષની; બીજી તે પછી ૪૦૦મા અંક સુધીમાં સળંગ ચાલુ રહી ને એ ગાળામાં શરૂ થએલી ત્રીજી પેઢી ચાલુ છે.

એવા સંખ્યાબંધ 'કુમાર'ગ્રાહકો છે કે જેઓ તેના પહેલા જ અંકથી આજ સુધી સળંગ ગ્રાહક રહ્યા છે. 'કુમાર' આજે જ્યારે તેનું કનકપર્વ ઊજવે છે ત્યારે, એવા **સળંગ ચાલુ રહેલા આદિગ્રાહકોથી** પરિચિત થવાની અને સમગ્ર 'કુમાર' પરિવારને તેમનો પરિચય કરાવવાની અમને હોંશ છે. એટલે સૌ ગ્રાહકોને અમારી જાહેર વિનંતિ છે કે **જેઓ પહેલા અંકથી તે આજ સુધી સળંગ ગ્રાહક રહ્યા હોય તે એક પોસ્ટ કાર્ડ પર પોતાનાં નામ-સરનામાં તથા આજનો ગ્રાહક નંબર લખી મોકલે. અમે એ ૬૦૦મા અંકમાં પ્રકટ કરીશું**

અનુસંધાન] **ગંગનાથ વિદ્યાલય** [પૃ. ૧૯૭થી

ગંગનાથ વિદ્યાલય જાણે એક સ્મશાન થઈ ગયું. અને હું જાણે કશું થયું જ નથી એવી શાંતિ મોં ઉપર ધારણ કરી છાત્રાલયમાં ફરી વળ્યો અને વર્ગોમાં ભણાવવા લાગ્યો.

આગલા દિવસના એક કિસ્સો કહેતાં ભૂલી ગયો. એક 'ધર્મનિષ્ઠ' મહારાષ્ટ્રી અધ્યાપક મારી પાસે આવીને મને કહેવા લાગ્યા: 'કાકાસાહેબ આ વડોદરા રાજમાં કોઈ કાળે બન્યું ન હતું એવું પગલું ભરવા માગો છો? તમને ખયાલ છે સંસ્થામાં એકે મહારાષ્ટ્રી વિદ્યાર્થી કે અધ્યાપક રહેવાનો નથી?' આમ દમ ભરાવવા આવેલા અધ્યાપક પ્રત્યે મનમાં આવેલી ચીડ દબાવીને હસતાં હસતાં મેં કહ્યું: 'ભલા માણસ, આ સુધારો કરનાર એક મહારાષ્ટ્રી બ્રાહ્મણ જ છે. અને બાકી બધા જાય તો આ બ્રાહ્મણ અહીં ટકવાનો જ છે. તમે શી રીતે કહો કે એકે મહારાષ્ટ્રી ટકવાનો નથી?' ખરેખર તે દિવસે પહેલી વાર મારા મનમાં અભિમાન જાગ્યું કે હું એક અનોખો મહારાષ્ટ્રી બ્રાહ્મણ છું!

સ્મશાન જેવા છાત્રાલયમાં મળે તેવો ખોરાક ખાઈ લઈને અમે ચલાવ્યું. આખા વડોદરામાં એક જ ચર્ચા અને એક જ હો હા! પણ મારી દૃઢતાની અંતે જીત થઈ. આઠ દિવસની અંદર બેચાર ગરીબ મહારાષ્ટ્રી વિદ્યાર્થીઓ પાછા આવી દાખલ થયા. કેટલાક મહારાષ્ટ્રી બ્રાહ્મણ કારકુનો, જેઓ રાજમાં નોકરી કરતા હતા તેમના દીકરાઓ પણ આવતા થયા, અને સંસ્થા પહેલાંની પેઠે ફરી ચાલવા લાગી. મારે ફક્ત નવા રસોઇયાઓને કેળવવા પાછળ ખૂબ મહેનત લેવી પડી. મદ્રાસી રસોઈયાઓ પાછા ન જ આવ્યા. એ કુશળ રસોઈયાઓને નોકરી મળવાની ચિંતા હતી જ નહિ. (ચાલુ)

અંતે હસનને પાઠ શીખવા મળ્યો

બહુ જૂના વખતમાં બગદાદમાં હારૂન અલ રશીદ નામનો એક બાદશાહ રાજ કરતો હતો. એ ઘણો દયાળુ તથા ન્યાયી હતો. એના રાજમાં પ્રજા બહુ સુખી હતી. લોકો અરસપરસ વિશ્વાસ કરતા અને એકબીજાને મદદ કરતા.

બાદશાહના દરબારમાં એક નોકર હતો. એનું નામ હસન. હસનને ફાતિમા નામની એક પત્ની હતી. હસન બહુ જ કંજૂસ હતો, તો એની પત્ની હસન કરતાં યે વધુ લોભી હતી. હસનને સારો પગાર મળતો છતાં તેઓ પૈસા બચાવવા સારુ એક ઝૂંપડા જેવા ઘરમાં રહેતાં અને ફાટ્યાંતૂટ્યાં કપડાં પહેરતાં. ખોરાક તો એવો ખાતાં કે જેને કૂતરું પણ ન સૂંઘે. આમ ખૂબ ઓછો ખર્ચ કરી બંને પૈસા બચાવતાં અને એમાં જ આનંદ માનીને રહેતાં. રોજ રાતે તેઓ બંને બચાવેલા પૈસા ગણતાં અને રોજેરોજ એમાં વધારો થતો જોઈને વધુ ને વધુ રાજી થતાં. દિવસે દિવસે હસન અને ફાતિમાનો લોભ વધતો ગયો અને પછી તો એમને ખાવા-પીવાની ચીજો માટે પણ પૈસા ખરચતાં વસમું લાગવા માંડયું.

એટલે હવે તેઓ એ ખોરાકી ખર્ચના પૈસા પણ કેમ બચાવવા તેનો વિચાર કરવા લાગ્યાં. એક દિવસ ફાતિમાને એક યુક્તિ સૂઝી ગઈ. હસન જ્યારે દરબારમાં નોકરી કરવા ગયો ત્યારે ફાતિમાએ બજારમાં વેપારીઓ પાસે જઈને કહ્યું કે, 'બાદશાહે હસનને કેદમાં નાખ્યો છે અને હું સાવ એકલી પડી ગઈ છું. મારી પાસે તો ખાવાનું ખરીદવાના યે પૈસા નથી. હવે હું શું કરું?' આમ કહી ફાતિમા તો ઢોંગથી રડવા લાગી. વેપારીઓને ફાતિમા પર દયા આવી અને એમણે સૌએ થોડીથોડી ચીજવસ્તુઓ એને મફત આપી.

જો કે વેપારીઓ જાણતા હતા કે બાદશાહ તો બહુ દયાળુ છે અને ન્યાયી છે. એટલે હસનને એણે શા માટે કેદમાં નાખ્યો હશે તે એમને સમજાયું નહિ. પણ ફાતિમાએ રડવાનું એવું તો નાટક કર્યું ને એવી બનાવટી વાતો કરી કે તેઓએ એની વાત સાચી માની લીધી ને એને મદદ કરી.

રાતે હસન ઘેર આવ્યો ત્યારે ફાતિમાએ પોતાની યુક્તિની વાત કરી. આથી તો ખાવાનાનો એક પૈસો ય ખરચવો નહોતો પડ્યો. એટલા વધુ પૈસા બચી જતાં તેઓ તો રાજી રાજી થઈ ગયાં.

થોડા દિવસ તો ફાતિમાની આ યુક્તિ ચાલી. વેપારીઓ એના પર દયા લાવી રોજ એને કંઈ ને કંઈ આપતા રહ્યા. પણ પછી એમણે વચ્ચે પડી બાદશાહને વિનતિ કરીને હસનને કેદમાંથી છોડાવવાનો વિચાર કર્યો. એમણે ફાતિમાને એ વાત કરીને કહ્યું: 'ફાતિમા, તું હવે બહુ મૂંઝાઈશ નહિ. અમે બાદશાહને મળીને હસનને માફ કરીને છોડી મૂકવા સમજાવીશું.'

પણ એમ થાય તો તો ફાતિમાની પોલ પકડાઈ જાય. વેપારીઓની વાત સાંભળી તુરત એણે કહ્યું: 'ના, ના. જોજો એમ કરતા! બાદશાહ તો બહુ જ ગુસ્સે ભરાએલા છે. તમે છોડાવવા જશો ને એ કદાચ વધુ ગુસ્સે થઈ ને મારા હસનની હત્યા કરાવશે તો? માટે મહેરબાની કરી એની પાસે હસનનું તો નામ પણ લેશો નહિ.'

'પણ ફાતિમા, તું આમ ક્યાં સુધી ચલાવશે? અમે પણ તને કેટલી મદદ કરીએ? તારે સગાંસંબંધીઓ પણ હશે જ ને? એમની પાસેથી તારે મદદ મેળવવી જોઈએ.'

'હા, તમારી વાત ખરી છે. મારે મારાં સગાંઓને મારી સ્થિતિ જણાવવી જોઈએ.' અને પછી વેપારીઓને શંકા ન આવે એ રીતે વધારે કંઈ બોલ્યા વિના એ ચાલી ગઈ.

પણ હસન અને ફાતિમા એટલાં તો લોભિયાં હતાં કે પોતાને ત્યાં કોઈ સગું મહેમાન બની આવે એવો સંબંધ એમણે રાખ્યો જ નહોતો. પણ હવે ફાતિમા એમને અવારનવાર મળવા લાગી ને એમની પાસે પોતાનાં દુઃખ રડવા લાગી. તેઓએ પણ દયા કરી



આફ્રિકામાં નાઇજિરીઆની ઇશાને ચૅડ નામે એક વિશાળ સરોવર છે. આજુબાજુની ત્રણ નદીઓનાં પાણી એમાં ઠલવતાં રહે છે અને વરસાદમાં તો સરોવર છલોછલ થઈ જાય છે. પણ સરોવરનું પાણી બહાર નીકળવાનો કોઈ માર્ગ નથી. છતાં નિષ્ણાતો કહે છે કે ચૅડ સરોવરનો વિસ્તાર ધીરેધીરે ઘટી રહ્યો છે. પણ હજી ય એ ૭૦૦૦ ચો. માઇલમાં ફેલાએલું વિશાળ સરોવર છે. એમાં નાનાનાના અનેક બેટડા પણ છે.

આ ચૅડ સરોવરને કાંઠે વસેલા એક ગામના મુખીની પત્નીઓ આપણી અનાજ ભરવાની મોટી કોઠીઓ જેવાં આવાં ઘરોમાં રહે છે. આ ઘરમાં પ્રવેશ કરવા એનાં ઘુમ્મટ જેવાં છાપરાંમાં મોટાં બાકોરાં હોય છે અને ત્યાં પહોંચવા માટે ઝાડના થડમાંથી કોરી કાઢેલી સીડી. એ બાકોરાંને ઢાંકવા માટે સાદડી જેવાં ગૂંથેલાં ઢાંકણાં હોય છે.

પૂછડિયો પહેલવાન



હું બહાદુર બળવાન! શૂરો ને હિંમતવાન!
પહેલવાન હું પૂછડિયો છું જબરો તાકતવાન!

દુનિયામાં હું ડરું ન કો'થી, સૂણજો મારી વાત,
મોટા મોટા પહાડો તૂટે મારી એક જ લાત! ....હું

માણુસ જેવો માણુસ, તે યે ડરતો મારી ફૂંક
બીતો બીતો ચાલે, મારી પૂંઠે ઉડાડે થૂંક! ....હું

અને વળી મીની માશી તો બીએ મારી 'ચું'થી,
તેથી તો હર પળે પળે એ, ડરથી ચાલે હુંથી! ....હું

સમજે છે કે પહેલવાનનો પંજો એવો પડશે,
માશીના ભુક્કા થઈ જાશે હાડકું એક ન જડશે! ....હું

રમણલાલ સોની

ફાતિમાને થોડુંઘણું આપીને, અને જે ગરીબ હતાં એમણે પોતાના ભાણામાંથી ખાવાનું આપીને એને મદદ કરવા માંડી. પણ સાથોસાથ દયાળુ અને ન્યાયી બાદશાહે હસનને શા માટે કેદમાં ગોંધી રાખ્યો હશે એનું એમને પણ આશ્ચર્ય થતું.

ફાતિમાના આ ઢોંગ-ફરેબની વાત ધીરેધીરે એટલી ફેલાઈ ગઈ કે હસનને હવે બહુ સાચવવું પડતું. પોતાને કોઈ જોઈ ન જાય એટલા સારુ એ રોજ મોડી રાતે ઘેર આવતો અને બહુ વહેલી સવારે કામ પર ચાલ્યો જતો.

થોડા સમય પછી સગાંઓએ પણ હસનને છોડાવવા સારુ બાદશાહને વીનવવાનો વિચાર કર્યો. અને ફાતિમાએ તેઓને પણ બાદશાહ પાસે હસનનું નામ ન લેવા સમજાવ્યું.

તે રાતે હસન અને ફાતિમાએ લોકો પાસેથી પણ હવે વધુ મદદ ન માગવાનું નક્કી કર્યું અને કંઈ બીજી યુક્તિ વિચારવા લાગ્યાં.


બીજે દિવસે મોડી રાતે જ્યારે હસન ઘેર આવ્યો ત્યારે રાજમહેલમાંથી એક મોટું રત્ન ચોરી લાવ્યો. ફાતિમાને એણે કહ્યું, 'બાદશાહ પાસે તો આવાં અનેક રત્નો છે, એટલે એમાંનું એકાદ ખોવાશે તો એની એને ખબર પણ નહિ પડે.'

પણ લોભને થોભ નથી, એ ખરું જ છે. ધીરેધીરે હસન આ રીતે અવારનવાર એકએક રત્ન ચોરવા લાગ્યો. અત્યાર સુધીમાં એ બંનેએ બે કોથળી ભરાય એટલાં સોનામહોરો એકઠી કરી હતી અને હવે કેટલાંક રત્નો પણ એકઠાં થયાં.

છેવટ એક દિવસ હસને ફાતિમાને કહ્યું : 'હવે હું, જ્યાં મને કોઈ ન ઓળખે એવા દૂરના શહેરમાં જઈ ને, છાનોમાનો આ રત્નો વેચીને સોનામહોરો લઈ આવું ?' પણ ફાતિમાને એ ગમ્યું નહિ. બહારગામ જાય તો થોડો ખર્ચ પણ થાયને? એટલે એણે કહ્યું : 'ના, એમ નથી કરવું. હું જ ક્યારેક ક્યારેક બજારમાં જઈ ને એક એક કરીને આ રત્ન વેચી આવીશ. વેપારીઓને કહીશ કે અમારાં સગાં ધનવાન છે અને એમણે આ રત્ન આપ્યું છે!'

અને પછી એક દિવસ એ એક રત્ન લઈ બજારમાં ગઈ. રત્ન વેચીને એ પૈસા લઈ પણ આવી. પણ એને કે હસનને ખબર નહોતી કે રત્નો ચોરાઈ જવાની બાદશાહને જાણ થઈ ગઈ હતી. બાદશાહે વેપારીઓને કહી રાખેલું કે કોઈ રત્ન વેચવા આવે તો તેની એને જાણ કરવી. એ મુજબ ફાતિમાએ વેચેલું રત્ન વેપારીએ બાદશાહને જોવા મોકલ્યું. બાદશાહે જોયું કે એ પોતાના ખજાનામાંથી ચોરાએલાં રત્નોમાંનું જ એક હતું. એણે તુરત સિપાઈઓને ફાતિમાને ઘેર તપાસ માટે મોકલ્યા. સિપાઈઓને તો ત્યાંથી બે કોથળી સોનામહોરો તથા બાદશાહનાં ચોરાએલાં બધાં રત્નો મળી આવ્યાં. એ બધું કબજે કરીને અને ફાતિમા તથા હસનને હાથકડી પહેરાવીને એમણે એ બંનેને બાદશાહ સમક્ષ હાજર કરી દીધાં.

પોતાની છેતરપિંડી અને ચોરી પકડાઈ જવાથી હસન અને ફાતિમા તો ડરનાં માર્યાં ફફડવા લાગ્યાં. હવે નક્કી બાદશાહ આકરી સજા કરશે એની એમને ખાતરી હતી. હસન કે ફાતિમા બાદશાહની સામે આંખ પણ ઊંચી કરી ન શકે એવી સ્થિતિમાં હતાં. બાદશાહે ધીરા પણ દઢ અવાજે હસનને કહ્યું : 'હસન, તું રાજમહેલનો નોકર હોવા છતાં તે અહીં જ ચોરી કરી ? આ માટે તને મોતની જ સજા થઈ શકે એ તું જાણે છે ? વળી, તમે બંનેએ બીજા પણ ગુના કર્યા છે. એક તો મેં તને કેદમાં નાખ્યો છે એવું જૂઠાણું ચલાવી તમે મારા વેપારીઓને લૂટ્યા છે અને બીજું તમારાં સગાંસંબંધીઓને પણ છેતર્યાં છે. આ ઉપરાંત, તમે મને, તમારાં બાદશાહને પણ બદનામ કર્યો છે. આ બદલ તો તમને રિબાવી રિબાવીને મારી નાખવાં જોઈએ, પરંતુ હું એવો હુકમ નથી આપતો. વળી, હું તમને કેદમાં પણ નથી નાખતો કે તમારી મિલકત પણ જપ્ત નથી કરતો. મારે તમને બરાબર બોધપાઠ આપવો છે અને એટલા સારુ હું તમને છોડી મૂકું છું. પણ સાથોસાથ હુકમ કરું



ટેલિવિઝન સ્ટૂડિયોનો ખયાલ આપતું આ ચિત્ર છે. સ્ટૂડિયોમાં નૃત્ય-કલાકાર કાર્યક્રમ આપી રહ્યા છે. આ નૃત્ય સ્પષ્ટ અને સુંદર દેખાય એ માટે સ્ટૂડિયોની છતમાં અનેક પ્રકારનાં લાઈટની વ્યવસ્થા છે. કૅમેરામૅન એ નૃત્યને ટેલિવિઝન કૅમેરામાં ઝડપી રહ્યા છે. નૃત્યનાં વિવિધ પાસાં સ્પષ્ટ થઈ શકે એ સારુ જુદા જુદા દૃષ્ટિકોણ પર અલગઅલગ કૅમેરાની વ્યવસ્થા છે. કૅમેરાએ ઝડપેલાં દૃશ્યોનું વીજળી-તરંગોમાં રૂપાંતર કરી, એને બ્રૉડકાસ્ટ કરવા માટે કંટ્રોલરૂમમાં કેટલાક મદદનીશો એ અટપટું કાર્ય સંભાળી રહ્યા છે નૃત્ય સાથેનું સંગીત ઝડપવા માઈક્રોફોનની પણ વ્યવસ્થા છે, જેના દ્વારા ઝડપાએલા સંગીતના સૂર પણ બ્રૉડકાસ્ટ કરવાની કંટ્રોલ-રૂમમાં ગોઠવણ હોય છે. આખા કાર્યક્રમનું સંચાલન કરવા માટે કંટ્રોલરૂમમાં બેસીને દિગ્દર્શક આ બધાં કાર્યો પર ધ્યાન આપે છે. અને જરૂર પડે ત્યારે દોરવણી પણ.

આમ, ટેલિવિઝનનો કાર્યક્રમ રજૂ કરવામાં અનેક પ્રકારની અટપટી કામગીરી અને કૌશલની જરૂર છે. તેની, આવાં અનેક રંગીન ચિત્રો સાથે વિગતવાર અને સરળ સમજ આપતી 'ટેલિ-વિઝન' નામની એક પુસ્તિકા 'ચિત્રમય વિજ્ઞાન' નામની શ્રેણીમાં પ્રકટ થઈ છે. એ શ્રેણીમાં આવી બીજી પણ નવ પુસ્તિકાઓ છે: ગ્રહોની દુનિયા, વિમાન, આગગાડી અને મોટરગાડી, રૉકેટ, રેડિયો, હૅલિકૉપ્ટર, રડાર, પ્રકાશ અને વૈજ્ઞાનિક શોધો. આ બધી પુસ્તિ-કાઓમાં ૧૬-૧૬ પાનાંમાં રંગીન ચિત્રો સાથે જે તે વિષયની સરળ સમજણ આપી છે. બધીના લેખક: ધીરજલાલ ગજ્જર, પ્રકાશક: વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧. અને દરેક પુસ્તિકાની કિંમત રૂા. ૧–૫૦.

છું કે આ સોનામહોરો ભરેલી કોથળીઓ તમારા ગળે બાંધવામાં આવશે. એ ઊંચકીઊંચકીને તમે ફર્યા કરજો. મારા રાજ્યમાં કોઈ પણ તમારી એ સોનામહોરોના બદલામાં તમને ખાવા માટે બટકું રોટલો કે પાણી પણ ન આપે એવું પણ હું ફરમાન કરું છું.'


જીવ બચી ગયો એટલે પહેલાં તો હસન અને ફાતિમા રાજી થયાં. વળી, પોતાનું સોનું પણ બચી ગયું જાણી વધુ આનંદ પામ્યાં. પણ ગળે બાંધેલી સોનાની કોથળી સાથે ઘેર પહોંચતાં તો તેઓ એના ભારથી લોથ થઈ ગયાં. રસ્તામાં જે કોઈ મળે એ એમના તરફ તિરસ્કારથી જોતું. બંનેને રસ્તામાં તરસ લાગી ત્યારે જાનવરોના હવાડામાંથી પાણી પીધું. ભૂખ લાગી ત્યારે લોકોએ ફેંકી દીધેલા એઠવાડમાંથી કે કૂતરાઓએ ખાતાં વધેલા માંસના ટુકડા એમને ખાવા પડ્યા; કેમ કે બાદશાહના હુકમ પ્રમાણે કોઈ એને પાણી કે ખાવાનું આપતું નહોતું. વળી, બાદશાહે સાથે મોકલેલા સિપાઈઓ આ બંને ગળે બાંધેલી કોથળી છોડી ન શકે તેની ચોકી પણ રાખતા હતા. આમ, ભાર ઊંચકીને અને હડધૂત થતાંથતાં રાત પડી. સૂતાં ત્યારે યે પેલી કોથળી સિપાઈ-ઓએ ગળેથી છોડવા ન દીધી. બીજે દિવસે પણ એ ભાર સાથે ખાવાપીવાનાની શોધમાં એમને શેરીએ શેરીએ ભટકીને એઠવાડ ચૂંથવો પડ્યો ને ઉપરથી લોકોનો તિરસ્કાર પણ વેઠવો પડ્યો.

બબ્બે દિવસ આવી યાતના વેઠ્યા પછી અંતે ત્રાસીને બંને જણ બાદશાહ પાસે ગયાં. બાદશાહે એમને મુલાકાત આપી ત્યારે બંને જણ ચોધાર આંસુએ રડી પડ્યાં ને કહ્યું: 'ગરીબપરવર, અમારા ગુના માફ કરો. અને અમને આ સોનાના બોજમાંથી છોડાવો. આ બધું સોનું હવે આપનું જ છે, એનો જેમ યોગ્ય લાગે તેમ નિકાલ કરો.' અને પછી હસને કહ્યું: 'માલિક, મને માફ કરીને ફરી આપની પાસે નોકરીમાં રાખો. અમને બંનેને ખાવાનું મળી રહે એટલો જ પગાર આપજો. હવે મારે વધારે કંઈ જોઈતું નથી.' આટલું બોલી એ બાદશાહના પગ પાસે આળોટી પડ્યો.

બાદશાહે તુરત વજીરને બોલાવીને હુકમ આપ્યો, 'જાઓ, હસનના ગળામાં બાંધેલી સોનામહોરો બજારના જે વેપારીઓએ દયા લાવીને ફાતિમાને સહાય કરી હતી અને જેમને ફાતિમાએ છેતર્યા હતા એમનામાં વહેંચી દો. અને ફાતિમાના ગળામાં જે સોનામહોરો છે તે બધી ફાતિમાને મદદ કરનારાં એનાં સગાંઓમાં બાંટી દો. અને હસનને પાછો નોકરીમાં રાખી લો.' પછી બાદ-શાહે હસનને પૂછ્યું: 'હસન, હવે તો તને બોધપાઠ મળી ગયોને કે સોનાની કિંમત શી છે? જા, હવે નવેસરથી પ્રામાણિક રીતે જીવન જીવજે.'


(ઈરાનની લોકકથા)

અનુવાદક: જનક દવે



એક કાર્ડ લઈ એના ત્રણ સરખા ભાગ પડે એ રીતે એમાં બે ઘડી પાડો. પછી એક જાડો તાર લઈ એના બંને છેડા વાળીને આકૃતિમાં બતાવ્યા મુજબ તારને વાળી ગુંદરપટ્ટી વડે એ તારને કાર્ડના વચલા ભાગ પર ચોંટાડી દો. હવે આકૃતિ (૨)માં દર્શાવ્યા પ્રમાણે એકાદ ટચૂકડી ધાતુ કે પ્લાસ્ટિકની કડી લઈ તેમાં બે બાજુ એક સરખી લંબાઈની રબ્બરની બે રિંગ લઈને ભેરવી દો. અને એને પહેલી આકૃતિ મુજબ વાળેલા તારના છેડા પર લગાડી દો. આટલું કર્યા પછી પેલી કડીને હાથેથી ફેરવીને રબ્બરને આમળો ચડાવો અને પછી એ ખૂલી ન જાય તેમ દાબી એના પર કાર્ડના બંને બાજુંના છેડા વાળીને ઢાંકી દો. એટલે અંદર શું છે તે ખબર નહિ પડે. હવે આ કાર્ડને એક કવરમાં બીડી તમારા મિત્રને ટપાલમાં મોકલી દો. પેલા ભાઈને એ મળશે ત્યારે કવરમાંથી કાઢીને જેવું કાર્ડ ઉઘાડશે કે પેલા આમળા છૂટતાં ખરરર કરતી કડી ફરશે ને એ ચમકી જ જશે.

આ ભુલભુલામણીમાં તીરથી દર્શાવેલા માર્ગે પ્રવેશ કરીને કેટલી → ઝડપથી બહાર નીકળશો? માર્ગમાં આડી લીટી આવે ત્યાં રસ્તો બંધ.





વિવિધ કલાપ્રયોગો દ્વારા બાળકોની નિરીક્ષણ શક્તિ અને એકાગ્રતા કેળવવા સાથે એમનામાં રહેલી સર્જન-શક્તિને પ્રકટ કરવાનો પ્રયાસ કરી રહેલા, વડોદરાના હૉબી સેન્ટરની પ્રવૃત્તિઓને સારો આવકાર મળ્યો છે. આ કલાકેન્દ્રનો પરિચય અગાઉ 'કુમાર'ના ૫૮૭મા અંકમાં આપી ગયો. આ વર્ષે ત્યાંનાં આઠ-દસ-બાર વર્ષનાં બાળકોએ કરેલાં લિનોકટ્સનું એક પ્રદર્શન તેમણે યોજેલું. જેમાંથી કુ. અમીતા બી. શાહની કૃતિ ઉપર આપી છે. આવા ફૂટ-દોઢ ફૂટનાં લિનોકટની વિવિધરંગી છાપવાળાં કૅલેન્ડર પણ બનાવેલાં. આંખ અને આંગળાંની શક્તિ કેળવતા આવા પ્રયોગો આવકાર્ય છે.

કિશોરોની વાચનભૂખને સંતોષવા, એમની જ્ઞાનપિપાસાને ઉત્તેજવા અને ગુજરાતી તથા અન્ય ભારતીય ભાષાઓના કિશોર-સાહિત્યને સમૃદ્ધ કરવા ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડને હરિ ૐ આશ્રમ તરફથી મળેલા બે લાખ રૂપિયાના દાનમાંથી આરંભાએલી 'કિશોર-ભારતીય ગ્રંથમાળા'નાં સુંદર સચિત્ર છપાઈ અને પાકી બાંધણીનાં ૨૨×૨૮ સે. મી.ના કદનાં પ્રકાશનો એની કંઈક મોંઘી કિંમત છતાં પરવડે તેમણે તથા શિક્ષણ સંસ્થાઓએ વસાવવા યોગ્ય છે. એનાં આરંભનાં ત્રણ પુસ્તકો: (૧) **દેશદેશની લોકકથાઓ** (કિં. ૬/૫૦, પૃ. ૭૪) કિશોરોના પ્રેમી શ્રી મૂળશંકર ભટ્ટ સંપાદિત આ પુસ્તકમાં જુદા જુદા દેશોની ૩૧ બાળ-લોકકથાઓ અપાઈ છે. (૨) **માનવી આંખપ્રસારે છે** (કિં. ૧૦/-, પૃ. ૧૦૮) ડૉ. છોટુભાઈ સુથાર તો એમના ખગોળ વિષયક લખાણોથી ગુજરાતભરમાં જાણીતા છે. એમના જ લખેલા આ પુસ્તકમાં અનેક ચિત્રો સાથે એમણે ખગોળ વિષે વિસ્તૃત માહિતીને કિશોર સુલભ બનાવીને એ ગહન વિષયનું સ્પષ્ટ સરળ જ્ઞાન આપ્યું છે. (૩) **દેશદેશની ધર્મકથાઓ** (કિં. ૧૦/-, પૃ. ૧૦૮) સર્વ ધર્મ સમભાવની બુનિયાદને સમુચિત રીતે પ્રકટ કરતી શ્રી રમણલાલ સોનીએ લખેલી વિવિધ દેશની ૩૪ ધર્મકથાઓ.

પ્રકાશક: સોમૈયા પબ્લિકેશન પ્રા. લિમિ., ૧૭૨, નાયગાવ ક્રોસ લેઈન, મુંબઈ-૧૪.


કેટલાક પરદેશી પત્રમિત્રો: (1) Miss Ritva Jarvela, Kaustinen, 69620 Lehtikangas, Finland. Age-18. Hobbies: Music, Photography, Nature, The Fine arts, Skiing. (2) Miss Andrea G. Farkas, Petofi ut. 64 sz, 7623 Pecs, Hungary. Age-16. Hobbies: Stamps, Picture, Postcards, Excursion (3) Glen Major, Deadman's Cay, Long Island, Bahamas. Age-12. Hobbies-Kick Ball, Basket-ball, General. ઈચ્છુક પત્રમિત્રો પોતાનું પૂરું નામ-સરનામું, વય, શોખના વિષયો તથા પત્રવ્યવહારની ભાષાની વિગત સાથે મોકલી શકે છે. યથાવકાશ 'કુમાર'માં એ પ્રકટ થશે. આ સિવાય પત્રમિત્રોની બીજી કોઈ યાદી અમારી પાસે રહેતી નથી એટલે એ અંગે અન્ય પત્રવ્યવહાર ન કરવા વિનંતિ.


ઝેકડાના અમાસરીના ટેકરા પરથી મળેલા હરપ્પા-સંસ્કૃતિના અવશેષો

સંશોધક · આર. ટી. પરીખ

જગતની પ્રાચીનતમ નગરસંસ્કૃતિઓના ઇતિહાસમાં ઈસ્વીસન પૂર્વેનાં અઢી હજાર વર્ષ પહેલાંની ભારત ઉપખંડની સિંધુ સંસ્કૃતિનું સ્થાન અતિ મહત્ત્વનું છે. ઈ. ૧૯૪૭માં દેશના ભાગલા પડ્યા પછી મોંએ-જો-દરો અને હરપ્પા જેવા એના મુખ્ય પુરાવશેષો પાકિસ્તાનમાં જતાંએ સંસ્કૃતિના કોઈ ખાસ સ્થળો ભારતમાં રહેલાં નહિ, પણ દેશના પુરાતત્ત્વવિદોએ સિંધની નજીકના પ્રદેશમાં તથા પંજાબમાં સંશોધનો નતરીરાખ્યાં, જેને પરિણામે પંજાબમાં રૂપાર, દિલ્હી નજીક આલમગીરપુર, રાજસ્થાનમાં કાલીબગાન અને ગુજરાત–સૌરાષ્ટ્ર ને કચ્છમાં લોથલ, આમરા, લાખાબાવળ, સોમનાથ, રોઝડી, સુરકોટડા વગેરે સ્થળે જે અવશેષો શોધી કાઢ્યા તેનાથી હરપ્પા સંસ્કૃતિનો વિસ્તાર મનાતો હતો એ કરતાં વધુ હજારો કિલોમીટરમાં પ્રસરેલો હોવાના પુરાવા મળ્યા અને હજી યે આ દિશામાં પ્રયત્નો ચાલુ જ છે. ગુજરાત આ સંશોધનોમાં મોખરે છે એ ગૌરવની વાત છે. અમદાવાદ જિલ્લામાં લોથલ તો નાના મોંએ-જો-દરો સમું ગણાયું છે. પુરાતત્ત્વવિદ્ શ્રી રાવની રાહબરીમાં થએલાં એનાં સંશોધનથી હરપ્પા સંસ્કૃતિ ગુજરાતમાં દરિયાવાટે પ્રવેશી હશે અને અવારનવારની કુદરતી આફતો વગેરે જેવાં કારણોથી અંદરના ભાગોમાં પહોંચી હશે એવો એક મત બંધાયો.

હવે પ્રશ્ન એ થાય છે કે હરપ્પા સંસ્કૃતિ કેવળ કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના પ્રદેશોમાં જ પ્રસરેલી કે એથી યે આગળ વધીને અંદરના વિસ્તારોમાં પણ ફેલાઈ હતી? એક વિશાળ વિસ્તૃત સંસ્કૃતિ આસપાસના વિસ્તારોમાં અસર કર્યા વિના તો ન જ રહે. આ મુદ્દા પર લક્ષ કેન્દ્રિત કરીને આ લેખના લેખકે કચ્છના રણની પૂર્વમાં બનાસકાંઠા જિલ્લામાં, આર્કિયૉલૉજિકલ સર્વે ઑવ ઇંડિયાના આશ્રયે, ઈ. ૧૯૫૭માં સંશોધન આરંભ્યું. આરંભમાં પાલનપુર, ડીસા, વડગામ વગેરે તાલુકાઓમાં અને ડીસાથી ઉપર અમરગઢ સુધીના બનાસના બંને કાંઠા ઉપર ક્ષેત્રતપાસ કરી. આમાં જે કુલ પરપ ગામ તપાસ્યાં તેમાં






લાલ સપાટી પર કાળા ચિતરામણવાળા (ડાબી બાજુ) અને ચળકાટવાળા લાલ મૃદ્પાત્રના અવશેષ. આવાં ચમકવાળાં ઠીકરાં લીમડી પાસે રંગપુર (સૌરાષ્ટ્ર)માંથી પણ મળેલાં. નીચે: અમાસરીના ટેકરા પરથી મળેલાં વિવિધ ચિતરામણવાળાં ઠીકરાં

અન્ત્યાશ્મ યુગના અવશેષો, મધ્યકાલીન ટેકરાઓ, મંદિરો, શિલ્પો, સિક્કાઓ, શિલાલેખો વગેરે ઘણું મળ્યું, પણ હરપ્પા સંસ્કૃતિ પર પ્રકાશ પાડતી કોઈ ચીજ હાથ લાગી નહિ.


ત્યાર બાદ લગભગ એક દાયકા પછી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સહાયથી ફરી બનાસકાંઠાની તપાસ હાથ ધરી ને રાધનપુર, સાંતલપુર, વાવ, થરાદ વગેરે તાલુકાઓમાં છેક કચ્છના રણની પૂર્વે સરહદ સુધીના વિસ્તારમાં ક્ષેત્રતપાસ કરી. આમાં વાવ અને થરાદમાં તો કોઈ મહત્ત્વના અવશેષ ન મળ્યા, પણ છેવટ સાંતલપુર તાલુકાના ઝેકડા ગામે હરપ્પા સંસ્કૃતિ પર પ્રકાશ પાડતું શુભ પરિણામ આવ્યું.

ઝેકડા ૨૩°–૪૦' ઉ. અક્ષાંશ અને ૭૧°–૨૦' પૂર્વ રેખાંશ પર બનાસકાંઠા જિલ્લામાં સાંતલપુર તાલુકાનું એક નાનું ગામ છે. વારાહીથી એ લગભગ ૬॥ કિ. મી. પૂર્વમાં છે. પાલનપુર–ગાંધીધામ રેલમાર્ગ પરના વારાહી સ્ટેશનેથી પગ રસ્તે ઝેકડા જવાય છે. બસ માર્ગે પણ વારાહી જવાય છે. ઝેકડાની ઈશાને થોડે દૂર 'અમાસરીનો ટેકરો' છે.

આસપાસનો બધો પ્રદેશ સૂકો ને રેતાળ છે. બાવળ, પીલુ ને થોર સિવાય ભાગ્યે જ કોઈ બીજું વૃક્ષ ત્યાં દેખાય છે. વરસાદ પણ નહિવત્ પડતો હોઈ ખેતી પણ ખાસ થતી નથી. ઝેકડાથી ચારેક કિ. મી. દૂર લાંબા વિસ્તારમાં ગેરુઆ રંગની જમીન પથરાએલી છે, જેમાં અકીક, જાસ્પર, ક્વાર્ટ્ઝ વગેરે જેવા ઊંચી જાતના પથ્થરો સારા પ્રમાણમાં મળી આવે છે.







સાદાં અને સફેદ ચિતરામણવાળાં ઠીકરાં. આ સફેદ ચિતરામણ એ રાજસ્થાનની બનારસ સંસ્કૃતિનું એક મુખ્ય લક્ષણ છે. સુરકોટડામાંથી પણ આવા અવશેષ મળ્યા છે. એ પરથી માની શકાય કે અમાસરીના સ્થાને એક કાળે હરપ્પા, બનાસ (રાજસ્થાન) અને સૌરાષ્ટ્રમાંથી આવેલી સંસ્કૃતિનો ત્રિભેટો હશે. જમણી બાજુ આ ટેકરા પરથી જ મળેલા 'રીઝર્ડ સ્લિપ વેઅર'ના નમૂના. સિંધમાં મોંએ-જો-દરો અને બાલ્કિસ ખીણમાં બ્રક, ઊર અને કીશમાં તથા લોથલમાંથી આવાં ઠીકરાં મળ્યાં છે.

અમાસરીનો ટેકરો ઊંચો નથી. બહુ બહુ તો ચાર-પાંચ મીટરની ઊંચાઈ છે. પૂર્વથી પશ્ચિમ તરફ ઢળતો, વચ્ચેથી બેઠેલો આ ટેકરો એકાદ હજાર ચોરસ મીટરમાં પથરાએલો છે. થોડા સમય પહેલાં દુષ્કાળ રાહત-કાર્યમાં બાજુના એક તળાવની પાળ બાંધવા માટે આ ટેકરાને ખોદી તેના થોડા ભાગની માટી કામમાં લેવાઈ છે.

લેખકને આ અમાસરીના ટેકરા પરથી જ હરપ્પા સંસ્કૃતિ પર પ્રકાશ પાડતા અવશેષો મળ્યા. તેમાં મુખ્યત્વે સાદાં તેમજ ચીતરેલાં તથા પકાવેલી માટીનાં પાત્રોનાં ઠીકરાં અને કેટલાક અન્ત્યાશ્મ યુગના અવશેષો છે અને લગભગ સપાટી પરથી જ તે પ્રાપ્ત થયા છે.

મૃદ્પાત્રોનાં જે ઠીકરાં મળ્યાં છે તે લાલ તથા કથ્થાઈ સપાટી પર કાળાં ચિતરામણવાળાં, સાદાં લાલ મજબૂત અને લાલ તથા કાળી સપાટી પર સફેદ ચિતરામણવાળાં અને પુરાતત્ત્વવિદો જેને 'રીઝર્ડ સ્લિપ વેઅર' નામે ઓળખે છે તે પ્રકારનાં ઠીકરાં છે. આ ઠીકરાં પરથી એ ઊંચી બેઠકવાળી તાસક, સાદી તાસક, કટોરા ને નાનીમોટી કોઠી જેવાં પાત્રોનાં હોવાનું જણાય છે. આ પ્રાથમિક પ્રાપ્તિ પરથી કહી શકાય કે ઉત્ખનન કરતાં અહીંથી ઉત્તર હરપ્પન અને હરપ્પનોત્તર સંસ્કૃતિ પર પ્રકાશ પાડતા વધુ અવશેષો અવશ્ય મળી શકશે.

પ્રાપ્ત અવશેષો પરથી પણ એમ કહી શકાય કે હરપ્પન સંસ્કૃતિ માત્ર કચ્છ, સૌરાષ્ટ્ર કે દક્ષિણ ગુજરાતના દરિયાકિનારાના પ્રદેશોમાં જ નહિ પણ કચ્છના નાના રણને ઓળંગી પાસેના ઉત્તર ગુજરાતમાં પણ પ્રવેશી હતી. વળી, આથી યે આગળ પાટણ તરફ પણ વિસ્તરી હશે. આ દિશામાં વધુ સંશોધનો થતાં એના પુરાવા પણ મળશે જ.

અમાસરીના ટેકરા પરથી મળેલાં ચળકાટવાળાં લાલ ઠીકરાં આ પ્રદેશનો સૌરાષ્ટ્ર સાથેનો સંબંધ સૂચવે છે. કેમ કે આ જ પ્રકારનાં ઠીકરાં લીમડી પાસે રંગપુરમાં શ્રી રાવે કરેલાં ઉત્ખનનમાં મળ્યાં હતાં. પુરાતત્ત્વવિદ્યામાં ઠીકરાં પરથી સંસ્કૃતિનો નિર્ણય કરવામાં આવે છે. એ રીતે રંગપુર કદાચ આ પ્રકારનાં મૃદ્પાત્રોવાળી સંસ્કૃતિનું ઉગમસ્થાન પણ ગણી શકાય. રાજસ્થાનમાં ઉદયપુર પાસે આહરના ટેકરા ઉપરથી પણ આવાં ઠીકરાં મળ્યાં છે જેના પરથી કલ્પી શકાય કે ચમકવાળાં લાલ ઠીકરાંવાળી સંસ્કૃતિ સૌરાષ્ટ્રમાંથી ઉત્તર ગુજરાતમાં ઝેકડા થઈને લૂણી નદીના માર્ગે રાજસ્થાનના એ ભાગ સુધી પહોંચી હશે. પણ આવો નિર્ણય લેતાં પહેલાં લૂણી નદીના બંને કિનારા પરનાં ગામોની ક્ષેત્રતપાસ કરી લેવી જરૂરી છે.

કચ્છમાં શ્રી જગતપતિ જોષીને સુરકોટડાના ઉત્ખનનમાં પહેલા કાળના છેલ્લા ભાગમાં સફેદ ચિતરામણવાળાં લાલ અને કાળાં ઠીકરાં મળ્યાં છે. આ સફેદ ચિતરામણ એ રાજસ્થાનની બનાસ સંસ્કૃતિનું એક મુખ્ય લક્ષણ છે. હવે આ ઠીકરાં સુરકોટડા કયા માર્ગે પહોંચ્યાં એ વિચારણીય છે. ઝેકડામાં પણ એ પ્રાપ્ત થતાં હવે એમ કહી શકાય કે બનાસ સંસ્કૃતિ ઝેકડા માર્ગે કચ્છ સુધી પહોંચી હશે? જો એમ હોય તો અમાસરીનો ટેકરો એ હરપ્પા, બનાસ અને ચમકવાળાં લાલ ઠીકરાંની એટલે કે કચ્છ, રાજસ્થાન અને સૌરાષ્ટ્રમાંથી આવેલી સંસ્કૃતિનો ત્રિભેટો હતો એમ કલ્પી શકાય.

આ ઉપરાંત, અમાસરીના ટેકરા પરથી 'રીઝર્ડ સ્લિપ વેઅર' તરીકે ઓળખાતાં પાત્રોનાં ઠીકરાં પણ મળ્યાં છે. આવાં ઠીકરાં લોથલના ઉત્ખનનમાં પહેલા કાળમાંથી, સિંધમાં મોંએ-જો-દરોમાંથી અને બાલ્કિસ ખીણમાં બ્રક, ઊર, કીશમાં પણ મળ્યાં છે. આ રીતે અમાસરીના ટેકરાની પ્રાચીનતા પણ ઊંડા ભૂતકાળ ભણી દોરી જાય છે.

આમ, હરપ્પા સંસ્કૃતિના અવશેષો કચ્છના રણની પૂર્વે છેક બનાસ-કાંઠાથી મળ્યા હોઈ એ સંસ્કૃતિનું પ્રસરણ દ. રાજસ્થાન ને ઉત્તર ગુજરાત સુધી વિસ્તર્યું હોવાનું તો સિદ્ધ થાય છે અને એ રીતે આ પ્રદેશનો ઇતિહાસ પણ ઈ. સ. પૂર્વે બે અઢી હજાર વર્ષ સુધીનો પ્રાચીન હોવાનું પણ નિશ્ચિત થાય છે જ. ભવિષ્યનાં સંશોધનો તેના પર હજી યે વધુ પ્રકાશ પાડશે એમ હવે સરળતાથી કહી શકાય. □

કલાકારોનું મગજ ગરમ થઇ જાય છે

સાચી કલાકૃતિ તો સૌને રસ આપે... કલા શા માટે બધા લોકોને રસ પડે એવી થવા ન ઇચ્છે?...કલાકાર શા માટે પોતાના એક નાના વાડામાં જ પોતાને પૂરી રાખે?... શ્રેષ્ઠ વિચાર, દર્શન અથવા ધર્મની ગરિષ્ઠ વાણી સૌને જ અસર કરે છે. હું તો એવા પ્રકારની વિશેષજ્ઞતા ઉપર મોહી પડતો જ નથી, જેનો અર્થ અને વ્યંજના બેચાર જણ સિવાય બધાંને ઉખાણા જેવી લાગે. તેનું મને તો એક જ પરિણામ આવતું દેખાય છે કે કલાકારોનું મગજ ગરમ થઈ જાય છે—બધા પ્રત્યે લાગણીને બદલે તેમનાં મનમાં અવજ્ઞા જન્મે છે...કલાને નામે આત્મસંતોષ અને આત્મવંચનાને ન પોષો. યાદ રાખો કે તમારી કલા જેટલે અંશે સાધારણ માણસના કામમાં આવશે, તેટલે જ અંશે તે શુભ કહેવાશે.

('તીર્થસલિલ') ગાંધીજી

કુ. ઊર્મિ પરીખ

જેનું નામ તેવા ગુણ. કલાની એમની વાતો પણ ઊર્મિસભર અને ઉત્સાહથી છલકાતી. એમની કૃતિઓમાં વિષય અને શૈલીનું વૈવિધ્ય પણ જાણે આ જ બાબત દર્શાવે છે.

અમદાવાદના શેઠ ચી. ન. કલામહાવિદ્યાલયના આચાર્ય અને ગુજરાતના જાણીતા ચિત્રકાર શ્રી રસિકલાલ પરીખનાં એ પુત્રી. જન્મ અમદાવાદમાં ૨૩મી માર્ચ ૧૯૪૮માં. ચિત્રકાર પિતા અને કલારસિક માતા વિદ્યાબેનના પાલનમાં એમને કલાના સંસ્કારો તો બચપણથી જ મળ્યા, અને ઘરમાં ચિત્રકલાનું પ્રત્યક્ષ જ્ઞાન પણ; પરિણામે કુ. ઊર્મિની કલાશક્તિ નાનપણથી જ ઉત્તરોત્તર પાંગરતી ગઈ. ચી.ન. વિદ્યાવિહારના ચિત્ર-સંગીત નૃત્યમય વાતાવરણમાં બાલવયે એમણે ચિત્રકાર શ્રી રશ્મિ ખત્રી અને શ્રી માનસિંગ છારા પાસે ચિત્રકામના પાઠ લીધા; ને મોટાંમોટાં ચિત્રો કરવાની હિંમત સાથે 'શંકર્સ વીકલી', 'ફાઇન્ડિગ આઉટ' તથા ગુજરાત રાજ્ય કલા પ્રદર્શનોમાં ને મ્હૈસૂરના દશેરા પ્રદર્શનમાં ચિત્રકામ અંગે પારિતોષિકો પામવા જેટલી સિદ્ધિ તો એમણે વિદ્યાર્થી અવસ્થામાં જ મેળવી લીધી હતી.

મનની ઇચ્છા તો હતી ભણીને દાક્તર થવાની, પણ ખુદ પોતાની જ અતિ નાદુરસ્ત તબિયતને



△ તાજેતરમાં પોતે કરેલી પોતાની છબિ અને (જમણી બાજુ) આરંભકાળનો એક સ્કેચ.



કારણે એ ખયાલ છોડવો પડચો, અને એસ. એસ. સી. પછી કલામહાવિદ્યાલયમાં જ ચિત્રશિક્ષણ અંગેનો અભ્યાસ કરવા સાથે શ્રી નાગજીભાઈ ચૌહાણ પાસે કલાની તાલીમ લઈ ડિપ્લોમા મેળવ્યો. આ કલાભ્યાસ દરમિયાન જ ચિત્રાલેખન ઉપરાંત તસ્વીરાલેખનમાં વધુ રસ જાગ્યો અને એની સવિશેષ સાધના દરમિયાન અવારનવાર મળે તે પાત્ર શોધી–બિસાડીને એમણે છબિચિત્રોની માળાઓ ચીતરી કાઢી.

ઈ. ૧૯૭૦માં એમણે પોતાનાં જ ચિત્રોનું એક પ્રદર્શન યોજ્યું. '૭૨માં લગભગ ૮૦ જેટલાં

શ્રીમતી વિદ્યાબેન પરીખ

જેમનો અહીં પરિચય આપ્યો છે એ ચિત્રકાર કુ. ઊર્મિને ચિત્રકાર પિતા શ્રી રસિકલાલ પરીખનું માર્ગદર્શન મળે એ તો સ્વાભાવિક છે અને એમાં પદ્ધતિસરના કલાશિક્ષણનો ઓપ પણ છે. પણ એમનાં માતા વિદ્યાબેનના કલાપ્રયોગો જોતાં કલાનો પ્રેરણાસ્રોત એ તરફથી પણ વહ્યો હોવાની પ્રતીતિ મળે છે.

એમના સમયમાં સ્ત્રી માટે પર્યાપ્ત એટલું ૭ ધોરણ સુધીનું શિક્ષણ વિદ્યાબેનને મળેલું.



૧૯૩૧માં રસિકભાઈ સાથે લગ્ન થયાં ત્યાર સુધીમાં ભરતગૂંથણ જેવું સ્ત્રીસહજ કલાકૌશલ તો તેમણે પણ મેળવેલું. પણ ચિત્રકાર પતિના સહવાસે એમના કલાવિષયક જ્ઞાન ને સમજનું ફલક વિસ્તાર્યું અને એથી પ્રેરાઇને એમણે નજીકમાં જ રહેતા કલાગુરુ શ્રી રવિશંકર રાવળને ત્યાં જઈ ચિત્રકામના પાઠ શીખવા માંડચા. ચિત્રકાર બનવાનો એ પ્રયાસ નહોતો, પણ એનાથી કલાનાં મૂલ્ય ને મહત્ત્વની સમજ કેળવાઈ.


ગૃહજંજાળમાંથી વખત કાઢી એમણે સીવતાં વધેલા કાપડના રંગબેરંગી ટુકડાઓને વિવિધ આકારે કાપી, જોડી, એના પર યોગ્ય ભરત ભરી સુંદર ચિત્રાત્મક પરદા બનાવવા પર હાથ અજમાવવા માંડચો, અને એમાં જે સિદ્ધિ મેળવી તેનો એક નમૂનો આ સાથે આપ્યો છે. ચિત્રસર્જનના નહિ પણ શોભનના આશયથી બનાવેલા આવા પરદા બનાવવા પાછળ કેટલાં ધૈર્ય, ખંત અને કૌશલની જરૂર પડે છે એ તો ઘણી બહેનો જાણતી હશે. આ ઉપરાંત બાટિક પર પણ એમણે હાથ અજમાવ્યો છે.

આજે તો તેઓ વન વટાવી દાદીમાના પદે પહોંચ્યાં છે, પણ હજી યે સ્કેચિંગ કરવા જતાં સંકોચાતાં નથી. કલાશાળા તો ઘરઆંગણે જ છે એટલે ત્યાં કે શહેરમાં યોજાએલાં કલાપ્રદર્શનો પણ તેઓ ચૂકતાં નથી. કુ. ઊર્મિની કલા સાધનામાં પ્રયોગશીલતા ને ખંતભર્યા પરિ-



શ્રમનાં તત્ત્વનો મૂળ સ્રોત આમ સહેજે પરખી શકાય તેમ છે.

—નટુ પરીખ



મહાવસ્ત્ર માટે કુટુંબીઓની આંખોનાં કરેલાં આલેખનો. છેક નીચે પોતાની અને તેની ઉપર ડાબી બાજુ પિતા રસિકલાલની તથા જમણી બાજુ માતાની આંખો, મથાળે બે બહેનોની આંખ. લાક્ષણિકતા પરની કુ. ઊર્મિની પકડની દ્યોતક.



આરંભકાળનું એક લીનોકટ અને (નીચે) એક બાળવયનું પેસ્ટલ ડ્રૉઇંગ.



નીચે: પનિહારી-૧૯૬૭માં બનાવેલું ચિત્ર.



૧૯૬૯માં કરેલું ચિત્ર. વિવિધ ચિત્રવસ્તુનું ભારતીય ઢબે કરેલું સંયોજન. ચિત્રકલાના અભ્યાસ-કાળના આરંભના ગુરુઓ તથા પિતાની ચિત્રશૈલીનો શરૂઆતનો પ્રભાવ કુ. ઊર્મિનાં શરૂઆતનાં ચિત્રોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે ને સાથોસાથ ચિત્રાલેખનની વિવિધ રીતો પરની પ્રયોગશીલતા પણ.



કેવળ તસ્વીરચિત્રો પોર્ટ્રેઇટ્સ જ રજૂ કર્યાં. સાત સમાનધર્મી કલાકાર મિત્રો સાથે મળી 'વિબગ્યોર' (VIBGYOR-ક્રમાનુસારી સાત રંગોના અંગ્રેજી શબ્દોના પ્રથમાક્ષરો મેઘધનુષ મંડળ) નામે એક મંડળ રચી ગયા ડિસેમ્બરમાં એ મિત્રો સાથે દિલ્હીની 'ત્રિવેણી આર્ટ ગૅલેરી'માં એક ચિત્રપ્રદર્શન યોજ્યું તેને પણ ત્યાંના કલામર્મજ્ઞોએ સારો આવકાર આપ્યો.

પણ આ દરમિયાન હંમેશ કંઈ નવીનવી અજમાયેશ કરવાની એમની પ્રયોગશીલતાને કારણે જ એમણે પિતાની અને અન્ય ચિત્રકારોની આરંભકાળની (અનુ. પૃષ્ઠ ૧૮૪)





તસ્વીરાલેખન પ્રતિનો પક્ષપાત તથા તેમાં મેળવેલી સિદ્ધિનું દ્યોતક કુ. ઊર્મિનાં ત્રણ છબિચિત્રો. એમાં એમણે જલરંગ અને તૈલરંગ બંને અજમાવ્યા છે.




ઉપર નંદી પર આરૂઢ શિવ-પાર્વતી અને જમણી બાજુ ગણેશ પાસે બેઠેલી લગ્નોદ્યતા કન્યા. વિગતોની આળપંપાળમાંથી મુક્ત થઈ કેવળ મુખ્ય આકાર પ્રતિ વધારેલો ઝોક. નીચે ડાબી બાજુ છેડે એક દૃશ્યચિત્ર. વચ્ચે જુદી શૈલીની આલેખનાની અજમાયશ અને છેલ્લે 'પૃથ્વીનો આત્મા' જેવા ગહન વિષય પરની માત્ર રંગ અને આકાર દ્વારા અભિવ્યક્તિના આરંભનું સૂચન.





(અનુ. પૃ. ૧૮૨) અસરથી મુક્ત બની પોતાની આગવી શક્તિઓ સિદ્ધ કરવા માંડી છે. ચિત્રકૃતિઓના સતત ઊતરતા રહેતા ફાલમાં એમની પીંછીની કોઈ એકની એક લઢણ જોવા મળતી નથી. અવનવા ચિત્ર વિષયો, વિવિધ આલેખન શૈલીઓ ને જુદાં જુદાં માધ્યમો પર એમના પ્રયોગ ચાલતા જ રહ્યા છે. પરિણામે એમની પીંછીમાં જડતા નથી. ચિત્રવિષયને ગૌણ બનાવી રંગ અને રૂપના આયોજન પ્રતિ ઢળતી એમની ચિત્રાલેખના એમની કલાભિવ્યક્તિ પ્રત્યેની જાગરૂકતાની દ્યોતક છે.

અનેક પાત્રોથી ભરચક પૌરાણિક પ્રસંગો ને રોજિંદા જીવનનાં દૃશ્યોથી આરંભાએલી એમની કળા પેસ્ટલ અને વૉટર કલર છોડી હમણાં ઑઈલ કલર દ્વારા કૅનવાસ પર ઊતરી સામાન્ય એવા વિષયને પણ રંગ અને રચનાના કસબથી અનેરો ઉઠાવ આપવા લાગી છે. એમની આ પ્રયોગશીલતાનાં ફળ પણ એમને મળતાં જ રહ્યાં છે. પોતાની કલાશક્તિના વિકાસની સાથે સાથે એમની અનેક કૃતિઓને તેઓ ખાનગી ચિત્રસંગ્રહોથી માંડી દેશના અને વિદેશના સંગ્રહો સુધી પહોંચાડી શક્યાં છે. અને હજી તો એમની સાધના જારી છે જે અનેક શિખરો સર કરવા જેટલું જોમ ને થનગનાટ દાખવી રહી છે. આ તપસ્યા એમને નહિ ફળે?

નટુ પરીખ



'માનવપરિવાર' પ્રદર્શનનું પ્રતીક-બંસીવાદક

ફોટો-કલાકાર એડવર્ડ સ્ટાઈકેન

ગઈ ૨૫મી માર્ચે અમેરિકાના એક વિખ્યાત ફોટો-કલાકાર 'એડવર્ડ સ્ટાઈકેનનું અવસાન થયું. ઈ. ૧૮૭૯ની ૨૭મી માર્ચે લક્ઝમબર્ગમાં એમનો જન્મ. પિતા જીન પીએરે અને માતા મેરી કેમ્પસ્ટાઈકેનના એ એકના એક પુત્ર. એની ત્રણેક વર્ષની વયે કુટુંબ અમેરિકામાં મિશિગન રાજ્યમાં હૅકૉક જઈ વસ્યું, જ્યાં પિતા તાંબાની ખાણમાં કામ કરતા. એડવર્ડની બહેન લિલિયન મોલા અમેરિકાના સુખ્યાત કવિ કાર્લ સૅન્ડબર્ગને પરણેલી.

સોળેક વર્ષની વયે એડવર્ડે એક કૅમેરા ખરીદી પચાસેક જેટલા ફોટો પાડયા જેમાંથી માત્ર એક જ ફોટો પ્રિન્ટ કઢાવવાને યોગ્ય હતો, પણ માતાએ એને વખાણીને પુત્રને પ્રોત્સાહન આપ્યું. એટલે વધુ ને વધુ અખતરા કરતા રહી એડવર્ડે નામી કલાકારોની ચિત્રકૃતિઓ જેવી કુમાશ પોતાનાં ચિત્રોમાં ઉતારવાના પ્રયત્નો આદર્યા. જેને અંતે, ૧૮૯૮માં પહેલી વાર તે પોતાના ફોટો પ્રતિ લોકોનું લક્ષ ખેંચવામાં સફળ થયા. અને પછી તો એમની પ્રયોગશીલ પ્રગતિ ઉત્તરોત્તર વધતી ચાલી.



એડવર્ડ સ્ટાઈકેન

ઈ. ૧૯૧૭માં અમેરિકા પણ યુરોપમાં ચાલી રહેલા મહાયુદ્ધમાં ઊતર્યું ત્યારે તેઓ ફોટોગ્રાફર તરીકે હવાઈ દળમાં જોડાયા અને તેમાં તેઓ એ વિભાગના ઉપરી બન્યા. ફોટોગ્રાફીમાં એમણે અનેક આગવા પ્રયોગો કરી નામના મેળવી હતી.

આમ, તસવીરકાર તરીકે તો એમની પ્રતિષ્ઠા સ્થપાઈ ચૂકી હતી, પણ એમને જગત્ખ્યાતિ તો મળી એમણે ઈ. ૧૯૫૫માં ન્યૂ યૉર્કના મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટને માટે તૈયાર કરેલા માનવપરિવાર-'ધ ફૅમિલી ઑવ મૅન' નામક એક અદ્વિતીય ફોટો-પ્રદર્શનથી. એ માટે દુનિયાભરમાંથી આવેલાં ૨૦ લાખ જેટલાં ફોટોચિત્રોમાંથી, બે વર્ષથી યે વધુ સમય લઈ, એમાંથી તારવીતારવીને ૬૮ દેશોના ૨૭૩ જેટલા નામી-અનામી ફોટોગ્રાફરોનાં ૫૦૩ ચુનંદાં ચિત્રો પસંદ કરી, એના દ્વારા એમણે સમગ્ર દુનિયાના માનવજીવનની એકરૂપતાનું એક મહાગાન રજૂ કર્યું હતું. કોઈ પણ પ્રકારના ભેદભાવ કે જરા સરખી એ વિકૃતિ વિનાની એ ચિત્રસંચયની રજૂઆતમાં સાર્વત્રિક આંતરરાષ્ટ્રીય મૂલ્ય ધરાવતું સુંદર આયોજન હતું.

વિવિધ રાષ્ટ્રો અને પ્રજાઓ વચ્ચે સુમેળ અને સંવાદ સ્થાપવાની તેમાં શક્તિ હતી. 'વસુધૈવ કુટુંબકમ્'ની માનવતા ભરેલી માંગલ્યદર્શી ભાવનાનું એ કલાત્મક દર્શન હતું. 'કુમાર'ના ૩૯૧મા અંકમાં એ પ્રદર્શનનો વિસ્તૃત પરિચય તથા એ અને એ પછીના અંક ૩૯૩ તથા ૩૯૭માં મળી એ પ્રદર્શનમાં રજૂ થએલાં ૨૯ જેટલાં સુંદર ચિત્રો પણ પ્રકટ થયાં હતાં. અહીં મથાળે આપેલું પાવો બજાવતા કિશોરનું, એ પ્રદર્શનના ધ્યાનમંત્ર સમું ચિત્ર જીવનના આનંદગાનના પ્રતીક રૂપ હોઈ પ્રારંભથી માંડી એ ૫૦૩ ચિત્રો વચ્ચે ઠેરઠેર દૃષ્ટિ સમક્ષ આવી એનું ગાન સંભળાવતું હતું. માનવજીવનના આનંદ, અગમ્યતા ને પાવિત્ર્યમાંથી વણી કાઢેલા એ મહાકાવ્યમાં વિષુવવૃત્તથી માંડી ધ્રુવપ્રદેશો સુધીના બધા ખંડમાં વસતા માનવીની પ્રેમ, આહાર, કપડાં, કામ, ભાષા, ભક્તિ, ઊંઘ, ખેલકૂદ, આનંદોત્સવ વગેરેની એકસરખી જરૂર પડે છે તે તેમાં તાદૃશ થતું હતું. માનવીના દિલની ને દિમાગની, પ્રતિભાની ને પ્રેરણાની વિસ્મયકારક સૃષ્ટિ તેમાં રજૂ થઈ હતી. ભલે આપણે ગમે ત્યાંના હોઇએ, પણ આપણે સૌ માનવી સરખાં છીએ, આપણી સૌની જરૂરિયાતો સરખી જ છે; કારણ આપણે સૌ એક જ છીએ-એક જ કુટુંબના, એક જ માનવ-પરિવારનાં આપણે સૌ અંગ છીએ.

આ ભાવનાની સ્ટાઈકેને ઉદાત્ત અને સર્વદેશીય પ્રભાવવાળી કલાત્મક રજૂઆત કરી હતી અને ફોટોચિત્રોની પસંદગી દ્વારા પોતાની ફોટોગ્રાફર તરીકેની શક્તિનું તથા એ પ્રદર્શનના વિચાર પાછળની એની શુદ્ધ તાટસ્થ્યભરી આદર્શ ભાવનાનું દર્શન કરાવ્યું હતું. એનું એ કીર્તિદાયી કાર્ય હજી સુધી તો અદ્વિતીય જ રહ્યું છે. એના એ મહાકાર્યની પ્રશંસા કરતા આપણે એ ભાવનાને ઝીલી શકીએ તો?



મહાપ્રદર્શનની તૈયારીમાં: સૅન્ડબર્ગ સાથે

તાજેતરમાં જેનું અવસાન થયું એ જગવિખ્યાત કલાકાર પાબ્લો પિકાસોની કલાશૈલીનાં દ્યોતક ચિત્રો સાથેનો પરિચય જૂનના 'કુમાર'માં પ્રકટ થશે.

દક્ષિણામૂર્તિ શિવ

સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ ૧૦

ભગવાન શંકરનો રુદ્રથી આરંભી દક્ષિણામૂર્તિ સુધીનો સ્વરૂપ-વિકાસ હિન્દુ ધર્મની અનેક વિશિષ્ટતાઓમાંની એક છે. ઋગ્વેદમાં રુદ્રને અત્યંત ક્રોધી, ભયપ્રેરક તથા નિસર્ગપ્રકોપ અને રોગ દ્વારા સંહાર કરનાર એક શક્તિના રૂપમાં વર્ણવેલ છે. રુદ્રના આ ભયાવહ રૂપ સાથે, ઋગ્વેદના ઉત્તર ભાગથી જ, વ્યાધિઓને શાંત કરનાર 'જલાષ', 'જલાષભેષજ' તથા જેની પાસે હજારો ઔષધિઓ છે તેવા શ્રેષ્ઠ ચિકિત્સક તરીકે તેના 'શિવ' સ્વરૂપની શરૂઆત પણ થઈ ચૂકેલી છે! તૈત્તિરીય સંહિતા 'રુદ્રતનુઃ' એ જ 'શિવતનુઃ' એવો અભેદ નોંધે છે, અને જટાધારી બભ્રુવર્ણના રુદ્ર મહાભારતકાળમાં તો કલ્પનાના અનેક રંગોથી રંગાએલા 'ભોળા મહાદેવ' બનીને આપણી સમક્ષ આવે છે!

કૈલાસ અને કાશીના સ્મશાનમાં જેનો નિવાસ છે, દક્ષ પ્રજાપતિ દ્વારા વાહન 'વૃષભ'ની જેને પ્રાપ્તિ થઈ છે, ઇન્દ્રે કરેલા વજ્રપ્રહારને કારણે તથા સમુદ્રમંથનથી પ્રાપ્ત હલાહલ પ્રાશન કર્યું તેથી જે નીલકંઠ બન્ય છે તે શિવ, પુરાણકાળમાં તો અનેક કથાઓ અને પ્રસંગોમાં મુખ્ય નાયક તરીકે વર્ણિત થાય છે. વિષ્ણુ, માર્કન્ડેય, વાયુ જેવાં પુરાણોમાં ઈશાન, ભવ, શર્વ-શિવ, પશુપતિ, ઉગ્ર, રુદ્ર, ભીમ, મહાદેવ એવાં આઠ સ્વરૂપોની, તો શ્રીમદ્ ભાગવતમાં સપરિવાર અગિયાર રુદ્રની કલ્પના રજૂ થઈ છે. પુરાણકાળમાં આવેલો શિવભક્તિનો આ જુવાળ શિવના અનેક અવતારો અને સ્વરૂપોની મહાન આખ્યાયિકાઓ આપી અધ્યાત્મ સાથે સંગીત અને નૃત્યના પણ પરમ દેવ તરીકે શિવની સ્તુતિ કરતો જણાય છે. આમ, આરંભના 'રુદ્ર' શિવસ્વરૂપ બની અધ્યાત્મના મહાન જ્ઞાની, સંગીતાચાર્ય અને નટરાજનું સ્વરૂપ પણ પામ્યા. પ્રથમ જેની પૂજા મદ્ય-માંસથી થતી તે હવે ફલજલપુષ્પબીલીપત્ર અને સંગીત-નૃત્યના કોમલ-ઋજુ રાગલયથી અર્ઘ્ય પામી રહ્યા!

જ્ઞાન અને કલાના પ્રણેતા તરીકે શિવને 'દક્ષિણામૂર્તિ' કહેવામાં આવ્યા છે. આ સ્વરૂપના કુલ ચાર પ્રકારો છે: હાથમાં અક્ષમાલા ધારણ કરી ઉપદેશ આપતા શિવ 'વ્યાખ્યાન દક્ષિણામૂર્તિ', ઋષિમુનિઓને યોગના પ્રકારો વર્ણવતા 'યોગ દક્ષિણામૂર્તિ', ભક્તોને વીણાવાદન શીખવતા 'વીણાધર દક્ષિણામૂર્તિ' અને દક્ષયજ્ઞભંગથી ત્રાહિ પોકારતા દેવતાઓને બોધપાઠ આપતા 'જ્ઞાન દક્ષિણામૂર્તિ'. આમ, શિવનું આ દક્ષિણામૂર્તિ સ્વરૂપ એમનું 'શિક્ષક' સ્વરૂપ છે.

દક્ષિણામૂર્તિ શિવની ચાર પ્રકારની પ્રતિમાઓ પરત્વે ભિન્નભિન્ન ગ્રંથોમાં એકબીજાનાં પૂરક વિધાનો જોવા મળે છે. વિષ્ણુધર્મોત્તર પુરાણ એમને અક્ષમાલા ધારણ કરેલા, મસ્તક પર ચંદ્રવાળા, શ્વેત વસ્ત્રધારી અને દક્ષિણ દિશા તરફ મુખ રાખી મુનિઓને ઉપદેશ આપતા વર્ણવે છે. શ્રીમદ્ ભાગવત આ વિધાનોને વધારે સ્પષ્ટ કરતાં તેમને એક પગને ઢીંચણથી વાળીને દર્ભાસન પર બેઠેલા અને તર્કમુદ્રા હસ્ત સાથે વર્ણવે છે. શિલ્પરત્ન તેમને વટવૃક્ષ નીચે બેઠેલા કહે છે. 'યોગ' અને 'જ્ઞાન' દક્ષિણામૂર્તિમાં યોગાસને, વીણાવાદનમાં ડાબા પગ ઉપર અધ્ધર બેઠેલા કે ઊભેલા, ને 'વ્યાખ્યાન' પ્રકારમાં લલિતાસન, તર્કમુદ્રા, સર્પ, અમૃતઘટ કે કમળ ધારણ કરેલા ચતુર્ભુજ બતાવવામાં આવ્યા છે.

આપણે ત્યાં ગુજરાતમાં તો 'દક્ષિણામૂર્તિ શિવ'ની બહુ જ ઓછી પ્રતિમાઓ પ્રાપ્ત છે, જેમાંથી સ્વ. કનૈયાલાલ દવેએ ચાણોદ પાસેના



વ્યાખ્યાન દક્ષિણામૂર્તિ શિવ (ફોટો - નરોત્તમ પલાણ)

દક્ષિણામૂર્તિ મંદિરમાંની તથા પાટણના દક્ષિણામૂર્તિ મંદિરમાંની 'વ્યાખ્યાન દક્ષિણામૂર્તિ' પ્રતિમાઓને અર્વાચીન તરીકે ઉલ્લેખી છે. આ ઉપરાંત, બનાસકાંઠામાં ડીસા પાસે વડાવલ ગામમાંથી પ્રાપ્ત સાતમી સદીની 'વીણાધર દક્ષિણામૂર્તિ શિવ'ની એક સુંદર ઊભી મૂર્તિ 'સ્વાધ્યાય' ઑક્ટોબર ૧૯૬૮ના અંકમાં પ્રસિદ્ધ થએલી છે.

સમય અને રચનાની દૃષ્ટિએ 'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થએલી મૂર્તિના જેવી જ દક્ષિણામૂર્તિ શિવની એક મૂર્તિ આ સાથે આપું છું. સૌરાષ્ટ્રની સરસ્વતી નદીના અમારા પગપાળા પ્રવાસ દરમિયાન ગિર હડમતિયાથી નીચે અને ભીમદેવળથી ઉપર ઈ. સ. પૂર્વે બીજી સદીના બૌદ્ધ સ્તૂપની બાજુમાં, શ્રી બનેસિંહ ઝાલાના ફાર્મની કૅબિન આગળ આ મૂર્તિ છે, જે સંભવતઃ પાસેના ભીમદેવળની અને ઈ. સ.ની સાતમી સદીની હોઈ સૌરાષ્ટ્રની અતિ વિરલ પ્રતિમાઓમાંની એક છે.

'સ્વાધ્યાય'માં પ્રગટ થએલી મૂર્તિ સાથે આ મૂર્તિને સરખાવવા જેવી છે: બન્ને મૂર્તિઓમાં ચાર હાથ છે. પાછળના બે હાથમાંથી એકમાં અલંકૃત ત્રિશૂળ અને બીજામાં સર્પ છે. વીણાધરમાં આગળના બે હાથથી વીણા ધારેલી હોય છે જ્યારે અહીં એક હાથ અક્ષમાલાયુક્ત તર્કમુદ્રામાં છે (અંગૂઠા ઉપરની પ્રથમ આંગળી ભગ્ન છે). બીજા હાથમાં પૂર્ણ વિકસિત કમલ ધારણ કરેલું હોઈ આ 'વ્યાખ્યાન દક્ષિણામૂર્તિ' છે. અન્ય સરખાપણામાં ગળાનો રુદ્રાક્ષના મણકા જેવો એકાવલી હાર, કુંડલયુક્ત પ્રલંબ કર્ણ, જટામુકુટ પર શોભિત મણિબંધ અને કટિબંધ છે.

આ મૂર્તિ પણ ત્રણ નેત્ર, ઉપવીત અને લલિતાસનને મળતા, પણ અર્ધપર્યંકાસન નહિ એવા આસન, શ્રીમદ્ ભાગવત પ્રમાણે ગોઠણથી પગવાળી બેઠેલા સ્વરૂપ, નીચે દર્ભાસન(?) ને વ્યાખ્યાન આપતી સૌમ્ય મુખમુદ્રાને કારણે કલાનો એક વિરલ નમૂનો છે. સપ્રમાણ અંગવિન્યાસવાળી, આટલી પ્રાચીન 'વ્યાખ્યાન-દક્ષિણામૂર્તિ શિવ'ની હાલ તો આ એક જ મૂર્તિ આપણી પાસે પ્રાપ્ત હોઈ અનેક દૃષ્ટિએ અતિ મહત્ત્વની જણાય છે.

નરોત્તમ પલાણ

ટિકિટ-સંગ્રહ





બ્રિટનની પાંચ નવી ટપાલટિકિટો



ભારતની ચાર નવી ટિકિટો

બહુરંગી છપાઈની સુવિધા થયા પછી ભારતની નવી ટપાલ-ટિકિટોની વધેલી આકર્ષકતા આકર્ષક છે. આ એપ્રિલમાં તા. ૧૦, ૧૨, ૧૩ અને ૧૪મીએ બહાર પડેલી ચાર ખાસ ટિકિટોમાં બેની બહુરંગી છપાઈ અગાઉની આપણી ટિકિટો કરતાં આગવી લાગે છે. (અનુક્રમે ડાબી બાજુથી) પહેલી ટિકિટ નવોદિત બંગલા દેશની પહેલી સંસદના ઉદ્ઘાટન-અવસર પર બહાર પડી. તેના પર એ દેશના રાષ્ટ્રીય પુષ્પ 'શાપલા'ની પશ્ચાદ્ભૂ પર સોનેરી રંગમાં બંગલા દેશ ને તેના પર એના રાષ્ટ્રધ્વજનું આલેખન છે. બીજી ટિકિટ દેશના લોખો અનામી શહીદોને બિરદાવતી, જલિયાંવાલા બાગની આઝારી તારીખે બહાર પડી. તેમાં ઊગતા સૂર્યમાં ભારતના રાષ્ટ્રધ્વજ સાથે રાષ્ટ્રભાવનાની ચેતનાના પ્રતીકરૂપ જ્વાળાનું આલેખન છે. ત્રીજી ટિકિટ કેરળના સુખ્યાત



કવિ કુમારન્ આસનની જન્મશતાબ્દી નિમિત્તની એમની છબિ સાથેની છે. કવિ કુમારને જાતીયતાથી અભિભૂત સમાજના અન્યાયો સામે બળવો પોકારી વૈયક્તિક પ્રતિષ્ઠા, સામાજિક સ્વાધીનતા અને માનવીય બંધુત્વનું ગાન કર્યું હતું. છેલ્લી ટિકિટ ડૉ. ભીમરાવ આંબેડકરની ૮૨મી જન્મજયંતી નિમિત્તની છે. સૌને યાદ હશે કે અગાઉ પણ એમના માનમાં એક ટિકિટ બહાર પડી હતી.

(પ્રેષક: ડાહ્યાભાઈ પરમાર, અમદાવાદ)

વૃક્ષઉછેરની ભાવના પ્રસારવા બ્રિટનની સરકારે એક યોજના ઘડી છે. તેના અનુસંધાનમાં ત્યાંના ટપાલખાતાએ શરૂ કરેલી ટિકિટમાળાની પહેલી ટિકિટ મથાળે આપી છે. ત્યાંની અનેક લોકકથાઓ ને ગીતોમાં વણાએલા, ટકાઉ ને તાકતવર ઓક વૃક્ષને ત્યાં પવિત્ર ગણવામાં આવે છે. તેનું ચિત્ર તેના પર આપ્યું છે. તેની નીચેની ટિકિટ આ વર્ષના આરંભમાં બ્રિટન યુરોપીઅન કૉમ્યુનિટીમાં દાખલ થયું તે નિમિત્તની છે. એકબીજામાં સંકળાઈ જતા આઠ આકારો આ કૉમ્યુનિટીના આઠ દેશોના સૂચક છે. તેમાં પોતાના રાષ્ટ્રધ્વજ સાથેના ઉમેરણવાળો નવમો આકાર યુનાઇટેડ કિંગડમનું સૂચન કરે છે. (પ્રેષક: પ્રો. વસંત જોષી, અમદાવાદ).



ડાબી તરફની ટિકિટો કાઉન્ટી ક્રિકેટની શતાબ્દી નિમિત્તની છે. એ ત્રણે પર સમર્થ ક્રિકેટર ડૉ. ડબ્લ્યુ. જી. ગ્રેઈસના, હેરિ ફર્નિસ નામના કલાકારે કરેલા સ્કેચનો ઉપયોગ કરેલો છે. આ ટિકિટો ૧૯મી મેએ બહાર પડી છે.

(પ્રેષક: રમણિકલાલ સોલંકી, લંડન).

અનુસંધાન] **ગોપાલ કૃષ્ણ ગોખલે** [પૃષ્ઠ ૧૯૨થી

હરિનારાયણ આપટેની આંખોમાં અશ્રુ હતાં. એમના મુખમાંથી શબ્દ નીકળતો ન હતો. પોતાના મૃત્યુ પછી એમને કેવું દુઃખ થશે એનો ખયાલ ગોખલેને આવ્યો. હરિભાઉ અને ડૉ. દેવને એમણે કહ્યું: 'આ લોકની મજા જોઈ; હવે પેલા લોકની જોઈશ.' હવે અવાજ તદ્દન ક્ષીણ થયો હતો. મૃત્યુ સામે દેખાતું હતું. આખરે તેઓ બોલ્યા: 'હરિભાઉ, રજા લઉં છું.' સમય હતો રાતના દસ ને વીસ મિનિટ.

ટિળકે એમને ભવ્ય અંજલિ આપી. ગાંધીજીએ મુંબઈ પ્રાંતિક પરિષદ (૧૯૧૫)માં કહ્યું: Mr. Gokhale is dead, but it is possible for you and for me to make his spirit live in us, and through us. (ગોખલે તો ગયા, પણ એમનો આત્મા આપણામાં અને આપણા દ્વારા ચિરંજીવી થાય એવી રીતે વર્તવું તમારે અને મારે માટે શક્ય છે.) □

સાહિત્યસંપર્ક

નવા કાવ્યસંગ્રહો

સમીપ: શ્રી પ્રિયકાન્ત મણિયારના આ
ાથા કાવ્યસંગ્રહમાં પણ અગાઉના સંગ્રહોમાં
ખાતી એમની કવિ પ્રતિભા જોવા મળે છે.
ીતો, ગઝલો તથા છંદોબદ્ધ ને અછાંદસ મળી
લ ૮૨ રચનાઓનો આ સંગ્રહ આનંદ કરતાં
વેષાદ તરફ વધારે વળેલો છે. અલંકારો પ્રયો-
જવાની એમની નિજી વિશેષતા અહીં પણ
ારું પરિણામ લાવી શકી છે. માણવા ખાતર–

'નવશેકા પાણીની માંહી હાથ બોળીએ
એમ સૂર્યમાં નજરો બોળું' (પૃ. ૮)

'શિખા શિખા સળગેલો સૂર્ય
ચણોઠી શો શાંત ક્યાંય
દડી ગયો.' (પૃ. ૩)

'આટલા અંધારમાં એમ હું તો ઓગળું
જ્યોતિ વિનાનું જાણે મીણ...' (પૃ. ૮૫)

કવિમાં પ્રકૃતિના મુગ્ધાનંદ સાથે ચિંતન પણ સામેલ છે. 'સવાર', 'પાંગરી' જેવાં કાવ્યો આ આનંદનો આસ્વાદ કરાવે છે, તો 'ઊંઘ ભાંગી', 'વસંતલ વ્યોમ નીચે', 'માછલી', 'પંખી અને ઘટા' વગેરે ચિંતનથી અનુપ્રાણિત કૃતિઓ છે. સૂર્ય, પંખી, પુષ્પ, મત્સ્ય, વ્યોમ વગેરે કવિનાં માનીતાં પ્રકૃતિ-તત્ત્વો આવ્યા વગર કેમ જ રહે? 'બળદ'માં વર્તમાન માનવ અને સમાજની વિષમ સ્થિતિ ઊપસાવી છે, તો 'ટ્રેન'-માં પણ એ જ કરુણતા વેધક કટાક્ષથી નિરૂપાઈ છે. સમગ્ર કાવ્યસંગ્રહના વાચનથી એક છાપ એ ઊભી થાય છે કે કવિને માત્ર સૌંદર્ય અને સુષ્ઠુની સૃષ્ટિનાં ગુણગાન જ નથી ગાવાં; પરંતુ માનવ, તેનું સામાજિક અને વ્યક્તિગત જીવન, તેની વિવિધ માનસિક અને ચૈતસિક ધારાઓ, આ બધું ઝીલવાનો ને તેને કાવ્યસ્વરૂપ આપવાનો પ્રયાસ અહીં મુખ્ય છે. પરિણામે 'ઝાડ કાંઈ દોડચું છે', 'વૃક્ષ', 'ચાડિયો', 'પીછાં', 'જલ' જેવી ઊંડાણ પ્રતિ ગતિ કરતી રચનાઓ મળી શકી છે. તો 'ઍર-કંડિશન', 'અનંતના હે આયુષ્યમાન', 'ઇતિહાસકાર ઇતિહાસમાં' જેવી સામાન્ય રચનાઓ અને 'ખાલી ખાલી' જેવી કૃતક કૃતિઓ પણ અહીં છે. ગઝલોમાં કોઈ વિશેષતા નથી, તો ગીતો પણ કવિએ એક વાર દાખવેલી સિદ્ધિની ઓટ દર્શાવી જાય છે.

એકંદરે એમ અનુભવાય છે કે ચિંતનગર્ભ ઊર્મિનાં આલેખનો દ્વારા સર્જક કાવ્યપદાર્થની સમીપ પહોંચવાનો પુરુષાર્થ ખેડી રહ્યા છે. આથી જ કૅલેન્ડરમાં બુદ્ધની છવિ જોતાં એમનું વિચારતંત્ર ઝબકી ઊઠે છે, તો ઊડતું પતંગિયું જોઈને એમનું ઊર્મિતંત્ર રણઝણી ઊઠે છે. આવી સંવેદનાની પળો જ્યાં જ્યાં ઝડપાઈ છે, ત્યાં ત્યાં કવિતા ઝળકી ઊઠેલી પામી શકાય છે. (પ્રકા. આર. આર. શેઠની કંપની; ગાંધી રોડ, અમદાવાદ-૧; કાચું પૂઠું; પૃ. ૯૫; રૂ. ૫-૦૦).

સાયુજ્ય: શ્રી હસમુખ પાઠકે એમના પ્રથમ નાનકડા કાવ્યસંગ્રહ 'નમેલી સાંજ'થી કાવ્યરસિકોનું ધ્યાન ખેંચેલું. આ સંગ્રહમાં 'નમેલી સાંજ'ની અઢારે રચનાઓ અને 'શિર નમ્યું'-ની બીજી નવી અઢાર રચનાઓનું સાયુજ્ય છે. ઊંચાં કલ્પનોદયનો કે અલંકારોની ભભકદાર સજાવટ વગર, વાસ્તવના યથાતથ નિરૂપણ દ્વારા આ સંગ્રહની, સંખ્યામાં ઓછી એવી કાવ્યકૃતિઓમાં મહદંશે કવિતાનું સાયુજ્ય આસ્વાદી શકાય છે. સંગ્રહની પ્રસ્તાવનાનો અંત આણતાં કવિ કહે છે: 'ફરી દોહરાવીને કહું, ભાઈ, કે કવિતા એટલે વાણીમાં વ્યક્ત થવા મથતી માણસાઈનો આનંદ, આનંદ, આનંદ...' કાવ્યની આ વિભાવનાને વળગી રહીને કવિએ આ સંગ્રહની કૃતિઓમાં આનંદનું— માણસાઈના આનંદનું રસાયણ ઘૂંટયું છે.

સંવેદના એ જ કવિ એમ સૂચવતી કૃતિ 'કવિનું મૃત્યુ', 'સાંજ', 'તણખલું', 'વૃદ્ધ', 'પશુલોક', 'અંતઘડીએ અજામિલ', 'ગજેન્દ્ર-ચિંતન', 'ઇચ્છામૃત્યુ' જેવી લાંબા સમય આસ્વાદ્યા કરવાનું મન થાય તેવી કૃતિઓ કવિ આપી શકયા છે, તો 'દુઃખનું સુખ' અને 'અમેરિકા, ઓ અમેરિકા' જેવી અભિધાથી આગળ નહિ વધતી કૃતિઓ પણ છે.

શબ્દકથા: 'રાણો' · 'રા' · 'રાજવણ'

અત્યારના સમય પહેલાં રાજામહારાજાઓનું જે સર્વાધિક મહત્ત્વ હતું તે જોતાં સ્વાભાવિક છે કે ભાષામાં પણ તે મહત્ત્વનું પ્રતિબિંબ બરાબર પડયું હોય. માત્ર એકબે શબ્દોની કથા ઉપરથી પણ આ વાતનો અણસાર મળી રહે તેમ છે. 'નૃપ', 'ભૂપ', 'નૃપતિ', 'ભૂપાલ', 'નરેંદ્ર' વગેરે સંખ્યાબંધ રાજવાચક મૂળ શબ્દો નથી, પણ 'મનુષ્ય' અને 'ધરતી'ના વાચક શબ્દોની સાથે 'પાલન', 'રક્ષણ' વગેરેના વાચક શબ્દો મૂકીને બનાવેલાં વિશેષણો છે. 'નૃપ' એટલે મનુષ્યનો પાલનહાર 'ભૂપ' એટલે પૃથ્વીનો રક્ષણહાર વગેરે. મૂળ તો આ સાહિત્યની ભાષાના શબ્દો છે.

સામાન્ય વ્યવહારનો મૂળ શબ્દ 'રાજા' છે—જે રાજ કરે છે તે. સંસ્કૃતનો 'રાજા' વાપરવા ઉપરાંત આપણે તેના પરથી થએલા 'રાજ' ('રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ', 'માણારાજ' વગેરે-માં), 'રાજિયો' ('રાણા ને રાજિયા' જેવા પ્રયોગોમાં), 'રાજવી' (મૂળ સંસ્કૃત 'રાજ્યપતિ', પ્રાકૃત 'રજ્જવઇ'), 'મહારાજ' વગેરે પણ વાપરીએ છીએ.

સંસ્કૃતમાં 'રાજા'નું બહુવચન 'રાજાનઃ', તેનું પ્રાકૃત રૂપ 'રાઆણો.' એ રૂપ મુખ્ય બની જતાં 'રાણો', 'રાણઓ' જેવાં રૂપ પ્રચલિત થયાં. તે ઉપરથી ગુજરાતીમાં 'રાણો', અને 'રાજા'ની પત્ની તે 'રાણી'. એ પ્રાકૃત રૂપો સંસ્કૃતનો વેશ પહેરીને 'રાણક' અને 'રાજાનક' એવે રૂપે પણ વપરાતા. કાશ્મીરી વિદ્વાન બ્રાહ્મણો અને સામંતોને 'રાજાનક'નો ખિતાબ અપાતો. રાજાનક એટલે ઠાકોર.

રાજાઓ હરેક કક્ષાના હોય—તેમનો જેવો અને જેટલો અધિકાર. નાના, મોટા, એથી પણ મોટા, સૌથી મોટા એમ વિવિધ પદના રાજાઓ માટે શબ્દો પણ જુદાજુદા અનેક હોય. રાજાઓના રાજા માટે એક શબ્દ છે 'રાજેશ્વર' (તેથી પણ મોટો હોય તો 'રાજરાજેશ્વર'), લોકજીભે તે ઉપરથી બન્યો 'રાજેશરી'. માનવાચક 'રા. રા.' એ 'રાજમાન રાજેશરી'નું ટૂંકું રૂપ જાણીતું છે. જૂની પત્રશૈલીમાં તે વપરાતું. વળી કહેવત છે કે 'રાજેશરી તે નરકેશરી'. મોટા રાજા તરીકે એટલાં બધાં ખોટાં કામ કરે કે તેને છેવટે તો નરકમાં જ જવું પડે. 'રાજેશ્વર' ઉપરથી 'રાજેશરી', 'નરકેશ્વર' ઉપરથી 'નરકેશરી' તેમ 'લક્ષેશ્વર' (=લખપતિ) ઉપરથી 'લખેશરી'. હાંસી કરવા આપણે 'ભણવા' ઉપરથી આ જ રીતે 'ભણેશરી' ઘડી કાઢચો છે. 'જોયો, મોટો ભણેશરી થઈ ગયો છે તે!' એવી ઉક્તિ ઘણાએ સાંભળી કે સંભળાવી હશે.

'રાજા' ઉપરથી નિયમિત ફેરફારો પામીને ઊતરી આવેલા શબ્દો છે 'રાય', 'રાવ' અને 'રા'. માનવાંચક 'રાયજી' અને પુરુષ નામોને અંતે એક ઘટક તરીકે 'રાય' ('અનંતરાય', 'રામરાય' વગેરે). જૂનાગઢના રાજવીઓની પરંપરામાં 'રા' વિશિષ્ટ સ્થાન અને માનનો વાચક હતો: 'રા નવઘણ', 'રા ખેંગાર'. આમાં 'રા' એ 'રાજા'નું ટૂંકું રૂપ હોવાનો ખયાલ ખોટો છે. એવા ખયાલ નીચે "રા' નવઘણ", "રા' ખેંગાર" એમ લોપચિહ્ન સાથે એ નામો લખવાનો રિવાજ પડેલો. હકીકતે સંસ્કૃત 'રાજા', પ્રાકૃત 'રાઆ', 'રાયા', તે પછી 'રાઅ', 'રાય', અને બાદમાં નિયમ પ્રમાણે જ 'રા' થયો છે. તે જ રીતે 'ભ્રાતા' ઉપરથી છેવટે 'ભા', 'માતા' ઉપરથી 'મા', 'બાઈ' ઉપરથી 'બા' અને 'વાત' કે 'વાયુ' ઉપરથી 'વા' થએલા છે.

રાણાની પત્ની તે રાણી. રાજવીની પત્ની તે રાજવણ.

હરિવલ્લભ ભાયાણી

અલંકારોનો ઓછો પણ સમુચિત ઉપયોગ કવિએ કવિતાની સિદ્ધિ અર્થે કર્યો છે:

'કેવું પરોઢ ઊઘડે (શિશુનું બગાસું!)' (પૃ. ૧૨)

'હાથવાળ્યા ઓશીકે શિર
(બાણશય્યા પર સૂતેલા ભીષ્મનું) સ્થિર,' (પૃ. ૨૪)

'સઘન ગહન રાત્રિ
વિચારના ઘૂવડ જેવી
આંખ બંધ કરી જવાય;' (પૃ. ૫૪)

'અંતઘડીએ અજામિલ'માં અંતકાળની અધીરાઈ, અકળામણ, ઉતાવળ: આ બધું જ ત્વરિત લયના ટેકાથી ધ્વનિત થયું છે. એમાં તેમજ 'પ્રાર્થે હવે કાલિદાસ' અને 'પશુલોક'માં સમષ્ટિના વિષાદની તો 'મા જ્યારે વૈકુંઠ જશે'-માં વ્યક્તિગત અવસાદની વેધક નિર્મિતિ થઈ છે. કવિને લાઘવમાં પણ ઘણું કહેવાની ફાવટ છે. બે જ મુક્તકો આ માટે બસ છે:

'આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય
ગાંધી કદી સૂતા નથી—' (પૃ. ૨૦)

'તળિયે સ્વસ્થ ચંદ્રમા
ભાંગતો ચંચલ સપાટી પર
ઓચિંતી કોઈ લ્હેરમાં'! (પૃ. ૩૪)

અન્ય કશી ય આળપંપાળ વગર કવિતાનો સાચો આસ્વાદ કરાવી જતી આ થોડી રચનાઓનો લઘુસંગ્રહ લાંબો સમય ચિત્તમાં જડાઈ જાય તેવો છે. (પ્રકાશક: ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ૬૧; રૂ. ૩-૫૦)

અવકાશ: શ્રી નલિન રાવળના આ બીજા કાવ્યસંગ્રહની ૯૩ રચના કવિ તરીકેની એમની શક્તિનો સારો પરિચય કરાવી જાય છે. આમાંની મોટા ભાગની રચનાઓ આકારે નાની છે પણ સઘન છે. એમણે પોચટ થવા દીધા વગર ઊર્મિને વહાવી છે, તો શુષ્ક થવા દીધા વગર ચિંતનને નિરૂપ્યું છે. પ્રણયોર્મિથી માંડીને વર્તમાન જીવનની વિષમતા—વેદનાનું માર્મિક આલેખન અહીં થએલું છે. પણ આ બધાં જ આલેખનો અંગત ઉદ્ગારમાંથી વિસ્તરીને અવકાશ જેવા બિનંગત વિસ્તાર પામે છે તેમાં એમની કાવ્યયાત્રાનો વિકાસ જોઈ શકાય છે.

વાતાવરણને સચોટતાથી ખડું કરવા, સૂક્ષ્મ સંવેદનોને ચોટદાર રીતે રજૂ કરવા, વિચારમનનને સઘન રીતે અભિવ્યક્ત કરવા એઓ સમુચિત પદાવલિ પસંદ કરી લે છે. 'પ્હાડપ્હોળી' (પૃ. ૬૦), 'આકાશપ્હોળી' (પૃ. ૭૦) જેવા શબ્દયુગ્મો દ્વારા એઓ પોતાના કથયિતવ્યને લાઘવથી લડાવે છે. 'પોચી જીંસ' (પૃ. ૧૦૧)માં છે તેમ વિશેષણનો, ને 'ઢાલો સૂકલ કાલા સમો' (પૃ. ૨૩) જેમ અલંકારનો એઓ સમુચિત ઉપયોગ કરે છે. જરૂર જણાય તો

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ડૉ. હોમી ન. શેઠના

૧ અણુશક્તિ ક્ષેત્રમાં કાર્ય કરવાનું આપે કેમ પસંદ કર્યું?

ઉ. વિજ્ઞાન અને ટેક્નૉલૉજી એ પહેલેથી જ મારા પ્રિય વિષય છે તેથી, અને પ્રગતિ ને નવા સાહસનું એ ક્ષેત્ર હોવાથી.

૨ ભારતમાં અણુશક્તિનો શો ઉપયોગ હોઈ શકે?

ઉ. મુખ્ય ધ્યેય વિજ્ઞાન અને ઉદ્યોગક્ષેત્રે એને પ્રયોજવાનું. આપણે ત્યાં ઔષધ, ખેતી આદિ અનેક ક્ષેત્રો તથા સંશોધનોમાં એના બહોળા ઉપયોગની શક્યતા છે.

૩ અન્યરાષ્ટ્રોનીસરખામણીમાં આક્ષેત્રેભારતનું સ્થાનક્યાંછે?

ઉ. પ્રમાણમાં આપણે સારી ને સંગીન પ્રગતિ સાધી છે.

૫ ટ્રૉમ્બેમાં આપે પ્લુટોનિયમ પ્લાંટનું કપરું કાર્ય કેવી રીતે પાર પાડ્યું?

ઉ. આવાં કાર્યોમાં વ્યક્તિગત પુરુષાર્થ કરતાં નાનામોટા સહકાર્યકરોના સહકાર અને સંગઠન પર સફળતાનો વધુ આધાર છે. અમે પણ આ જ રીતે અમારી સૂઝ પ્રમાણે કાર્ય ઉગારી લીધું અને મુશ્કેલીઓ ઉકેલતા જઈ પાર પાડ્યું.

૬ આપે અનેક મોટી જવાબદારીઓ પ્રશંસનીય રીતે અદા કરી છે. એક સાથે આ બધાંને આપ કેવી રીતે પહોંચી શકો છો?

ઉ. અણુશક્તિ ક્ષેત્રે તો આપણી ઉચ્ચ તાલીમ પામેલી માનવશક્તિનો આધાર મળી રહ્યો છે. એમના સહકાર-સંગઠનથી ભારે કામ પણ સરળ બને છે. અમુક ખાસ કાર્યોમાં બુદ્ધિપૂર્વક પ્રયત્નશીલ રહેવું પડે ખરું. બાકી યુનાઈટેડ નેશન્સની સાયન્ટિફિક ઍડવાઈઝરી કમિટી ને ઈન્ટરનૅશનલ ઍટમિક એનર્જીની એજન્સીનું મારું કાર્ય એ તો અણુશક્તિ પંચના અધ્યક્ષ અને અણુશક્તિ વિભાગના મંત્રી તરીકેનું ઠરાવેલું કાર્ય જ છે. એથી મારા પર વધુ બોજ રહે છે, પણ જવાબદારી મુજબ કાર્યપરાયણ તો બનવું જ જોઈએ.

૭ આમ મહત્ત્વની સંસ્થાઓના અગ્રણી, અધ્યક્ષ તથા મુખ્ય સંચાલક બનવા જીવનમાં કેવા ગુણો કેળવવા જરૂરી છે?

ઉ. એકનિષ્ઠ પરિશ્રમ, ઊભા થતા પ્રશ્નોનો ઊંડો અભ્યાસ કરી ઉકેલ લાવવાની શક્તિ, ને સૌથી વધુ તો જોખમભર્યાં કાર્યો ઉપાડવાની તત્પરતા ને સુસજ્જતા જોઈએ.

૮ આપના પુરુષાર્થી જીવનની આવી સફળતા અને કર્તવ્યનિષ્ઠાનાં સુફળ પછી આપ જીવનમાં ખરેખર સુખી છો?

ઉ. સુખ એ માનસિક સ્થિતિ છે. કોઈ કદી પોતાને સુખી કહી શકે નહિ. કેટલાક પ્રશ્નો ચિંતા પેદા કરાવે જ, પણ એ તો જીવનમાં ચાલ્યા કરે. એથી ધ્યેયચ્યુત ન થવાય.

૯ આપને મન જીવનનું સાર્થક્ય શામાં છે?

ઉ. 'ભલો દેશ મારો, ભલી ભોમ મારી.' એ રીતે પોતાની શક્તિ ને આવડત પ્રમાણે માતૃભૂમિની સેવા કરી છૂટવામાં.

૧૦ આપના શૉખ? કોઈ પ્રિય કવિ કે લેખક! પુસ્તક!

ઉ. લીધેલા કાર્યમાં તન્મય થઈ જવું એ મારો શોખ. રવીન્દ્રનાથ ટાગોર અને શેક્સપીઅર પ્રિય સાહિત્યસર્જકો અને વાચનમાં ઐતિહાસિક પુસ્તકો.

પુરું નામ: હોમી નસરવાનજી શેઠના. જન્મ: ૨૪-૮-૧૯૨૩. અણુવિજ્ઞાન અને ટેક્નૉલૉજીના વિકાસ અંગેની ભારતની અને સંયુક્ત રાષ્ટ્રસંઘની ઉચ્ચ કક્ષાની અનેક સમિતિઓના સભ્ય. દેશનાં અણુવિજ્ઞાનના વિવિધ સંશોધન કેન્દ્રોના સર્જક અને અગ્રણી કાર્યકર. ઇન્ડિયન ઇન્સ્ટિ. ઑવ સાયન્સના આજીવન સભ્ય, ઇન્ડિયન ઇન્સ્ટિ. ઑવ એન્જિનીઅર્સ અને ઇન્ડિયન ઇન્સ્ટિ. ઑવ કેમિકલ એન્જિનિયરિંગના સદસ્ય. ઇન્ડિયન નૅશનલ સાયન્સ ઍકેડેમીના ફેલો, ઇન્ડિયન રેર અર્થ્સ લિમિ.ના એક ડિરેક્ટર, ઇન્ડિયન ઇન્સ્ટિ. ઑવ ટેક્નૉલૉજી (મુંબાઇ)ના સંચાલક પ્રમુખ વગેરે જેવી અનેક જવાબદારીઓ ઉપાડનાર. પદ્મશ્રી (૧૯૫૯), શાંતિસ્વરૂપ ભટનાગર સ્મારક વિજેતા (૧૯૬૦), પદ્મભૂષણ (૧૯૬૬), મિશિગન યુનિ.ના ઍવૉર્ડના વિજેતા (૧૯૬૭), સર વૉલ્ટર પક્રે પ્રાઈઝના વિજેતા (૧૯૭૧).

હોમી. ન. શેઠના

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૪૪] કરાવનાર · જલન માતરી



જટિલરાય કે. વ્યાસ

ભવરણમાં ગિરધારી વિના રઝળતી મીરાંની જેમ સાચી શાયરીની શોધમાં ભટકી રહેલા, ઈ. ૧૯૧૭માં કોટડા સાંગાણી (સૌરાષ્ટ્ર)ની મોસાળની ધરતી ઉપર જન્મ ધારણ કરી, કિશોરાવસ્થા પોરબંદરમાં પસાર કરી. ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી ગુજરાતી સાથે બી. એ. થનારા, બૅન્કમાં તેમજ શિક્ષક તરીકે બિત્રણ વર્ષ નોકરી કર્યા પછી મધ્યસ્થ સરકારની કચેરીમાં ઑડિટર તરીકે હાલમાં સેવા બજાવી રહેલા શ્રી જટિલરાય કે. વ્યાસને ગુજરાતી ગઝલચાહકો 'જટિલ'ના નામે ઓળખે છે.

ઈ. ૧૯૪૫માં એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્યાંગના' પ્રગટ થયા પછી એમનો દ્વિતીય કાવ્ય સંગ્રહ 'સંસ્પર્શ' ૧૯૬૭માં પ્રગટ થયો હતો. ગઝલ-ક્ષેત્રમાં ૧૯૫૬માં પ્રવેશ કરીને આજદિન સુધી એ શક્તિ અનુસાર ગઝલોનું સર્જન કરતા રહ્યા છે.

પ્રત્યેક હૈયે એમનો (ઈશ્વરનો) વાસ હોવાની જાણ થતાં સર્વનાં અંતરમાં અથડાતા ફરતા, જિંદગીને ગંગાકિનારા તરીકે ઓળખાવતા, ભાવનગરની ધરતીના આ શાયરના શેરોની મજાલઈએ:

ઊર્મિની ઓળખ

પુસ્તકાકારે

ધાર્યા કરતાં પણ અધિકલોકપ્રિય બનેલો આ વિભાગ ટૂંક સમયમાં જ પુસ્તકાકારે પ્રસિદ્ધ થશે, જેના પહેલા ભાગમાં શરૂના ૩૬ ગઝલકારોનો સમાવેશ થશે. ઈચ્છુકો અત્યારથી અમને લખીને પોતાની નકલ પાકી કરી લે. કિં. રૂ. પાંચ રહેશે.

રો જો દિલરુબાને કૈં સજા તો રાગમાં કરજો,
તલ બુલબુલની કરવી હોય તોયે બાગમાં કરજો;
.થી રીઝવી શકયો, તો પણ તમોને ખૂબ ચાહ્યાં છે
રો જો ભસ્મ મુજને તો પ્રણયની આગમાં કરજો

∞

એને ચમન કહે છે કે જેમાં મહક નથી!
બુલબુલ કહે છે જેના ગળામાં ચહક નથી!
એવી બલાને મિત્રો! બતાવી દો બારણાં.
બિદર્દે આદમીનો મહેફિલમાં હક નથી.

∞

રાત ના વીતી, ત્યાં વ્હાણાં થઈ ગયાં!
સાવ સાચાં સૌ જુઠાણાં થઈ ગયાં!
બે મધુર અધરોષ્ઠના સંસ્પર્શથી
વાંસનાં કાણાં એ ગાણાં થઈ ગયાં!

∞

અસ્થિ-ફૂલો આપનાં લઈ ટહેલ નાખું છું બધે,
કોઈ મારી જિંદગાનીને ફરી સાજી કરે.
હું નમું છું તો હૃદય ચરણે ધરું છું સાથમાં,
એકલું માથું નમાવીને નમન પાજી કરે!
કોઈ દિલ એવું નથી, જ્યાં એમનું આસન નથી,
તો પછી ક્યાંથી 'જટિલ' કોઈથી ઈતરાજી કરે?

∞

મેં એનાં સંસ્મરણની ચાંદની આંખોમાં આંજી છે,
પછી ડર હોય ક્યાંથી કે નિશા ઘનઘોર આવે છે?
નયનને કઈ દિશામાં ફેરવું એ ગમ નથી પડતી,
મને લાગી રહ્યું છે તેઓ ચારે કોર આવે છે.

હવે સુમસામ મ્હેફિલમાં અનોખી જામશે રંગત,
અનામી જે હતાં પરદામાં એનો દોર આવે છે.
જમાનાના ઈશારા પર નહીં એ કંઠને છેડે,
'જટિલ' એ ગાય છે ત્યારે કે જ્યારે તોર આવે છે.

∞

ક્યાં જીવું છું, ક્યાં રહું છું કૈં ખબર પડતી નથી,
આભ ઉપર છે છતાં આ પગ તળે ધરતી નથી.
આ હૃદયની આરઝૂ જોયા પછી સમજી જશો,
એક એવો સિન્ધુ છે જ્યાં ઓટ કે ભરતી નથી.

∞

હતાં ત્યારે તો રણની રેત પણ ગુલશન બની જાતી,
નથી ત્યારે ચમનમાંથી બળી ગઈ છે બહારો પણ.
જીવન પ્યારું હતું તો રોમ-રોમે દીપ જલતા'તા,
બળી મરવું છે ત્યારે કાં નથી મળતો તિખારો પણ?

∞

આ જિંદગી છે ઝાંઝવું ને હરણ-ફાળ પણ,
છે પ્રેમ એક બાગ અને એક જાળ પણ.
પાલવ કને જુદી જ અપેક્ષા હતી મને,
આંસુ લૂછી શકે છે પહેરણની ચાળ પણ.

∞

આગ ચંદન શી બને, પરખાય પથ્થરમાં પ્રભુ,
મૃગજળે છીપે તરસ જો હોય હૈયું તરબતર.
આંહીં કેવી દિલરુબા, કેવી સનમ, કેવી સુરા?
જિંદગી ગંગા-કિનારો છે, નથી કૈં નાચઘર!

શાપ છે કે આપની આ છે દુઆ, કોને ખબર?
દીવડા લાખો બુઝાયા! એક હું જલતો રહ્યો.
સાંભળ્યું છે આપનો પ્રત્યેક હૈયે વાસ છે,
એટલે હું સર્વનાં અંતરમાં આથડતો રહ્યો.

∞

ઝાડવાંના ઝુંડમાં સંગીત ગુંજે છે કશું,
કોણ સમજે એ સ્વરોને કોઈ અલગારી વિના?
એમ હું ભટકું છું સાચી શાયરીની શોધમાં,
જેમ મીરાં રઝળતી ભવરણમાં ગિરધારી વિના.

∞

વંચનામય એ ધ્વનિ આવ્યો, હૃદય થંભી ગયું,
કાં હશે મારું મરણ, કાં એમનાં ઝાંઝર હશે!
ફૂલ માની ભેટવા ચાલ્યો, ગયો વીંધાઈ હું,
એ ખબર ન્હોતી કટારો આટલી સુંદર હશે!
પ્રેમનો અર્ણવ ભર્યો આ દેહની મટકી મહીં,
ઢૂંઢતો એને ફરું છું કોણ કીમિયાગર હશે?
રોજ રંગોળી નવી મારા હૃદયમાં જોઉં છું.
એટલે માનું છું એમાં એમની હરફર હશે!

∞

આ બંધ બારણાં, આ દીવાલો, અતૂટ કેદ,
અંદર હું, તું બહાર; મુકદ્દરની વાત છે!
છોડી શક્યો, 'જટિલ' હું રંગરાગ તે છતાં,
છૂટયો નહીં 'હુંકાર', મુકદ્દરની વાત છે!

∞

સાચવીને માંડ સાવન આંખમાં રાખ્યો હતો,
મોરલા શો કંઠ ગહેકાવી તમે ભારે કરી!

∞

જમાનો હોય કાળો નાગ તો હું પણ મદારી છું
પછાડું ઊડતાં પંખીને એવો હું શિકારી છું;
ખરું છે બાદશાહ બેતાજ છું આખીયે આલમનો,
પરંતુ આપની મીઠી નજર કાજે ભિખારી છું.

એઓ ક્રિયાપદોની અને વિશેષણોની હારમાળા આપી દે છે તો ભાવ કે વિચારને વધુ ઉત્કટ કરવા પંક્તિઓનાં કે પંક્તિખંડનાં પુનરાવર્તનો પણ કરી લે છે.

આભ એમની કવિતામાં ઊંડાં મન-ચિત્ત-જીવનનું પ્રતીક બનીને આવે છે. એમનાં પ્રકૃતિ નિરૂપણોમાં વન્ય, પહાડી અને આકાશી તત્ત્વો આગળ તરી આવે છે. સાંજ અને બપોર તો એમના પ્રિય પ્રહરો છે. એક કાવ્યમાં કહે છે:

'આ નાનું મને ગમતું—
બપોરીવેળનું તડકે મઢેલું ગામ.' (પૃ. ૮૨)

વૃદ્ધ, કૅમેરા, સિંહ-ચિત્તો, અવકાશ, તારકો, પતંગિયું, તડકો વગેરે એમની અભિવ્યક્તિમાં કથયિતવ્યને સચોટ અને સરસ બનાવનારાં ઉપકરણો છે. આ બધાં જ ઉપકરણોનો વિનિયોગ કલાસિદ્ધિ અર્થે થયો હોઈ વિશિષ્ટ સંદર્ભ રચી એ ઉપકરણોની સૃષ્ટિથી પર ભાવકને લઈ જઈ કોઈ જુદા જ ભાવજગતની અનુભૂતિનો

આસ્વાદ કરાવી જાય છે. એઓ પંક્તિઓને અપેક્ષિત હેતુ પાર પાડવા તોડે છે, તે એટલે સુધી કે અર્થાનુસારી pause લેવા પ્રત્યયો પણ છૂટા પાડે છે. અને પછી તો એ એમનું mannerism પણ બની જાય છે. કેટલીય વાર એમની પંક્તિઓ અકેક બબ્બે શબ્દોની પણ હોય છે. 'વાદળાં' જેવી કૃતિમાં વસંતતિલકા છંદની એક પંક્તિને એક કરતાં વધારે ટુકડાઓમાં વહેંચી છે. પૃ. ૪૧ પરની રચનામાં 'બદરી' જેવો હિંદી શબ્દ પણ આસાનીથી ગુજરાતીપણું પ્રાપ્ત કરી લે છે. અભિવ્યક્તિમાંની નવીનતા આકર્ષક તો છે જ, પણ સાથેસાથે એ ભાવ, વિચાર તથા વાતાવરણને લાઘવથી અને સચોટરીતે રજૂ કરી જાય છે. જેમ કે:

'કાંસાના સૂરજનો વરસે તડકો તીખો ખાર' (પૃ. ૧૫)

'દૈમારદોડતાઘોડાઓની ખરીઓનીકચ્ચર' (પૃ. ૧૪)

'ધસે
ધસી કૂદે
સિંહણ છલંગમાં ધબંત લોહ પિંજરે
પડે ભફાંગ' (પૃ. ૩૧)

'મનના એક ખૂણે ઊગેલ લોહીઆળ કાંટા જેવું ભોંકાય છે આ કુરુક્ષેત્ર' (પૃ. ૯૧)

આમાં 'ભફાંગ' શબ્દની જેમ 'ધબ્બ' વગેરે શબ્દોનો ઉપયોગ કરી ક્રિયાની તાદૃશ્યતા પણ કવિ સાધે છે. 'અશ્વત્થામા' અને 'નારી' જેવાં લાંબાં કાવ્યો પણ ઊર્મિપ્લાવિત વિચારભારની આસ્વાદ્ય કૃતિ બની રહે છે. સંગ્રહને અંતે મુકાએલા થોડા અનુવાદો પણ એમની કવિતા-સૂત્રનાં દ્યોતક છે. અહીંનાં કાવ્યો, આમ, પ્રેરણા અને કવિકર્મની સુભગ પરિણતિ સમાં છે. અને આથી જ આ સંગ્રહના ફ્લૅપ પર કોઈએ યોગ્ય રીતે જ મૂકેલા શબ્દો દોહરાવવાનું મન થાય છે કે 'પ્રત્યેક શબ્દને તમે ટકોરા મારીને નાણી શકો. અહીં બોદું કશું નથી; સુકુમાર જરૂર છે, જે સૂક્ષ્મ અને લયાત્મક છે.' (પ્ર. આર. આર. શેઠની કં. ગાંધી રોડ, અમદાવાદ-૧; કાચું, પૃ. ૧૨૪, રૂ. ૬-૨૫)

આર. આર. શેઠની કંપની

ગાંધીરોડ · અમદાવાદ-૧

ભીનાસમયવનમાં: વાર્તાનાયિકા એષા અને તેના બીજી વારના પતિ તપનની મધુરજનીની સમાપ્તિથી આરંભાતી શ્રી ભગવતીકુમાર શર્માની આ નવલકથા વાચકને તરત જ વાર્તારસમાં વહેતો કરી દે છે. તપનના શયનખંડ અને પ્રથમ પતિ સત્યના શયનખંડની મનોમન સરખામણી કરતી એષાના અંતરોદ્વેગની પ્રક્રિયા પ્રથમ પ્રકરણથી આરંભાઈ અંતિમ પ્રકરણ સુધી પહોંચતાં ઉત્કટ બને છે. વચ્ચે વચ્ચે કૅબૅરે ડાન્સર, દાણચોર હરબન્સ ખન્ના, મીરાંની સંતતિઝંખના વગેરે આડવાતોથી વાર્તા જો કે ચટાકેદાર બને છે ખરી, પરંતુ મૂળ વાર્તાવણાટ પાંખો પડી જાય છે. એષા-સત્ય-તપનની વાત જ જો સીધી ગતિએ આગળ વધી હોત તો કૃતિ વધુ ચોટદાર અને કલાપરસ્ત બની શકી હોત. લેખકે આ સંયમ જતો કરીને પણ એષાના જીવાતા જીવનની અને જિવાઈ ગએલા જીવનની ક્ષણોને કુશળતાથી ગૂંથી લઈ સારું પરિણામ નિપજાવવા પુરુષાર્થ ખેડયો છે. મનોરમ કલ્પનાઓ, સચોટ વર્ણનો, પ્રતીકો વગેરે દ્વારા લેખકે પાત્ર અને પરિસ્થિતિનો વિકાસક્રમ પણ સાધી બતાવ્યો છે. કેવળ છ જ દિવસના સમયપટ પર મુકાએલી આ વાર્તામાં લેખકે દસ દસ વર્ષના ભૂતકાળને સૂક્ષ્મ સંવેદનો દ્વારા આવરી લઈ જાણે બધુ સાંપ્રત બનાવી આપ્યું છે. માનવચિત્તના સૂક્ષ્મ વ્યાપારને નિરૂપવાનો અને તેને કલાકૃતિમાં ઢાળવાનો શ્રી ભગવતીકુમારનો આ પ્રયાસ વધુ કલાસંયમની અપેક્ષા સાથે ઉત્તરોત્તર વધુ સારી કૃતિઓની આશા જન્માવી જાય છે. (પાકું પૂઠું, પૃ. ૪૨૮, રૂ. ૧૧-૨૫)

ચિર-પ્રતીક્ષા: નવલકથાના રસિયામાં જેમનું નામ હવે અતિ આકર્ષણ જમાવે છે તે હિંદી લેખક ગુલશન નંદાની બે લઘુ નવલકથા —ચિર પ્રતીક્ષા અને પંખીપાંખવિહોણું—નો શ્રી વિજય હ. મહેતાએ અહીં સુવાચ્ય અનુવાદ આપ્યો છે. જો કે અનુવાદની ભાષામાં હિંદી લઢણની છાંટ ક્યારેક સુભગ પરિણામ લાવતી નથી. શ્રી નંદાની કથનશૈલી આકર્ષક છે, પ્રસંગાયોજન રસ ટકાવી રાખે તેવું છે, પાત્રાલેખન અને સંવાદો પણ જીવંત બની રહે છે; આમ છતાં વિશેષ મર્મોને પકડવાને બદલે ચીલાચાલુ, તાલમેલિયા, ચલચિત્રીય કથાવસ્તુ દ્વારા સરસ વાર્તારસ સિવાય કોઈ વિશેષ કલાકૃતિની છાપ ઊભી થતી નથી. એકંદરે બન્ને નવલકથાઓ મંગલમય દર્શન કરાવી સ્વચ્છ વાતાવરણની રસાનુભૂતિ કરાવી જાય છે. (પાકું પૂઠું, પૃ. ૩૨૯, રૂ. ૯-૭૫)

માયા અપરંપાર: કોઈ અનાથ બાળકને મુરારિએ ઉછેર્યો અને જે અપરંપાર માયા બંધાઈ તેના આલેખન પછી એ માયા તથા તેમાંથી જન્મતા અધિકાર વગેરેના સંઘર્ષમાં કથાને મૂકી, પ્રેમ અને સમાજનાં બંધનોમાંથી નીપજતા સમસ્યામય પ્રસંગો વણી લઈ ચીલાચાલુ ઢબે નિરૂપેલી શ્રી સારંગ બારોટની સામાન્ય સુખાંત નવલકથા. (પાકું પૂઠું, પૃ. ૩૩૭, રૂ. ૧૦)

નિરુત્તર: શ્રી વિઠ્ઠલ પંડયાના આ સાતમા વાર્તાસંગ્રહમાંની એકવીસ વાર્તાઓમાંથી 'નિરુત્તર', 'અજાણ્યું એક જણ' અને 'બલા' જેવી વાર્તાઓ બાદ કરતાં બાકીની કૃતિઓ મુખ્યત્વે પ્રણયત્રિકોણને તદ્દન સામાન્ય રીતે રજૂ કરતી કૃતિઓ છે. (પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૬)

લોકપ્રિય પ્રકાશન

૧૦૧/૧૧૨ પ્રિન્સેસ સ્ટ્રીટ · મુંબઈ-૨

અંધાપો: જાતીય વૃત્તિને કેન્દ્રમાં રાખી લખાએલી આ નવલકથા પ્રજાનાડને પારખી લોકપ્રિય થવાનો સસ્તો પ્રયાસ કરે છે. વંદના સાથે પરિણીત શિક્ષક રમેશ વાસનાના પૂરમાં ખેંચાઈને મકાનમાલિક મનસુખભાઈની પત્ની શારદાબેન અને પુત્રી સુરેખ સાથે જાતીય સંબંધોમાં આવે છે. પછી જન્મે છે આત્મતિરસ્કાર. પરંતુ આ પ્રસંગો પ્રતીતિકર લાગતા નથી. કથા કહેવાની ફાવટ શ્રી દિલીપ રાણપુરા પાસે છે, પણ કલા પ્રગટવી હજુ બાકી છે. આ જ પુસ્તકમાં એક ચીલાચાલુ અને અપ્રતીતિકર લઘુનવલ 'મને એક ગીત આપો' પણ મુકાઈ છે. (પાકું પૂઠું, પૃ. ૨૭૮, રૂ. ૮)

હરિયાળાં વેરાન: ફિલ્મજગત તરફ આકર્ષાઈને તે તરફ આંધળી દોટ મૂકતી આજની યુવાન પેઢીને ત્યાંના જૂઠા ચળકાટથી ચેતવવાનો ગંભીર વિષય આ નવલકથામાં નિરૂપાયો છે. પરંતુ એ જૂઠા ચળકાટ તરફ જુગુપ્સા ઉત્પન્ન થવાને બદલે વધુ આકર્ષણ જન્મે એવો ચળકાટ લેખક શ્રી દિલીપ રાણપુરાએ આ કથામાં ઊભો કર્યો છે તેને લોકપ્રિય થવાના નુસખા સિવાયનું કોઈ મહત્ત્વ મળી શકે તેમ નથી. પરિણામે ગંભીર વિષયની અગંભીર માવજતને લઈને આ કૃતિ એક અતિ સામાન્ય કક્ષાની નવલકથા બની રહે છે. (પાકું પૂઠું, પૃ. ૪૦૪, રૂ. ૧૧-૫૦)

પ્રીત પુરાની: શિવ-પાર્વતીની પૌરાણિક પ્રણયકથાને ગૌરીના પૂર્વજન્મના પ્રેમના રૂપમાં નિરૂપી સંસારને પ્રેમમાં આદર્શ, નિષ્ઠા અને સ્વમાનની પ્રેરણા આપતી આ સ્વચ્છ નવલકથા, શૈલી અને આકારની દૃષ્ટિએ ગતાનુગતિક ફાલમાંની એક બની રહે છે (લે. યોગેશ્વર; પાકું પૂઠું, પૃ. ૩૨૬, રૂ. ૯-૫૦)

આગ: શિવકુમાર નામના નાયક દ્વારા સન્નિષ્ઠ અને ધ્યેયયુક્ત કલાકારના જીવનની સંઘર્ષમય પરિસ્થિતિનું બયાન કરતી આ નવલકથા એમ દર્શાવવા મથે છે કે કલાકારનું જીવન સંસારને માટે આદર્શરૂપ છે. શૈલીનો કોઈ પણ નવો ઉદ્રેક પ્રગટ કર્યા વગર ચોક્કસ ધ્યેય તરફ આગળ વધતી ચીલાચાલુ પણ સુવાચ્ય નવલકથા. (લે. ઉપર મુજબ; પાકું, પૃ. ૩૫૩, કિંમત રૂ. ૧૦)

નવાં પ્રકાશનો

ભાવિ કવિતા: શ્રી અરવિંદ કાવ્યસાહિત્યના અભ્યાસી તેમજ સર્જક પણ હતા. તેમણે કવિતા વિષેની પોતાની વિભાવના મૂળ અંગ્રેજી ગ્રંથ 'ધ ફ્યૂચર પોએટ્રી'માં પ્રગટ કરી છે, તો તેમાં ભાવિ કવિતા વિષેના પોતાના ખયાલો પણ મક્કમપણે રજૂ કર્યા છે. આજે આપણે ત્યાં કવિતાક્ષેત્રે સર્જન-ભાવનનો જુવાળ આવ્યો છે ત્યારે શ્રી અરવિંદના વિચારો સર્જક-ભાવક ઉભય પક્ષે ઉપકારક થઈ પડે તેવા છે. શ્રી અરવિંદની મૌલિક કાવ્યતત્ત્વવિચારણા પ્રગટ કરતા આ પુસ્તકનો અનુવાદ એકંદરે આસ્વાદ્ય તો થયો છે, છતાં કેટલીક ઠેકાણે ક્લિષ્ટતા પણ પ્રવેશી જવા પામી છે. (પ્રકા. શ્રી અરવિંદ સોસાયટી, પોંડિચેરી-૨; અનુ. શાંતિલાલ ઠાકર; પાકું પૂઠું; પૃ. ૩૩૪; રૂ. ૧૫.)

અખંડિત સ્વપ્ન: સમરસેટ મૉમની નાટ્યકૃતિ 'ધ સેક્રેડ ફ્લેઈમ'ના કથાવસ્તુ પરથી આપણા દેશકાળના વાતાવરણમાં લખાએલું પરમસુખ પંડ્યાનું આ ત્રિઅંકી નાટક મૌલિક કૃતિના આસ્વાદ જેટલો આનંદ આપી રહે છે. (પ્ર. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨; પાકું પૂઠું; પૃ. ૧૫૪; રૂ. ૪.)

એક દિવસ: 'સ્ટ્રીમ ઑવ કૉન્શ્યસનેસ'-ની નિરૂપણ-પદ્ધતિએ પ્રેમ અને રહસ્યની કથી રજૂ કરવાનો અસમર્થ પ્રયાસ આ કૃતિમાં જોઈ શકાય છે. વાક્યરચના ને ભાષાશુદ્ધિ તરફની બેદરકારી અનેક સ્થળે વર્તાઈ આવે છે. છપાઈની અસુઘડતા પણ ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી. તદ્દન સામાન્ય કક્ષાની નવલકથા. (લે. શૈલજા દેસાઈ; પ્ર. ખુટાલા ઍન્ડ કં. આનંદપુરા, વડોદરા-૧; પાકું પૂઠું; પૃ. ૧૫૫; રૂ. ૫.)

ચંદ્રગુપ્ત મૌર્ય: એ પ્રતાપી સમ્રાટના જીવન, શાસન, સિદ્ધિઓ અને વ્યક્તિત્વને ઉચિત અર્ઘ્ય આપતી ચરિત્રરેખા. (મૂ. લે. લલ્લનજી ગોપાલ; અનુ. મુરલી ઠાકુર; પ્ર. નૅશનલ બુક ટ્રસ્ટ, પ્રાપ્તિસ્થાન: વોરા ઍન્ડ કં., ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૭૦, રૂ. ૨-૫૦)

પદ્મ: સર્વશ્રી શશિન ઓઝા, જેઠાલાલ ત્રિવેદી, લાલજી ગોહિલ, નારાયણ સોલંકી ને વ્રજ મો. શાહનાં કેટલાંક કાવ્યોનું સંપાદન. (સંપાદક: વ્રજ મો. શાહ; પ્રકાશક: 'બાલકુસુમોદ્યાન', સ્વાધ્યાય, ૩૭૪ ગુરુવાર, પૂના-૨; કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૧-૨૫)

પરવાજ: શ્રી રાહીના આ પ્રથમ કાવ્યસંગ્રહમાંનાં ગીતો, ગઝલો, હાઈકુ, મુક્તકો વગેરે ઊર્મિની સચ્ચાઈ તથા અભિવ્યક્તિની આશાસ્પદ એંધાણી આપી જાય છે. (પ્ર. પોતે જ; કંસારા બજાર, ધ્રાંગધ્રા; કાચું, પૃ. ૪૯, રૂ. ૧-૫૦)

શતરંજના વિશ્વવિજેતાઓ .... સુરેશ મોદી

એકધારા સત્યાવીસ વર્ષ સુધી વિશ્વવિજેતા પદ પર ટકી રહેલા લાસ્કરને ઈ. ૧૯૨૧માં હરાવીને ક્યુબાના ૩૩ વર્ષના યુવાન જોસ રાઉલ કાપાબ્લાન્કા વિશ્વવિજેતા બન્યા. તેમની શૈલીમાં અત્યંત સાદાઈ અને સીધા આક્રમણનું સંમિશ્રણ જોવા મળતું. તેમની રમત જોતાં શતરંજ રમવું બહુ સહેલું હશે એમ લાગતું.

કાપાબ્લાન્કા ફક્ત બાર વર્ષની વયે ક્યુબાના રાષ્ટ્રીય ચેમ્પીઅન થયા હતા. રાજદ્વારી સેવામાં હોવાથી તેમને શતરંજ રમવા માટે બહુ ઓછો સમય રહેતો અને ઘણી વખત તદ્દન મહાવરા વગર તેઓ ટુર્નામેન્ટ રમવા જતા, છતાં એમાં જીતતા. તેઓ એમના જમાનાના બીજા ખેલાડીઓથી એટલા આગળ હતા કે એમને હરાવવા એ લગભગ અશક્ય ગણાતું. એમની સિદ્ધિની ટોચ દરમિયાન આઠ વર્ષમાં તેઓ અનેક ટુર્નામેન્ટ રમેલા છતાં ફક્ત ૭ જ રમત હાર્યાનું કહેવાય છે.



કાપાબ્લાન્કા

આથી તેમનો એવો મત બંધાયો હતો કે શતરંજમાં જાણવા જેવું બધું લોકો જાણે છે અને તેથી શતરંજમાં રસ ટકાવી રાખવા બે વધુ મહોરાં ઉમેરવાં જરૂરી છે. તેમની આ માન્યતા કેટલી ખોટી હતી તે છેલ્લાં ૫૦ વર્ષમાં શતરંજની ટકી રહેલી લોકપ્રિયતા અને એના પ્રસારથી પુરવાર થયું છે. તેમ છતાં તેઓ તેમના કાળના જ નહિ, પણ દરેક કાળના સૌથી મહાન ખેલાડીઓમાંના એક કહી શકાય એમાં કોઈ શંકા નથી; આજે પણ વિદ્યાર્થીઓને તેમનું પુસ્તક 'Chess Fundamentals' વાંચવાની સલાહ આપવામાં આવે છે. અહીં આપણે એમની એક ટૂંકી રમત જોઈએ. આમાં સફેદ મહોરાં કાપાબ્લાન્કાનાં છે.

1 P-Q4, P-Q4; 2 P-K3, P-K3; 3 B-Q3, P-QB3; 4 N-KB3, B-Q3; 5 QN-Q2, P-KB4; 6 P-B4, Q-B3; 7 P-QN3, N-KR3; 8 B-N2, 0-0; 9 Q-B2, N-Q2; 10 P-KR3, P-KN3.

આ ચાલ 11 P-KN4થી ડરીને ચલાઈ છે, પણ તેથી સફેદને લાંબી કાળી ત્રાંસી લીટી પર આક્રમણની સુંદર તક મળે છે.

11 O-O-O, P-K4?; 12 QP×P, N×P; 13 P×P, P×P;



હવે ઉપરાઉપરી ભોગ આપીને સીધાં આક્રમણ કરવાની પરિસ્થિતિ ઊભી થઈ છે. કાપાબ્લાન્કા તેનો આબાદ લાભ ઉઠાવે છે.

14 N-B4! P×N; 15 B×Pch, N/3-B2; 16 R×B!

પહેલાં ઘોડાનો ભોગ આપ્યો હતો, હવે ઊંટના બદલામાં હાથી આપે છે.

16 ..., Q×R; 17 N×N, B-K3; 18 R-Q, !; Q-K2; 19 R-Q7!, B×R; KP-B1; 20 N×B, KR-B1;

અહીં 20 ..., Q×N ? રમે તો સફેદ 21 Q-B3થી બહુ સહેલાઈથી જીતે. લાંબી ત્રાંસી લાઈન પરના આ કાબૂને લીધે જ સફેદ તેનાં મહોરાંના ભોગ આપી શક્યા હતા.

21 Q-B3, R×B; 22 P×R, Resigns.

હવે 23 Q-N7 mate અટકાવવા 22 ...,N-Q3 રમે તો 23Q-R8ch પછી સફેદ સહેલાઈથી જીતે છે માટે. □

પ્રેમસખી પ્રેમાનંદ: સ્વામીનારાયણ સંપ્રદાયના સંત કવિ પ્રેમસખીનાં જીવન અને કવનને સંક્ષેપમાં રજૂ કરતી પુસ્તિકા. (લે-પ્રકા: ગોરધનદાસ જીવરાજ સોરઠિયા, શ્રીજી સાહિત્ય પ્રચાર કાર્યાલય, બંગલી ચોક બગસરા; કાચું પૂઠું, પૃ. ૨૫, રૂ. ૦-૭૫.)

નિષ્કુળાનંદ સ્વામી: સ્વામીનારાયણ સંપ્રદાયના વૈરાગ્યમૂર્તિ કવિ નિષ્કુળાનંદનાં જીવન અને કવનની સંક્ષિપ્ત પરિચયપુસ્તિકા. (લે-પ્રકા. ઉપરમુજબ; કાચું, પૃ. ૩૧, ૭૫ પૈસા)

મુક્તાનંદ સ્વામી: ઉક્ત સંપ્રદાયના એ મુક્તાત્મા સંત કવિનાં જીવન અને કવનનો ટૂંકો પરિચય કરાવતી પુસ્તિકા. (લે-પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૪૧, રૂ. ૦-૭૫)

પચ્ચીસ વર્ષ પહેલાં



મે ૧૯૪૮ · સળંગ અંક ૨૯૩

'જવાબદારીનું ભાન' એ રાષ્ટ્રધારક ગુણના આપણા જીવનમાંના સંપૂર્ણ અભાવ વિષે સ્વ. ગટુલાલ ધ્રુવે એક મનનીય લેખ ત્યારે આપેલો :

આપણી પ્રજાના ચારિત્ર્યમાં એક સર્વસામાન્ય દોષ એ છે કે તેને પોતાની ફરજનું ભાન હોતું નથી. સોંપવામાં આવેલું કામ નાનું કે મોટું, ગમતું કે અણગમતું, ઉલ્લાસનું કે માત્ર કંટાળાભરેલા વૈતરાનું હોય, પરંતુ તે પ્રામાણિકપણે અને વફાદારીથી, પોતાની સર્વ શારીરિક અને માનસિક શક્તિ અર્પીને પાર ઉતારવું આપણી ફરજ છે એવી મનોવૃત્તિ ભાગ્યે જ જોવામાં આવે છે. પરિણામે દરેક જાતના કામ માટે દેખરેખ રાખનાર, ને દેખરેખ રાખનારા ઉપર નિરીક્ષણ કરનારા અને તેમના ઉપર વળી તકેદારી રાખનારા, એમ ઇન્સ્પેક્ટરો અને સુપરવાઈઝરોની પરંપરા ઊભી કરવાની જરૂર આપણા દેશમાં બધાં જ ખાતાંઓ, ઉદ્યોગો અને પાઠશાળાઓમાં પડે છે. આથી ખર્ચ ઘણું થાય છે અને કાર્યક્ષમતા ઘટે છે.

પશ્ચિમના દેશોમાં તો માણસો પોતાને સોંપેલું કાર્ય ફરજની ઉચ્ચ ભાવનાથી પ્રામાણિકપણે પાર પાડે છે. તેથી ત્યાં ઇન્સ્પેક્ટરોની જરૂર પ્રમાણમાં ઓછી પડે છે. આ જાતનો ગુણ સૈકાઓથી ચાલી આવતી પેઢી દર પેઢીની ટેવ ને રૂઢ થઈ ગએલી મનોવૃત્તિને લીધે એ પ્રજાઓના સ્વભાવમાં જડાઈ ગએલો છે. ફરજની ઉચ્ચ ભાવના જીવનના અનેક પ્રસંગોમાં બતાવ્યાનાં દૃષ્ટાન્તો આપણે પશ્ચિમની પ્રજાનાં સ્ત્રીપુરુષોના સંબંધમાં વાંચ્યાં છે, સાંભળ્યાં છે અને અનુભવ્યાં છે. પોતાની ફરજ બજાવતાં મૃત્યુ આવે તો તે વેઠી લેવાની શિસ્તની તાલીમ એ પ્રજામાં માત્ર લશ્કરના સૈનિકો પૂરતી જ જોવામાં નથી આવતી, પરંતુ બીજા અનેક ધંધા નોકરી સેવાકાર્યો, ઉદ્યોગો તથા કારખાનાં વગેરેમાં કામ કરતા નાગરિકોમાં પણ જોવામાં આવે છે. અંગ્રેજ પ્રજા પાસેથી જે કેટલાક ઉચ્ચ ગુણો આપણે શીખવાના હતા તેમાં ફરજની ઉચ્ચ ભાવના ને પોતાની જવાબદારીનું ભાન મુખ્ય છે. તે શીખવાનું આપણે ચૂકયા છીએ.

અત્યારે કોઈ પણ ઑફિસ કે દુકાન, કચેરી કે કારખાનાના ઉપરીઓને પૂછો તો જવાબ મળશે કે નોકરો પગાર વધારે માગે છે, કદી કદી બુદ્ધિશક્તિ બતાવે છે, કામમાં તેમને સમજણ પડે છે, આવડત પણ સારી હોય છે, પરંતુ એમને સોંપેલું કામ કાળજીપૂર્વક જવાબદારીના સંપૂર્ણ ભાનથી એ પાર પાડશે જ એવી ખાતરી હજારે એક માણસ માટે પણ આપી શકાતી નથી.

આનું શું કારણ છે? મને લાગે છે કે અત્યારના જમાનામાં માણસ માણસ વચ્ચેના વ્યવહારમાંથી માનવીની હૃદયની લાગણી Human Touch એકંદરે ઓછો થઈ ગયો છે. સૌ કોઈ કૉન્ટ્રૅક્ટની દૃષ્ટિથી કામ કરે છે. અગિયારથી સાડા પાંચ કે છ વાગ્યા સુધીનું કામ આપવાનો જાણે દરેકે કૉન્ટ્રૅક્ટ લીધો હોય એવી ભાવનાથી કામ થાય છે. 'આ મારું કામ છે, મારા ઉપર વિશ્વાસ રાખીને અને હું ચોકસાઈથી તે પાર ઉતારીશ એવી શ્રદ્ધાથી મને કામ સોંપવામાં આવ્યું છે, માટે મારે એ વિશ્વાસને પાત્ર બનવું જોઈએ', એ નૈતિક મનોવૃત્તિ કામ કરનારમાં જોવામાં આવતી નથી. ઘરના નોકરથી માંડીને સરકારી સેક્રેટેરીએટના સેક્રેટરી સુધી ને મિલના સંચામાં તેલ પૂરનારથી માંડી મિલના મૅનેજર સુધી બધા જ કામની વેઠ ઉતારે છે. પોતાનું સોંપવામાં આવેલું કામ પોતાનું છે, એ કામ સારું પાર પાડવાથી જે લાભ થાય કે શોભા કે કીર્તિ વધે તે પોતાને મળ્યા બરાબર છે એવી લાગણી બહુ જવલ્લે જોવામાં આવે છે.

શેઠ અને નોકર, મૅનેજર અને કારકુન, સેક્રેટરી અને ટાઇપિસ્ટ વચ્ચે માત્ર કૉન્ટ્રૅક્ટનો કે જડ યંત્ર જેવો સંબંધ નથી, પણ બુદ્ધિમાન મનુષ્યોનો સંબંધ છે–એકબીજાના હૃદયનો સંબંધ છે, એવી લાગણી ઉત્પન્ન થાય તો જ જવાબદારીનું ભાન ઉત્પન્ન થઈ શકે. એવા ભાન માટે માણસાઈના ગુણ–માનવહૃદયની નિકટતાની લાગણી બન્ને પક્ષ વચ્ચે ઉત્પન્ન થવાની જરૂર છે.

જવાબદારીનું ભાન થવા માટે બીજી એક આવશ્યકતા તે પોતાને સોંપેલા કામમાં રસ ઉત્પન્ન કરવાની છે. રસ ઉત્પન્ન કરવા માટે એ કામ પ્રત્યે પ્રથમ મમત્વ ઉત્પન્ન થવાની જરૂર છે. બૅંકનો કારકુન કે સરકારી કચેરીનો કારકુન યંત્રવત્ પોતાનું કામ કર્યે જાય, એની આંટીઘૂંટી સમજવાનો કે એને વધુ કાર્યક્ષમ, વ્યવસ્થિત અને કુશળતાપૂર્વક બનાવવા માટે તેનો ઊંડો અભ્યાસ કરવાની ઇચ્છા કરે નહિ, તો તેને કદી તેમાં રસ ઉત્પન્ન થઈ શકે નહિ. અત્યારે દરેક ખાતાના ઉપરીની એ સામાન્ય ફરિયાદ છે કે નવા ભણેલા અને કેળવાએલા ગણાતા કાર્યકરોમાંથી ભાગ્યે જ કોઇને પોતાના કામનો કાળજીપૂર્વક અભ્યાસ કરવાની ઇચ્છા થએલી જોવામાં આવે છે. નવુંનવું શીખવાની ઈંતેજારી તો કોઈનામાં જોવામાં આવતી જ નથી. એવું એક પણ કાર્ય નથી કે જેમાં રસપૂર્વક ધ્યાન આપવામાં આવે તો તો તેમાં વિશેષ સરળતા, ઓછો શ્રમ, વધુ સફાઈ અને સુઘડતા, વિશેષ સંતોષ અને આનંદ ઉત્પન્ન ન કરી શકાય. માથે નાખેલું કામ ગમે ત્યારે પણ પોતાને જ પૂરું કરવાનું છે, તો પછી તે રસપૂર્વક અને કાળજીથી કરવામાં શો વાંધો નડે છે તે સમજવું મુશ્કેલ છે.

જવાબદારીનું ભાન ન હોવાનું એક કારણ મોજમજાહ, સહેલ, થોડામાં થોડા શ્રમથી વધારેમાં વધારે પૈસા મેળવવાની અપ્રામાણિક ને ચોરીની વૃત્તિ, એ પણ ગણી શકાય. આનંદ, ઉલ્લાસ, વિશ્રામ વગેરે ભોગવવાની ઇચ્છા સ્વાભાવિક છે; પરંતુ જીવન એટલા માટે જ નથી. જીવન કર્તવ્ય કરવા માટે છે. એ કર્તવ્ય બોજા રૂપ ન લાગે માટે આનંદ, ઉલ્લાસ અને મોજમજાહને તેમાં અવકાશ છે, એટલે પ્રથમ કામ અને કામના બદલામાં વિશ્વાસ, આનંદ અને ઉલ્લાસ એવી મનોવૃત્તિ કેળવવી જોઇએ.

રાષ્ટ્રજીવનનું યંત્ર સરળતાથી ચાલે તે માટે દરેક ક્ષેત્રમાં, દરેક ઉદ્યોગ-ધંધામાં, પ્રત્યેક વ્યક્તિએ પોતાને ભાગે આવેલી નાનીમોટી જવાબદારી પ્રમાણિકરીતે પાર પાડવા માટે આગ્રહ હવે રાખવો જોઇએ. કાર્ય ભલે ગમે તેવું નાનું કે ક્ષુલ્લક હોય, પણ તેથી તેનું મહત્ત્વ રજમાત્ર ઓછું થતું નથી. જંગી યંત્રમાં એકાદ નાનો સ્ક્રૂ કે ચક્કર ભલે દેખાવમાં ક્ષુલ્લક લાગે, પણ સમસ્ત યંત્રનું સરળતાથી ચાલવું તેના પર અવલંબી રહ્યું હોય છે, આપણા જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં આપણે ભાગે આવેલી જવાબદારી ઈમાનદારીથી પાર પાડીએ એથી આપણી વ્યક્તિગત કિંમત ને વિશ્વાસ તો વધશે જ, પણ તે સાથે આપણા દેશની ચારિત્ર્ય સપાટી પણ ઊંચે ચઢશે.

આ શરૂઆત શાળાથી થવી જોઇએ. શાળાઓમાં વિદ્યાર્થીઓને જવાબદારીનાં કામ સોંપી, તેઓ તે બરાબર પાર પાડે એવી તકેદારી રાખીને જીવનમાં જવાબદારીનું ભાન કેળવી શકાય. કેળવવું જોઈએ.

કેસૂડાં ૧૯૭૩

બૃહદ ગુજરાત (કલકત્તા)માંથી નીકળતું ગુજરાતનું એ સંગીન સમૃદ્ધ અને લબ્ધપ્રતિષ્ઠ વાર્ષિક ફરી પાછું આ વર્ષે ત્યાંનું ગુજરાતી સાહિત્યમંડળ પ્રસિદ્ધ કરે છે. તેને માટે પોતાની એક સરસ મૌલિક કૃતિ આ માસ આખર પહેલાં મોકલવાની તેના આ અંકના સંપાદકો શ્રી લલિતકુમાર બક્ષી અને શ્રી જયંતીલલ મહેતાએ સૌ સર્જકોને વિનંતી કરી છે. સરનામું (અંગ્રેજીમાં કરવું): લલિતકુમાર બક્ષી પી ૩૫. બી. કે. પૉલ ઍવન્યુ, કલકત્તા ૭૦૦૦૦૫.

વૃક્ષ-વેલ-પરિચય : ૬ · ગુલમહોર



પુષ્પોની ભભકથી શોભીતાં વૃક્ષોમાં ગુલમહોર બહુ જાણીતું છે. અસલ એ માડાગાસ્કરનું. પણ આજે તો એ આપણા સૂકા ગરમ ને દરિયાકાંઠાના વિસ્તારમાં બધે જોવા મળે છે.

સામાન્યતઃ પંદરથી ત્રીસ ફૂટ ઊંચું જતું આ વૃક્ષ ઉપરથી સારું ફેલાતું હોઇને ને ઉનાળામાં ફૂલપાનથી ખચિત થઈ સારી શોભા ને છાયો આપતું હોઈ રસ્તાને બંને પડખે ને બાગબગીચામાં શોભન તરીકે ઉગાડાય છે. ઝડપથી વધતું હોવા છતાં એની આવરદા ઓછી છે, સખત પવન કે વાવાઝોડામાં એ ઊખડી પણ પડે છે.

પાનખરમાં બધાં પાન ખરી જઈ આખું વૃક્ષ સુંદર કેસરી-લાલ ફૂલોથી ભભકી ઊઠે છે. ગુલમહોરનાં પાન સંયુક્ત પ્રકારનાં છે એટલે કે ડાળ પર દોઢેક ફૂટની એક મધ્ય શિરા પર ૧૦ ૨૦ જોડ ઉપપર્ણો હોય છે જેના પર ટચૂકડાં પાનની ૨૦-૩૦ જોડ હોય છે. ફૂલ ચારેક ઇંચના વ્યાસનાં, છેડે જતાં પહોળી, કરચલિયાળી પાંચ પાંખડીનાં. આમાં એક પાંખડી વધુ મોટી અને આછા રંગની, ને તેના પર લાલ છાંટવાળી. ફૂલની મધ્યમાંથી દસેક પાતળા લાંબા પુંકેસર તંતુઓ. જમીન અને હવામાનના ફેરફાર સાથે ગુલમહોરનાં ફૂલનો રંગ પણ આછોઘેરો, પણ મુખ્યત્વે ભભકતો કેસરી.

ફૂલ ખર્યા પછી ત્યાં શિંગ બેસે છે જે પાક પર જતાં ઘેરી બદામી, ફૂટ દોઢ ફૂટ લાંબી, બેએક ઇંચ પહોળી ને જાડી ચપટી હોય છે, જેની અંદર ટપકાંવાળાં બી હોય છે જેનું કવચ સખત હોઈ એને ઊગતાં વર્ષ-બેવર્ષ લાગે છે.



માધુકરી

ગગન ગાજી ઊઠે છે વાદળાંઓ ગડગડે ત્યારે,
ધરા પણ રૂપ બદલે છે મહાઆંધી ચડે ત્યારે;
વિષમ આંધી ચડે છે માનવીની જિંદગીમાં, પણ
વિલય પામે ડરે ત્યારે, વિજય પામે લડે ત્યારે.

—અંબાલાલ 'ડાયર'

સ્વ. નટવરલાલ માળવી

આ સદીના બીજા દાયકાની અધવચ્ચે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી આવીને ભારતના રાજકારણમાં પ્રવેશ કર્યો અને વીજળીના ચમકારાની જેમ તેમાં ચેતના આણી, એ દિવસોમાં સૂરતના બે તરુણ ભાઇઓ 'નટવર' અને 'ઇશ્વર' વીમાવાળાએ 'બૉમ્બ યુગનું બંગાળા' જેવાં પુસ્તકો તથા 'તોપ' અને 'ગાંડીવ' જેવાં અઠવાડિકો પ્રકટ કરવા માંડીને ગુજરાતી પત્રકારત્વ તથા સાહિત્યને ધ્રૂમધડાકાથી ગજવી મૂકેલાં. એમાં ઈશ્વરલાલ મોટા અને નટવરલાલ નાના; પણ નામ નાના નટવરનું વધારે ગાજે. પાછળથી બંને ભાઈઓ છૂટા પડયા ત્યારે 'ગાંડીવ' તથા એ નામનું પ્રકાશન-મંદિર નટવરલાલને ભાગે આવ્યું અને 'સ્ત્રી શક્તિ' સાપ્તાહિક વગેરે ઈશ્વરલાલને ફાળે ગયાં. એ અઠવાડિક થોડાં વરસ ચલાવ્યા બાદ ઈશ્વરલાલ ગુજરી ગયા. નાના ભાઈ નટવરલાલ, જેમણે પોતાની અટક પાછળથી બદલીને 'વીમાવાળા'ને બદલે 'માળવી' રાખેલી એમનું–અમારા એ છ દાયકા પુરાણા મિત્રનું–આ (એપ્રિલ) માસની ૧૬મી તારીખે સૂરતમાં ૭૩ વર્ષની વયે અવસાન થયું તેની ભારે હૈયે નોંધ લઈએ છીએ.

'તોપ' અને 'ગાંડીવ' જેવાં નામ પાડનાર તેજસ્વી કલમ ધરાવતા એ નટવરલાલ મૂળચંદ વીમાવાળાનો જન્મ ઈ. ૧૯૦૦ની ૩૦ સપ્ટેમ્બરે સૂરતમાં ત્યાંની તળપદા દશાશ્રીમાળી વણિક જ્ઞાતિમાં શ્રી મૂળચંદ ઘેલાભાઈ વીમાવાળાને ત્યાં થએલો. કુટુંબની અસલ અટક તો મહેતા (એમના એક પિતરાઈ શ્રી ચન્દ્રવદન ચીમનલાલ 'મહેતા' છે તેમ જ), પણ પિતાના વીમાના વ્યવસાયને લઇને વીમાવાળા કહેવાયા. (જોકે પાછળથી નટવરલાલે અટક બદલી ત્યારે 'માળવી' રાખી.)

કુટુંબમાં દાદાને કવિ નર્મદ સાથે સારો સંબંધ હતો. કવિને ભીડ વખતે એમણે સહાય પણ કરેલી, અને કવિએ સ્વહસ્તે નામ લખીને પોતાની ચોપડીઓ ભેટ આપેલી. પિતા મૂળચંદે ગુજરાતી-અંગ્રેજી પદ્યરચના પર હાથ પણ અજમાવેલો. નટવરલાલને તો નાનપણથી જ સાહિત્યનાં સ્વપ્નાં; અને છેક દસ-બાર વર્ષની વયે સાહિત્યની દિશામાં જ જીવન ગાળવાની મહેચ્છા ગોઠિયાઓ આગળ કહેલી. બાર-તેરની વયથી તો લખવાનું શરૂ કરી દીધેલું—'સુંદરી સુબોધ'માં લેખો તથા કાવ્યો, 'ગુજરાતી'માં ચર્ચાપત્રો, 'વાર્તાવારિધિ'માં વાર્તાઓ વગેરે.



શાળાની કારકિર્દી પ્રથમ કક્ષાની. સદા પહેલો જ નંબર, અને લગભગ હમેશાં સ્કૉલરશિપો-ઈનામો મેળવતા રહેલા. પ્રીવિયસમાં (કૉલેજના ફર્સ્ટ ઈયરમાં) ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ. મુંબાઇની વિલ્સન, સૂરતની એમ.ટી.બી. ને પૂનાની ફર્ગ્યુસન કૉલેજોમાં અભ્યાસ કરી જુનિયર બી.એ.માંથી અસહકાર કરીને ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા. પરંતુ ત્યાંથી પણ ૧૯૨૨માં (માત્ર બે જ માસમાં સ્નાતકની પદવી મળે તેમ હતી છતાં)

છાલો-પાલો મરી-મસાલો] ૯ [જાયફળ

મિષ્ટાન્ન કે પાક વગેરેમાં સુગંધ લાવવા વપરાતાં જાયફળ જાણીતાં છે. મુખવાસમાં યે એ વપરાય છે. બાળકને એનો ઘસારો પણ અપાય છે.

મૂળ એ મલાક્કા બેટનું. જાવા સુમાત્રા ને મલાયા તથા સીલોનમાં એ પુષ્કળ થાય છે. ચીનમાં તો એ જંગલોમાં પણ ઊગી નીકળે છે. ભારતમાં બંગાળ, નીલગિરિ, ત્રાવણકોર ને મલબાર કાંઠે એનું વાવેતર થાય છે. જાયફળનાં વૃક્ષ બારે માસ લીલાં રહે છે ને ખૂબ ઊંચાં વધે છે. એમાં નર અને માદાનાં વૃક્ષ અલગ અલગ હોય છે. માદા વૃક્ષનાં પાન ત્રણ-સાડા ત્રણ ઈંચ લાંબાં, ભાલાના ફળા જેવા આકારનાં ને સુંવાળાં તથા મસળવાથી સુગંધ આપે એવાં હોય છે. ફૂલ ઘંટ આકારનાં ને પુષ્પકોષ વિનાનાં. ફળ જાડી સફેદ સુગંધી છાલવાળાં ને જામફળ જેવાં ગોળલંબગોળ આકારનાં. આ ફળની અંદરનું કવચવાળું બીજ તે જાયફળ. બીજને ફરતી જાળીદાર અંતરછાલ તે જાવંત્રી. એ પણ સુગંધી હોયછે.

ચીનનાં જાયફળ ઉત્તમ ગણાય છે. વજનમાં હલકાં, પોલાં ને બરડ હોય તે જાયફળ હલકા પ્રકારનાં ગણાય. મોટાં, તેલી ને ભારે જાયફળ ઉત્તમ. ઘીમાં રાખી મૂકવાથી જાયફળ વર્ષો સુધી સારાં રહે છે. જાયફળ અને જાવંત્રીમાંથી સુગંધી પણ ઉડ્ડયનશીલ તેલ નીકળે છે. એટલે ખુલ્લામાં લાંબા સમય રહેલાં જાયફળ-જાવંત્રીની સુગંધ અને ગુણ ઘટી જાય છે.

જાયફળ રસમાં કડવું, તીક્ષ્ણ, ગરમ, રુચિકર, હલકું, તમતમતું, અગ્નિને પ્રદીપ્ત કરનાર, મલરોધક, સ્વરને હિતકારી, કફ અને વાયુનો નાશ કરનાર, મોંનું વિરસપણું, દુર્ગંધ, કૃમિ, કાસ, ઊલટી, શોષ, સળેખમ ને પીનસ તથા હૃદયરોગને મટાડનાર છે.

જાવંત્રી હલકી, મધુર, કડવી, ગરમ, રુચિકર, વર્ણ સુધારનાર, કફ, ઊલટી, શ્વાસ, તૃષા, કૃમિ ને વિષનો નાશ કરે છે.

જાયફળ કરતાં જાવંત્રી વધુ વિષઘ્ન છે. આયુર્વેદમાં જાયફળ-જાવંત્રીનો ઉપયોગ અતિસાર, મરડો, સંગ્રહણી, અર્શ, વાતરોગ, કૉલેરા, પ્રમેહ, વીર્યવિકાર, નિર્બળતા, નિદ્રાનાશ, દંતશૂળ ને સળેખમમાં વપરાય છે.

જાયફળ ને જાવંત્રી પ્રસૂતા અને બાળકોના રોગો પર પણ વપરાય છે. યુનાની મત પ્રમાણે જાયફળ–જાવંત્રી મૂત્રલ, સ્તન્યવર્ધક, ઉત્તેજક, નિદ્રાપ્રદ, પાચન કરનાર, પૌષ્ટિક અને વાજીકર મનાય છે. યકૃતપ્લીહાના વિકાર, શિરદર્દ ને નેત્રની પીડામાં એ વપરાય છે.

જાયફળ ઓછી માત્રામાં ગુણકારી છે, પણ એના વધુકા ઉપયોગથી ચક્કર આવવા, પ્રલાપ ને મૂઢતા ઉત્પન્ન થાય છે. અર્ધા તોલા જેટલું જાયફળ ખાવાથી કેફ ચડે છે ને પોણા તોલા જેટલું લેવાથી ભ્રમ થઈ કોઈ વાર બેશુદ્ધિ પણ થાયછે. વધુ પ્રમાણમાં વારંવારનો જાયફળનો ઉપયોગ વીર્યહાનિ કરી નપુંસકતા લાવે છે. જાયફળનું તેલ ઉત્તેજક, બલ્ય ને અગ્નિદીપક છે. તે જીર્ણ અતિસાર, આંચકી, શૂળ, આમવાત, દાંતનું પરુ ને વ્રણ રોગ મટાડે છે. જાવંત્રીના તેલમાં પણ આવા જ પણ વધુ તેજ ગુણ છે.

જાયફળ ઘસીને લેપ કરવાથી માથાનો દુખાવો દૂર થાય છે.

જાયફળને ચોખાના ધોવરામણમાં ઘસીને પાવાથી હેડકી ને ઊલટી શાંત થાય છે. જાયફળ અને સૂંઠને ગાયના ઘીમાં ઘસીને તેનો ઘસારો ચટાડવાથી બાળકને શરદીથી થએલા ઝાડા મટે છે. જાયફળ, ખારેક અને અફીણને સમાન ભાગે લઈ નાગરવેલના પાનના રસમાં ઘૂંટીને ચણા જેવડી વાળેલી ગોળીઓ–જાતિ ફલાદિગુટિકા છાશ સાથે લેવાથી ગમે તેવા ઝાડા થતા હોય તો તે મટી જાય છે.

જાયફળનું એક તોલો ચૂર્ણ ગોળમાં ભેળવીને ત્રણત્રણ માસાની ગોળી કરી અર્ધા અર્ધા કલાકે આપી ઉપરથી થોડું ગરમ પાણી પાવાથી કૉલેરાના ઝાડા બંધ થાય છે. જાયફળનો ફાંટ આપવાથી કૉલેરામાં લાગતી તૃષા શાંત થાય છે. એક જાયફળનું ચૂર્ણ કરી દસ તોલા તલના તેલમાં મેળવી ધીમા અગ્નિ પર કઢયા પછી ઠંડું થયે હાથે-પગે ચોળવાથી કૉલેરામાં ચડેલા ગોટલા પર ગુણ કરે છે.

જાયફળના તેલનાં એક-બે ટીપાં ખાંડ સાથે કે પતાસામાં ખવરાવવાથી ઉદરશૂળ ને આફરો શાંત થાય છે. જાયફળ કે જાવંત્રીના તેલને સરસિયા તેલમાં મેળવી સાંધાઓના જૂના સોજા પર મસળવાથી ચામડીમાં ગરમી ને ચેતના આવી પરસેવો વળીને જકડાએલા સાંધા છૂટા થાય છે.

જાયફળના તેલનું પૂમડું મોંમાં રાખવાથી દાંતના કીડા મરી દાંતની પીડા દૂર થાય છે. જાયફળનું તેલ મેળવીને બનાવેલ મલમ વ્રણ(ઘા)પર ચોપડવાથી એનું જલદી શોધન થઈ ત્વરાથી ઘા મટે છે.

જાયફળ, જાવંત્રી કે એના તેલનો ઉપયોગ તાવ, દાહ અને લોહીના ભારે દબાણવાળા દર્દીએ ન કરવો જોઈએ.

—માધવ મો. ચૌધરી

બારડોલી સત્યાગ્રહ માટે અભ્યાસ છોડયો. જો કે ચૌરીચૌરાને લીધે એ સત્યાગ્રહ બંધ રહ્યો, પણ એમણે તો સાહિત્ય-પ્રવૃત્તિમાં જ ઝંપલાવ્યું.

પહેલું પુસ્તક 'શિરહીન શબ' મરાઠી નવલકથાકાર હરિનારાયણ આપટેની ડિટેકટિવ નવલકથાના અનુવાદનું હતું. બંને ભાઈઓએ સાથે મળીને તે શરૂ કરેલું. તે પછી તો રખાલદાસ બંદોપાધ્યાયની બંગાળી નવલકથા પરથી 'સોનેરી શિર', બારીન્દ્ર ઘોષનાં પુસ્તકો ઉપરથી 'બૉમ્બ યુગનું બંગાળા' અને 'હાય આસામ', હેમંતકુમાર સરકાર પરથી 'કલકત્તાનો કારાયુગ', શચીન્દ્ર સાન્યાલ પરથી 'પંજાબનું પ્રચંડ કાવતરું', અને ભૂપેન્દ્રનાથ દત્ત પરથી 'બંગાળનો બળવો' એવાં વિપ્લવી રાષ્ટ્રોદ્રેક ભરેલાં પુસ્તકો ગુજરાતીમાં ઉતાર્યાં. આ પ્રવૃત્તિની સાથોસાથ બંને ભાઈઓએ મળીને કેવળ સેવાવૃત્તિથી 'ગાંડીવ સાહિત્ય મંદિર' શરૂ કર્યું, જેમાં ગાંધીજીનાં કેટલાંક પુસ્તકો પ્રકટ કરેલાં. ઈ. ૧૯૨૨માં છાપખાનું શરૂ કરી ૧૯૨૩માં વિનોદ-સાહિત્યનું 'તોપ' પત્ર શરૂ કર્યું, જે પાછળથી 'ગાંડીવ'માં પરિણમ્યું (વચ્ચે 'દાંડિયો', 'પ્રભાકર' આદિ પણ ખરાં). ત્યારથી બાળસાહિત્યનાં લેખન-પ્રકાશનની શરૂઆત થઈ, જેણે એ ક્ષેત્રમાં 'ગાંડીવના બાળસાહિત્ય' તરીકે પોતાની વિશિષ્ટ છાપ ઉપજાવી છે.

રાષ્ટ્રવાદના રંગે રંગાએલા નટવરલાલના વિચારોમાં તેવો જ વાણીમાં એક જોસ્સો હતો અને તેઓ સારા વક્તા પણ હતા. અંગ્રેજી, બંગાળી, મરાઠી, હિંદી આદિ ભાષાઓના એ જાણકાર હોઈ ભાષાશાસ્ત્રના વિષયમાં ઊંડા ઊતરેલા હતા અને સામયિકોમાં અવારનવાર ચાલુ રહ્યા કરતી એમની કલમ 'મુંબાઈ સમાચાર'માં તો નિયમિત 'સરસ્વતીનો દરબાર' ભરતી. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ એમને આપેલી આ નીચેની અંજલી એમનો સમ્યક્ પરિચય સુપેરે આપી રહે છે:

'શ્રી નટવરલાલ માળવીના સ્વર્ગવાસથી ગુજરાતના ગાંધીયુગના એક વિદ્વાન લેખક અને સાહસિક પત્રકાર તથા પ્રકાશક વિદાય થયા. એમનું કાર્ય સૂરતને ખાસ ચિરસ્મરણીય રહેશે. તેઓ વિદ્વાન હતા; અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, મરાઠી, બંગાળી આદિના સાગ જાણકાર હતા. અનેક પરભાષાના ગ્રન્થોના તેમણે સુવાચ્ય અનુવાદ આપ્યા છે. વિદ્યાના તેઓ સતત ઉપાસક રહ્યા. શબ્દાર્થરસિકતા એમણે જીવનના અંત સુધી દાખવી. એમનું ઘર એક સુંદર પુસ્તકાલયની ગરજ સારતું. ગ્રન્થાલયમાં ન મળે તે પુસ્તકો એમને ત્યાં મળે, એવો એમનો ગ્રન્થપ્રેમ હતો. રહેણીકરણીમાં, આચારવિચારોમાં એમના ઉપર ગાંધીયુગની છાપ વરતાતી. રાજકીય કે સામાજિક પ્રવૃત્તિઓમાં તેઓ હિંમતથી પડતા. ભારતીય સંસ્કૃતિના અને ગુજરાતીપણાના તેઓ ભક્ત હતા. ઔષધો અને ચિકિત્સામાં તેઓ પોતાની જાત ઉપર પ્રયોગો કરીને નિર્ણય શોધતા. એમના મિત્રવર્ગમાં ધર્મ યા જ્ઞાતિની કોઈ મર્યાદા નહોતી. એમને હિન્દુ,

પારસી, મુસ્લિમ, ખ્રિસ્તી સર્વ વર્ગના મિત્રો હતા. એમના વાર્તાલાપોમાં તેમજ ભાષણોમાં એમની સાહિત્યરસિકતા અને પ્રવાસ-રસિકતાનો તેમજ વકતૃત્વનો સારો પરિચય થતો. ઘણા સાક્ષરો-સાહિત્યકારોનો એમને ત્યાં મેળો જામતો અને એ સૌની રસિકતા અને વિદ્યાનો લાભ મળતો. સ્વ. માળવીની પ્રકૃતિ આદર્શપ્રેમી, સ્વતંત્ર અને તેજસ્વી હતી. પણ સાથે તે સર્વદા માયાળુ અને ઉદાર હતી. એમની સર્વગ્રાહી સાહિત્ય-રસિકતા અને સંસ્કૃતિપ્રીતિનું આપણે આદરથી સ્મરણ કરીએ.'

ભારતમાં ફારસી ભાષા

મુસ્લિમ શાસનકાળ દરમિયાન એમની ફારસી ભાષાનો આ દેશમાં ઘણો પ્રભાવ અને પ્રસાર રહ્યો. રાજભાષા હોઈ એ સમય દરમિયાન વિવિધ વિષયોના સંખ્યાબંધ ફારસી ગ્રંથો અહીં રચાયા અને અન્ય મુસ્લિમ દેશોના અનેક ખ્યાતનામ કવિ-લેખકોને અહીં મળેલા રાજ્યાશ્રયને કારણે એ રચનાઓમાં એમની પણ ઘણી મોટી દેણગી રહી. આને પરિણામે આજે ભારતમાં ઈરાન કરતાં પણ વધુ ફારસી ગ્રંથો ઉપલબ્ધ છે. ફારસી ભાષાનું અહીં આગવું જ ખેડાણ થયું અને અંગ્રેજી ભાષાનું વર્ચસ્વ વધ્યા બાદ પણ સંસ્કૃત અને અરબીની જેમ ફારસી પણ એક 'ક્લાસિકલ'—પ્રશિષ્ટ—ભાષા બની રહી.

મુખ્ય વહીવટી ભાષા હોવાને કારણે મુસ્લિમ શાસન સાથે એક યા બીજી રીતે સંકળાએલા અન્ય ભાષાભાષી વિસ્તારોમાં પણ ફારસીનું જ્ઞાન અનિવાર્ય બની રહેલું: ગુજરાતમાં સુલતાનોના રાજવહીવટમાં જોડાએલા નાગરોમાં ફારસીનું જ્ઞાન સારી પેઠે હોવાની વાત તો સુવિદિત છે. અંગ્રેજ અમલ દરમિયાન યુનવર્સિટી કક્ષાના અભ્યાસક્રમોમાં સંસ્કૃત અને ફ્રેન્ચની સાથે ફારસીનો પણ અભ્યાસ થતો રહ્યો, પણ તેમાં ૧૮મી સદી પછીના ફારસી સાહિત્યનો સમાવેશ ન હોઈ. પછ્લી સદીના ફારસીના વહેણ-વિકાસથી આપણે મોટે ભાગે અજાણ રહ્યા. બીજી બાજુ રોજિંદા વ્યવહારમાંથી ફારસીનું ચલણ ઘટી જતાં એનો મહાવરો પણ ઓછો થઈ એની આધુનિક શૈલીથી પણ આપણે અજ્ઞાત રહી ગયા.

પરંતુ સદીઓ સુધી એક સમૃદ્ધ ભાષા બની રહેલી ફારસીનો જે કંઈ સંચય ભારતમાં થયો તેની જાળવણી અને તેના પ્રકાશન પ્રતિ સજગ રહેવાની આપણી એક ફરજ છે, અને સદ્ભાગ્યે એ કાર્ય થઈ પણ રહ્યું છે. આપણા અનેક વિદ્વાનો એ વિશાળ સાહિત્યનું સંપાદન અને સંરક્ષણ કરવામાં આજે પ્રવૃત્ત છે. ભારતમાં લગભગ ૩૦ વિદ્યાપીઠોમાં ફારસીના ખાસ વિભાગો છે. ગુજરાત સહિત નવ વિદ્યાપીઠોમાં ડૉકટરેટ કક્ષાના સંશોધનની પણ સગવડ છે. ભારત સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન એને સહાય પણ કરે છે. તેજસ્વી વિદ્યાર્થીઓને ફારસીના ઉચ્ચ અભ્યાસ માટે ઈરાન મોકલવાની પણ વ્યવસ્થા છે. તેહરાન યુનિ.માંથી ડૉક્ટરેટ મેળવી આ વિદ્યાર્થીઓ દેશમાં ફારસીના વર્તમાન સ્વરૂપનો અભ્યાસ કરાવે છે. સંસ્કૃત ને અરબીની જેમ ફારસીના વિદ્વાનોને પણ પ્રશંસાપત્રથી માંડી વાર્ષિક ત્રણ હજાર રૂપિયાની આજીવન આર્થિક સહાય—સ્ટાઇપેન્ડ—પણ અપાય છે. ઈન્ડો-ઈરાન સોસાએટી બી. એ. અને એમ. એ. કક્ષામાં ફારસીના અભ્યાસમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને ચંદ્રકો આપે છે અને દિલ્હી, પટણા, અલીગઢ, ઓસ્માનિયા અને શ્રીનગર યુનિ૦ પણ તેજસ્વી વિદ્યાર્થીઓને ચંદ્રકોથી નવાજે છે. ભારતના સાંસ્કૃતિક વિકાસ પરના પચરંગી પ્રભાવમાં ફારસી ભાષા અને સાહિત્યનો જે ઘણો મોટો ફાળો છે એ જોતાં, કેવળ મુસલમાનો જ એનો અભ્યાસ કરે એવો ખયાલ છોડી તેમાં ઊંડા ઊતરવાની ભાવના જો વધુ પ્રસરે તો એની વિશાળ સાહિત્યસમૃદ્ધિમાંથી પણ અનેક રત્નો ઉપલબ્ધ બની શકે.

અરફૂસી

ઘરના વાડામાં (ફૅન્સી શબ્દોમાં કહીએ તો 'કિચન ગાર્ડન'માં) શાકભાજી સાથે કોથમીર, ફુદીનો ને મીઠા લીમડા જેવાં વાવેતર સાથે કેટલાક ઔષધીય છોડનો ઉછેર કરીએ તો એમાં અરફૂસીને પણ સ્થાન આપવું જોઇએ એટલી એની ઉપયોગિતા છે. ગામડાંમાં તો એ ઠેરઠેર મળી રહે છે, પણ આયુર્વેદમાં પ્રતિષ્ઠિત આ ઔષધ શહેરોમાં લગભગ વિસરાઈ ગયું છે. ભેજયુક્ત વિસ્તારોમાં એ એક બહુ ઉપયોગી છોડ છે.

મોટાં લીલાં પાન અને લીલાશ-પડતાં પીળાં ફૂલવાળા 'અરડૂસા'ના વૃક્ષ કરતાં 'અરફૂસી' અલગ છે. જો કે અરડૂસાના પણ અમુક ઔષધીય ગુણો અરફૂસી જેવા છે, છતાં કફજન્ય રોગોમાં અરફૂસી વધુ અસરકારક ગણાય છે. સિંહમુખ જેવાં ધોળાં ફૂલને કારણે 'સિંહાસ્ય' તરીકે પણ ઓળખાતો અરફૂસીનો છોડ ઠીકઠીક મોટો થાય છે ને બારેમાસ લાંબો સમય ટકી રહે છે. આયુર્વેદમાં એને વાસા, વૈદ્યમાતા, ભિષગ્ માતા વગેરે પ્રશસ્તિવાચક નામોથી પણ ઓળખાવી છે. ઔષધ તરીકે એનાં પાન, ફૂલ, મૂળ કે આખા છોડનો પણ ઉપયોગ થાય છે, પણ એનાં પાન અને ફૂલનો વપરાશ સવિશેષ અસરકારક મનાય છે.

ચરકે અરફૂસીનાં ફૂલને કડવાં, શીતળ ને કફનાશક ગણ્યાં છે, તો સુશ્રુતે એનાં પાનને કડવાં ને પિત્તનાશક તથા ફૂલને ક્ષય અને ઉધરસ મટાડનાર કહ્યાં છે. ભાવપ્રકાશે અરફૂસીને વાતહર, સ્વર્ય (એટલે કે બેસી ગએલા અવાજને સુધારનાર) અને કફ તથા પિત્તનો નાશ કરનાર ગણી છે. એનો રસ જરા તીખો, તૂરો, પચવામાં હલકો ને હૃદયને હિતકારક છે. શ્વાસ, કાસ, તાવ, ઊલટી, મેદ, કોઢ અને ક્ષયને તે મટાડે છે.

અરફૂસીનાં પાન, દ્રાક્ષ અને હરડેનો ક્વાથ મધ-સાકરના અનુપાન સાથે લેવાથી શ્વાસ, ઉધરસ ને રક્તપિત્ત મટે છે. ગાયના ઘીમાં અરફૂસીનાં પાન મેળવીને બનાવેલું વાસાઘૃત મધ તથા હિતકારક આહાર સાથે લેવાથી ક્ષય, શ્વાસ, ભારે ખાંસી ને પાંડુરોગ મટે છે. અરફૂસીનાં પાન ને ફૂલનો રસ મધ-સાકર સાથે લેવાથી પિત્તકફના પ્રકોપથી આવેલો

સુવર્ણજયંતીનો ૬૦૦મો કનકપર્વાંક

ગયા વર્ષે જાહેર કર્યા પ્રમાણે મૂળ ખયાલ તેમાં ગત અરધી સદી દરમિયાનની સામગ્રીમાંથી ચુનંદી કૃતિઓનો સંચય આપવાનો હતો; પણ તેને અંગે વાચકોના પ્રતિભાવ સાનુકૂળ ન હતા, એટલે અંતે નવાં જ સર્જનોથી એને સજાવવાનું નિર્ધાર્યું છે.

સર્જકોને નિમંત્રણ

'કુમાર'ના ચાલુ સર્જક-પરિવારને એ માટે ખાસ નિમંત્રણો મોકલવાનાં હોય નહિ. આથી સૌ કવિઓ કલાકારો લેખકો આદિને પોતાની એક નાનીસરખી પણ સંગીન કૃતિ તા. ૩૦મી જૂન સુધીમાં મોકલવા જાહેર નિમંત્રણ આપીએ છીએ અમને આશા છે કે પોતાની કલમને અને 'કુમાર'ના આ કનકપર્વને બંનેને શોભાવે એવી પાણીદાર કૃતિ સૌ મોકલશે.

આના અનુસંધાનમાં 'કુમાર'માં અન્યત્ર આવતી,
ચન્દ્રકો અને પારિતોષિકોની યોજનાઓ તરફ સૌનું ધ્યાન ખેંચીએ છીએ

તાવ, અમ્લપિત્ત ને કમળો મટે છે. અરડૂસીનાં મૂળનો રસ મધ-સાકરના અનુપાન સાથે લેવાથી વાતજન્ય રક્તપ્રદર—લોહીવા મટે છે. છાયામાં સૂકવેલાં અરડૂસીનાં ફૂલનું ચૂર્ણ મધ સાથે ચાટવાથી રક્તપિત્ત, શોષ અને ઉધરસ મટે છે. હળદર સાથે અરડૂસીનાં પાન વાટી ગોમૂત્ર સાથે ચોળવાથી ખુજલી દૂર થાય છે. ઉગ્ર સૂકી ખાંસીમાં અરડૂસીના રસની સાત ભાવના આપેલું હળદરનું ચૂર્ણ મલાઈ સાથે લેવાથી ગુણ કરે છે. છાંયે સૂકવેલાં અરડૂસીનાં પાનની બીડી પીવાથી દમના દર્દીને રાહત આપે છે.

વાસાઘૃત, વાસાદિકવાથ, વાસારિષ્ટ, વાસાવલેહ વગેરે આયુર્વેદિક ઔષધો ને વિલાયતી દવાની ફાર્મસીઓની સીરપ વસાકા જેવી પેય કે વસાકા જેવી ગોળીઓમાં મુખ્ય ઔષધ આ વાસા-અરડૂસી—જ હોય છે.

('જીવનદીપ'માંના જ. એ. કાનુગાના લેખમાંથી તારવીને)

બાઈકલ સરોવર



રશિયાના બાઈકલ સરોવરનું પાણી એટલું સ્વચ્છ છે કે એમાંના ૭૦ ફૂટ ઊંડેના પથરા પણ ગણી શકાય. પાણીમાં એક ગૅલને કેવળ એક ઔંસ જેટલાં જ ખનિજ તત્ત્વો છે. અન્યત્ર ક્યાંય જોવા ન મળતી કેટલીક માછલીઓ પણ એમાં છે. બાઈકલ સરોવરમાં સોવિયેટ સંઘના મીઠા પાણીના કુલ જથ્થાના ૪/૫ ભાગ જેટલું ને વિશ્વના મીઠા પાણીનાં સરોવરો જેવા સાધનોમાં પાંચમા ભાગના હિસ્સા જેટલું પાણી છે. ને ૬૩૬૦ ફૂટ ઊંડું છે, જે વિશ્વના મીઠા પાણીનાં સરોવરોમાં વધુમાં વધુ છે.

શાળામાં નાગરિક સંરક્ષણની તાલીમ

ઊગતી પેઢીના ઘડતરમાં દેશના સંરક્ષણ અંગેની તાલીમ અન્ય અભ્યાસક્રમ જેટલી જ મહત્ત્વની છે. એની વ્યવસ્થા જેટલી વહેલી થઈ શકે એટલો દેશને વધુ લાભ. 'નાગરિક સંરક્ષણ' માસિકમાં આ અંગે પ્રકટ થએલી એક રૂપરેખાનો ખયાલ અહીં તારવીને આપ્યો છે.

પ્રત્યેક સ્થાનિક 'નાગરિક સંરક્ષણ દળ' આટલાં આયોજનો કરે છે: શુશ્રૂષા, અગ્નિશમન, સંદેશ-વ્યવહાર, તાલીમ, બચાવ, પુરવઠો, જાહેર તેમજ ખાનગી મિલકતનું રક્ષણ, જાહેર આરોગ્ય અને કોર્પ્સ ડિસ્પોઝલ (મુડદાંનો નિકાલ). પણ કટોકટી દરમિયાન એને વધુ મદદની જરૂર પડે છે, એટલે શાળાઓમાં પણ ઉપર્યુક્ત વિષયોની તાલીમ નજીવા ફેરફાર સાથે અપાતી રહી હોય તો તુરત સહાયરૂપ બની શકાય.

શાળામાં આ અંગેના કાર્યક્રમને ત્રણ તબક્કામાં વહેંચી શકાય: ૧) શાળાના આચાર્ય અને શિક્ષકો નાગરિક સંરક્ષણની પૂરી તાલીમ લે; ૨) વર્ગમાં વિદ્યાર્થીઓને તાલીમ અપાય અને ૩) કવાયતનું આયોજન.

આમાં રોજના અભ્યાસક્રમ સાથે શાળામાં નાગરિક સંરક્ષણની તાલીમ સાંકળી લેવા માટે ૧) શરીર અને આરોગ્ય વિજ્ઞાનના તાસમાં 'કટોકટી દરમિયાન સ્વાસ્થ્ય' અને 'ખાદ્ય પદાર્થોની જાળવણી' વગેરે વિષે જ્ઞાન આપી શકાય. નાગરિક સંરક્ષણ દળની વેલફેર સર્વિસની કામગીરીનો આ એક ભાગ છે. ૨) ફર્સ્ટ એઈડના પીરિયડમાં રક્તસ્રાવ કેમ બંધ કરવો, દાઝ્યા પર શી સારવાર આપવી, કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ કેમ આપવા

સુવર્ણજયંતી વર્ષનાં ચન્દ્રક-પારિતોષિકો

લેખકો-ચિત્રકારો-ફોટોગ્રાફરોને નિમંત્રણ

'કુમાર'ના કનકપર્વ અંગે કુલ નીચે મુજબના ચન્દ્રકો તથા પારિતોષિકો આપવામાં આવનાર છે.

૧) **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ સુવર્ણચન્દ્રક**: ૬૦૦મા અંકમાં શ્રેષ્ઠ સાહિત્ય-સર્જન હોય તેના લેખકને

૨) **કુમાર-ચન્દ્રક**: વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ કૃતિ માટે વર્ષોવર્ષ અપાતો ચન્દ્રક

૩) રૂ. ૧૦૧ **યશવંત પંડ્યા પારિતોષિક**: સુવર્ણજયંતી વર્ષ (૧૯૭૩) દરમિયાન પ્રકટ થનાર શ્રેષ્ઠ એકાંકી નાટિકા માટે

૪) રૂ. ૫૧ **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક–૧**: સુવર્ણજયંતી વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ ચિત્રના સર્જકને

૫) રૂ. ૫૧ **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક–૨**: સુવર્ણજયંતી વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ ગદ્યલેખના લેખકને

૬) રૂ. ૫૧ **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક–૩**: સુવર્ણજયંતી વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ વાર્તાના લેખકને

૭) રૂ. ૫૦ **હરિઃૐઆશ્રમ પારિતોષિક–૧**: જીવનઘડતરમાં પ્રેરણારૂપ કોઈ પણ ચરિત્રલેખ અથવા મૌલિક વાર્તા માટે.

૮) રૂ. ૫૦ **હરિઃૐઆશ્રમ પારિતોષિક–૨**: ભારતીય સંસ્કારપરંપરાને ઉજમાળતા કોઈ પણ વ્યક્તિચિત્ર કે પ્રસંગચિત્ર માટે

૯) રૂ. ૫૦ **હરિઃૐઆશ્રમ પારિતોષિક–૩**: વાચકોની રુચિને પોષે તથા ઉન્નત કરે એવા કોઈ પણ પૂર્ણરંગી ચિત્ર માટે.

૧૦) રૂ. ૫૧ **દીપ્તિ-સ્મૃતિ પારિતોષિક**: સપ્ટેમ્બર ૧૯૭૨ થી ઑગસ્ટ ૧૯૭૩ સુધીના અંકોમાં પ્રકટ થએલા ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક થાય તેવા શ્રેષ્ઠ લેખના લેખકને

૧૧) રૂ. ૩૦ **એક લેખક તરફથી**: ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ કાવ્ય માટે

૧૨) રૂ. ૩૦ **'કુમાર' તરફથી**: ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ પરાક્રમકથા, ડિટેક્ટિવવાર્તા કે વિજ્ઞાનવાર્તા માટે

૧૩) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ ઐતિહાસિક નવલિકા માટે

૧૪) રૂ. ૨૫ **એક સદ્‌ગૃહસ્થ તરફથી**: ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી જીવસટોસટના સાહસ કે વિકરાળ પ્રાણીનો સામનો નિરૂપતી વાર્તા માટે

૧૫) **ફોટોહરીફાઈ પારિતોષિકો**: 'કુમાર'માં ચાલતી દ્વિમાસિક હરીફાઈમાં ઈનામ પામેલાં ચિત્રો પૈકી વર્ષભરનાં એવાં ચિત્રોમાં પહેલી, બીજી તથા ત્રીજી કક્ષા પ્રાપ્ત કરનાર કૃતિઓને અનુક્રમે રૂ. ૫૦, રૂ. ૩૦ તથા રૂ. ૨૦.




કાનની કડી

ફોટો: ઓ. પી. શર્મા

ગુજરાતના ફોટો-કલાકારોની 'નિહારિકા' ક્લબે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સહયોગથી તાજેતરમાં અમદાવાદમાં પોતાનું સાતમું અખિલ ભારત ફોટોચિત્ર પ્રદર્શન યોજ્યું હતું. તેમાં એકરંગી ચિત્ર-વિભાગમાં આ ચિત્રને બીજું ઈનામ મળ્યું છે. આજુબાજુની બધી જ બિનજરૂરી વિગતોને બાદ કરીને કેવળ કાનની કડી પહેરતા પાત્ર પર જ કૅમૅરાની આંખને કેન્દ્રિત રાખી, ફોટોગ્રાફરે આકારો અને તેજછાયાનું સમતોલન જાળવી સુંદર ચિત્રસંયોજન સર્જ્યું છે. પાત્રના માથા પરના શ્વેત વસ્ત્રના વળાંક પરથી નીચે લસરતી આવતી નજરને હોઠની સ્મિતરેખા બરાબર ચિત્રવિષય—કાનની કડી પાસે થોભાવે છે, તો મથાળે દેખાતાં પાંદડાં નજરને ડાબી તરફ ચિત્ર બહાર જતી રોકીને પુનઃ પાછી વાળે છે. આસપાસની અસ્પષ્ટતાને પડછે પાત્રની સ્પષ્ટતા વિષયને કેન્દ્રવર્તી ઉઠાવ આપે છે, અને ચિત્રોમાંનો તેજસ્વી વિસ્તાર બાકીના ઘેરા ને વધુ ઘેરા ભાગ સાથે યોગ્ય ભારસામ્ય રચે છે.









૧ નવયૌવનનું મનોમંથન (ફોટો • પોલ હિમેલ)
૨ બહેનાં મારી (ફોટો • રિચાર્ડ ઍવડન)
૩ વાર્ધક્યના વિરામમાં (ફોટો • લીઓનાર્ડ મૅક-કૉમ્બ), ૪ વાત્સલ્યની પરંપરા (ફોટો • વેઈન મિલર)
સ્વ. ઍડવર્ડ સ્ટાઈકેન આયોજિત 'ધ ફૅમિલી ઑવ મૅન'નાં ચાર ફોટોચિત્રો

આ માસના આકાશમાં] ૫ [મે-જૂન





કર્ક નિહારિકા

મિથુન પછી, નકશામાં દર્શાવ્યા પ્રમાણે ચોથા-પાંચમા વર્ગના ઝાંખા તારાઓવાળું કર્ક (cancer) રાશિનું મંડળ છે. આપણી નક્ષત્ર-ગણના પ્રમાણે તેમાં પુનર્વસુનો પાભાગ તથા પુષ્ય અને આશ્લેષા નક્ષત્રોનો સમાવેશ થાય છે.

કર્ક એટલે કે કરચલાની આકૃતિની કલ્પના આ રાશિ સાથે કઈ રીતે સાંકળી હશે એ આ રાશિના તારાઓની ગોઠવણી જોતાં સમજાતું નથી, પણ જે તે નક્ષત્રના વિસ્તારમાં યા તેની બહુ નજીકના કેટલીક નિહારિકાઓના આકારો પરથી તેમાં અમુક આકૃતિઓ કલ્પીને આપેલાં નામનો એક ખયાલ સ્વીકારીએ, તો આ રાશિથી આજે દૂર દેખાતી 'કર્ક-નિહારિકા'નો આકાર જરૂર કર્ક જેવો છે. આ તારામંડળ અને કર્ક નિહારિકા વચ્ચેનું આજનું અંતર તો કાળાંતરે વધ્યું હોય એ માની શકાય તેમ છે. આજે એ નિહારિકા વૃષભના વિસ્તારમાં દેખાય છે.

કર્કની નૈઋત્યે બે તારા ધ્યાન ખેંચે છે. શુની મંડળના (Cainsminor) એ તારાઓમાં તેજસ્વી 'પ્રભાસ' (procyon) ના નામે અને બીજો 'જલાક્ષી'ના નામે ઓળખાય છે. પ્રભાસ આપણાથી ૧૧ પ્રકાશવર્ષથી યે વધુ દૂરનો યુગ્મ તારક છે.

શુનીથી સહેજ પૂર્વમાં ખસતાં બહુ ઝાંખા તારાઓનું એક જૂથ છે. વાસુકી (Hydra) તારામંડળમાં એ વાસુકી નાગની ફેણના સ્થાને છે. આપણે એને 'આશ્લેષા' નક્ષત્ર ગણીએ છીએ.

કર્ક, શુની અને વાસુકીની ફેણના આ બધા તારાઓમાં પ્રભાસ જ સૌથી વધુ તેજસ્વી તારો છે. પણ કર્કમાં નરી આંખે દેખાતું પણ એક અત્યંત ઝાંખું તારાગુચ્છ છે.

મધુચક્ર (= મધપૂડો-Praesepe) નામે એ ઓળખાય છે. મૂળ એ સેંકડો તારાઓવાળું ખુલ્લું તારકગુચ્છ (Open cluster) છે. આકાશના નકશાઓમાં એ M-44ની સંજ્ઞાથી દર્શાવાય છે. નરી આંખે દેખાતાં થોડાં તારાગુચ્છોમાંનું આ ગુચ્છ દૂરબીનમાં એક અજબ દૃશ્ય બની રહે તેવું છે.

કર્કમાં પ્રવેશ્યા પછી સૂર્યનો માર્ગ પૃથ્વીના વિષુવવૃત્ત તરફ ઢળે છે. પૃથ્વી પરની કર્કવૃત્તની કાલ્પનિક રેખા તો ભૂગોળમાં શીખ્યા જ હશો. ઉત્તરાયન પછી હવે સૂર્યનું આ દક્ષિણાયન આરંભાયું. જ્યોતિષીઓ કહે છે કે માણસની છાતી પર કર્ક રાશિનો પ્રભાવ રહે છે. અને પુષ્ય નક્ષત્રમાં જન્મેલો જાતક શાંતચિત્ત, ભાગ્યશાળી, વિદ્વાન, ધનવાન ને ધાર્મિક વૃત્તિવાળો હોય છે.

વગેરે સમજ આપી શકાય. ૩) ફિઝિકલ એડ્યુકેશન દરમિયાન કટોકટીમાં તંદુરસ્તીની આવશ્યકતા ને તેની માહિતી; ૪) કૅમ્પ અને મનોરંજનના સમયમાં ટીમ વર્કની તાલીમ અને જવાબદારી અદા કરવાની સમજ. ૫) નાગરિકશાસ્ત્ર ને ગૃહવિજ્ઞાનના તાસમાં સમૂહને ખોરાકની વહેંચણી, પીવાના પાણીની જાળવણી, સામૂહિક રસોડાંનું સંચાલન વગેરેની તાલીમ. ૬) ડ્રૉઇંગના પીરિયડમાં નાગરિક સંરક્ષણને લગતાં પોસ્ટર વગેરે બનાવવાનું, ૭) શૉર્ટહૅન્ડ અને ટાઈપરાઇટિંગના સમયમાં ઝડપી સંદેશા કેવી રીતે આપી-લઈ શકાય તેની સમજ વગેરે અંગે વિદ્યાર્થીઓને તૈયાર કરી શકાય. આથી વિદ્યાર્થીઓના દૈનિક અભ્યાસક્રમમાં અવરોધ પણ આવે નહિ અને લક્ષ્ય સાધી શકાય.

આ અંગેની જવાબદારીઓ, જેવી કે શાળાના સંરક્ષણ અધિકારી, નાયબ અધિકારી, સલાહકાર સમિતિ, સેફ્ટી ઑર્ગેનાઈઝર, ફર્સ્ટ એઈડ ઑર્ગેનાઈઝર તથા કલાસ વૉર્ડન વગેરેની કામગીરી આચાર્ય, શિક્ષકો અને વર્ગના વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચી શકાય. સ્થાનિક નાગરિક સંરક્ષણ દળ પણ તેમાં માર્ગદર્શન આપી શકે.

∞

ગ્રીસથી અગ્નિકોણે દૂર સમુદ્રમાં સેન્ટોરિની ટાપુ પરનાં ઉત્ખનનોમાં ૩૫ સદી પહેલાંનાં ભીંતચિત્રો મળી આવ્યાં છે. ઈ. સ. પૂર્વે ૩૪૦૦ થી ૧૨૦૦ વર્ષ પહેલાં ક્રીટ ટાપુ પર વિકસેલી મીનોઅન સંસ્કૃતિના સમયના કેટલાક આવાસોના અવશેષોમાં એ મળ્યાં છે. આ ચિત્રોમાં ૫૦ હલેસાંવાળા વહાણ સાથેના જહાજી કાફલાનાં, સીરિયા કે ઇજિપ્તની કંઠાર પરના કોઈ નગરનાં અને હરણનો શિકાર કરતા સિંહ-દીપડાની વસતિવાળા જંગલની સાથે ચર્મપોશાક પહેરેલાં માણસોનાં આલેખનો છે.

સોવિયેત તુર્કમાનિયાના પુરાતત્ત્વવિદોને પણ હજારો વર્ષ જૂની વસાહતો અંગે સંશોધન-ઉત્ખનન કરતાં કેટલાંક ભીંતચિત્રો મળ્યાં છે જે મધ્યયુગ પૂર્વે અહીંના વિદેશ સાથેના સંબંધો પર પ્રકાશ પાડે છે.



એવરેસ્ટ પરના ૧૯૫૩ના પ્રથમ વિજય પછી ૧૯૫૬, ૬૩, ૬૫ અને ૭૦ તથા હમણાં જ થોડા દિવસ પહેલાંનાં સફળ આરોહણો થયાં, પણ ઈ. ૧૯૭૦ના મે માસમાં જાપાનના યુઈચી મુઈરોનું એવરેસ્ટના સાઉથ કૉલ નામે ઓળખાતા ઢાળ પરના બરફ પરથી સ્કીઇંગ કરીને નીચે લસરતા આવવાનું સાહસ હજી સુધી આગવું ને અદ્વિતીય છે. એની મૂળ યોજના તો સાઉથ કૉલ પર ૨૭૦૦૦ ફૂટની ઊંચાઈ એથી નીચે લસરવાની હતી, પણ માર્ગમાં કેટલાક ખડકાળ અવરોધોને કારણે એને ૭૦૦ ફૂટ નીચેથી એનો આરંભ કરવો પડયો. ભાત, માછલી ને દરિયાઈ વનસ્પતિનો નાસ્તો કરી ૬ઠ્ઠી મે (૧૯૭૦)ના બપોરે ૧૨ ને છ મિનિટે એ ઊપડયો. સહાય માટે ચાર સાથીઓ પણ સાથે રાખેલા.

ઊપડયા પછી છ જ સેકંડમાં કલાકના ૧૦૦ માઈલ જેટલા વેગથી એ લસરવા લાગ્યો, પણ આટલી ઝડપે એ કદાચ કાબૂ ન રાખી શકે એટલા સારુ એણે શ્યૂટ ખોલીને એ ઝડપ લગભગ અર્ધી કરી નાખી.

આગળ જતાં એકાએક એણે પોતાનો માર્ગ રોકીને પડેલા ખડકો જેયા. એણે તુરત વળાંક તો લીધો અને આરંભના થોડા ખડકો વટાવી યે ગયો, પણ પછી એક બરફીલા ખડક સાથે એની સ્કીઇંગની પાટલીઓ અથડાઈ અને એ ચાળીસ અંશ જેટલા આકરા ઢાળ પરથી એકાદ માઈલ જેટલે સુધી ગબડતો પડયો ને બેભાન થઈ ગયો. જો કે એ બચી ગએલો. પણ એવરેસ્ટના બરફ પર લસરીને નીચે આવવાનું એનું એ સાહસ અત્યંત જોખમી અને આજ સુધીમાં અદ્વિતીય હતું.

—ઇલસ્ટ્રેટેડ વીકલી પરથી

અથાણું

એક માણસ પોતાના નાના પુત્રને લઈને શહેર બહાર ફરવા ગયો. માર્ગમાં એક પ્રાણીને દોડીને ઝાડીમાં ભરાઈ જતું જોઈ દીકરાએ પૂછયું : 'પપ્પા, એ શું હતું?' 'ખબર નથી બેટા.' બાપે બેટાને કહ્યું.

થોડે દૂર જતાં એક છોડ ઉપર સુંદર ફૂલ ખીલેલાં દેખાયાં. દીકરાએ પૂછયું : 'આ ફૂલનું નામ શું, પપ્પા?' 'હું નથી જાણતો બેટા?'

આગળ જતાં એક ખંડિયેર મકાન આવ્યું. દીકરાએ પૂછયું : 'આ મકાન શેનું છે, પપ્પા?' 'શી ખબર, ભાઈ!'

થોડું આગળ ચાલી છોકરાએ કહ્યું : 'પપ્પા, મારા પ્રશ્નોથી તમને કંટાળો તો નથી આવતો ને?'

'ના રે બેટા, પ્રશ્નો નહિ પૂછે તો તારું જ્ઞાન કેવી રીતે વધશે?'

ગણિત-ગમ્મત

એકથી કે ગમે તે એકી આંકડાથી શરૂ થતા ગમે તે એકી આંકડા સુધીના બધા એકી આંકડાઓનો સરવાળો અથવા બેથી કે ગમે તે બેકી આંકડાથી શરૂ થતા ગમે તે બેકી આંકડા સુધીના બધા બેકી આંકડાઓનો સરવાળો જાણવા માટેની નીચેની એક રીત વાપરી શકાય:

પહેલા અને છેલ્લા આંકડા વચ્ચેના તફાવતમાં બે ઉમેરી જે આવે તેને બેથી ભાગો. આવેલ જવાબને પહેલા અને છેલ્લા આંકડાઓના સરવાળાના અર્ધાથી ગુણતાં કુલ સરવાળો આવશે. [(છેલ્લો આંકડો —પહેલો આંકડો+૨)÷૨]×[પહેલો આંકડો+છેલ્લો આકડો÷૨]

દા. ત. (૧) ૧+૩+૫+૭......+૨૩+૨૫ બધા એકી આંક.

(૨) ૨+૪+૬+૮......+૨૨+૨૪ બધા બેકી આંક.

(૩) ૯+૧૧+૧૩..........+૨૭ બધા એકી આંક.

(૪) ૮+૧૦+૧૨............૨૬ બધા બેકી આંક.

(૧) $\frac{૨૫-૧+૨}{૨}\times\frac{૧+૨૫}{૨}=૧૩\times૧૩=૧૬૯$

(૨) $\frac{૨૪-૨+૨}{૨}\times\frac{૨+૨૪}{૨}=૧૨\times૧૩=૧૫૬$

(૩) $\frac{૨૭-૯+૨}{૨}\times\frac{૯+૨૭}{૨}=૧૦\times૧૮=૧૮૦$

(૪) $\frac{૨૬-૮+૨}{૨}\times\frac{૮+૨૬}{૨}=૧૦\times૧૭=૧૭૦$

—કિશોર ન. ગોરધનદાસ

આઈ. એન. ટી. આયોજિત દ્વિતીય નાટ્યલેખન સ્પર્ધાનું પરિણામ: ઇન્ડિયન નૅશનલ થિયેટર દ્વારા આયોજિત દ્વિતીય નાટ્ય-લેખન સ્પર્ધાના નિર્ણાયકો શ્રી. રામપ્રસાદ બક્ષી, એસ. આર. ભટ્ટ અને સુરેશ જેષીએ, પોતાનો નિર્ણય નીચે મુજબ આપ્યા છે: '૧૯૭૧-૭૨ની સ્પર્ધામાં જે નાટકો આવ્યાં તે સહાનુભૂતિથી તપાસ્યાં છે. એમાં પ્રયોગાત્મક અને રૂઢિને અનુસરનારી કૃતિઓ છે. કશેક નાટ્ય-સામગ્રી સંતોષપ્રદ હોવા છતાં કૃતિ બનતી નથી. સ્પર્ધાની અપેક્ષિત કક્ષાએ કોઈ પ્રયોગ આવી શકયો નથી. પરિણામે કોઈ કૃતિ પારિતોષિક યોગ્ય નથી.'

આ માસ (મે) ઇતિહાસમાં

૧ (૧૮૭૩) આજથી બરાબર એક સૈકા પર અનેક વિકટ સાહસો ખેડીને આફ્રિકાના અંધાર ખંડ ઉપરથી પહેલો પરદો હટાવનાર જગજાણીતા શોધસફરી ડેવિડ લિવિંગ્સ્ટનનું અવસાન થયું.



ઈ. ૧૮૧૩ની ૧૯મી માર્ચે સ્કૉટલૅન્ડના એક ચાના વેપારીને ત્યાં એનો જન્મ. દિવસે મિલમાં નોકરી કરીને અને રાત્રિશાળામાં ભણીને ગ્લાસગો યુનિવર્સિટીમાંથી દાક્તર થયો અને ઈ. ૧૮૪૦માં મિશનરી તરીકે કાર્ય કરવા દક્ષિણ આફ્રિકા ગયો. ત્યાં એને એ અગોચર ખંડનાં ઊંડાણ ભેદવાનું કૌતુક જાગ્યું, ને ઝામ્બિઝી નદીના મૂળની શોધ કરતાં એણે જગતનો પ્રચંડ વિક્ટોરિયા ધોધ તથા ન્યાસા અને બીજાં સરોવરો શોધ્યાં. નાઈલનાં મૂળની શોધમાં ગયા પછી એનો કોઈ જ પત્તો ન હોઈ એને ખોળી કાઢવા અમેરિકાના 'ન્યૂ યૉર્ક હેરલ્ડ' પત્રે પોતાના ખબરપત્રી સ્ટૅનલીને આફ્રિકા મોકલ્યો. લાંબી શોધ પછી યુજીજી ખાતે થએલી એ બંનેની ઓચિંતી મુલાકાત તો જગજાહેર છે. ત્યારે લિવિંગ્સ્ટન જો કે તદ્દન બીમાર હતો, છતાં એણે પાછા ફરવાની ના પાડી. એ પછીની આગળ સફરમાં એનું અવસાન થયું. એના વફાદાર હબસી નોકરોએ એના શબને જાળવીને બંદરગાહે પહોંચાડયું. ઇંગ્લૅંડમાં રાષ્ટ્રીય માન સાથે વેસ્ટમિનિસ્ટર ઍબમાં એને દફનાવવામાં આવ્યો. ૩૩ વર્ષની શોધ સફરોમાં એણે ૩૦ હજાર માઈલનો પગપાળા પ્રવાસ ખેડયો હતો.

શોધ સાહસના ઇતિહાસમાં આ માસની બીજી પણ કેટલીક તારીખો નોંધનીય છે—

તા. ૧૩ (૧૯૩૦) ઈ. ૧૮૯૩માં ઉત્તર ધ્રુવ પ્રદેશનો સાહસ-પ્રવાસ કરી એ સમયમાં ઉત્તર ધ્રુવની વધુમાં વધુ નજીક સુધી પહોંચનાર નૉર્વેજિયન સાહસિક ફ્રિજ્તૉફ નાનસેનનું અવસાન.

તા. ૨૦ (૧૪૯૮) દ. આફ્રિકાની પ્રદક્ષિણા કરી હિંદ શોધવા નીકળેલો વાસ્કો ડા ગામા કાલિકટ બંદરે પહોંચ્યો. અને આ જ રીતે પશ્ચિમના જળમાર્ગે હિંદ પહોંચવા નીકળીને અકસ્માત અમેરિકા ખંડની શોધ કરનાર ક્રિસ્ટૉફર કોલંબસનું અવસાન પણ ૨૦મી મે ઈ. ૧૫૦૬માં થએલું.

તા. ૨૯ (૧૯૫૩) બ્રિટિશ આરોહક ટુકડીના એડમંડ હિલારી અને તેનસિંગ નોર્કેએ દુનિયાનું સર્વોચ્ચ શિખર એવરેસ્ટ સર કર્યું. અને બ્રિટિશ આરોહકોએ હિમાલયનું બીજું ઉચ્ચ શિખર કાંચનજંઘા પણ આ જ માસની ૨૫મીએ (૧૯૫૫માં) સર કરેલું.

---

૪ (૧૭૮૦) બારમા અર્લ ઑવ ડર્બીએ કરેલા ઉદ્દઘાટન સાથે ડર્બીની વિખ્યાત ઘોડદોડનો પ્રારંભ થયો. બીજી બાજુ અમેરિકાની એવી જ વિખ્યાત ઘોડદોડ કેનટુકી ડર્બીનો આરંભ પણ આ જ માસની ૧૬મી તારીખે ઈ. ૧૮૭૫માં થએલો.

---

૯ (૧૯૨૬) ઉત્તરધ્રુવ પરથી પહેલું વિમાન ઉડ્ડયન થયું. ત્રણ એંજિનવાળા એ વિમાન 'જોસેફાઈન ફોર્ડ'નો ચાલક હતો ફ્લૉઈડ બૅનેટ, અને આ સાહસનો મુખ્ય સૂત્રધાર હતો અમેરિકન નૌકાદળનો લેફ. કમાન્ડર રિચાર્ડ બાયર્ડ. ત્રણ વર્ષ બાદ બાયર્ડ દક્ષિણ ધ્રુવ પરથી પણ ઊડેલો.

ઉડ્ડયનના ઈતિહાસમાં પણ આ માસનો ઠીકઠીક ફાળો છે—

તા. ૧૫ (૧૯૧૮) વૉશિંગ્ટન, ફિલાડેલ્ફિયા અને ન્યૂ યૉર્ક વચ્ચે, આ દિવસે, લાંબા અંતરની હવાઈડાકનો પ્રારંભ થયો. પહેલા વિશ્વયુદ્ધમાં વિમાનોએ ભજવેલા અતિ મહત્ત્વના ભાગ પછી, એ યુદ્ધ પૂરું થયા પહેલાં, વિમાનનો આ એક વધુ ઉપયોગ હતો. જેનો વિકાસ થતો જઈ તા. ૧૪ મે (૧૯૩૧)ના રોજ ૧૫ા દિવસે છેક ઑસ્ટ્રેલિયાથી પહેલી ડાક ઇંગ્લૅંડ પહોંચી હતી. અને—

તા. ૨૧ (૧૯૨૭)ના દિવસે ચાર્લ્સ લિન્ડબર્ગે 'સ્પિરિટ ઑવ સેઈન્ટ લૂઈ' નામના વિમાનમાં એકલે પંડે ન્યૂ યૉર્કથી ૩૩ા કલાક સુધી અવિરત ઉડ્ડયન કરીને આટલાંટિક પાર કરી પારી(સ)માં ઉતરાણ કર્યું. આ સાહસ અશક્ય તો નહોતું, પણ એના ઉડ્ડયનમાં અજબ એ હતું કે એના વિમાનની બળતણની ટાંકી એની દૃષ્ટિને અવરોધતી હોઈ એને પેરિસ્કોપની સહાયથી આગળનો માર્ગ જોવો પડતો હતો, અકસ્માત થાય તો એની જાણ કરવા એની પાસે રેડિયો સેટ નહોતો ને વિમાન માત્ર ૨૨૦ હૉર્સપાવરનું જ હતું. માર્ગમાં એને ધુમ્મસ બરફવર્ષા અને તોફાનનાં વાદળો પણ નડયાં હતાં.

---

૧૩ (૧૬૦૭) ઘણા માને છે કે ઈ. ૧૬૨૦માં અમેરિકા આવેલા પિલગ્રિમ ફાધર્સે ત્યાં પહેલી સફળ વસાહતો સ્થાપી હતી, પણ હકીકતે એમની યે પહેલાં તેર વર્ષ અગાઉ ૧૦૪ પુરુષોએ આ દિવસે વર્જિનિયામાં વસાહત સ્થાપેલી. ઇંગ્લૅંડના રાજા જેમ્સ પહેલાના નામ પરથી એમણે એને જેમ્સટાઉન નામ આપેલું. આ વસવાટ કપરો હતો. પણ એક આદિવાસી રેડ ઇન્ડિયન મુખીની પુત્રી પૉકાહોન્ટાસની એમને સારી સહાય મળી હતી.

---

૨૨ (૧૬૧૧) આ દિવસ પહેલાં બ્રિટનના ખિતાબોમાં બૅરોનેટ નહોતા. રાજા જેમ્સ પહેલાને સતત પૈસાની તંગી રહ્યા કરતી. એમાં આવક ઊભી કરવા જેઓ એક એક હજાર પાઉન્ડ આપી શકે એવાઓને આ ખિતાબ એનાયત કરવાનો વિચાર એના મુખ્ય સલાહકાર અર્લ ઑવ સૅલિસબરીને સૂઝયો. અણગમા છતાં જેમ્સ એમાં પૈસાની ગરજે સંમત થયો અને એ રીતે બૅરોનેટના ખિતાબનો આરંભ થયો.

---


૨૭ (૧૯૩૭) સાનફ્રાન્સિસ્કો ઉપસાગર ને પૅસિફિક મહાસાગરને જોડતી નેળ પરનો વિખ્યાત ગોલ્ડન ગેઈટ બ્રિજ ખુલ્લો મુકાયો. ૬૨૦૦ ફૂટની લંબાઈમાં ૭૪૬ ફૂટ ઊંચા બે જંગી મિનારના આધારે ઝળૂંબી રહેલો આ પુલ ૭૦,૦૦,૦૦૦ પાઉન્ડના ખર્ચે ચાર વર્ષે પૂરો થએલો.

---

૩૧ (૧૯૧૬) જટલૅન્ડનું નૌકાયુદ્ધ. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટન અને જર્મનીનાં ઉત્તમ જહાજોના કાફલા વચ્ચે એ ખેલાએલું. બંને પક્ષે એક બીજા પર હુમલો કર્યો, સામસામા યે આવી ગયા ને અંતે પોતાનાં જહાજોની ખુવારી બચાવવા ખસી યે ગયા! જર્મન ઍડમિરલ રેઈનહાર્ડ ફૉન શીઅરની ગણતરી બ્રિટિશ જહાજોને નોર્વેના કિનારા ભણી દોરી જઈ ત્યાં પાથરેલી સુરંગો અને સબમરીનોની સહાયથી તેમનો નાશ કરવાની હતી, પણ એ બર ન આવી. બ્રિટિશ કમાન્ડર સર જૉન જેલિકોએ ૩૭માંથી ૧૪ જહાજ ગુમાવ્યાં તેની સામે જર્મનીનાં ૨૦માંથી ૧૧ જહાજ ડુબાડયાં. એક બીજું નૌકાયુદ્ધ પણ ઇતિહાસમાં જાણીતું છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઈ. ૧૯૪૨ની ૪ મેએ (એટલે કે આ જ માસમાં) એ ઑસ્ટ્રેલિયાની ઈશાને લડાએલું. ચાર દિવસનું એ નૌકાયુદ્ધ કોરલ સમુદ્રના યુદ્ધ તરીકે જાણીતું છે. લગભગ છેક ઑસ્ટ્રેલિયા સુધી વિજયથી ધસી જનાર જાપાની નૌકાસૈન્ય પર ત્યાં આ દિવસે પહેલીવાર સફળ સામનો થએલો અને અંતે ઑસ્ટ્રેલિયા પરનું આક્રમણ ખાળી શકાયું. આ નૌકાયુદ્ધમાં બંને પક્ષે વિમાનવાહક જહાજો પરનાં વિમાનો દ્વારા જ એ લડાયું. ખુદ જહાજો તો એકબીજાની ગોલંદાજીના નિશાનમાં આવી શકે એટલાં નજીક આવ્યાં જ નહોતાં, મતલબ કે એકબીજા કાફલાનાં જહાજો તો કદાચ એમણે ભાળ્યાં પણ નહોતાં.

મુસીબતોને ય માણવાનું તો મરજીવા મર્દ કોક જાણે,
કે મોત પહેલાં મરી જનારાને મોત પહેલાં મરી જવા દે.

'ચાતક'



અમેરિકન આંતરવિગ્રહ વખતે પ્રમુખે એક વિશ્વાસુ જગ્યાએ મૂકવા સારુ એક અમલદાર વિષે જનરલ લીનો અભિપ્રાય પૂછતાં લીએ તેની પ્રશંસા કરી. આ ભલામણથી નવાઈ પામી લીના એક મદદનીશે પૂછ્યું: 'તમે જેની ભલામણ કરી એ અમલદાર તમારું કેવું ભૂંડું બોલે છે એ જાણો છો?' લીએ ઉદાત્ત દ્રઢતાથી કહ્યું: 'જાણું છું. પણ પ્રમુખે મારો તેના વિષેનો અભિપ્રાય પૂછ્યો હતો; તેનો મારા વિષેનો નહિ.'

અનેકાર્થી શબ્દ: **મીન** = માછલું; એ નામની રાશિ; હાર માટે બોલાતો શબ્દ; સમોવડિયાપણું; સરાસરી, સમતોલન અથવા વચલો માર્ગ; પિંગળશાસ્ત્રના બે છંદ: ૧) અર્ધ સમજાતિ અને ૨) વિષમ જાતિ; સારેગમના એક સૂરમાંથી બીજા સૂરમાં ચડઊતર કરતાં વચમાં વપરાતા સૂરો અંગે ઉત્પન્ન થતો સૂર; ચોપન માંહેની એક વાયુ-તત્ત્વદેવતા; દ્રવિડમાં મૂળ ધરાવતી એક ભાષા; હદ; પક્ષ અથવા બાજુ.

કહેવતોના અર્થ: 'ઢેકું તો પાણીથી પણ પલળે ને પેશાબથી પણ પલળે'—એવા સ્પષ્ટ દષ્ટાંત પર રચાએલી આ કહેવત, જેને ગમે તે વાતથી પટાવી લઈ શકાય એવા કાચી સમજનાં ને નાદાન માણસો માટે વપરાય છે.

હિંદમાં છપાઇને બહાર પડેલું સૌથી પહેલું ભારતીય પુસ્તક કાલિદાસનું ઋતુસંહાર હતું.

વીજળીના ગોળા પર રજ બાઝવા ન દેશો. તેનું એ બારીક પડ પણ ગોળાનો ૨૦ ટકા પ્રકાશ ઓછો કરે છે.



ઉત્તર ચીનમાં શેનશી પ્રાંતમાં પા-ચ'લાઓમાં મળેલી એક પ્રાચીન કબરના અવશેષોમાં મળેલો કાગળનો આ ટુકડો ઈ. સ. પૂર્વે બીજી સદીનો હોઈ પ્રાચીનતમ છે. ત્સાઇ લુને ઈ. સ. ૧૦૫માં ચીનના રાજદરબારમાં કાગળ બનાવવાની કળા વર્ણવ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત છે. એ પરથી એને કાગળનો શોધક માનવામાં આવે છે. પણ આ ટુકડો તેથી યે બે સદી જૂનો છે.

ENGLISH	....	અંગ્રેજી
FRANÇAIS	...	ફ્રેંચ ...
ITALIANO	...	ઈટાલીઅન
ESPAÑOL	...	સ્પેનિશ
PORTUGUEZ	....	પોર્ટુગીઝ
DEUTSCH	...	જર્મન
• HOLLANDSCH	...	ડચ ...
NORSK ...	...	નૉર્વેજીઅન
VLÄMSCH	...	ફ્લેમિશ
По-русский	...	રશીઅન
DANSK ...	...	ડેનિશ
SVENSK ...	...	સ્વિડિશ
עברית	...	હિબ્રૂ
தமிழ்	...	તામિલ
Ἑλληνική	...	ગ્રીક ...
ملايو	...	મલાયન
فارسی	...	ફારસી
తెలుగు ...	...	તેલુગુ
বাঙ্গালা ...	...	બંગાળી
ไทย	...	સીઆમીઝ
اُردو	...	હિંદુસ્તાની-ઉર્દૂ
ગૂજરાતી ...	...	ગૂજરાતી
عربی	...	અરબી
မြန်မာစာ:	...	બરમી
ترکجه	...	ટર્કિશ
日本語 ...	...	જાપાનિઝ
සිංහල ...	...	સિંહાલિઝ
中華民國 ...	...	ચાઈનિઝ


બ્રિટિશ કાળની ચલણી નોટોમાં આંકડા ઉપરાંત આખી રકમ જુદીજુદી ભાષાઓના અક્ષરોમાં પણ લખેલી આવતી તે દર્શાવવા માટેનું તે દરેક ભાષાના અક્ષરો ઓળખાવતું કોષ્ટક.



રૂપસુંદર રોનકથી શણગારેલો અકબરનો ૧૭૫ ગ્રેન વજનનો આ રૂપિયો તેના અમલના ૫૦મા વર્ષમાં આગ્રામાં પાડેલો. એક બાજુ સુશોભિત અષ્ટકોણ વેલમાં 'અલ્લાહુ અકબર જલ્લ જલાલહુ (ઈશ્વર મહાન અને તેના પ્રભુત્વથી પ્રભાવિત છે)' એવું લખેલું છે, ને બીજી તરફ એવી વેલમાં 'ઝર્બ-ઈ-આગ્રાહ અમરદાદ ઈલાહી ૫૦ (આગ્રામાં અમરદાદ ઈલાહી વર્ષ ૫૦માં પાડ્યો)' એવું લખાણ છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ—યૂનો—નો એક અહેવાલ છે કે આજના દરે જો વસતિવધારો જારી રહે તો આવતાં ૬૦૦ વર્ષમાં પૃથ્વી પર માથાદીઠ એક ચોરસ મીટર (૧.૨ ચોરસ વાર) જેટલી જમીન જ માણસને ભાગે રહેશે.

દરેક માણસને કંઈ ને કંઈ ચિંતા હોય છે: થોડીક સાચી અને મોટા ભાગની ખોટી. માણસની ચિંતાઓનું પૃથક્કરણ કરી તેનું કોષ્ટક નીચે આપ્યું છે. તેપરથી ચિંતામાંથી મુક્ત થવાનો ઉપાય તમને પોતાને જ જડશે: ૧) બની નથી એવી બાબતોની ચિંતા-૪૦ ટકા; ૨) બની ગએલી પણ ગમે તેટલી ચિંતા કર્યે યે બદલી ન શકાય તેવી બાબતોની-૩૦ ટકા; ૩) પોતાની તબિયત માટે અકારણ ચિંતા-૧૨ ટકા; ૪) તદ્દન નજીવી બાબતો માટે ૧૦ ટકા; અને ૫) ખરેખર સાચી ચિંતા ૮ ટકા!



કલાકણિકા: આજે હવે ભૂંસાઈ ભુલાઈ ગએલી ગુજરાતની જ (પક્ષીઓને ચણવા માટે દાણા મૂકવાની, શેરી-ચોક કે ચકલા-ચૌટા વચ્ચે ઊભી કરાતી) એક લાક્ષણિક પરબડી. અમદાવાદના ગઈ સદીના કાષ્ઠશિલ્પનો એક નજાકતભર્યો નમૂનો.